# ભારતની આઝાદીની લડાઈમાં મુસલમાનોનું યોગદાન અને જમીઅતે ઉલમાએ હિન્દનો ટૂંકો ઈતિહાસ

લેખક

મુફ્તી મહમૂદ સાહબ હાફેઝજી (દા.બ.)

પ્રકાશક

નુરાની પબ્લીકેશન

નુરાની મકાતીબ

## તફસીલાત


**કિતાબ કા નામ** : ભારતની આઝાદીની લડાઈમાં મુસલમાનોનું યોગદાન અને જમીઅતે ઉલમાએ હિન્દનો ટૂંકો ઈતિહાસ

**લેખક** : મુફ્તી મહમૂદ સાહબ હાફેઝજી બારડોલી (દા.બ.)

**પ્રકાશક** : નુરાની પબ્લીકેશન

**પેજ** : ૨૫૫

**પહેલુ એડીશન** : 26 જાન્યુઆરી 2026

**નવુ એડીશન** : 27 સપ્ટેમ્બર 2026


## મિલને કા પતા


**નુરાની પબ્લીકેશન**

નુરાની મકાતિબ

**+91 8140902756**

**ડાભેલ**

મહમુદનગર, ડાભેલ,
નવસારી, ગુજરાત

**બારડોલી**

મરયમ મસ્જિદ, ગાંધી
રોડ, બારડોલી

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## આવકાર

આઝાદીની લડતમાં મુસ્લિમોનું બેમિસાલ યોગદાન રહ્યું છે. માત્ર મુસ્લિમ લેખકોએ જ નહીં, ટોચના ન્યાયપ્રિય બિનમુસ્લિમ વિદ્વાનોએ પણ તેનો સ્વીકાર કર્યો છે, ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્ર પ્રસાદે જયારે ભારતના ઈતિહાસમાં અને વિશેષ કરીને આઝાદીની લડત દરમિયાન દેશમાં ફેલાયેલી કોમી એકતાને ઉજાગર કરતું પુસ્તક "India Divided" લખ્યું તો તેમણે પ્રારંભમાં જ આ પુસ્તક મૌલાના મઝહરૂલ હક્કને અર્પણ કરીને આ હકીકતનો સ્વીકાર કર્યો છે. રાણી લક્ષ્મીબાઈના બન્ને મુખ્ય તોપચી ગુલામ ગૌસખાન અને તેમના પછી સરદાર ગુલામ બખ્શ શહીદ થયા તો રાણીએ બન્ને યોદ્ધાઓની કબરો પોતાના કિલ્લામાં જ બનાવવાનો આગ્રહ રાખ્યો. આજે પણ આ કબરો મુસ્લિમોના બેમિસાલ યોગદાનની અડીખમ સાક્ષી છે.

(ભારત મેં અંગ્રેજી રાજ, લે.પંડિત સુદરલાલ, પાનઃ૧૩૮૪)

જમીઅતે ઉલમાના યોગદાનને ભારતીય નાગરિકો એટલા માનથી જોતા હતા કે આઝાદી બાદ તરત જમીઅતના સેક્રેટરી મૌલાના

હિફઝુર્રહમાન સ્યોહારવી ઈ.સ. ૧૯૪૯માં ઉત્તરપ્રદેશ વિધાનસભામાં બિનહરીફ ચૂંટાયા. તેમની બંધારણ સભાના સભ્ય તરીકે પણ નિમણૂંક કરવામાં આવી.

આઝાદી પછી પહેલી વખત ઈ.સ. ૧૯૫૪માં પદ્મ વિભૂષણ એવોર્ડ આપવામાં આવ્યા તો જમીઅતે ઉલમાના પ્રમુખ મૌલાના હુસૈનઅહમદ મદનીનું નામ સૌથી પહેલા હતું પણ મૌલાનાએ એવું જાહેર કર્યુ કે આઝાદી માટેની લડત એ મારી ધાર્મિક ફરજ હતી. તેના માટે એવોર્ડ સ્વીકારવો યોગ્ય નથી. આમ કહીને તેમણે સન્માનપૂર્વક ના પાડી દીધી. (Maulana Hussain Ahmed: A Biographical Study by D.R. Goyal P.242) રેલ્વેમંત્રી લાલબહાદૂર શાસ્ત્રીએ જયારે દારૂલઉલૂમ દેવબંદની મુલાકાત લીધી તો તેઓ તલબાની સાથે નીચે બેસી ગયા. મૌલાના મદનીએ કહ્યું કે આપ ઉપર બેસો, તો શાસ્ત્રી સાહેબે કહયું કે મૌલાના! જેલમાં પણ હું આ રીતે તમારો ઉપદેશ સાંભળવા નીચે જ બેસતો હતો. (D.R. Goyal P.242)

પ્રિય ભારત દેશની આઝાદી કાજે જમીઅતે ઉલમા અને

મુસ્લિમ આગેવાનોએ આપેલા આ બલિદાનોથી નવી પેઢી વાકેફ થાય એ ખૂબ જરૂરી છે. રૂહાની અને જાહેરી વિદ્યાઓના સંગમ એવા ગુજરાતના ખ્યાતનામ આલિમ હઝરત મૌલાના મુફતી મહમૂદ બારડોલી સાહેબે ગુજરાતના વાંચકો સુધી આ મોટા–મોટા ઉલમાના આઝાદી માટેના બલિદાનોની જાણકારી પહોંચે તેવા ઉમદા આશયથી આ મૂલ્યવાન પુસ્તક લખ્યું છે. મુફતી સાહેબ પોતે પણ આઝાદીની લડતમાં યોગદાન આપનાર હાફેજી કુટુંબના ગર્વપાત્ર ફરઝંદ હોવાની સાથે જ જંગે આઝાદીને નેતૃત્વ પૂરૂં પાડનાર તથા અનેક આઝાદીના લડવૈયા અર્પણ કરનાર ગુજરાતી ઈલ્મી સંસ્થા દારૂલઉલૂમ ડાભેલમાં હદીષશાસ્ત્ર અને ઈસ્લામી વિદ્યાઓના સંનિષ્ઠ ઉસ્તાદ તરીકે સેવાઓ બજાવે છે. ઉપરાંત તેઓ ખૂબ લાંબા સમયથી જમીઅતે ઉલમાની સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. આમ તેઓ આઝાદીની લડતમાં મુસ્લિમ વિદ્વાનોએ આપેલા આ બલિદાનોથી સુપેરે વાકેફ છે.

"કદ્રે જૌહર શાહ દાનદ યા બેદાનદ જૌહરી"

તેમના અતિમૂલ્યવાન કલમે લખવામાં આવેલ આ પુસ્તક દ્વારા નવી પેઢીના વાચકો આવા મોટા–મોટા ઉલમાની કુરબાનીઓ વિશે કિંમતી જાણકારી મેળવશે એવી આશા છે.

દુઆ છે કે અલ્લાહ તઆલા આ પુસ્તકને લેખક માટે બન્ને જહાનમાં આબરૂવંત જીવનનું માધ્યમ બનાવે. (આમીન)

ઈકબાલહુસેન જી. બોકડા (દારૂલઉલૂમ, ગોધરા.)

નોંધઃ અભિપ્રાય લખનાર મોલાના ઈકબાલહુસેન બોકડાને ૨૬ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે અત્યારના ભારતના વડાપ્રધાન અને તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે સાહિત્ય ક્ષેત્રે પુરસ્કૃત કરવામાં આવેલ છે.



# શુભેચ્છા સંદેશ

## પ્રભુભાઈ એન. વસાવા

**PRABHUBHAI N. VASAVA**
Member of Parliament (Loksabha)
23-BARDOLI (Gujarat)
+91 95740 76555

सत्यमेव जयते

**MEMBER**

- Committee on the Welfare of SCs and STs
- Standing Committee on Petroleum and Natural Gas
- Consultative Committee for the Ministry Of Housing and Urban Affairs

**:: શુભેચ્છા સંદેશ ::**

ભારત દેશની આઝાદી માટે દેશના તમામ સમાજ તથા ધર્મના લોકો ભેદભાવ ભુલીને સાથે મળી દેશ માટે લડયા હતા. ભારતની આઝાદી ઘણા સંઘર્ષ અને કુરબાની થકી મળી છે. બારડોલી જિ.સુરતના મુફતી સાહેબ "મુફતી મહમુદ હાફેજી" એ આ બાબતે ઘણી મહેનત કરીને દેશની સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોના યોગદાન વિશે પુસ્તિકા લખી છે. આ કાર્યને હું બિરદાવું છું અને અભિનંદન પાઠવું છું.

દેશની સ્વતંત્રતા ચળવળમાં અન્ય સમુદાયની સાથે મુસ્લિમ સમાજ દ્વારા પણ આપવામાં આવેલા અમૂલ્ય બલિદાન, ત્યાગ અને રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરતી એક મહત્વપૂર્ણ ઐતિહાસિક દસ્તાવેજ રૂપે ઉભરી આવશે. વર્તમાન પેઢી તથા ભાવિ પેઢી માટે આ પુસ્તિકા પ્રેરણાસ્રોત બની રહેશે. આપનું આ સાહિત્ય અને ઐતિહાસિક યોગદાન સમાજમાં રાષ્ટ્રીય એકતા, સદભાવના અને પરસ્પર સમરસતાને વધુ મજબૂત બનાવશે.

આપ દ્વારા રચાયેલ પુસ્તિકા પ્રસિદ્ધ થવાના શુભ અવસર પર આપને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

(પ્રભુભાઈ એન. વસાવા)

**GUJARAT** : Sardar Patel Shopping Center, Nr.Mandvi High School, At. Po.MANDVI, District : Surat - 394160(Gujarat)
(OS) : +91 95372 77301 (APS) : +91 95122 09013 (02623) 222108
mpprabhuvasava@gmail.com
www.prabhuvasava.in

**DELHI** : 17, Pandit Ravishakar Shukla Lane, K.G. Marg, New Delhi - 110001
(PS)+91 82878 23899, +91 949910 0117 (011) 23381911
prabhu.vasava23@mpls.sansad.in

# અભિપ્રાય

ડૉ. પંકજ બી. વલવાઈ
પ્રાંત ઓફિસર, ઝઘડિયા, જિલ્લોઃ ભરૂચ

"ભારતની આઝાદીની લડાઈમાં મુસલમાનોનું યોગદાન અને જમીઅતે ઉલમા એ હિંદનો ટૂંકો ઇતિહાસ"

શ્રી મુફતી મહેમૂદ સાહેબ હાફિજજી, બારડોલી દ્વારા લખવામાં આવેલ પુસ્તકમાં ભારતની આઝાદીની લડાઈમાં મુસ્લિમોના યોગદાનનું તલસ્પર્શી વર્ણન કર્યું છે.

ઈ.સ. 1857 ના વિપ્લવમાં મોગલ શહેનશાહ બહાદુરશાહ ઝફરની આગેવાનીમાં હિંદુ મુસ્લિમોએ ભેગા મળીને અંગ્રેજોને પોતાની તાકાતનો પરચો પહેલીવાર બતાવ્યો. ભારતના આ પહેલા સ્વાતંત્ર સંગ્રામમાં અંગ્રેજોએ આ બળવાને કચડી તો નાખ્યો પરંતુ તેમણે બળવાના કરેલા પોસ્ટમાર્ટમમાં એ સાબિત થયું કે ભારતમાં હિન્દુ મુસ્લિમ એકતા અંગ્રેજો માટે ભયજનક પુરવાર થઈ શકે છે. ત્યારપછી તરત જ અંગ્રેજોએ પોતાની પોલિસી બદલીને Devide and Rule ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અમલમાં મૂકી. ભારતમાં હિન્દુ મુસ્લિમ એકતા તોડવા માટે અંગ્રેજોએ ખૂબ પ્રયત્ન કર્યા. કેટલાક મુસ્લિમો અંગ્રેજોની આ ચાલમાં ફસાઇને મુસ્લિમ લીગની સ્થાપના કરી.

ઈ.સ. 1862-63 માં લોર્ડ ઇલ્જીનના સમયમાં થયેલાં વહાબી આંદોલનમાં મુસ્લિમોના ધાર્મિક આગેવાનોને અંગ્રેજોએ મોટા પાયે નિશાન બનાવ્યા, વહાબી આંદોલનમાં મુસ્લિમોએ ખૂબ મોટું નુકસાન ભોગવ્યું. અંગ્રેજોના અથાક પ્રયત્ન છતાં દેશનો એક મોટો મુસ્લિમ વર્ગ ઇ.સ. 1885 માં સ્થાપના થયેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સાથે ઉભો રહ્યો. અંગ્રેજોના ખૂબ પ્રયત્નો છતાં પણ મહાસભાના દરેક અધિવેશનમાં રહેમતુલ્લા  સયાણી, બદરૂદ્દીન તૈયબજી અને અબ્બાસ તૈયબજી જેવા મુસ્લિમ નેતાઓની મદદથી મહાસભામાં મુસ્લિમ ડેલીગેટસની સંખ્યા વધતી જ ગઈ, આ સત્યને કોઈ ઠુકરાવી શકે એમ નથી.

પ્રથમ વિશ્વયુદ્ધ (1914-18) સમયે ઇન્ડો જર્મન મિશન અને પાન ઇસ્લામિક આંદોલનમાં રાજા મહેન્દ્ર પ્રતાપની સાથે ટોકયો યુનિવર્સિટીના પ્રોફેસર બરકતુલ્લાહ, ઓબેદુલ્લાહ અને મૌલાના મહેમુદ હસન દ્વારા ચલાવવામાં આવેલી રેશમી રૂમાલ તહેરીકમાં તેમણે આપેલ અમૂલ્ય યોગદાનને અવગણી ન શકાય. ખીલાફત ચળવળ અને અસહકાર ચળવળમાં ડૉ .એમ. એ. અન્સારી અને હકીમ અજમલખાન જેવા નેતાઓનો સહકાર ગાંધીજીને ખૂબ મળ્યો, ગાંધીજીની સ્વદેશી ચળવળ, પૂર્ણ સ્વરાજની માગણી, ગોળમેજી પરિષદ હોય કે અન્ય કોઈ  ચળવળમાં મોલાના અબુલકલામ આઝાદ જેવા મુસ્લિમ નેતાઓ અને દેશનો મુસ્લિમોનો એક મોટો હિસ્સો ગાંધીજીની પડખે રહ્યો.

મૌલાના હુસેન અહેમદ મદનીએ ઇ.સ.1938 માં મુસ્લિમ લીગનો સાથ આપવાની જગ્યાએ હિન્દુ મુસ્લિમ એકતા પર ભાર મૂકી કોંગ્રેસની પડખે ઊભા રહ્યા અને આથી જ લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા પછી પણ તેમની મુલાકાત સમયે નીચે બેસીને તેમને સાંભળ્યા. શ્રી મદનીએ જ અંગ્રેજ ફોજમાં મુસ્લિમોને દાખલ થવું ઇસ્લામ વિરોધી ઘોષિત કર્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલની બારડોલી લડતમાં પણ મુસ્લિમોએ નવો પ્રાણ ફૂંક્યો હતો.  દાંડી સત્યાગ્રહ સમયે પણ ગાંધીજીનો ઠેર ઠેર મુસ્લિમોએ

સત્કાર કર્યો હતો. આમ ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમોએ આપેલા અમૂલ્ય યોગદાનને લેખકે ખૂબ સુંદર અને ઝીણવટપૂર્વક આ પુસ્તકમાં રજૂ કર્યું છે.

ઇતિહાસના આજીવન વિદ્યાર્થી તરીકે, મારા દસ વર્ષના ઇતિહાસના પ્રોફેસર તરીકે અને 14 વર્ષના ગુજરાત સરકારના મહેસુલી અધિકારી તરીકેના અનુભવના આધારે મારા મતે આ પુસ્તક આબાલવૃદ્ધ સૌ મુસ્લિમોએ સૌથી પહેલા વાંચવું જોઈએ કારણ કે મુસ્લિમોજ પોતાના ઇતિહાસથી અજાણ હોય છે. એક ઇતિહાસકારે લખ્યું છે કે જે કોમ પોતાનો ઇતિહાસ ભૂલી જાય છે તેનું ભવિષ્ય ધૂંધળું હોય છે. લોકો મુસ્લિમોના આઝાદીની લડતના યોગદાનને જાણે તે માટેના લેખકના સંનિષ્ઠ પ્રયાસો ને બિરદાવું છું, તેમની કલમથી આવું દેશપ્રેમથી ભરેલું અન્ય પુસ્તક પણ વાંચવા મળે એવી અભિલાષા રાખું છું. આ પુસ્તક વાંચ્યા પછી મુસ્લિમ યુવાનો પોતાના પૂર્વજોએ દેશ માટે આપેલા બલિદાનોની નોંધ લેશે, તેમ જ તેમનામાં નવી દેશપ્રેમની લહેર ફેલાશે. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ દેશ પ્રત્યેની વફાદારીમાં કોઈ ઓટ નહીં આવે એવી આશા સાથે લેખક અને આ પુસ્તક પ્રકાશિત કરવામાં જે કોઈએ પ્રત્યક્ષ-પરોક્ષ પોતાનું યોગદાન આપ્યું છે તે સૌને અભિનંદન આપુ છું. આઝાદીની લડત પર સંશોધન કરી રહેલા સંશોધકો માટે, ઇતિહાસ રસીકો, અને દેશપ્રેમી એવા દરેક નાગરિકો માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બની રહેશે.

૦૬/૦૯/૨૫

(ડૉ. પંકજ બી. વલવાઈ)
**પ્રાંત ઓફિસર, ઝઘડિયા,**
**જિલ્લો - ભરૂચ**
તારીખ ૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૫

## પ્રસ્તાવના

તમામ તારીફ અને વખાણ માત્ર અને માત્ર અલ્લાહ તઆલા માટે જ છે. અને દુરૂદો સલામનો તોહફો હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ માટે જેઓ અંતિમ નબી હતા, તેમજ આપની આલ, અવલાદ, સહાબા અને માનવાવાળાઓ પર...

લગભગ ઈ.સ. ૧૯૯૪–૯૫માં જમીઅતે ઉલમા, જિલ્લા વલસાડની સ્થાપના કરવામાં આવી ત્યારે નવસારી જિલ્લો અલગ થયો ન હતો, પ્રથમ પ્રમુખ મૌલાના અહમદ બુઝુર્ગ સાહેબ અને પ્રથમ જનરલ સેક્રેટરી મારા ઉસ્તાદે મોહતરમ મુફતી અબ્બાસ બિસ્મિલ્લાહ સાહેબ નીમાયા.

તે વેળા વડીલો તરફથી એ વાત સામે આવી કે જમીઅતનો ટૂંકો ઈતિહાસ તૈયાર કરીને કોમની સામે લાવવામાં આવે જેથી આ સંસ્થાની સાચી ઓળખ થઈ શકે, આ હેતુથી ઈ.સ. ૧૯૯૫–૯૬માં આ નાનકડી પુસ્તિકા તૈયાર કરવામાં આવી હતી.

દરેક વસ્તુનો એક સમય અલ્લાહ તઆલા તરફથી નક્કી જ હોય છે લાંબા સમય બાદ હવે એ પુસ્તિકા છપાઈને તૈયાર થઈ રહી છે. ઉર્દૂ ભાષામાં લખાયેલી મોઅતબર(અધિકૃત અને વિશ્વાસપાત્ર) કિતાબોથી ખુલાસારૂપ(સારરૂપે) વાતો લેવામાં આવી છે સાથે જ

ગુજરાતી દૈનિક સમાચારપત્રો, સાપ્તાહિકો અને માસિકોથી પણ અમુક માહિતી એકત્ર કરી રજૂ કરવામ આવેલ છે. "ઉલમા–એ–હિન્દ કા શાનદાર માઝી, તહરીકે આઝાદી ઔર મુસલમાન, આઝાદી મેં મુસ્લિમ ઉલમા ઔર અવામ કા કિરદાર, તહરીકે રેશમી રૂમાલ, અલ–જમીઅત શૈખુલઈસ્લામ નંબર, મુજાહીદે મિલ્લત નંબર,

મુફતી કિફાયતુલ્લાહ નંબર, જમીઅતે ઉલમા નંબર, વગેરે આધારભૂત કિતાબોમાં આ વિષય પર વિગતવાર તફસીલી વાતો વાંચવા મળી શકે છે.

એક જરૂરી વાત યાદ રાખવી કે કોઈ વ્યકિતના વિચારો–કાર્યશૈલી–કાર્યપદ્ધતિ સાથે મતભેદ હોવાથી તે વ્યકિતની ખૂબીઓથી આંખ મિચામણા કરવા અને તે વ્યકિત જે સંસ્થા સાથે સંકળાયેલો હોય તેનો ભવ્ય ઈતિહાસ બાજુએ મૂકી દેવો એક નાઈન્સાફીની વાત છે.

"માનવ માત્ર ભૂલને પાત્ર હોય છે, દરેકની ખૂબીઓ જોઈ તેનું

યથાશક્તિ મુજબ અનુકરણ કરતા શીખો."

અલ્લાહ તઆલા તેઓના નેક બંદાઓની જમાઅતમાં આપણને સામેલ ફરમાવે, બુઝુર્ગોની કુરબાનીઓ વાંચી નેક જઝબાત પેદા ફરમાવે–જેનાથી શરીઅતે ઈસ્લામ પર સંપૂર્ણપણે અમલ કરવાની સાથે–સાથે દેશપ્રેમ–એકતા –શાંતિ વગેરે ગુણો પણ આવે.

અંતમાં મૌલાના ઈકબાલહુસેન બોકડા સાહબને નુરાની મકાતિબ વતી ખૂબ–ખૂબ શુક્રિયા અને આભાર પાઠવીએ છીએ કે તેઓએ અતિશય વ્યસ્ત હોવા છતાં આઝાદી વિશેની નુરાની મકાતિબ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તક વિશે સમય ફાળવી કિતાબને

મુકમ્મલ વાંચ્યા પછી તેના વિશે અભિપ્રાય લખી આપી મને તથા નુરાની મકાતિબને શુક્રિયા કહેવાનો મોકો આપ્યો, તેમજ મૌલાના ઈરફાન સાહબ (ખેડા) ટકોલીલ શ્રી સાદીક શેખ (I/C પ્રિન્સીપાલ: ઇકબાલ યુનિયન હાઇસ્કૂલ ગોધરા), શ્રી નિસાર પાયા (શિક્ષક: ઇકબાલ યુનિયન હાઇસ્કૂલ ગોધરા), મુફતી નિસાર સિંધી ગોધરા, મોલાના રીઝવાન ધંત્યા ગોધરા, સલીમભાઇ શેખ ગોધરા અને અન્ય જેઓએ આ પુસ્તિકા માટે જેવી રીતે પણ મદદ કરી એ બધાનું

શુક્રિયા.

મહમૂદ સુલૈમાન હાફિઝજી
મુદર્રિસ:જામિઅહ ઈસ્લામિયહ તાલીમુદ્દીન ડાભેલ
તા: 20-01-2026

## લેખકના બે શબ્દો

વિશ્વના રાજકારણમાં વીસમી સદીના પહેલા ૨૫ વર્ષો ઘણાં જ ઐતિહાસિક રહયાં છે, તે સમયે બ્રિટનનો સૂર્ય માત્ર મધ્યાહને જ ન પહોંચ્યો બલ્કે આખી દુનિયાનું રાજકારણ માત્ર બ્રિટનના હાથમાં જ હતું અને યુરોપિયન લોકોની ખોપરીઓમાં તકબ્બુર અને ઘમંડ પરાકાષ્ટાએ પહોંચ્યો હતો અને જે લોકો પાસે યુરોપિયનો જેવા રંગ અને ચહેરા મ્હોરા ન હતા તેઓ યુરોપિયનોની નજરે માનવમાત્ર કહેવડાવવાના લાયક પણ ન હતા. સામ્રાજય અને સત્તા–લાલસાના મદમાં છકી આખી દુનિયાને ગુલામ સમજતા હતા, અને અન્ય પછાત કહેવાતા દેશો પણ કંઈક એવી માનસિક તાણ અનુભવતા કે જાણે આપણે હવે ગુલામ સિવાય કાંઈ જ નથી અને માનવ હક્કો પણ તે સમયે તે જ લોકો માટે હતા જેઓ તે સમયની રાજકારણની પરિભાષામાં માનવ(યુરોપીયન) હતા, એટલા જ માટે કે જે સમયે

યુરોપિયન લોકોને આઝાદી– સમાનતાના સંપૂર્ણ હક્કો બ્રિટન આપી રહયું હતું તે જ સમયે તુર્કીની ખિલાફતે ઉસ્માનિયાના ભાગલા પાડવામાં આવી રહયા હતા. ભારતની આઝાદીની લડતને બંદૂકોની ગોળી અને સંગીન ધારીઓની અણી વડે કચડવામાં આવી રહી હતી અને એશિયા તેમજ આફ્રિકન દેશોની ગુલામીની સાંકળો તે જ સમયે વધુ ને વધુ જકડવામાં આવી રહી હતી, આ તે સમય હતો જે માત્ર કોઈ એક કોમ માટે જ નાજુક ન હતો બલ્કે સમગ્ર માનવજાતિ માટે એક ભયંકર વિનાશકારી હતો. અંગ્રેજો સામે કોઈ સામી આંખે જોવા પણ હિંમત ન દાખવી શકતું હતું, આવા સમયે ભારતના એ મોટા આલીમો જેઓને એવી હસ્તીના નાયબ હોવાનું સદભાગ્ય પ્રાપ્ત છે જે ઝાત માટે પરમેશ્વરે પોતાની વાણીમાં એમ કહયું છે કે 'એ

મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ અમોએ તમોને સમગ્ર જગત માટે રહમત બનાવીને મોકલ્યા છે.' તે આલીમો એ આગળ આવીને જે સંસ્થાની સ્થાપના કરી તે "જમીઅતે ઉલમાએ હિન્દ" એટલે કે..

**ઈ.સ.૧૭૫૭થી આઝાદીનો ઈતિહાસ શરૂ થાય છે જેને એક નવું સ્વરૂપ આપવામાં આવ્યું.**

ઉલમાઓએ માથે કફન બાંધીને આગળ આવી જે તન્ઝીમ અને સંસ્થા ઊભી કરી દેશની આઝાદી માટે દરેક પ્રકારની કુરબાની આપી તે સંસ્થાનું નામ છે "જમીઅતે ઉલમા–એ–હિન્દ".

એક જમાનામાં એમ કહેવાયું કે બ્રિટનના સામ્રાજયમાં સૂરજ ડૂબતો નથી તે બ્રિટન આજે યુરોપનો એક નાનકડો દેશ બની ગયો છે. કોઈ કહે છે આની પાછળ તે ભારે મહેનત અને કુરબાનીઓ છે જે પહેલા અને બીજા વિશ્વ યુધ્ધ વચ્ચે ૨૨ વર્ષમાં થઈ (જેનો પાયો પ્રથમ વિશ્વ યુધ્ધ પહેલાં જ નંખાઈ ગયો હતો) અને તે મેહનત જે સમગ્ર વિશ્વના અંગ્રેજોના ગુલામો માટે પ્રેરણારૂપ બની. ચોકકસપણે જમીઅતે ઉલમાને આ વાત કહેવાનો હક્ક છે કે આ જમાઅત એક બાજુએ ખાલિસ દીની જમાઅત (ધાર્મિક સંસ્થા) છે તો બીજી બાજુએ રાજકારણ અને આઝાદીના મેદાનમાં તેનો તે ભવ્ય ઈતિહાસ અને કુરબાની છે જેનો અડધો ભાગ પણ અન્ય સંસ્થાઓ પાસે નથી.

દુનિયાની સુપર પાવર તાકત–સત્તાને આ સાદગીવાળુ જીવન જીવતા અને ફકરો–ફાકહ(ગરીબી અને ભૂખમરા)ની સાથે ઉંમરની મંઝિલો કાપતા ઉલમાઓએ ઉઠાવી ફેંકી દીધી.

આજે આ આટલી મોટી સંસ્થાના ભવ્ય ઈતિહાસને અને તેની ભવ્ય કુરબાનીઓને ભુલાવવાની એક ખાસ પ્લાન હેઠળ મહેનતો ચાલે છે. તેવા સમયે આ સંસ્થાનો ઈતિહાસ દરેક માનવ, દરેક ભારતીય, દરેક સાચા નાગરિક માટે પ્રેરણાદાયી બની રહેશે.

પોતાના ઉચ્ચ ધ્યેયમાં સફળતા મેળવનાર આ જમાઅતના (સંસ્થાના) ઈતિહાસને અહીં વર્ણન કરવો લગભગ અશકય છે. આ નાનકડી પુસ્તિકામાં તો અમુક ભાગો જ લેવામાં આવ્યા છે. આ જમાઅતના વડીલોના બહાદૂરી ભરેલા કામો, મુસીબતો ભરેલી જેલોની દાસ્તાન અને અંગ્રજો સામે કાન ફાડનાર, બહાદૂરી ભરેલા કોર્ટોના બયાનો(ભાષણો) અને વલવલા ભરેલી તકરીરો માટે તો અનેક ભાગોમાં દળદાર પુસ્તકો તૈયાર થઈ શકે છે. જો કે આજે પણ કેટલાક સંનિષ્ઠ ઈતિહાસકારો આ ઉલમાનાં બલિદાનો વિશે સંશોધન કરે છે.

યુનિવર્સિટી(મેરઠ)ના વિદ્વાન સન્નારી ડો.ઈલા મિશ્રાએ હાલમાં "રેશમી રૂમાલ ષડયંત્ર(એક મુસ્લિમ ક્રાંતિકારી આંદોલન)" વિષય

પર ચૌધરી ચરણસિંહ યુનિવર્સિટીથી પી.એચ.ડી.(PHD) કરેલ છે. તેમણે ઉલમાનાં બલિદાનો વિશે પોતાનું સંશોધનાત્મક પુસ્તક પ્રકાશિત કર્યુ છે.

આ વિષયમાં અંગ્રેજી તેમજ ઉર્દૂમાં ઘણું લખાઈ ચુકયું છે. અને ભારત સરકારના રેકોર્ડમાં બધું જ હશે. કોઈક સ્કોલરથી સાંભળ્યું છે કે બ્રિટીશરોની આદત છે કે દર ૫૦ વર્ષ પછી તેઓ પાછલા વર્ષોનો રેકોર્ડ ખુલ્લો મુકે છે. અત્યારે બ્રિટનમાં ભારતની આઝાદીનો સંગ્રામ અને જમીઅત તેમજ અન્ય ઉલમા–એ–કિરામના મોટા કારનામાઓની દાસ્તાનો ખુલ્લી મૂકાઈ રહી છે. તેમજ અન્ય બ્રિટીશ લેખકો આ વિષય પર ઘણું લખી ચુકયા છે. બ્રિટીશ સરકાર દ્વારા ૧૯૪૨થી ૧૯૪૭ દરમિયાન ૧૨ વોલ્યુમમાં તૈયાર કરવામાં આવેલ પુસ્તક "The Transfer of Power" આઝાદી અંગેના સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજો ધરાવતું પુસ્તક છે. પરંતુ નિયમાનુસાર બ્રિટીશ સરકારે ૫૦ વર્ષ સુધી આ દસ્તાવેજો સુરક્ષિત બંધ રાખ્યા હતા. ગત દસકામાં આ પુસ્તકો બહાર આવ્યા પછી ઉલમાની અનેક કુરબાનીઓ અને ભાગલા વિશેનું આધારભૂત રેકોર્ડ બહાર આવ્યો છે. જેમાંથી નવી હકીકતો ખુલી રહી છે, જેના આધારે શ્રી જસવંતસિંઘ જેવા ભાજપના પ્રથમ હરોળના નેતાએ પણ ઈ.સ. ૨૦૦૯માં પ્રકાશિત પોતાના પુસ્તક "Jinnah, India, Partition, Independence" માં સ્વીકાર કરવો પડયો છે કે ભાગલા માટે માત્ર મુસ્લિમો જવાબદાર નથી.

આ નાનકડી પુસ્તિકા આપના દીલો દિમાગમાં વધુને વધુ જાણકારીની જિજ્ઞાસા પેદા કરશે અને માનવતાની સેવા કરનાર સંસ્થાના સાચા ઈતિહાસને જાણી તેની ભવ્ય કુરબાનીઓનું અનુકરણ કરી આ જમાઅત સાથે સાચો સંબંધ રાખવાની ધગશ મળશે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે પોતાના સાચા બંદાઓની સાચી રાહ પર આફીયતના સાથે ચલાવી આખિરતમાં તેઓનો સાથ નસીબ ફરમાવે અને તેઓને અનુસરી માલિક પોતાની ચાહતવાળી ઝિંદગી નસીબ કરે અને તેના પાક પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના પવિત્ર જીવનને સંપૂર્ણ રીતે અનુસરવાની તૌફીક આપે. આમીન....

## જમીઅતે ઉલમા-એ-હિન્દનો ધ્વજ

જમીઅતનો સફેદ અને કાળી પટ્ટીવાળો આ ધ્વજ જેણે ભારતની આઝાદીના જંગમાં પ્રાણ ફુંકી દીધા, કેટલાય જાંબાઝોએ આ ધ્વજ હેઠળ જાન-માલની કુરબાનીઓ આપી. આ ધ્વજ મક્કાની શાંતિપૂર્ણ જીત સમયે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના હાથની યાદગાર છે. હઝરત બરાઅ ઈબ્ને આઝિબ(રદી.)ની રિવાયતમાં છે કે આપનો ધ્વજ નમીરહ હતો. એનો અર્થ એ છે કે 'ઉની ચાદર' જે તે સમયના સાદગી પસંદ ગામડાંના રહીશો પહેરતા અને તે કાળી અને સફેદ પટ્ટીઓવાળી ચાદર હતી. જેમાં કાળી પટ્ટી વધુ હોવાથી દૂરથી હવામાં લહેરાતી વેળા કાળો રંગ જ લાગતો. અને આ કાળી તેમજ સફેદ પટ્ટીઓવાળો ધ્વજ તે ઉચ્ચ ગુણોવાળી હસ્તીનો ધ્વજ હતો જેઓએ પોતાની જાનના દુશ્મનોની સામે પણ મેદાન જીતી લીધા બાદ માફી અને સલામતીની બક્ષીશ આપી અને મક્કા પહોંચતા જ એલાન કર્યુ કે આજે રહમતનો અને માફીનો દિવસ છે. અને તે જ ઐતિહાસિક દિવસે આ ધ્વજ હેઠળ એક ખાસ ઐતિહાસિક ભાષણ આપ્યું કે લોકો હવે જુના જમાનાની (જાહીલીય્યત મુજબ) રસ્મ-ઘમંડ અને જાતપાતની ઊંચનીચ અલ્લાહ પાકે મિટાવી દીધી. સર્વ મનુષ્યો આદમની અવલાદ છે. અને આદમ માટીથી બનાવવામાં આવ્યા હતા અને તે શાંતિ મિશનના શ્રેષ્ઠદૂત હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ સાહેબનો આ સંદેશ માત્ર મૌખિક જ ન હતો. બલ્કે જયારે નબીજીના સામે આપ પર મક્કામાં ઝુલ્મ કરવાવાળા તે લોકો જેઓએ ૧૩ વર્ષ સુધી મક્કામાં આપ પર ઝુલ્મ કર્યા અને મદીના જવા પછી પણ આઠ વર્ષ સુધી ચેનથી બેસવા ન દીધા. જયારે તે ઝાલીમો આપના તાબા હેઠળ હતા તો આપે સૌને માફ કરી દીધા. આવી જંગી જીત વખતે પોતાના જાની દુશ્મનોને પણ માફ કરી દેવું એ દુનિયામાં રહમત અને શાંતિનો સંદેશ લઈને આવનાર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમની જ શાન હતી. આજે પણ આ ધ્વજ શાંતિમિશનનું સંપૂર્ણ પ્રતિક છે.



## સંસ્થાનું નામ
## "જમીઅતે ઉલમા–એ–હિન્દ"

وَاعْتَصِمُوا بِحَبْلِ اللَّهِ جَمِيعًا وَلَا تَفَرَّقُوا ۚ وَاذْكُرُوا نِعْمَتَ اللَّهِ عَلَيْكُمْ إِذْ
كُنتُمْ أَعْدَاءً فَأَلَّفَ بَيْنَ قُلُوبِكُمْ فَأَصْبَحْتُم بِنِعْمَتِهِ إِخْوَانًا وَكُنتُمْ عَلَىٰ شَفَا حُفْرَةٍ
مِّنَ النَّارِ فَأَنقَذَكُم مِّنْهَا ۗ كَذَٰلِكَ يُبَيِّنُ اللَّهُ لَكُمْ آيَاتِهِ لَعَلَّكُمْ تَهْتَدُونَ ﴿١٠٣﴾

**તર્જુમાઃ** ઔર તુમ સબ મિલકર અલ્લાહ તઆલા કી રસ્સી (યાની કુર્આન) કો મઝબુત પકડે રહો, ઔર તુમ (આપસ મેં) જુદા જુદા ન હો જાઓ, ઔર તુમ અલ્લાહ તઆલા કે એહસાન કો જો તુમ પર હે ઉસકો યાદ રખો, જબ કે તુમ (આપસ મેં એક દુસરે કે) દુશ્મન થે, ફિર ઉસ (અલ્લાહ તઆલા) ને તુમ્હારે દિલોં કો જોડ દિયા, સો તુમ ઉસ (અલ્લાહ તઆલા) કે ફઝલ સે (આપસ મેં) ભાઇ ભાઇ હો ગએ, ઔર તુમ (જહન્નમ કી) આગ કે ગઢે (ખાડે) કે કિનારે પર થે, ફિર ઉસ (અલ્લાહ તઆલા) ને તુમ કો ઉસસે બચા લિયા, ઈસી તરહ અલ્લાહ તઆલા અપને હુકમ તુમ્હારે લિયે ખોલ ખોલ કર બયાન કરતે હે, તાકે તુમ સીધે રાસ્તે પર કાઈમ રહો.

"જમીઅતનો અર્થ સંગઠન." આ શબ્દ કુર્આને પાકના મુબારક શબ્દ "جَمِيعًا" થી લેવામાં આવ્યો છે. જેમાં અલ્લાહ તઆલાએ પોતાના માનવાવાળાઓને સંગઠિત થવાનો હુકમ આપ્યો છે.

ઉલમા, આલિમ શબ્દનું બહુવચન. આલિમ એટલે દીને ઈસ્લામના જાણકાર. આ શબ્દ પણ પવિત્ર કુર્આનમાંથી લેવામાં આવ્યો છે. જેમાં અલ્લાહ તઆલાના દીનની જાણકારીના લઈને બંદગી પર

પૂરા ઉતરનારા ઉલમાઓનો 'અલ્લાહ તઆલાનો ડર રાખનારા' એવા ઉચ્ચ ગુણથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

إِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا

ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાને ખુશ કરી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના પવિત્ર જીવનને અનુસરીને ઈસ્લામ અને મુસલમાનનો અને દેશ તેમજ દેશવાસીઓ માટે દીની–મિલ્લી સેવાઓ કરનારાઓની એક જમાઅત (સંગઠન) તે "જમીઅત". જમીઅતી એટલે અલ્લાહ તઆલાને રાઝી રાખી સુન્નતે રસુલેપાક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમને અનુસરીને ઈસ્લામ–મુસલમાન –સમગ્ર માનવજાતની કોઈપણ જાતના ભેદભાવ વગર ખિદમત(સેવા)ની ધગશ રાખનાર આ સંગઠનનો ખાદિમ(સેવક).

* * *

# આઝાદીની લડાઈની શરૂઆતનો એક ચિતાર

જગતના નકશામાં આર્થિક અને સાંસ્કૃતિક રીતે મોખરે રહેનાર હિન્દુસ્તાન એક સમયની કહેવાતી 'સોને કી ચિડીયા' અંગ્રેજોના બાઝ નજરનો શિકાર બની, આર્થિક ઉદ્દેશોને લઈને બ્રિટનમાં સ્થપાયેલી 'ઈસ્ટ ઈન્ડિયા કંપની' વેપારના નામે હિન્દુસ્તાન દેશમાં લશ્કરી જમાવટ કરવા લાગી અને ધીરે–ધીરે આખા દેશને પોતાના પંજામાં લઈ લીધો. ઈ.સ. ૧૮૦૩માં જયારે લોર્ડ બ્લેકની દોરવણી હેઠળ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ બાદશાહ શાહઆલમની સત્તાઓ લગભગ છિનવીને તેમને માત્ર નામના જ શાસક બનાવી દીધા ત્યારપછી લાલ કિલ્લા પરથી ઘોષણા કરીઃ– પ્રજા અલ્લાહ તઆલાની–દેશ(મુગલ) બાદશાહનો–સત્તા કંપની બહાદૂરની.

આખો દેશ મીઠી નિંદ્રામાં પોઢી રહયો હતો પરંતુ આ ઘોષણા પાછળના અંગ્રેજના નાપાક હેતુને તે સમયના મોટા આલિમે દીન હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ દેહલ્વી(રહ.) (જેઓ ભારતમાં ઈલ્મે હદીષ શરીફને નૂતન પ્રાણ પૂરનાર હઝરત શાહ વલીયુલ્લાહ સાહબ(રહ.)ના પુત્ર હતા)ની ભવિષ્ય પારખુ નજરોએ પારખી લીધો અને આપે ઈ.સ. ૧૮૦૩માં ફતવો જાહેર કર્યો કે "આપણો દેશ ગુલામ થઈ ગયો છે અને તેને આઝાદ કરાવવું આપણી ફરજ છે." આપના આ ફતવાથી દેશમાં અસંખ્ય ઉલમા–એ–દીન અને મુસલમાનો આઝાદી માટે જંગમાં લાગી ગયા, જેઓની આગેવાની હઝરત શાહ સાહબે પોતે જ લીધી.

હઝરત શાહ સાહબના ખાનદાનનાં બહાદૂરોમાંથી મૌલાના અહમદ શહીદ(રહ.) આગળ આવી ઈ.સ. ૧૮૧૮માં અમીર અલીખાન અને જશવંતરાવ હોલકરની સાથે અંગ્રેજો વિરૂધ્ધ યુદ્ધ ઉપાડયું. ઈ.સ. ૧૮૧૮માં મૌલાના અહમદ શહીદ(રહ.) એ આખા દેશની સફર કરી અંગ્રેજો વિરૂધ્ધ આગ લગાવી દીધી, અને ઈ.સ. ૧૮૨૪માં સરહદ રાજયની આજુબાજુ એ મોરચો લગાવી ૬ વર્ષ સુધી અંગ્રેજો અને તેઓને સાથ દેનારાઓને બહાદૂરી પૂર્વક હંફાવ્યા અને ૧૦ જાન્યુઆરી ૧૮૨૭માં સરહદ પ્રાંતમાં સ્વતંત્ર કામ ચલાઉ સરકારની સ્થાપના થઈ અને તેના પ્રણેતા પણ શાહ અહમદ શહીદ(રહ.) જ હતા.

સૈયદ અહમદ શહીદ(રહ.) નો હેતુ દેશને અંગ્રેજોના પંજામાંથી છોડાવવાનો હતો. સત્તા કે હુકૂમત મેળવવાનો નહી રણજીતસિંહની ફોજના જનરલ બુધાસિંહના નામે એક પત્રમાં તેમણે લખ્યું ખુદા ગવાહ છે કે અમારો હેતુ ન તો ધન ભેગુ કરવાનો છે ન તો અમારી સત્તા સ્થાપવાનો છે અમે મહાન ખુદાના નાના(કમઝોર) બંદા છીએ ખુદાના બંદાઓ ઉપર કોઈ પ્રકારનો અત્યાચાર કરવાનો વિચાર પણ અમારા મનમાં નથી કે ન તો કોઈની સત્તા ઝૂંટવી લેવાની ભાવના છે. અમારો હેતુ માત્ર દેશને આઝાદ કરવાનો છે.

(તહરીકે આઝાદી ઓર હિન્દુસ્તાની મુસલમાનઃ પેજ–૫૫)

મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.) લખે છે કે "સૈયદ સાહેબનો મૂળ હેતુ ભારતમાંથી અંગ્રેજ શાસનના મૂળીયા ઉખેડી નાખવાનો હતો, જે અંગ્રેજોના કારણે હિન્દુ અને મુસલમાન બન્નેવ પરેશાન હતા, આથી જ તેમણે હિન્દુઓને પણ લડતમાં શામેલ થવા આમંત્રણ આપ્યું અને સ્પષ્ટ જણાવી દીધું કે અમારો એક માત્ર હેતુ દેશમાંથી વિદેશી હુકૂમતને ખતમ કરવાનો છે. બાદમાં જે લોકો શાસન કરવાને પાત્ર હશે તે હુકૂમત કરશે, તે હિન્દુ હોય કે મુસલમાન હોય કે પછી બન્નેવ મળીને કરે".

(ઉલમા–એ–હિન્દ કા શાનદાર માઝી ભાગ–૨લ પેજ–૧૯૩)

તેમણે ગ્વાલિયરના રાજા દોલતરાવ સિંધીયાના વઝીર હિંદુ રાવને પણ લડતમાં શામેલ થવા પત્ર લખ્યો હતો, તેમની ફોજમાં મોટી સંખ્યામાં હિન્દુઓ પણ હતા, તેમના તોપખાનાના વડા રાજારામ એક રાજપૂત હતા.

ત્યારબાદ ઈ.સ. ૧૮૩૧માં બાલાકોટ ખાતે લડાઈ લડતા–લડતા ૭ મેના રોજ મૌલાના સૈયદ અહમદ(રહ.) અને મૌલાના ઈસ્માઈલ શહીદ(રહ.) એ શહાદત પ્રાપ્ત કરી.

બીજી બાજુએ 'ઉલમા–એ–સાદીકપુર' (આઝાદીના લડવૈયા) ના નામે એક જૂથ કાર્યવંત હતું. આ જૂથના ઉલમાઓએ ૧૮૪૫થી ૧૮૭૧ સુધી બહાદૂરીપૂર્વક અંગ્રેજોને હંફાવ્યા. ઈ.સ. ૧૮૫૭માં આઝાદીની લડાઈમાં દિલ્હીના ૩૪ આલિમોએ અંગ્રેજો વિરૂધ્ધ જિહાદનો ફતવો જાહેર કર્યો, સાથે જ આખા દેશમાં પણ અંગ્રેજોના વિરૂધ્ધ જંગનુંએલાનઆપવામાંઆવ્યું,તેનેલઈઈ.સ.૧૮૫૭નુંઅંગ્રેજોવિરૂધ્ધ

ભયંકર યુદ્ધ થયું, જેને અંગ્રેજોએ 'ગદર કી જંગ' (બગાવતની લડાઈ) નું ઉપનામ આપ્યું. દારૂલઉલૂમ દેવબંદના સ્થાપકો આઝાદીની લડાઈ માં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી(રહ.) ની આગેવાની હેઠળ મૌલાના કાસીમ નાનોત્વી(રહ.) (જેઓ દેવબંદ મદ્રસાના સ્થાપક પૈકી એક હતા) હાફીઝ ઝામીન(રહ.) તેમજ મૌલાના રશીદઅહમદ ગંગોહી(રહ.) વગેરેએ શામલીના મેદાનમાં મર્દાનગીભર્યો અંગ્રેજોનો મુકાબલો કર્યો. જોકે ઈ.સ. ૧૮૫૭નાં આ વિપ્લવમાં અમુક કારણોસર જીત ન થઈ શકી અને આ યુદ્ધમાં ઓછામાં ઓછા બે લાખ મુસ્લિમોએ જાન આપી શહીદ થયા અને દિલ્હીના ૫૦૦ સહિત દેશભરના ૫૫૦૦૦ આલિમોને શહીદ કરવામાં આવ્યા. આ લડાઈ પૂરી થતાં જ ૧૮૫૭માં વિધીસર મુગલ શાસનનો અંત આવ્યો અને લાલ–કિલ્લા પરથી ભારતીય ધ્વજને ઉતારીને યુનિયન જેક લહેરાવવામાં આવ્યો અને અંગ્રેજોએ પોતાને હંફાવનાર આલિમોની કત્લેઆમ કરી, આ માટે લાંબો કુરતો, દાઢી અને ઊંચી ઈજારને નિશાન બનાવવામાં આવ્યો. (નોંધપાત્ર બાબત છે કે આ તે જ પવિત્ર ઓળખ છે જે તે સમયે અંગ્રેજોની નજરોમાં "કટ્ટર ભારતીય નાગરિક" ની ઓળખ હતી જે ઓળખને આજે બદનામ કરવામાં આવી રહી છે.)

જો કે ઈ.સ. ૧૮૫૭ની લડાઈ દ્વારા ઉલમાઓ અંગ્રેજોને ભારતમાં થી બહાર ન કાઢી શકયા, પરંતુ આ લડતના લીધે જ આખા દેશમાં અંગ્રેજો વિરૂધ્ધ ચળવળો ચાલવા લાગી અને આ લડતના લીધે જ ૯૦ વર્ષ પછી ઈ.સ. ૧૯૪૭માં દેશ આઝાદ થયો. ઉલમાના આ બલિદાનોને બિરદાવતાં જાણીતા લેખક યશવંત મહેતા લખે છે કે "ઈતિહાસના વિદ્યાર્થીઓ સારી રીતે જાણે છે કે હિન્દમાં બ્રિટીશ શાસન સામેનો પ્રથમ ઉધ્ધામ સંઘર્ષ ૧૯મી સદીના પ્રથમ દાયકામાં શરૂ થયો હતો. રાયબરેલીના મુસ્લિમ ફકીર સૈયદ અહમદની આગેવાની હેઠળ ઉત્તર હિન્દના વહાબી સંપ્રદાયના અનુયાયીઓએ લગભગ અડધી શતાબ્દી સુધી ગામડાઓ અને શહેરોમાં, પહાડો, અને મેદાનોમાં બ્રિટીશ શાસન સામે અવિરત યુદ્ધો કર્યા હતા. સંઘર્ષનું આ ઝરણું આગળ જતાં સિપાઈઓના બળવા તરીકે જાણીતા મોટા સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભળી ગયું, આ બળવાએ હિન્દમાં બ્રિટીશ શાસનના પાયાને હચમચાવી

નાંખ્યો હતો."

## હઝરત ગંગોહી રહ.નો તવરિયા (બે અર્થ ધરાવતો શબ્દપ્રયોગ)

ઈ.સ.૧૮૫૭માં જયારે આઝાદીની લડત ચાલી રહી હતી અને શામલીના મૈદાનમાં અંગ્રેજો સાથે આપણાં અકાબિરનો મુકાબ્લો થયો તો તેઓના વિરૂધ્ધમાં વોરંટ કાઢયો, હઝરત ગંગોહી રહ. વિશે પણ ફરીયાદ પહોંચી કે તેઓ પાસે હથિયાર છે, તેથી હઝરતને પણ ગિરફતાર કરીને મેરઠ લઈ ગયા, અને જે કોઈની પણ શિકાયત પહોંચી તો તરત જ તે જગ્યાએ મેજિસ્ટ્રેટની સભા બોલાવવામાં આવતી અને ફેસલો(નિર્ણય) લઈને ફાંસી ઉપર ચડાવી દેવામાં આવતા.

જયારે હઝરત ગંગોહી રહ.ને ગિરફતાર કરીને લઈ ગયા અને હઝરતથી પૂછયુ કેઃ શું તમારી પાસે હથિયાર છે? તે સમયે હઝરત પાસે હાથમાં તસ્બીહ હતી તો તસ્બીહ બતાવી કહયું કેઃ અમારું હથિયાર તો આ છે. એવું નહીં કહયું કે હથિયાર નથી, પરંતુ એવું કહયું કે અમારું હથિયાર તો આ છે.

ઉપરોકત વાત ઉપર ચર્ચા ચાલુ હતી અને એટલામાં એક દેહાતી વ્યકિત આવ્યો અને જોયું કે હઝરત ગંગોહી રહ.ને પકડી રાખ્યા છે તો તે વ્યકિતએ કહયુંઃ આ ભાઈને કેમ પકડયા છે; આ તો અમારી મસ્જિદમાં અઝાન આપે છે, આ સાંભળીને તે લોકોએ હઝરત ગંગોહી રહ.ને છોડી દીધા.

## ઈ.સ. ૧૮૫૭નો વિપ્લવ

ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ પછી આઝાદી માટે જયારે કોઈપણ ચળવળ સમજમાં આવતી ન હતી તેવા સમયે આપણાં બુઝુર્ગોએ કેટલીક વાતો નક્કી કરીઃ (૧)મુસલમાનોને જીવતા રાખવા માટે હિમ્મત અપાવવામાં આવે. (૨)મુસલમાનોના દિલોથી ખૌફ(ડર) અને એહસાસે કમતરી (બીજા કરતા પોતાને કમજોર સમજવા)થી બચાવવાના પ્રયાસો કરવામાં આવે. (૩)તેઓને ફરીથી સંપૂર્ણ ઈસ્લામ પર અમલ કરવા માટે આહ્વાન કરવામાં આવે.

## દારૂલઉલૂમ દેવબંદની સ્થાપના

ઈ.સ. ૧૮૬૬માં ભારતના નામાંકિત આલિમોએ લાંબા

વિચાર–વિમર્શ બાદ દેવબંદ મુકામે એક મદ્રસાની સ્થાપના કરી જેનો મુખ્ય હેતુ આઝાદી માટે સાચા શૂરવીરો પેદા કરવા અને ખરી ઈસ્લામી તાલીમને આમ કરવું હતો. જે આજે જગ વિખ્યાત 'દારૂલઉલૂમ દેવબંદ'ના નામે ઓળખાય છે. (જે દેવબંદ મદ્રસાની સ્થાપના પાછળનો એક હેતુ દેશની વફાદારી તથા દેશની આઝાદી પણ હતો આજે એ જ મદ્રસાને શંકાની નજરે જોવાય છે.)

## સમરતુત્તરબીયત

સને ઈ.સ. ૧૮૭૮માં દારૂલઉલૂમ દેવબંદના સ્થાપક મૌલાના નાનોત્વી(રહ.) ના ઈશારા પર 'સમરતુત્તરબીયત' નામી મદ્રસાને ફંડ આપનારાઓની એક કમિટી ઊભી કરવામાં આવી, જેના સ્થાપક સભ્યો ૧૯ હતા, એનો ખાસ હેતુ આઝાદીના ઈન્કિલાબ માટે માણસો તૈયાર કરવાનો હતો. આઝાદીની લડતને વેગ આપવા માટે ઈ.સ. ૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કરવામાં આવી. આઝાદી પ્રાપ્ત કરવાના હેતુથી આ સંસ્થાને આખા દેશમાં લોકપ્રિય બનાવવામાં મુસ્લિમ ઉલમાએ મહત્વનો ભાગ ભજવ્યો. લુધિયાણાના મૌલાના મુફતી મુહમ્મદનઈમ સાહબના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશના મદ્રસાઓમાંથી આઝાદી માટે કોંગ્રેસનું સમર્થન કરવાની હાકલ કરતા ફતવા મેળવવામાં આવ્યા. આઝાદીની લડતમાં જોડાવાની હાકલ કરતા આવા ૧૦૦ ઉપરાંત ફતાવાઓનો સંગ્રહ ઈ.સ. ૧૮૮૮માં "નુસરતુલ અબરાર" નામના પુસ્તકમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા. દારૂલઉલૂમ દેવબંદ જેવી સર્વોચ્ચ સંસ્થાના વડા મુફતી રશીદઅહમદ ગંગોહી(રહ.) તથા મૌલાના મહમૂદહસન(રહ.)ના ફતવા પણ આ પુસ્તકમાં સામેલ કરવામાં આવ્યા, પરીણામે આખા દેશમાં આઝાદીની લડતમાં જોડાવા વિશે જાગૃતિ ફેલાવા લાગી. આ ફતવાઓના પરીણામે માત્ર મુસ્લિમો જ નહીં, હિન્દુઓને પણ આઝાદીની લડતમાં જોડાવાની પ્રેરણા મળી. (મૌલાના હુસૈનઅહમદ મદની: નકશે હયાત ભાગ–૨, પેજ–૯૩ તથા પી.સી. જોષી:ઈન્કિલાબ ૧૮૫૭ પેજ–૧૦૫)

ત્યારબાદ ઈ.સ. ૧૯૦૯માં દારૂલઉલૂમ દેવબંદના પ્રથમ વિદ્યાર્થી અને પ્રખર આલિમે દીન મૌલાના મહમૂદહસન દેવબંદી(રહ.) જેઓને "શૈખુલહિન્દ" ના હુલામણા લકબે યાદ કરવામાં

આવે છે. તેઓએ અંગ્રેજોના ઝુલ્મી રાજનો પૃથ્વી પરથી સફાયો કરવા માટે પોતાના વિશ્વાસુ સાથીઓ અને શાગિર્દો (વિદ્યાર્થી–શિષ્યો) સાથે એક યોજના બનાવી. જેની કડીરૂપ એક મંડળ ઊભું કરવામાં આવ્યું જેનું નામ 'જમીઅતુલ અન્સાર' રાખવામાં આવ્યું. જેના પ્રથમ નાઝીમ(સેક્રેટરી) તરીકે મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી(રહ.)ને બનાવવામાં આવ્યા તેની પ્રથમ મિટીંગ ઈ.સ. ૧૯૧૧માં મૌલાના અહમદ હસન અમરોહી(રહ.)ના પ્રમુખ પદે મુરાદાબાદ ખાતે થઈ.ઈ.સ. ૧૯૧૨માં મૌલાના અબુલકલામ આઝાદ(રહ.) પોતાના માસિક મેગેઝિન 'અલહિલાલ' વડે આઝાદીનું બ્યૂગલ ફૂંકી દીધું.ઈ.સ. ૧૯૧૩માં મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી(રહ.)ને હઝરત શૈખુલહિન્દ(રહ.) એ દિલ્હીમાં સ્થાયી કરી આઝાદીનો ઈન્કિલાબ લાવવા માંગતા લોકોને તાલીમ આપવા 'નઝારતુલ મઆરીફીલ કુર્આનીય્યહ' નામે તાલીમી કેન્દ્ર ઊભું કરાવ્યું.

નોંધઃ આઝાદીના ધ્યેય અને મકસદને પ્રાપ્ત કરવા માટે તે સમયે આપણાં બુઝુર્ગોએ, વડીલોએ, મુસ્લિમ નેતાઓએ અને આલિમોએ કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા હતા, એટલે કે સ્વતંત્રતાથી પહેલા કોંગ્રેસ સાથે જમીઅતે ઉલમાએ હિન્દ અને બીજા અન્ય મુસ્લિમોએ અને આલિમોએ જે સાથ સહકાર અને એકતા કરી તેનો પાયાનો મકસદ અને હેતુ ભારતની આઝાદીના અગત્યના ધ્યેયને પ્રાપ્ત કરવાનો હતો. આ ધ્યેયને આઝાદી પછીના દેશના રાજકારણ સાથે જોડવામાં ન આવે. આઝાદી પછી જમીઅત અને કોંગ્રેસ વચ્ચે આવી કોઈ એકતા કે સંગઠન માનવામાં ન આવે.

**મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી(રહ.) મુસ્લિમ લીગના રાજકારણ સામે લડત આપતા રહ્યા.**

એવુ લાગે છે કે મુહમ્મદઅલી ઝીણાની આગેવાની હેઠળની મુસ્લિમ લીગને બ્રિટિશ સરકારનું સમર્થન હતું. લીગે ભારતીયોને ધાર્મિક મુદ્દાઓ પર વિભાજિત કરવાનો મહત્વપૂર્ણ સંસ્થાનવાદી એજન્ડા પૂરો પાડયો હતો. જોકે એક ઓછી જાણીતી હકીકત એ છે કે પાકિસ્તાનની માંગ અંગેમોટી સંખ્યામા મુસ્લિમ આલિમોએ આ વિભાજનકારી રાજકારણનો સખત વિરોધ કર્યો હતો. મૌલાના

ઉબૈદુલ્લાહ સિંધી અંગ્રેજોની નીતિ અને સાંપ્રદાયિક રાજનીતિ વિરૂદ્ધ મજબૂત લડત આપતા હતા. તેમણે બ્રિટિશ સરકાર માટે ગંભીર ખતરો ઉભો કર્યો હતો. જેઓ મૌલાનાને જાણતા નથી તેમને જણાવીએ કે ઈ.સ. ૧૯૧૮માં રોલેટ કમિટીનો રાજદ્રોહ સબમિટ કરવામાં આવ્યો હતો જે ઈ.સ. ૧૯૧૯ના કુખ્યાત રોલેટ એકટ તરફ દોરી ગયો હતો, જેમાં મૌલાનાએ બ્રિટિશ સામ્રાજયને જે ધમકી આપી હતી અને આ રીતે તેઓ અંગ્રજોની નજરમાં તેમના સમયના સૌથી 'ખતરનાક' ભારતીય ક્રાંતિકારી હતા. દેવબંદ મદ્રસામાંથી તાલીમ મેળ વ્યા પછી મૌલાનાએ પ્રથમ વિશ્વ યુધ્ધ દરમિયાન અફઘાનિસ્તાનમાં જતા પહેલા ભારતમાં ક્રાંતિકારીઓને સંગઠિત કર્યા હતા. તેમણે રાજા મહેન્દ્ર પ્રતાપ સાથે કાબુલમાં સ્વતંત્ર ભારતની કામચલાઉ સરકારની રચના કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમણે ગૃહ પ્રધાન તરીકે સેવા આપી હતી. પછી તેઓ યુ.એસ.એસ.આર. અને સાઉદી અરબિયા ગયા. મૌલાના ભારત પરત ફર્યા ત્યાં સુધી ઈ.સ. ૧૯૩૯ સુધી ભારતીય ડાયસ્પોરા(પ્રવાસીઓ)ને ક્રાંતિનો ઉપદેશ આપતા રહયા હતા.ઈ.સ. ૧૯૩૭માં ભારતને આંતરિક બાબતો માટે મર્યાદિત સ્વાયત્તતા આપવામાં આવી હતી. આના કારણે ચૂંટણી પછી પ્રાંતિય મંત્રાલયોની રચના થઈ હતી. અલ્લાહ બક્ષ સોમરૂની આગેવાની હેઠળના સિંધ મંત્રાલયે મૌલાના પરનો પ્રતિબંધ ઉઠાવી લીધો જેથી તે પરત ફરી શકે. અન્ય પ્રાંતિય સરકારોએ પણ તેમને ટેકો આપ્યો હતો. મુસ્લિમ લીગ સિવાય તમામ મુખ્ય ભારતીય રાજકીય સંગઠનોએ તેમની વાપસી માટે ઝુંબેશ ચલાવી હતી. બ્રિટિશ સરકાર મૌલાનાને ભારત પરત આવવા દેવા તૈયાર ન હતી. જિદ્દાહ ખાતેના વાઈસ કોન્સ્યુલેટે, દિલ્હીમાં સરકારને લખેલા પત્રમાં લખ્યું હતું કે, તેમણે મુસ્લિમ લીગની તરફેણ કરી ન હતી અને કોંગ્રેસમાં જોડાવાનું વલણ હતું. એવી પણ સામાન્ય માન્યતા હતી કે જો તે સિંધ જઈને સક્રિય રાજકારણમાં આવશે તો સિંધમાં પણ મુશ્કેલી સર્જાશે. તેઓ કુર્આન અને હદીષના જાણકાર છે. તે ધર્મના માધ્યમથી મુસ્લિમોનો સંપર્ક કરવા અને તેમને આઝાદી માટે કોંગ્રેસ તરફ વાળવાનો ઈરાદો ધરાવે છે તેથી ઉબૈદુલ્લાહ સિંધી જામિયા મિલ્લીયાને કોંગ્રેસની

છાવણીમાં ફરેવશે તેવું જોખમ છે. એ નોંધવું જરૂરી છે કે, અંગ્રેજોએ મૌલાના પાસેથી ઔપચારિક માફીની આશા રાખી હતી અને તેઓ એવી રીતે માફી માંગે અને જણાવે છે કે તેઓને અગાઉના કાર્યોથી પસ્તાવો છે તેઓ બ્રિટિશ સરકારને વફાદાર રહેશે. પરંતુ મૌલાનાએ આ અંગે કોઈ લેખિત અરજી કરી ન હતી. ભારત પરત ફરવાની પરવાનગી બદલ સરકારનો આભાર માનતા પત્રમાં તેણે લખ્યું કે આ અલ્લાહ તઆલાના આશીર્વાદ છે કે તેઓ હવે તેમની માતૃભૂમિ અને તેમની પ્રેમની ભૂમિ પર પાછા આવી શકશે. ભારત સરકારના સચિવે વાંધો ઉઠાવ્યો હતો અને કહયું કે ભારત સરકારને ઈ.સ. ૧૯૩૨થી તેમના વલણ અને પ્રવૃત્તિઓ વિશે ઉપલબ્ધ માહિતી એ છે કે તેઓ બ્રિટિશ વિરોધી, સામ્યવાદી અને ક્રાંતિકારી છે. ઉપરોકત ઉલ્લેખિત તેમના પત્રમાં તેમના મંતવ્યો અથવા વિધ્વંસક પ્રવૃત્તિથી દૂર રહેવાની કોઈ બાંહેધરી તેઓએ આપી નથી. સિંધ સરકારને લખેલા પત્રમાં મૌલાનાએ લખ્યું કે, મારો રાજકીય પંથ દિલ્હીના શાહ વલીયુલ્લાહ દ્વારા આપવામાં આવેલા ઈસ્લામના અર્થઘટનને અનુસરે છે.ભારતીય રાષ્ટ્રીય કોંગ્રસમાં રહીને હું આ સંપ્રદાયનું પાલન કરી શકું છું અને મેં ઈ.સ. ૧૯૨૪થી મહાત્મા ગાંધીની અહિંસાની ફિલસૂફી સ્વીકારી છે. વાસ્તવમાં ઉબૈદુલ્લાહ મહાત્મા ગાંધીને નહીં પરંતુ સુભાષચંદ્ર બોઝને મળ્યા હતા. મૌલાના અબુલકલામ આઝાદે મૌલવી ઝહીરૂલ હક્કને લખેલા પત્ર મુજબ, ઉબૈદુલ્લાહ એ આઝાદને એ આશ્વાસન આપ્યું હતું કે તે અંગ્રેજો સામે અંતિમ યુદ્ધ માટે નેતાજીને વિદેશ મોકલવા માંગે છે. આઝાદે દાવો કર્યો હતો કે નેતાજી અને ઉબૈદુલ્લાહ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ભવિષ્ય વિશે વાત કરવા દિલ્હીમાં મળ્યા હતા. આ પત્રમાં વધુમાં નોંધ્યું છે કે તેઓ થોડા મહિનાઓ પછી ફરી કલકત્તામાં મળ્યા હતા જયાં ઉબૈદુલ્લાહ એ મહત્વપૂર્ણ પત્રો અને દસ્તાવેજો આપ્યા હતા જે જાપાનના સત્તાવાળાઓને આપવાના હતા. મૌલાના અને બોઝ આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ કરવા માટે ભારતની બહાર જતા પહેલા મળ્યા હતા જયારે મૌલાનાએ કોમવાદી રાજકારણ વિરૂદ્ધ ભારતમાં લીગ વિરોધી ચળવળનું નેતૃત્વ કર્યુ હતું. મૌલાનાની ઈ.સ. ૧૯૪૪માં ઝેર આપીને હત્યા કરવામાં આવી

હતી; આ રીતે તેઓ સંસ્થાનવાદી સત્તાઓ અને મુસ્લિમ લીગના કોમવાદ સામે લડત આપતા શહીદ થયા હતા.

(ગુજરાત ટુડેઃ ૨૨/૦૯/૨૦૨૪)

## "રેશમી રૂમાલ ચળવળ"

ઈ.સ. ૧૯૧૫માં હઝરત શૈખુલહિન્દ(રહ.)એ પોતાની લાંબી છૂપી તૈયારીઓ પછી બ્રિટનના તખ્તાને પલટાવી નાંખવા માટે પોતાની ખાસ યોજના હેઠળ એવું નક્કી કર્યુ કે દેશભરમાંથી બગાવત કરવામાં આવે અને બાહ્ય તાકતો વડે સરહદોથી હુમલો કરાવવામાં આવે એ માટે ૧૯ ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૧૭ની તારીખ નક્કી કરવામાં આવી અને આ માટે પોતાના વિશ્વાસુ શાગિર્દ મૌલાના સિંધી(રહ.)ને કાબુલ મોકલ્યા અને કાબૂલમાં ૧ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૫ના આઝાદ ભારત સરકારની રચના કરવામાં આવી અને તેના પ્રમુખરૂપે રાજા મહેન્દ્ર પ્રતાપનું નામ નક્કી કરવામાં આવ્યું, અને ચંપક રામન પિલ્લાઈ, તામીલનાડુંના તેઓને આઝાદ ભારત સરકારમાં વિદેશમંત્રી બનાવવામાં આવ્યા.

("They too forght for India's freedom :The role of minorities by Asghar Ali Engineer")

'આ પણ વિચારવા લાયક એક બાબત છે કે મુસ્લિમ બહુમતીવાળો દેશ અફઘાનિસ્તાન અને ત્યાં મુસ્લિમો જ આઝાદ ભારત સરકારની રચના કરે અને તેના પ્રમુખ એક હિન્દુરાજાને બનાવે મુસલમાનોની કોમી એકતા પ્રત્યે કેવી ભાવના છે.

કાબૂલથી તૂર્કી, રશિયા, જાપાન વગેરે દેશોમાં પ્રતિનિધિમંડળો રવાના કરવામાં આવ્યા. સાથે જ હઝરત શૈખુલહિન્દ(રહ.) ૧૮ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૧૫ના હીજાઝ (આજનું સાઉદી અરેબિયા) રવાના થયા અને ત્યાં ગવર્નર ગાલીબ પાશા અને અનવર પાશા સાથે વાતચીત કરી, પરંતુ કુદરતને આ મંજુર ન હોય આખા પ્લાનનો ભેદ ખુલી ગયો અને ૨૨૩ જેટલા આ કામના જવાબદારોને આખા દેશમાંથી પકડી લેવામાં આવ્યા. હઝરત શૈખુલહિન્દ(રહ.) હઝરત મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.), મૌલાના ઉઝૈર ગુલ(રહ.), હકીમ નુસરત હુસૈન, મૌલાના વહીદ અહમદ ફૈઝાબાદીને હીજાઝથી

યુરોપના એક ટાપુ માલટાના કારાવાસમાં ધકેલી દેવામાં આવ્યા. મૌલાના આઝાદને રાંચી ખાતે નજરબંદ કરવામાં આવ્યા, મૌલાના સિંધી અને મૌલાના મુહમ્મદમિયાં અન્સારીએ લાંબો વખત દેશવટો ભોગવ્યો. આ પ્રખ્યાત ચળવળને ઈતિહાસમાં 'રેશમી રૂમાલ ચળવળ' તરીકે ઓળખવામાં આવે છે. (નોંધ :– આ ચળવળ વિશેની ગુપ્ત વાતચીતો રેશમના રૂમાલ પર લખીને તેના ફૂલ બનાવીને ફૂલો વડે એક બીજા સુધી પહોંચાડવામાં આવી જેને લઈ આ નામ પડયું.) ઈ.સ. ૧૯૧૭માં બ્રિટીશ પ્રધાન મંડળના ભારતીય બાબતોનો મંત્રી લોર્ડ માન્ટીગો(મોન્ટેગ્યુ) ભારત આવ્યો તો મુફતી કિફાયતુલ્લાહ સાહબે તેના વિરૂધ્ધ પત્રિકાઓ વહેંચાવી અને સ્વતંત્ર સરકારની વાત વહેતી કરી. ઈ.સ. ૧૯૧૮માં મુફતી કિફાયતુલ્લાહ સાહબે રોલેટ એકટનો ભારે વિરોધ કર્યો અને 'અંજુમને ઈઆનતે નઝરબંધગાને ઈસ્લામ' નામી સંસ્થા ઊભી કરી, જેના પ્રમુખ હકીમ અજમલખાં મર્હુમ હતા. આ સંસ્થા વડે હઝરત શૈખુલહિન્દ(રહ.) અને અન્યોને છોડાવવાની માંગણી કરવામાં આવી. ૧૩ નવેમ્બર ઈ.સ. ૧૯૧૯ના ખિલાફત કોન્ફરન્સનો ભવ્ય જલસો મૌલાના ફઝલે હક્ક(રહ.) ના પ્રમુખપદે થયો, જેમાં મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) એ બ્રિટીશરો તરફથી રજૂ કરવામાં આવેલ સંધિનો ભારે વિરોધ કર્યો. જલસામાં શેઠ છોટાણી અને ગાંધીજીએ પ્રથમવાર રાજકીયસ્તરે ભાષણો આપ્યા, બીજી તરફ હજુ સુધી હઝરત શૈખુલહિન્દ(રહ.) અન્ય સાથીઓ સાથે માલટામાં કારાવાસ ભોગવતા હતા.

## ખિલાફતની ચળવળ અને જમીઅતની સ્થાપના

કારાવાસ દરમિયાન ઈ.સ. ૧૯૧૪નું પ્રથમ વિશ્વ યુદ્ધ થયું. જેમાં ઈસાઈ તાકતોએ એકત્ર થઈને ખિલાફતે ઉસ્માનિયા (વિશ્વના મુસ્લિમોનું ઈ.સ. ૧૩૫૦ વર્ષ જૂનું રાજકીય સંગઠન જેની ત્યારની રાજધાની તુર્કી માં હતી અને તેજ હરમૈન શરીફૈન(મક્કા–મદીના)ની ખિદમત પણ કરતી) નો ખાતમો કરવાનું નક્કી કર્યુ. (નોંધઃ– હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમની વફાત પછી "ખિલાફત" ની સ્થાપના થઈ, જેને લગભગ ઈ.સ. ૧૩૫૦ વર્ષ સુધી ઈસ્લામી જગતની રાજકીય સત્તા સંભાળી, જેને તેના છેલ્લા દિવસોમાં "ખિલાફતે ઉસ્માનીયા" ના નામથી ઓળખવામાં આવતા હતા અને

તેનું અંતિમ પાટનગર તુર્કીમાં હતું. ખિલાફતની સેવા આપનારને "ખલીફા" નું બિરૂદ આપવામાં આવતું, આજ "ખલીફા" સમગ્ર મુસ્લિમોના "અમીર" માનવામાં આવતા અને આ ખલીફા જ હરમૈન શરીફૈન(મકકા–મદીના)ની પણ સેવા કરતા.) તે વખતે હિન્દુસ્તાન ભરમાં ઉલમાઓએ ખિલાફત ચળવળ ઉઠાવી અને જાની–માલી દરેક પ્રકારની કુરબાની આપી. (આ ચળવળ પણ અંગ્રેજોના વિરૂઘ્ધ જ હતી.) ઈ.સ. ૧૯૧૯માં અમૃતસરના જલિયાવાલા બાગ ખાતે ભવ્ય જલસો થયો, જેમાં અસંખ્ય નિર્દોષ લોકો શહીદ થયા, જેમાં મોટી સં ખ્યામાં મુસ્લિમો હતા. બીજી તરફ ભારતના ઉચ્ચ કોટીના આલીમો એ ફીકરમાં હતા કે મુસલમાનોને સંગઠિત કરી જંગે આઝાદીની લડતના સાથે મુસલમાનોને મિલ્લી–સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે એક મજબૂત સંગઠન બનાવવામાં આવે. ફીકર અને રાત–દિવસની

દુવાઓ પણ સાથે જ હતી. આજ સમયે ૨૨ નવેમ્બર ૧૯૧૯ના દિલ્હી ખાતે ખિલાફત ચળવળના ભવ્ય જલસામાં જેમાં દેશભરના મોટા આલિમો–મુસ્લિમ વિદ્વાનો હાજર હતા. આ જલસામાં મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી (રહ.) અને હઝરત શૈખુલહિન્દ (રહ.)ના ખાસ શાગિર્દ મૌલાના મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) તેમજ બીજા આલિમોએ લાંબા વિચાર વિમર્શ બાદ આઝાદીની પ્રાપ્તિ અને મુસ્લિમોના પ્રશ્નનોના નિરાકરણ માટે સર્વ સંમતિએ પરસ્પરના ભેદભાવ ભૂલી એક થઈ એક પવિત્ર સંગઠન 'જમીઅતે ઉલમા'ની સ્થાપનાનું એલાન કર્યુ, જેના પ્રથમ પ્રમુખ મૌલાના મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.)ને જ બનાવવામાં આવ્યા અને આઝાદીનીચળવળજેલાંબાસમય ઈ.સ. (૧૭૫૭)થીચાલતીહતીતેને સંગઠીત કરી લેવામાં આવી.

## અસહકાર આંદોલન

ઈ.સ. ૧૯૨૦માં અસહકારના આંદોલનની જાહેરાત કરવામાં આવી જેમાં વિદેશી વસ્તુઓના બહિષ્કારનું એલાન કરવામાં આવ્યું, જમીઅતે ઉલમાએ જાહેરાત કરી કે અસહકારના આંદોલનને સાથ આપવો એ મુસલમાનોની ધાર્મિક ફરજ છે. દેશના ઉચ્ચ કોટીના ૫૦૦ ઉલમાએ સહી કરીને આ બાબતે ફતવો આપતી પુસ્તિકા બહાર

પાડીને મુસ્લિમો અને હિન્દુઓને અસહકારના આંદોલનમાં જોડાવા હાકલ કરી, પરિણામે વિશાળ સંખ્યામાં લોકો આઝાદીની લડતમાં જોડાયા. મુસ્લિમો પણ જમીઅતે ઉલમા અને કોંગ્રેસની આઝાદી અંગેની પ્રવૃત્તિઓમાં એટલી મોટી સંખ્યામાં જોડાયા કે ઈ.સ. ઈ.સ. ૧૯૨૦માં કોંગ્રેસની વાર્ષિક સભા રઘુ આચાર્યના પ્રમુખપદ હેઠળ નાગપુરમાં યોજાઈ ત્યારે આ સભામાં દેશભરમાંથી ૧૪૫૮૨ લોકોએ ભાગ લીધો, તેમાંથી ૨/૩ સંખ્યા એટલે કે ૧૦૫૦૦ મુસ્લિમો હતા. (ડો.મુખ્તાર અહમદ મકકી : તહરીકે આઝાદી ઓર હિન્દુસ્તાની મુસલમાન પેજ–૧૭૮)

૨૮ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૯ના અમૃતસર ખાતે જમીઅતનો પ્રથમ શાનદાર જલસો થયો. જેનું પ્રમુખપદ મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી (રહ.) શોભાવી રહયા હતા, આ જલસામાં હઝરત શૈખુલહિન્દ(રહ.) અને મૌલાના આઝાદ(રહ.) તેમજ અન્ય બુઝુર્ગોના છૂટકારા માટે ખાસ ફીકર કરી સરકારથી માંગણી કરવામાં આવી. ૮ જૂન ઈ.સ. ૧૯૨૦ના હઝરત શૈખુલહિન્દ(રહ.) અને તેઓના સાથીઓને મુંબઈ લાવી છોડવામાં આવ્યા. ૯ જૂન ઈ.સ. ૧૯૨૦ના ઈલાહાબાદ ખાતે ખિલાફત કોન્ફરન્સમાં "નોન કો–ઓપરેશન" ચળવળ ચાલુ કરવાનું નકકી કરવામાં આવ્યું.

(અસહકાર ચળવળ વડે અંગ્રેજોની બનાવટની અને વિદેશી બધી વસ્તુઓનો વિરોધ તથા બહિષ્કાર કરવામાં આવ્યો માત્ર સ્વદેશી વસ્તુઓ વાપરવી તથા પહેરવી એ નકકી કરવામાં આવ્યું)

## અહિંસા ચળવળનો પાયો

જમીઅતનો સ્થાપનાકાળનો તે સમય હતો જયારે આઝાદીની પ્રાપ્તિ માટે હિન્દુસ્તાન ભરના ઉલમા–એ–દીન પોતાના લોહીની નદીઓ વહેવડાવી ચૂકયા હતા. તેઓની લાશોથી ગંગા અને જમના પર પૂલ બન્યો હતો. આ સમયે દેશભરના અગ્રણીઓ એવા વિચારમાં હતા કે અંગ્રેજોની ઝાલીમ તાકત સામે સશસ્ત્ર જંગ લડવાના સાથે કોઈ બીજો ઉપાય પણ શોધવો જોઈએ જે ફાયદાકારક હોય, આ માટે માથાઓ પર કફન બાંધી અંગ્રજોની સામે તૈયાર રહેલા ઉલમા–એ–કિરામના પવિત્ર સંગઠનના અમીર હઝરત શૈખુલહિન્દ(રહ.) (જેઓ તે જ સમયે માલટાનો કારાવાસ વેઠી આવ્યા હતા અને માલટામાં

જગતભરના વિવિધ દેશોના અંગ્રેજ કેદીઓ જેમાં વિવિધ દેશના લીડરો, લશ્કરી કમાન્ડરો હતા તેઓ સાથે વિચાર વિમર્શ કરી આવ્યા હતા) તેઓએ પોતાની ધાર્મિક સમજ અને પયગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ ના જીવનચરિત્રની રોશનીમાં એક વિચાર રજૂ કર્યો. તેનો સાર એ હતો કે "મક્કાની ૧૩ વર્ષની જિંદગીમાં પયગમ્બર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ પર દુશ્મનો તરફથી બહુજ તકલીફો પહોંચાડવામાં આવી હતી. આપ પોતાના સાથીઓ સાથે કષ્ઠ વેઠીને પણ તેને ચૂપચાપ સહન કરતા રહ્યા, તેનો સામનો ન કર્યો. જેને શાંત વિરોધ એટલે બીજા શબ્દોમાં અહિંસા ચળવળ કહી શકાય." તો ખરેખર અહિંસા ચળવળના પ્રણેતા હઝરત શૈખુલહિન્દ(રહ.) હતા અને આ ચળવળને ગાંધીજી સહિત દેશના તેમજ જગતનાં અન્ય નેતાઓએ પણ અપનાવી અને આ લડતનો ભારતની આઝાદીમાં મહત્વપૂર્ણ ભાગ છે.

## દેશની આઝાદીની સાથે–સાથે જમીઅતના અન્ય મુખ્ય ઉદ્દેશો

**૧. મુખ્ય ઉદ્દેશોઃ– (દેશવાસીઓમાં કોમી એકતા)**

૧. ઈસ્લામ–ઈસ્લામી ઓળખ અને ઈસ્લામી અવશેષો અને ઈબાદતગાહોનું રક્ષણ.

૨. મુસલમાનોના મઝહબી–તાલીમી–સાંસ્કૃતિક અને નાગરિક હક્કોની પ્રાપ્તિ અને રક્ષણ.

૩. મુસલમાનોની મઝહબી–તાલીમી અને સામાજિક સુધારણા.

૪. એવી સંસ્થાઓની સ્થાપના જે મુસલમાનોનાં તાલીમી, સાંસ્કૃતિક અને સામાજિક જીવનની પ્રગતિ અને સ્થાપત્યનું માધ્યમ હોય.

૫. ઈસ્લામી તાલીમની રોશનીમાં ભારતીય સંઘના વિવિધ પંથો વચ્ચે મેળ–મેળાપ પેદા કરવો અને તેને મજબૂત કરવા પ્રયત્ન કરવા.

૬. અરબી અને ઈસ્લામી શિક્ષણનું નવચેતન અને વર્તમાન સમયની જરૂરત મુજબ તાલીમી વ્યવસ્થા કરવી.

૭. ઈસ્લામી તાલીમોનું પ્રસારણ, વ્યવસ્થા અને તેની હિફાઝત.

**૨. રચનાત્મક ઉદ્દેશોઃ–**

૧. મુસલમાનોના જુદા–જુદા પંથોમાં મેળ–મેળાપ પેદા કરવા

સામુહિક પ્રોગ્રામ કરવા.

૨. દીની–દુન્યવી તાલીમ લેતા (જરૂરતમંદ) વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરવી.

૩. પછાત વર્ગોની સેવા.

૪. યતીમ, બેવા, આફતોમાં સપડાયેલા લોકોની સેવા.

૫. ગરીબ છોકરીઓની શાદીમાં મદદ.

૬. રસમો–રિવાજને નાબૂદ કરવા સમાજ સુધારણાની મહેનત.

**૩. આર્થિક પ્રોગ્રામઃ–**

૧. વ્યાજની લેવડ–દેવડથી બચાવવા મુસ્લિમ ફંડ તેમજ સહાયક ફંડોની સ્થાપના.

૨. કો–ઓપરેટીવ સોસાયટી વડે બેકારોને ધંધામાં સહાય.

૩. હસ્તકળા અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન.

**૪. દીની પ્રોગ્રામઃ–**

૧. સીરતે પાક–અખ્લાક–ઈસ્લામી ઈતિહાસ પર મજલિસો તેમજ લિટરેચર પ્રસિદ્ધ કરવું.

૨. કુર્આન શરીફની તફસીર અને હદીષ શરીફની તાલીમ આમ મુસ્લિમોમાં બયાન કરવી.

૩. દીની લિટરેચર અને કિતાબો માટે લાયબ્રેરીની વ્યવસ્થા કરવી.

નોંધઃ– ઈ.સ. ૧૯૧૯ માં પોતાની સ્થાપનાથી લઈ આજ સુધી જમીઅતે પોતાનાં ઉદ્દેશોને સામે રાખીને પોતાની યથા શકિત મુજબ ભવ્ય કામો કર્યા છે.

## જમીઅતે ઉલમા, ગાંધીજી અને કોંગ્રેસ

હઝરત શૈખુલહિન્દ (રહ.) જયારે માલટાનો કારાવાસ ભોગવી ભારત આવ્યા તો માલટામાં જગતભરના વિવિધ દેશના રાજકારણીઓ, લશ્કરી કમાન્ડરો અને અન્ય લીડરો અંગ્રેજોના રાજકીય કેદીઓ માલટામાં હઝરત શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન દેવબંદી(રહ.) સાથે વિચાર વિમર્શ કરતા હતા, સાથે જ કુર્આને પાક અને હદીષશરીફમાં આપનાં ઊંડા જ્ઞાન મુજબ ખુદાદાદ સમજબૂજથી હઝરત(રહ.) એ નકકી કર્યુ કે ભારતમાં આઝાદીની લડતમાં મોટે

ભાગે મુસ્લિમો જ આગળ છે, હવે તેને વધુ અસરકારક બનાવવા માટે જરૂરત એ છે કે અન્ય કોમના દેશવાસી ભાઈઓને પણ તેમાં જોડવામાં આવે.

## મહાત્મા ગાંધીજી કેવી રીતે લીડર બન્યા

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના: ઈ.સ. ૧૮૮૫માં થઈ ચૂકી હતી પરંતુ તેનું કામ હિન્દુસ્તાન અને બ્રિટન વચ્ચે મેળ–મેળાપ પેદા કરવાનું હતું. તે વેળા કોંગ્રેસે અંગ્રેજો સામે હજુસુધી ખુલ્લી લડત આપી ન હતી. શૈખુલહિન્દ(રહ.)એ અન્ય દેશવાસીઓને આઝાદીની લડતમાં ભાગીદાર બનાવવા મોહનદાસ કરમચંદ ગાંધી નામી એક બેરિસ્ટરને લીડર બનાવ્યાં અને તેઓને જમીઅતના ફંડથી દેશભરમાં લાંબા–લાંબા પ્રવાસો કરાવી અન્ય દેશવાસીઓ સામે તેમને લીડર તરીકે બતાવ્યાં અને મૌલાના અબ્દુલબારી ફિરંગી (રહ.)એ ગાંધીજીને "મહાત્મા"નો લકબ આપ્યો. "હકીમ અઝમલખાં" મર્હુમે એક જલસામાં પોતાની ટોપી ગાંધીજીના માથે ઓઢાવી દીધી જેને લઈ હકીમ સાહબની ટોપી "ગાંધી ટોપી" તરીકે પ્રખ્યાત થઈ. હઝરત શૈખુલહિન્દ(રહ.)એ જયારે ગાંધીજીને લીડર તરીકે આગળ વધાર્યા ત્યારથી જ કોંગ્રેસ પણ આઝાદીની લડતમાં પ્રવૃત્તમાન થઈ અને જમીઅત તરફથી ઉત્તર પ્રદેશના અમરોહા ખાતે ભવ્ય જલસામાં કોંગ્રેસને આઝાદીની લડતમાં સાથે લેવાનું નક્કી કર્યુ, આથી તે સમયના કોંગ્રેસી લીડરો જમીઅતના વડીલોને દિલ અને જાનથી ચાહતા હતા અને તેઓની ભવિષ્ય પારખ નજરને સમજતા અને તેઓના મશ્વેરા(સલાહ સુચન)થી જ કામ કરતા અને કોઈ પણ બાબતે કોંગ્રેસ કોઈ ફેસલો કરે તે માટે જમીઅતના ફેસલાની રાહ જોવામાં આવતી અને ત્યારપછી જ પગલું લેવાતું. ગાંધીજી અને અન્ય કોંગ્રેસી લીડરો રાજકીય તેમજ અન્ય બાબતોમાં હઝરત શૈખુલહિન્દ(રહ.) થી વિચાર–વિમર્શ કરીને જ આગળ ચાલતા હતા, તેથી જ મૌલાના આઝાદ(રહ.) જેવા મોટા લીડરો કોંગ્રેસ અને જમીઅત બન્નેના પ્રમુખ રહી ચુકયા છે. ખુલાસામાં કોંગ્રેસ સાથેનુ જમીઅત સાથેનુ ગઠબંધન ઈસ્લામી રૂપ રેખામાં રહી આઝાદીના અગત્યના ધ્યેયને પ્રાપ્ત કરવા માટેનું જ હતું, તેથી જ જયારે ઈ.સ. ૧૯૨૮માં

કોંગ્રેસે નેહરૂ રિપોર્ટ વડે બંધારણનો નકશો રજૂ કર્યો જેમાં ઈસ્લામિક કાયદાઓનું છડેચોક ઉલ્લંઘન હતું અને મુસ્લિમોના હક્કોને પાયમાલ કરવામાં આવ્યા હતા. જમીઅતે તેનો સખત વિરોધ કર્યો અને દોઢ વર્ષ સુધી કોંગ્રેસ સાથે સંપૂર્ણ છેડો ફાડી નાખ્યો અને પછી કોંગ્રેસ પાસે જ તેનો ત્યાગ કરાવ્યો, માટે જમીઅતને કોંગ્રેસની બહેન કહેવું એક સંપૂર્ણ નાદાની અને અને ઈતિહાસથી અજાણતા છે. (આ માટે ઈસ્લામી કોમીયત અને કોંગ્રેસ સાથે જોડાણ વગેરે મુદ્દાઓ પર વિસ્તાર પૂર્વક શરઈ રોશનીમાં છણાવટ મકતૂબાતે શૈખુલઈસ્લામ અને અન્ય કિતાબોમાં જોઈ શકાય છે.)

આથી જ આઝાદીનો અગત્યનો હેતુ પ્રાપ્ત થતા જ તે સમયના જમીઅતના જનરલ સેક્રેટરી અને કોંગ્રેસની વર્કીંગ કમિટીના સભ્ય મુજાહીદે મિલ્લત મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી(રહ.)એ ઘોંષણા કરી કે જમીઅત હવે પાર્લામેન્ટરી રાજકારણ સંપૂર્ણ રીતે છોડે છે અને હવે આઝાદીનો ધ્યેય પ્રાપ્ત કરી લીધા પછી રાજકારણથી તેને કોઈ લેવા–દેવા નથી, આ પછી અગર કોઈ જમીઅતી કાર્યકર્તા કોઈક રાજકીય પાર્ટી સાથે સંબંધ રાખે તો તેઓને વ્યકિતગત મત છે જમીઅત(સંસ્થા) સાથે તેનો સંબંધ નથી.

## જમીઅત અને આઝાદીની લડત

આપને આટલા વાંચનથી એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી જ હશે કે જમીઅતની કાયદેસર સ્થાપના ઈ.સ. ૧૯૧૯માં થઈ, પરંતુ દેશ માટે બુઝુર્ગો અને આલીમોની કુરબાનીઓનો સિલસિલો હઝરત શાહ વલીયુલ્લાહ સાહબ(રહ.)ના સમયથી જ ચાલુ રહયો હતો, જેઓની વફાતઃ ઈ.સ. ૧૭૬૨ ઈસ્વીમાં થઈ હતી. ઈ.સ. (૧૯૧૯ સુધીની કુરબાનીઓનો ભવ્ય ઈતિહાસ જોવા માટે "ઉલમા–એ–હિન્દ કા શાનદાર માઝી" નામક પુસ્તક લેખક મૌલાના મુહમ્મદમિયાં સાહબ(રહ.) જે પુસ્તક અંગ્રેજોના સમયમાં કાળા કાયદાનો શિકાર બન્યું હતું અને તેના પ્રકાશન પર પાબંદી(રોક) હતી તેમાં જોઈ શકાય છે.) જમીઅતના મોટા બુઝુર્ગોએ જે કુરબાનીઓ આપી હતી તેનો મુખ્ય હેતુ અલ્લાહ પાકને રાજી રાખવાનો અને સુન્નતે રસૂલ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમને જીવંત કરવાનો હતો, તેથી જ તેઓ હંમેશા પોતાની સેવાઓને જાહેર

કરવાથી દૂર રહ્યા, તેઓની નિય્યતમાં ઈખલાસ હતો જેની એક નિશાની એ છે કે આઝાદી પછી વડાપ્રધાન નેહરૂજીએ શૈખુલઈસ્લામ મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.)ને તે સમયનો ઉચ્ચતમ એવોર્ડ "પદ્મભૂષણ" માનપૂર્વક પેશ કર્યો પરંતુ હઝરતે તે કબૂલ કરવાનો એમ કહીને ઈન્કાર કર્યો કે "આઝાદી કી જંગ એવોર્ડ લેને કેલીયે નહી લડી થી".

આ બુઝુર્ગોને પોતાની કુરબાનીઓના મીઠા ફળો ઈન્શાઅલ્લાહ જન્નતની હંમેશા બાકી રહેનાર નેઅમતોમાં પ્રાપ્ત થતા જ હશે પરંતુ ઈતિહાસ પણ બહું જ ઉચી વસ્તુ છે. જે કૌમ પોતાના ઈતિહાસથી દૂર થાય છે તેનો વિનાશ પણ સહેલો હોય છે. એટલે આ બુઝુર્ગોના શાનદાર ઈતિહાસને જાણવો પણ સૌ મુસ્લિમોની જવાબદારી છે. આજે આપણી નવી પેઢીઓ બુઝુર્ગોના શાનદાર કુરબાનીઓથી અજાણ છે અને આવા સમયમાં ખરી રાષ્ટ્રભાવના અને ખરા અર્થમાં રાષ્ટ્રની પ્રગતિ માટે તેમજ ઈસ્લામ અને મિલ્લતે ઈસ્લામિયહ અને કોઈપણ જાતના ભેદભાવ વગર અન્ય દેશ પ્રેમીઓની તેમજ સમગ્ર માનવજાતની સેવાઓ અને તેઓના માટે ઈન્સાફ પ્રાપ્તિના ધ્યેયને નજર સમક્ષ રાખી સત્ય અને ઈન્સાફનો રાહ કંડારનારી આ સંસ્થા અને તેના બુઝુર્ગો–વડીલોની ખિદમતોને આ પુસ્તિકામાં રજૂ કરી પોતાની રાષ્ટ્રપ્રેમ અને માનવ પ્રેમની જવાબદારી બજાવવાની કોશિશ કરૂં છું.

## અસહકાર આંદોલન

દરેક સરકારની સફળતા અને નિષ્ફળતાનો પાયો એ પ્રજાના સહકાર પર હોય છે. માટે જમીઅતના ઈ.સ. ૧૯૨૦માં કલકત્તા ખાતે મળેલા અધિવેશનમાં અંગ્રેજોની વહીવટી કમ્મર તોડવા માટે અસહકાર આંદોલનનો વિચાર વહેતો મુકવામાં આવ્યો. જેમાં સરકારી નોકરીઓ, સરકારી હોદ્દાઓ, સરકારી એવોર્ડો, કાઉન્સીલના સભ્યપદો, અંગ્રેજોની કોર્ટોની વકીલાત અને કોર્ટોના જજ બનવું વગેરેનો સંપૂર્ણ રીતે બહિષ્કાર કરવામાં આવ્યો.

ત્યારબાદ જમીઅતનાં દિલ્હી ખાતેના અધિવેશનમાં આ અસહકારના આદોલનને વેગીલું બનાવવા ૫૦૦ મુફતીઓની સહી સાથે એક ફતવો પ્રગટ કરવામાં આવ્યો. જે અંગ્રેજોએ જપ્ત કર્યો. કાયદા વિરૂધ્ધ આ ફતવાને જમીઅતે વારંવાર પ્રગટ કર્યો. ઈ.સ. ૧૯૨૧માં ખિલાફત ચળવળ અને અસહકારના આંદોલનમાં પ્રાણ પુરવા માટે સેવહારા ખાતે ભવ્ય ઈજલાસ કરવામાં આવ્યો.

## બ્રિટીશરોના જજ સામે કોર્ટઃ બહાદૂરી ભરેલી તકરીર

૮ જુલાઈ ઈ.સ. ૧૯૨૧ના રોજ કરાંચી ખાતે ખિલાફત કોન્ફરન્સના ભવ્ય જલ્સામાં તકરીર કરતા મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.)એ બહાદૂરી પૂર્વક ફરમાવ્યું "ગવર્મેન્ટ બરતાનીયા કી ઈઆનત ઔર મુલાઝમત હરામ હે." (એટલે કે બ્રિટન સરકારની સહાય કરવી અને નોકરી કરવી હરામ છે). આ વેળાનો એક અજીબ ઈમાન તાજું કરવાવાળો કિસ્સો આપની સેવામાં રજુ કરવામાં આવે છે. હઝરત મૌલાના અબ્દુલ મજીદ નદીમ સાહેબ ફરમાવે છે કે "સૈયદ મદની પર ખુદા કી રહમત હો, કરાંચી કા વહ હોલ આજ તક ઝિંદા હે ઔર ઉસકી દીવારો સે પૂછો, ખુદા અગર ઉસકો ઝબાન દેદે તો વહ દિવારે બોલ ઉઠેગી કે હઝરત મદની(રહ.) પર જબ અંગ્રેજ કી બગાવત કા કેસ ચલ રહા થા. મૌલાના મુહમ્મદઅલી જૌહર પહલું(પાસ) મેં ખડે થે. ઉસ વકત અંગ્રેજ જજ ને હઝરત મદની સે પૂછા કેઃ હુસૈનઅહમદ! તુમ્હારા કેસ બતા રહા હે કે તુમને યે કહા થા કે "અંગ્રેજ કી ફોજ મેં ભરતી હોના હરામ હે." કયાં તુમને કહા થા? હઝરત મદની(રહ.) ને ફરમાયા, કહા થા, કેહતા હું ઔર જબ તક જીઉંગા કેહતા રહુંગા, મૌલાના જૌહર હઝરત મદની(રહ.) કે કાન મે કેહતે હે શેખ કુછ રહમ કીજીયે, હઝરત મદની(રહ.) ઈમાની જઝબે કે સાથ મૌલાના મુહમ્મદઅલી જૌહર કી તરફ દેખતે હે, ફરમાતે હે, બસ તુમ સુનતે રહો, અંગ્રેજ જજ કેહતા હે હુસૈનઅહમદ આપકો માલુમ હે કે આપ કી ઈન બાતો કા નતીજા(પરીણામ) કયા નિકલેગા? હઝરત મદની(રહ.) ફરમાતે હે, મુજે માલુમ થા કે મેરી ઈન બાતોં કા કયા નતીજા નિકલેગા, ઈસલિયે દેવબંદ સે કફન કા કપડા સાથ લાયા હું, આપ મુજે સજા–એ–મોત દેં તો કરાંચીવાલોકો મેરે કફન કે લીયે કપડા તલાશ કરને કી જરૂરત ન પડે, સબ કુછ સાથ લાયા હું તખ્તએદાર (ફાંસી) પર લટક જાઉંગા લેકીન કહુંગા યહી કે અંગ્રેજ કી ફોજ મેં ભરતી હોના હરામ હે.

અલ્લાહ તઆલા ઈસ મકતબે ફિકર(વિચારધારા) કી આબરૂ ઔર ઈઝ્ઝત મેં ઈઝાફા(વધારો) ફરમાએં. (આમીન.) (પેગામે હક વ સદાકત પેજ–૧૮૧–૧૮૬)

## સ્વદેશી અપનાવો ચળવળ

ત્યારબાદ ૧૮ થી ૨૦ નવેમ્બર ઈ.સ. ૧૯૨૧ ના રોજ જમીઅતનો ઈજલાસ લાહોરમાં થયો, આ ઈજલાસમાં જમીઅતના બુઝુર્ગોને એ વિચાર આવ્યો કે અંગ્રેજ સરકારે પોતાના રાજકીય હેતુને વધુ ને વધુ અસરકારક બનાવવા માટે ભારતીયતાના ખાત્મા માટે અંગ્રેજી રીતભાત, પહેરવેશ, અને અંગ્રેજી સામાનને ભારતીય નાગરિકોમાં ફેલાવવાનું શરૂ કર્યુ છે, માટે અંગ્રેજોની આ ચાલને નિષ્ફળ બનાવવા માટે વિલાયતી સામાનનો બહિષ્કાળ અને સ્વદેશી માલની ઉપયોગિતા માટે ચળવળ ચલાવવાનું નકકી કર્યુ, એ માટે સ્વદેશી ખાદી અને હાથ વણાટના દેશી કાપડ તેમજ હસ્તકળા અને લઘુ ઉદ્યોગોને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું. ગાંધીજી અને કોંગ્રેસી લીડરોએ જમીઅતની આ વિચાર સરણીને આવકારી લીધી અને ખાદીને પવિત્રતા અને દેશદાઝની નિશાની બનાવી અને જમીઅતી અકાબીરો તે સમયથી મોત સુધી સ્વદેશી સામાન અને ખાદીને વળગી રહયા અને એને સાદગીનું પ્રતિક બનાવવામાં આવ્યું. (આ બાબતે હઝરત મદની(રહ.) અને અકાબીરોના ખાદીની મોહબ્બતના વાકીઆત(કિસ્સાઓ) હઝરત શેખ મૌલાના ઝકરીયા (રહ.)ની "આપબીતી" અને "અકાબીરના તકવા" નામી કિતાબોમાં જોઈ શકાય છે.) સાથે જ જમીઅતના બુઝુર્ગોએ એ વાત પણ વિચારી કે ભાષા અને શિક્ષણનું પણ એક મહત્વ છે, માટે દેશવાસીઓમા અંગ્રેજો દ્વારા ચલાવવામાં આવતી શિક્ષણ સંસ્થાઓના વિરોધની ચળવળ કોંગ્રેસના સહયોગમાં ઉપાડવામાં આવી. આ ચળવળના લીધે સેંકડો મુસ્લિમોએ અંગ્રેજો દ્વારા સંપૂર્ણ અંગ્રેજીય્યતની રીતભાતમાં ચલાવવામાં આવતી તમામ સંસ્થાઓ છોડી દીધી, અહીયાં સુધી કે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી છોડી દીધી. કારણ કે તે સમયે ત્યાં અંગ્રેજી શિક્ષણ અને અંગ્રેજી ભાષાનું વધારે જોર હતું. ૨૯મી ઓકટોબર ઈ.સ. ૧૯૨૦ના દિવસે આ માટે શૈખુલહિંન્દ મૌલાના મહમૂદહસનના હસ્તે જામીઆ મિલ્લીયા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી, જેની ગણના આજે દેશની ટોપ–ટેન યુનિવર્સિટીઓમાં થાય છે અને અંગ્રેજોની કોલેજ તેમજ યુનિવર્સિટીઓનો વિરોધ કરવામાં આવ્યો. આ ચળવળથી અંગ્રેજોનો

વિરોધ થયો. આ ચળવળથી દેશવાસીઓમાં અંગ્રેજોની નફરત પેદા થઈ. (આ તે સમયની એક દેશપ્રેમથી ભરેલી ચળવળ હતી.) જેનો સહારો લઈ અમુક નાદાનો આજે ઉલમા–એ–કિરામ પર દુન્યવી તાલીમના વિરોધી હોવાનો ખોટો આક્ષેપ કરે છે. આજના યુગની દુન્યવી તાલીમ અને શિક્ષણ બાબતે ઉલમાએ ઉમ્મતનો મત ટૂંકસારમાં અકબર ઈલાહાબાદી(રહ.) ના શબ્દોમાં એમ સમજાવ્યો :–

**<u>કોલેજ અને યુનિવર્સિટીના શિક્ષણ બાબત</u>**

**<u>અકબર ઇલાહાબાદી રહ.ની શાયરી</u>**

તુમ શૌક સે કાલેજ પળ્હો પાર્કો મેં ફૂલો
જાઈઝ હૈ ગુબ્બારો પે ઊડો ચર્ખ પે જૂલો
પર એક બાત બંદ–એ–આજીઝ કી રહે યાદ
અલ્લાહ કો ઔર અપની હકીકત કો ન ભૂલો

## આઝાદીની લડાઈ આગળ વધે છે

ઈ.સ. ૧૯૨૧માં માલાબારના મોપલા મુસ્લિમોની બહાદૂરી અને ઈમાની જોશ ખતમ કરવા અંગ્રેજોએ તેઓ પર ભારી જૂલ્મ કર્યો. જમીઅતે અંગ્રેજોનો વિરોધ કર્યો અને મઝલૂમ મુસ્લિમોની મોટી મદદ કરવામાં આવી.

## સંપૂર્ણ આઝાદી

ત્યારબાદ નવેમ્બર ઈ.સ. ૧૯૨૦માં ભારતની આઝાદીની લડતના મોટા પ્રણેતા અને ઉંચા આલિમે દીન હઝરત શૈખુલહિન્દ(રહ.)નો ઈન્તેકાલ થયો અને આપના ખાસ શાગિર્દ અને આપના ખાસ વિશ્વાસુ મૌલાના મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.)ના ખભે આઝાદીની લડાઈ ના સેનાપતિની આ એક મહત્વની જવાબદારી આવી. દેશમાં સંપૂર્ણ આઝાદીનું એલાન કરનાર જમીઅતે ઉલમા સૌ પ્રથમ સંગઠન હતું. ૧૪ માર્ચ ૧૯૨૬ના દિવસે કલકત્તામાં મૌલાના સૈયદ સુલેમાન નદવી(રહ.) ના પ્રમુખપદ હેઠળ જમીઅતની વાર્ષિક સભામાં સંપૂર્ણ આઝાદીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. કોંગ્રેસ જેવી રાષ્ટ્ર વ્યાપી સંસ્થા જમીઅતને અનુસરીને ઈ.સ. ૧૯૨૭માં સંપૂર્ણ આઝાદીની ઘોષણા કરી.

એક તરફ અસહકાર આંદોલન, બીજી તરફ સ્વદેશી આંદોલન. આ જ સમયે મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.) એ મુસ્લિમોમાં જંગે

આઝાદીનું બ્યૂગલ ફૂંકી છેલ્લી લડત લડી લેવા માટે પ્રચાર કરવાનું શરૂ કર્યું અને આની સજારૂપે અંગ્રેજોએ આપને પોતાના સાથીઓ સાથે જેમાં મૌલાના મુહમ્મદઅલી જોહર અને મૌલાના શૌકતઅલી મોખરે હતા વગેરેની ધરપકડ કરી જેલ ભેગા કર્યા.

હઝરત મદની(રહ.) જેલમાં જતાં જ મૌલાના આઝાદ(રહ.) અને હકીમ અજમલખાં એ આગળ આવી અસહકારની લડતને પોતાના ખભ્મે ઉઠાવી વેગીલી બનાવી અને આ ચળવળને ફરીથી નવા પ્રાણ પુરવા ૧૯૨૨માં સિવીલ નાફરમાની જાઈઝ હોવાનું એલાન જાહેર કર્યુ અને અજમેર ખાતે ભવ્ય કોન્ફરન્સ કરવામાં આવી, જેમાં અસહકાર આંદોલનને વેગીલુ બનાવવાની સાથે સાથે ખિલાફતે ઉસ્માનીય્યા (જે અંગ્રેજોએ પ્રથમ વિશ્વયુદ્ધ પછી તુર્કી પર કબ્જો કરી વેર–વિખેર કરી હતી.) ની ફરી સ્થાપના માટે "યવ્મે દુઆ" તરીકે ૭ એપ્રિલના દિવસે ઉજવવામાં આવ્યો. આ ખિલાફત ચળવળને ગાંધીજી સહિત કોંગ્રેસનો સંપૂર્ણ સહકાર હતો કારણ કે એ ચળવળ અંગ્રેજોના વિરોધ હોવાની સાથે ખિલાફતના વેર–વિખેર થવાથી અંગ્રેજોને નવું બળ પ્રાપ્ત થયું જે ભારત માટે ખતરા રૂપ હતું.

બીજી તરફ અસહકાર આંદોલન વેગ પકડતું હતું તેમાં હિંસાત્મક વળાંક આવ્યો અને આઝાદીના લડવૈયાઓએ ૫ ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૨૨ માં ચોરી ચોરા શહેર ખાતે ૨૩ અંગ્રેજો સહીત અસહકાર આં દોલનમાં સાથ ન આપતા ભારતીય અંગ્રેજી નોકરોને મોતને ઘાટ ઉતાર્યા, જેને લઈ અસહકારની ચળવળ ગાંધીજીએ બંધ કરાવી અને તે પાછળથી ફરી જમીઅતે ચાલુ કરાવી.

ઈ.સ. ૧૯૨૪માં અંગ્રેજોએ મુસલમાનોની લડતને ધીમી પાડવા તેઓની ધાર્મિક ઉશ્કેરણી શરૂ કરી અને શહેર ડેવલોપીંગના નામે મસ્જિદોની ઈમારતોને તોડવામાં આવી, જેના સામે ભારે લડત આપી અંગ્રેજોને આવા કામોથી પાછી પાની કરવા મજબૂર કરવામાં આવ્યા.

## સંપૂર્ણ આઝીદીનો ઠરાવ

જાન્યુઆરી ઈ.સ. ૧૯૨૪માં જમીઅતનો ભવ્ય ઈજલાસ કોકનાડામાં થયો, જેમાં જલસાના પ્રમુખ મૌલાના મદની(રહ.) પોતાના પ્રમુખીયા પ્રવચનમાં પ્રથમવાર સંપૂર્ણ આઝાદીની વિચારધારા રજૂ

કરી. ૨૬ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૨૪માં દિલ્હીમાં પંડિત મદનમોહન માલવીયાના પ્રમુખ પદે એકતા કોન્ફરન્સ થઈ, જેમાં જમીઅતના બુઝુર્ગોએ ભરપૂર ભાગ લીધો.

ઈ.સ. ૧૯૨૬માં કલકત્તા ખાતે જમીઅત તરફથી એક ઐતિહાસિક ઈજલાસ કરવામાં આવ્યો, જેની સદારત મૌલાના સૈયદ સુલેમાન નદવી(રહ.) ફરમાવી રહયા હતા. આ ઈજલાસમાં ભારતની ભૂમિ પર પ્રથમવાર સંપૂર્ણ આઝાદીનો ઠરાવ બહાદૂરી સાથે મંજૂર કરવામાં આવ્યો. આ ઠરાવની સાથે જ દેશવાસીઓમાં આઝાદી પ્રત્યે હિંમત આવી અને આઝાદીનું દીવા સ્વપ્ન દેખાવા લાગ્યું.

ઈ.સ. ૧૯૨૭ના પેશાવર ખાતે જમીઅતનું અધિવેશન મળ્યું, જેની સદારત તે વખતના મોટા આલીમે દીન મૌલાના અલ્લામાં અનવરશાહ કશ્મીરી(રહ.) ફરમાવી રહયા હતા. આ ઈજલાસમાં આઝાદીના ઠરાવનો પુનરૂચ્ચાર કરી આ શબ્દો સાથે દેશવાસીઓને હાકલ કરવામાં આવી, "આઝાદી આપવામાં આવતી નથી પરંતુ તેને પોતાની મહેનતો વડે છીનવી તથા ઝુટવી લેવામાં આવે છે." આ હાકલની સાથે જ દેશવાસીઓમાં આઝાદીની પ્રાપ્તિ માટે એક ગરમીની લહેર દોડી ગઈ અને બધુ કરી છુટવાની તૈયારી થવા લાગી જેથી અંગ્રેજો સમજી ગયા કે હવે દેશને ગુલામ રાખવું શકય નથી.

## સાયમન કમીશન–ઓલ પાર્ટીઝ કોન્ફરન્સ–ગોળમેજી પરિષદ

અંગ્રેજોએ ૧૯૨૭માં હિન્દુસ્તાનનું બંધારણ ઘડી કાઢવા માટે સાયમન કમીશનની રચના કરી અને તેને ભારત મોકલવામાં આવ્યું, આ કમીશનનો બહિષ્કાળ સૌ પ્રથમ જમીઅતે કર્યો, ત્યારબાદ કોંગ્રેસ પણ એમાં સહભાગી થઈ જેને લઈ કમીશન પરત થયું. ૧૯ ૨૮માં ઓલ પાર્ટીઝ કોન્ફરન્સમાં ભાગ લેવા ૧૦ થી વધુ જમીઅતના ઉલમાઓને સરકારે બોલાવ્યા. ઈ.સ. ૧૯૩૦માં અમરોહા ખાતે ૩ દિવસનો ઈજલાસ કરવામાં આવ્યો, જેમાં પેશાવર ખાતે અંગ્રેજોના ઝુલ્મના શિકાર બનેલા મુસ્લિમો માટે યવમે દુઆ અને અંગ્રેજો વિરૂઘ્ધ નફરત ફેલાવા દેશ વ્યાપી પ્રોગ્રામ ઘડવામાં આવ્યો, જેની સજારૂપ સિવીલનાફરમાનીનાકાયદાહેઠળઅંગ્રેજોએજમીઅતનાસદરમૌલાના

મુફતી કીફાયતુલ્લાહ સાહબ(રહ.)ને જેલ ભેગા કર્યા. પેશાવરના આ મઝલૂમ ભાઈઓની કુરબાની એવી કિંમતી હતી જેને લઈ સરહદને બંધારણીય રીતે અલગ રાજય તરીકે માન્યતા મળી હતી. હઝરત મુફતી સાહબ(રહ.) જેલમાં ગયા અને હઝરત મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.)ને કાર્યકારી પ્રમુખ બનાવવામાં આવ્યા, હઝરત પ્રમુખ બન્યા અને આપની સામે ગોળમેજી પરિષદનો પ્રશ્ન આવ્યો, હઝરતની દીર્ઘ દ્રષ્ટિએ આ પરિષદની ખામીઓ સમજી લીધી અને તેનો સખત વિરોધ કરાવ્યો. આઝાદીની લડતને વેગવાન બનાવવા કોંગ્રેસે જંગી કાઉન્સિલ (પેટા સમિતિ) બનાવી અને જમીઅતે ઈદાર–એ–હરબીય્યહ કાયમ કર્યો.

## અંગ્રેજોએ હિન્દુ–મુસ્લિમ એકતા તોડી નફરતના બીજ વાવ્યા

અંગ્રેજોએ આ બધી લડતોમાં એક વાતનું તારણ કાઢી એક ભારે ચાલબાજી શરૂ કરી. અંગેજોએ જોયું કે હઝરત શૈખુલહિન્દ(રહ.)ની દિર્ઘ દ્રષ્ટિના પરિણામે ગાંધીજી અને કોંગ્રેસના સહકારથી હિન્દુ–મુસ્લિમ એકતામાં પ્રાણ આવ્યો અને આઝાદીની લડત ધારદાર બની છે, માટે અંગ્રેજોએ આ નાજૂક સમયે જયારે આઝાદીની મંઝીલ નજીક આવી રહી હતી ત્યારે દેશવાસીઓની લડતને ઢીલી કરવા હિન્દુ –મુસ્લિમ દુશ્મનીના બીજ વાવ્યા અને બંનેવ કોમોની લાગણીઓને ઉશ્કેરી બંનેય દેશવાસી કોમમાં ભારે દંગા–ફસાદો કરાવ્યા. આ સમયે જમીઅત તરફથી ઈ.સ. ૧૯૩૧માં કરાંચી ખાતે એક ભવ્ય એકતા સંમેલન કરવામાં આવ્યું, જેમાં અંગ્રેજોની આ ચાલને નિષ્ફળ બનાવી દેશવાસીઓમાં એકતા સ્થાપવા દેશવાસીઓને સમજ આપવામાં આવી, જેના ફળો ઘણી હદે સારા રહયા. આજ સંમેલનમાં રાજકીય કેદીઓને છોડાવવાની માંગણી કરી. સને ઈ.સ. ૧૯૩૨માં ફરીથી સિવીલ નાફરમાનીની ચળવળ ચલાવવાનું અને તેને વેગીલી બનાવવાનું એલાન કરવામાં આવ્યું, જેની સજારૂપે થોડા સમય પહેલા જ કારાવાસ ભોગવી ચૂકેલા જમીઅતના સદર મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.)ને ફરીથી ૧૮ માસની સખત નજરકેદમાં રાખવામાં આવ્યા અને સાથે જ મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.) અને

મૌલાના સ્યોહારવી(રહ.) અને અન્ય બુઝુર્ગોને જેલભેગા કરવામાં આવ્યા અને આ ચળવળમાં ૩૦,૦૦૦ મુસ્લિમો કેદમાં રહ્યા.

ઈ.સ. ૧૯૩૩માં જમીઅતે આઝાદીની લડતને નવો વળાંક આપ્યો અને સિવીલ નાફરમાનીના પ્રોગ્રામને મુલતવી રાખી પૂરેપૂરી આઝાદીની ચળવળને વેગીલી બનાવવાનું નકકી કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૩૪માં કશ્મીરના રાજાએ ત્યાંના મુસ્લિમો પર અત્યાચાર શરૂ કર્યો તો જમીઅતે તેનો વિરોધ કરી બંધ કરાવ્યા. ઈ.સ. ૧૯૩૫માં આઝાદીના લડવૈયાઓની મેહનતથી 'ઈન્ડિયા એકટ' ઘડવામાં આવ્યો અને રાજયોની વિધાનસભાને અંગ્રેજો તરફથી જે છૂટછાટો મળી જેને લઈ ચૂંટણી આવી અને મુસ્લિમ લીગે જમીઅતને પંપાળવાનું શરૂ કર્યુ, જમીઅતે આમ મુસ્લિમોના ફાયદાને નજર સમક્ષ રાખી બે શરતો લગાવી અને મુસ્લિમ લીગને ટેકો આપ્યો. જેને લઈ ઈ.સ. ૧૯૩૬ની ચૂંટણીઓમાં મુસ્લિમ લીગ સફળ થઈ.

## હિન્દુ–મુસ્લિમ એકતા (મૌલાના મદની રહ.)

મુસ્લિમ લીગે સફળતાની સાથે જ જમીઅતની શરતોનું ઉલ્લંઘન કરીને જમીઅતનો વિરોધ કર્યો, બીજી બાજુ અંગ્રેજાએ ફરી હિન્દુ અને મુસ્લિમોમાં વિરોધ ફૂટ પાડવાની નીતિ અપનાવી, જેને ખતમ કરવા કુર્આને પાક અને હદીષ શરીફની દિવ્ય રોશનીમાં હઝરત મદની(રહ.)એ એક ઐતિહાસિક પગલું ભર્યુ. અને ઈ.સ. ૧૯૩૮માં દિલ્હી ખાતે એક ભવ્ય જલસો કરવામાં આવ્યો. જેમાં હિન્દુ અને મુસ્લિમો બહુ મોટી સંખ્યામાં હાજર હતા. આ જલસામાં હઝરત(રહ.)એ એક ઐતિહાસિક પ્રવચન કર્યુ, જેમાં દેશની આઝાદી માટે ભેદભાવ ભૂલી હિન્દુ–મુસ્લિમોને એક થઈ આગળ આવવાની હાકલ કરી અને ઈસ્લામી કોમીયતની સાચી વિચાર સરણી રજૂ કરી, જેને અમુક મુસ્લિમ સંગઠનો ખાસ કરીને મુસ્લિમ લીગે ફિત્નો બનાવ્યો અને હઝરત મદની(રહ.) તેમજ આપના સાથીઓ પર અમુક લોકોએ કાફીર સુધીના ફતવા લગાવ્યા અને હઝરત(રહ.)ને હિન્દુઓના એજન્ટ ઠેરવ્યા. જેને લઈ હઝરતે ઘણું વેઠવું પડયું, પરંતુ કોઈ પણ જાતના વિરોધની પરવા કર્યા વગર હઝરતે હિંમતભેર પોતાનું કામ ચાલુ રાખ્યું. પ્રખ્યાત ગાંધીવાદી ઈતિહાસકાર, દિલ્હી યુનિવર્સિટીની

કે. એમ. કોલેજના ભૂતપૂર્વ લેકચરર અને વયોવૃધ્ધ પત્રકાર ડી. આર. ગોયલ મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.) વિશેના પોતાના સંશોધનાત્મક પુસ્તકમાં લખે છે કે, "આમ, એ કહેવું ઉચિત છે કે સેકયુલર રાષ્ટ્રવાદ એ ગાંધીજી, આઝાદ, નેહરૂ અને હુસૈનઅહમદ મદની(રહ.)નો સંયુકત વારસો છે. તેઓ પૈકી છેલ્લે વર્ણવેલનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી, જો કે કમ સે કમ અબુલકલામ આઝાદની રાજકીય ભૂમિકા અને સ્થાન મૂલવવામાં આવ્યા છે, પરંતુ મદનીની રાજકીય ભૂમિકાની પણ યોગ્ય પ્રશંસા થઈ નથી અને બન્નેવના સૈધ્ધાંતિક ફાળાની ઉપેક્ષા કરવામાં આવી છે. હુસૈનઅહમદ મદનીએ નહેરૂ અને ગાંધીજી જેટલો જ સમય બ્રિટીશ શાસનની જેલોમાં વિતાવ્યો છે, પરંતુ એ વાત આશ્ચર્યજનક છે કે ગાંધીજી અને નહેરૂનાં લખાણોમાં પણ ભાગ્યે જ હુસૈનઅહમદ મદની(રહ.)નો ઉલ્લેખ છે." (Moulana Husain Ahmed Madni : A Biographical study Page-9)

આમ, આઝાદીની લડતના આ ઉચ્ચ કોટિના નેતાને ઈતિહાસનાં પુસ્તકોમાં સ્થાન ન આપીને અન્યાય કરવામાં આવી રહયો છે. મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.)નું સ્થાન એટલું ઉંચું હતું કે માત્ર મુસ્લિમો જ નહીં, હિંદુઓ અને ઉચ્ચ સ્થાન ધરાવતા મંત્રીઓ પણ મૌલાનાનું સન્માન કરતા હતા. ડી.આર. ગોયલ લખે છે કે, "સરકારના ઘણા મંત્રીઓ મૌલાના હુસૈનઅહમદ મદની પ્રત્યે પોતાનો આદર વ્યકત કરવા દેવબંદ આવતા હતા. એક વખત તે વેળાના રેલ્વે મંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીજી આવ્યા અને શ્રોતા વિદ્યાર્થીઓની વચ્ચે બેસી ગયા, મૌલાનાની ઈચ્છા હતી કે તેઓ આવીને ઉંચા સ્થાને બેસે, પરંતુ શાસ્ત્રીજીએ જવાબ આપ્યો કે, 'કદાચ તમે ભૂલી ગયા છો કે જેલના દિવસો દરમિયાન પણ હું તમારી સામે આ રીતે જ શ્રોતાઓની વચ્ચે બેસતો હતો, આજે પણ હું એ રીતે જ બેસવાનું પસંદ કરીશ.'
(Moulana Husain Ahmed Madni: A Biographical study Pg-242)

## અંગ્રેજ કી ફોજ મેં ભરતી કરના હરામ હે

ઈ.સ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું, અંગ્રેજોએ પોતાના લશ્કરને મજબૂત કરવા માટે ભારતીયોની જબરદસ્તી ભરતી ચાલુ

કરી જેમાં હઝરત મદની(રહ.)એ ઐતિહાસિક ફતવો જાહેર કર્યો કે કોઈપણ ભારતવાસી અંગ્રેજોની ફોજમાં ભરતી ન થાય અને આ યુદ્ધમાં ભારતીયો અંગ્રેજોને કોઈપણ પ્રકારનો સાથ ન આપે. આ ફતવાને લઈ હઝરત મદની(રહ.) તેમજ અન્ય જમીઅતના વડીલો પર કેસો થયા અને સખત કેદની સજાઓ થઈ. (આ વિષે હઝરત મદની(રહ.)નો ઈમાન અફરોઝ એક કીસ્સો આપની સેવામાં 'અસહકાર આંદોલન' હેઠળ રજુ કરવામાં આવ્યો છે.) ઈ.સ. ૧૯૪૧માં ફરીથી અહિંસા ચળવળને વેગવંતી બનાવવામાં આવી અને ઈ.સ. ૧૯૪૨માં ફરીથી આજ અહિંસા ચળવળમાં સંપૂર્ણ આઝાદીનો પ્રશ્ન મોખરે કરવામાં આવ્યો જેનો યશ તે સમયના જમીઅતના પ્રમુખ મૌલાના મદની(રહ.)ને છે. તેથી જ અંગ્રેજોએ આપની ધરપકડ કરી અને જેલ ભેગા કર્યા. સાથે જ અંગ્રેજોએ એક કાળો કાયદો ઘડયો. જેને 'ડિફેન્સ ઓફ ઈન્ડિયા રૂલ્સ' નામ આપવામાં આવ્યું, જેમાં કોઈપણ ભારતીયને કોઈપણ જાતના કારણ વગર ધરપકડ કરવામાં આવતી અને જેલમાં મોકલવામાં આવતો. જમીઅતે વર્કીગ કમિટીની તાત્કાલિક મિટીંગ કરી તે કાયદાનો વિરોધ કર્યો.

## આઝાદી

અહિંસા ચળવળ વેગ પકડી રહી હતી, તેને લઈ અંગ્રેજોએ ઘણા શુરવીરોને દેશનિકાલ કર્યા. તેમજ ઘણા લડવૈયા જે લાંબા સમયથી અંદામાન નિકોબાર ખાતે દેશવટો ભોગવી રહ્યા હતા, તેઓને કાળા પાણીની સખત જેલની સજા થઈ હતી. તે માટે ઈ.સ. ૧૯૪૫માં જમીઅતે અંગ્રેજો સામે જોરદાર માંગણી કરી કે દેશવાસી આઝાદીના લડવૈયાઓને ફરીથી દેશમાં આવવા દેવામાં આવે. ઈ.સ. ૧૯૪૬માં બ્રિટીશ પ્રધાન મંડળનુ મિશન ભારતીય નેતાઓ સાથે વાતચીત કરવા માટે આવ્યુ પરંતુ તેણે મુસ્લિમ કોમથી સંબંધ રાખતા કોઈપણ મુસ્લિમ પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય સાથે વાતચીત ન કરી તેથી જમીઅતે તેનો સખત વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૪૬ના એપ્રિલ માસમાં જમીઅતના વર્કીગ કમિટીના સભ્યોએ અંગ્રેજ સરકારથી મુલાકાત કરી અને દેશની આઝાદી તેમજ મુસ્લિમ પાર્લામેન્ટરી બોર્ડ, મઝહબ, કલ્ચર, સંસ્કૃતિ, બોલવા અને લખવા, ધાર્મિક તાલીમ અને તબ્લીગ, પર્સનલ

લો, ધાર્મિક માન્યતાઓ–ધાર્મિક બંદગીઓ–ધાર્મિક ઈબાદતગાહો અને વકફના વિષયો પર વિચાર વિમર્શ કરી માંગણી કરી કે આ બધી વસ્તુઓ 'ફન્ડામેન્ટલ રાઈટસ (મૂળભૂત હકકો)' મુજબના હોવા જોઈએ, જેમાં સરકાર તરફથી કોઈ દખલગીરી ન હોય અને સાથે જ વિવિધ રાજયો માટે આત્મનિર્ણયનો પૂરેપૂરો હક્ક વસ્તીના આધારે હોય. ઈ.સ. ૧૯૪૭ની બીજી ફેબ્રુઆરીએ ભારતના મોટા શૂરવીરો અને આઝાદીના મુખ્લીસ લડવૈયાઓની અહિંસા ચળવળ અને અન્ય બુઝુર્ગોની તન, મન અને ધનની કુરબાનીઓ સામે દુનિયાનું તાકતવર સામ્રાજય બ્રિટન ઝૂકી ગયુ અને જુલ્મની આંધીઓ શમી અને બ્રિટનના વડાપ્રધાને ભારતની આઝાદી નજીક જ છે એવી જાહેરાત કરી; પરંતુ તેમાં ભારતીયોને તેઓના અધિકાર બાબતે કોઈ ઉલ્લેખ ન હતો, તેથી જમીઅતે તેનો સખત વિરોધ કર્યો અને ૧૦ થી ૧૩ માર્ચને "ભય દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો.

## ધાર્મિક ફિત્નાઓ

પાછળ આપે જાણી લીધું કે ભારતના ઉલમા–એ–કિરામ જેઓ માલ અને ઈઝ્ઝત અને જાનની પરવા કર્યા વગર એક ધૂન થઈ રાષ્ટ્રની આઝાદીનાં મહત્વના ધ્યેયને પ્રાપ્ત કરવા બરાબર લાગેલા હતા અને તેઓની આ પવિત્ર ચળવળને કોંગ્રેસ અને ગાંધીજી તેમજ અન્ય લીડરોએ પણ બરાબર સાથ આપ્યો અને દેશવાસી હિન્દુ ભાઈઓ અને અન્ય કોમના લોકો પણ બરાબર ભાગીદાર બન્યા, આ સમયે અંગ્રેજોએ એ વાત જાણી લીધી કે અલ્લાહ તઆલા પર ભરોસો રાખી સાદડીઓ પર બેસી સાદગી સભર જીવન વિતાવતા આ બહાદૂર ઉલમા–એ– કિરામનો સામનો કરવો અશકય છે, જેને તોડવું મુશ્કેલ છે, માટે ઉલમા–એ–કિરામની આ શકિત અન્ય તરફ વહેંચી નાખવા માટે અમુક ધાર્મિક ફિત્નાઓ ઊભા કરવામાં આવ્યા, જેથી ઉલમાઓની શકિત વહેંચાઈ જાય અને અંગ્રેજોને રાહત મળે આ હેતુ પૂરો કરવા અંગ્રેજોએ માલ અને અન્ય પ્રકારની બીજી ભરપુર સહાય વડે અમુક એજન્ટો ઊભા કરી ફિત્નાઓ કરાવ્યા, તેને લઈ કાદયાનિયત સહીત અમુક ગુમરાહ ફીરકાઓ વુજૂદમાં આવ્યા. આ એજન્ટોમાં આપણામાંથી અને બહારથી એમ બન્ને પ્રકારના

હતા. ઉલમાઓ એ આઝાદીની ચળવળના સાથે આવા ફિત્નાઓને પણ નાબૂદ કરવા માટે જાનની બાજી લગાવી, આના જ એક ભાગરૂપ ઈ.સ. ૧૯૨૨માં શુદ્ધિ સંગઠન તરફથી ફિત્ન–એ– ઈર્તિદાદ (ધર્માન્તર ફીત્નો) ઊભો કરવામા આવ્યો, આ માટે જમીઅતે એક તાલીમી વિભાગની સાથે ઈસ્લામી રક્ષણ વિભાગ શરૂ કર્યો, જેમાં ફરીથી કલિમા પઢાવી લોકોને ઈસ્લામમા દાખલ કરી ઈસ્લામી તાલીમ આપવામાં આવી, સાથે જ આ શુદ્ધિ સંગઠનને લઈ આખો દેશ કોમવાદના દાવાનળમાં આવી ગયો. જમીઅતે આ આગને ઠંડી પાડવાની સાથે જ દેશમાં કોમી એકતા સ્થાપવાની મહેનત કરી, જે કામ આજે પણ ચાલુ છે. ૧૯૨૭માં 'રંગીલા રસૂલ' નામી એક પુસ્તક લખવામાં આવ્યુ, જેને કોર્ટમાં પડકારવામાં આવ્યુ પરંતુ જાણી જોઈને અંગ્રેજી કોર્ટ તરફથી લેખકની તરફદારી કરવામાં આવી. જમીઅતે ૪૦ કરોડ મુસ્લિમોને નામુસે રસૂલના નામ પર ઊભા કરી દીધા અને પ્રચંડ વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૩૯માં તબરરા એજીટેશનનો વિરોધ કરવામાં આવ્યો, કર્નલ પી.એમ. સાઈકસ નામી એક લેખકે 'એ હિસ્ટ્રી ઓફ પરશીયાં' માં હુઝૂર મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને હઝરત જીબ્રઈલ (અલ.)ની ખોટી તસ્વીરો રજૂ કરી તે માટે તેનો વિરોધ કરી પુસ્તક બંધ કરાવ્યું, એવી જ રીતે બીજા અન્ય ફીરકાઓ અને ખોટા લિટરેચરો અને ઈસ્લામનાં પવિત્ર પાત્રો પર તૈયાર કરવામાં આવેલી ફિલ્મોનો ઉલમા–એ–કિરામે સખત વિરોધ કર્યો. આટલા–આટલા ફિત્નાઓના વાવાઝોડા સામે સખત મુકાબ્લો અને બીજી તરફ આઝાદીની લડતની જવાબદારી આ બન્ને કામોને ઉલમા–એ–કિરામે અલ્લાહ તઆલાના ફઝલથી સંપૂર્ણ રીતે બરાબર નિભાવી અને અંગ્રેજોને પોતાની ચાલમાં સફળ ન થવા દીધા.

## જેલ ભી સજદોં સે આબાદ હુઈ

જમીઅતના સ્થાપનાકાળ પહેલા ઉલમા–એ–કિરામ અને બુઝુર્ગોને દીનની ખૂનની નદીઓની દાસ્તાન અને જેલના કષ્ટ વેઠવાનો ઈતિહાસ ઘણો જ લાંબો છે. ઈ.સ. ૧૯૧૯માં જમીઅતના સ્થાપનાકાળથી જ જમીઅતના બુઝુર્ગોની બહાદૂરી અને સચ્ચાઈને લઈ તેઓએ અંગ્રેજોની દેશનિકાલ, કાળાપાણી અને મુશ્કેલી ભરેલી જેલની સજાઓ વારંવાર વેઠવી પડી, જેમાં,

(૧)શૈખુલહિન્દ(રહ.)
(૨)મુફતી કિફાયતુલ્લાહ(રહ.)
(૩)મૌલાના અહમદસઈદ સાહબ દેહલ્વી
(૪)મૌલાના અબ્દુલહય્ય ફિરંગી(રહ.)
(૫)મૌલાના હિફઝુર્રહમાન સ્યોહરાવી(રહ.)
(૬)મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.)
(૭)ડોકટર સૈફુદ્દીન કચલું(રહ.)
(૮)પીર ગુલામ મુજદ્દીદ(રહ.)
(૯)મૌલાના નિસારઅહમદ કાનપુરી(રહ.),
(૧૦)મૌલાના મુહમ્મદઅલી જોહર(રહ.)
(૧૧)મૌલાના શૌકતઅલી(રહ.)
(૧૨)મૌલાના અહમદઅલી લાહોરી(રહ.)
(૧૩)મૌલાના અબુલમહાસીન સજ્જાદ(રહ.),
(૧૪)મૌલાના ઈસ્માઈલ સાહબ સંભલી(રહ.)
(૧૫)મૌલાના સૈયદ સુલેમાન નદવી(રહ.)
(૧૬)મૌલાના હસરત મોહાની(રહ.)
(૧૭)મૌલાના હબીબુર્રહમાન લુધિયાનવી(રહ.)
(૧૮)મૌલાના અબુલવફા સાહબ શાહજહાંપુરી(રહ.)
(૧૯)મૌલાના શાહીદમિયાં ફાખીરી(રહ.)
(૨૦)મૌલાના મુહમ્મદકાસીમ સાહબ શાહજહાંપુરી(રહ.)
(૨૧)મૌલાના સૈયદ અખ્તરૂલ ઈસ્લામ(રહ.)

અને અન્ય બુઝુર્ગો ખાસ છે, જેઓએ વારંવાર અંગ્રેજોની જેલ વેઠવી પડી પરંતુ વતનની આઝાદી માટે તેઓએ હઝરત યુસુફ (અલ.)ની સુન્નત અદા કરવામાં જેલની સજા માટે જરા પણ પાછી પાની ન કરી.

## સરદાર વલ્લભભાઈ પટેલની ચળવળ

ઈ.સ. ૧૯૨૮માં સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાનીમાં બારડોલી જિ.સુરતમાં "નાકર લડત વેળા" જામિઅહ ઈસ્લામિયહ ડાભેલ, જિ.નવસારીના અગ્રણી હઝરત મુફતી અતીકુર્રહમાન ઉસ્માની સાહેબે બારડોલીના પાટીદારોના પૂછવાથી બ્રિટીશ સરકાર

વિરૂધ્ધ એક ફતવો પ્રસિધ્ધ કર્યો જેને લઈ સરદાર પટેલ સાહેબની લડતમાં નવો પ્રાણ આવ્યો, સુરતના જે પ્રેસમાં આ ફતવો છપાયો હતો તે પ્રેસ બ્રિટીશ સરકારે જપ્ત કર્યુ અને મોટી સંખ્યામાં કાર્યકરોને જેલમાં ધકેલવામાં આવ્યા.

## સરદાર વલ્લભભાઈ પટેલની નાકર ચળવળવેરા બારડોલીના પાટીદારોએ એક ફતવો ડાભેલ મદ્રસામાં પૂછયો હતો તેનો જવાબ

સવાલ: શું ફરમાવે છે ઉલમાએ દીન નીચેના મસ્અલામાં, હિન્દની ઝાલીમ હુકૂમત સાથે હાલમાં જે લડત ચાલી રહી છે. તેમાં એ લડતના આગેવાન હુકમ કરે છે કે આ ઝાલીમ હુકૂમતના પંજામાંથી મુલ્કને આઝાદ કરવાનો અને આપણને રાહત મળવાનો એક જ રસ્તો છે કે જમીન મહેસૂલ નહીં ભરે હવે એ હુકમ પ્રમાણે પ્રજા તૈયાર થઈ ગઈ છે અને જમીન મહેસુલ ભરવા ના પાડે છે. હવે ઝાલીમ હુકૂમતે એ રસ્તો લીધો છે કે લોકોની માલ મિલકત ઝપ્ત કરવી અને ઝમીન ખાલસા કરવી એ માલ મિલકત ઝપ્ત કરવા પછી એને ઘણીજ નજીવી કિંમતે હરાજ કરવામાં આવે છે. જેમ કે રૂ.૧૦૦નો માલ હોય તો તેને રૂ.૫ અથવા ૧૦માં આપી દેવામાં આવે છે તો એવો માલ રાખી મઝલૂમોની હાલત ખરાબ થઈ હુકૂમતને એ અર્થે મદદ થાય છે. માટે એવો માલ રાખવો જાઈઝ છે કે?

જવાબ: એવી ચીઝો ખરીદવું જેના ઉપર હુકૂમતે મજબૂર અને મઝલુમ રૈયતને બરબાદ કરવાનો અને જે નાજાઈઝ કાયદાઓને વધારે મજબૂત બનાવવા સારૂ ઝૂલ્મથી કબ્જો કરેલો છે તે કોઈ મુસલમાન માટે જાઈઝ નથી. એવું કામ ઝૂલ્મ અને ગુનોહ તથા કહેરની ખુલ્લી મદદ છે અને એવી મદદને કુર્આને પાકે ખુલ્લા શબ્દોમાં મનાઈ કરેલ છે:

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى، وَلَا تَعَاوَنُوْا عَلَى الْإِثْمِ وَالْعُدْوٰنِ

કોઈ મુસલમાન માટે એથી વધારે બેશરમી કઈ છે કે એક ઝાલીમ હુકૂમતના નાજાઈઝ કબ્જાને મદદ કરવા માટે પોતાના ભાઈ અને પાડોશીની બરબાદી કરવામાં મદદ કરે.

બધા ગૈરતવાલા મુસલમાનોની ફરજ છે કે આવા લીલાઉ

(હરાજી)માં ભાગ લેવો તથા બોલી બોલવી અને ખરીદવાથી બિલકુલ અલગ રહે અને પોતાની ઝબરદસ્ત ઈસ્લામી તાકતથી સાબિત કરી આપે કે ઈસ્લામ મઝહબની પાક તાલીમ કોઈપણ દિવસે આવી બેગૈરતીને જાઈઝ રાખી શકતી નથી. અલ્લાહ તઆલા વધુ જાણે છે.

સહી.

અતીકુર્રહમાન ઉસ્માની દેવબંદી

મુફતી 'મદ્રસા જામિઅહ ઈસ્લામિયહ' ડાભેલ

## દાંડી સત્યાગ્રહ અને જામિઅહ ડાભેલ

૧૯૩૦માં ગાંધીજીએ દાંડી સત્યાગ્રહ શરૂ કર્યો અને અંગ્રેજો તરફથી મીઠું જેવી જીવન જરૂરી વસ્તુ પર ટેકસ લગાવવામાં આવ્યો તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો. જયારે ગાંધીજી સત્યાગ્રહ કરતા કરતા, નવસારી જિલ્લાના ધામણ ગામે પહોંચ્યા તો અલ્લામા કશ્મીરી(રહ.)ના ચહીતા ડાભેલ મદ્રસાના શિક્ષક હઝરત મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી(રહ.)ની આગેવાનીમાં શિક્ષકોનું પ્રતિનિધી મંડળ ગાંધીજીને મળવા ગયું, અને ગાંધીજી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી અને ગાંધીજીની ચળવળને ખુલ્લમ ખુલ્લો જાહેર ટેકો કર્યો. હઝરત મૌલાના અનવરશાહ કશ્મીરી(રહ.) તે સમયે ડાભેલ જામિઅહના શૈખુલહદીષ હતા, હઝરત શાહ સાહેબે હદીષ શરીફ લખીને ગાંધીજીની ચળવળને ટેકો આપ્યો જેનાથી ગાંધીજી ખુબ જ ખુશ થયા અને ઈસ્લામી ફતવાની રોશનીમાં પણ આ ટેકસને ખોટો ઠેરવવામાં આવ્યો. ગાંધીજી હઝરત મૌલાના અનવરશાહ કશ્મીરી અને તેઓના શાગિર્દો તરફથી મળેલ આ ટેકાથી ખુબજ ખુશ થયા, નવસારીની જાહેર સભામાં આ ટેકાની આભાર પૂર્વક હર્ષની લાગણી સાથે જાહેરાત કરી હતી. (આ બાબતે વિગતવાર નોંધ ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત પુસ્તક "દાંડી કુચ" પેજ નં. ૨૫૯ થી ૨૬૭ પર લેવામાં આવી છે.) દાંડી ચળવળમાં ગાંધીજીની ધરપકડ થઈ તો આપને ટેકો આપનારા ઉલમા–એ–કિરામને પણ જેલ ભેગા કરવામાં આવ્યા.

## આઝાદીના ઈતિહાસ વિશે મીઠી ટકોર

"મીઠાના સત્યાગ્રહના સમર્થનમાં પુસ્તક લખનાર મૌલાના

અનવરશાહ કાશ્મીરી વિશે દેશને સાચા સંદર્ભોસહ માહિતગાર કરવાની પહેલ કોણ કરશે? ભારતની આઝાદી કાજે છેક દૂરના ટાપુઓ પર દેશનિકાલ અને જેલની ભારે યાતનાઓ વેઠનાર શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન, મૌલાના હુસૈનઅહમદ મદની કે મૌલાના ફઝલે હક્ક ખૈરાબાદી જેવા આગેવાનોનાં બલિદાનો દેશની નવી પેઢી સામે લાવવા ખૂબ જ જરૂરી છે."

ભારતીય તહેવારો સાથે વણાઈ ગયેલી જલેબી પણ પર્શિયન વાનગી છે તો ભારતની દરેક શેરી તેમજ નુક્કડનું અવિભાજય અંગ બનેલ સમોસા પણ ઈરાની મૂળ ધરાવે છે. આવી ઘણી બધી વાનગીઓ અને તેમના માટે વપરાતા શબ્દો પણ અરબી કે ફારસી પરથી ઉતરી આવ્યા છે.

શું દેશવાસીઓને કોમી એકતાનો એ ઈતિહાસ જાણવાનો અધિકાર નથી કે શિવાજીના પિતા શાહજી ભોંસલે ઈ.સ. (૧૫૯૪–૧૬૬૪)એ અહમદનગર અને મુગલ સલ્તનતમાં એક અધિકારી તરીકે સેવા બજાવી હતી? શિવાજીના દાદા માલોજી ભોંસલે ઈ.સ. (૧૫૫૨–૧૬૦૬)ને અહમદનગર સલ્તનતમાં પ્રસિદ્ધ લશ્કરી વડા મલિક અંબરના વડપણ હેઠળની ફોજમાં ઉચ્ચ હોદ્દા પર હતા, માલોજીને અહમદનગરના શાસક બહાદુર નિઝામ શાહે 'રાજા' ના લકબથી નવાજયા હતા. અને તેમને પૂણે તેમજ સોપાની જાગીર અર્પણ કરી હતી. શિવાજીના દાદા માલોજીએ પોતાના આસ્થાના સ્થળે અહમદનગરમાં આવેલી હઝરત પીર શાહ શરીફની દરગાહ પર પુત્રની પ્રાપ્તિ માટે દુઆ કરી હતી. આથી તેમને ત્યાં પુત્રનો જન્મ થતાં પીર શાહ શરીફની યાદમાં તેમનું નામ શાહુજી રાખ્યું હતું. ભારતનો ઈતિહાસ કોમી સૌહાર્દનાં આવા ઉદાહરણોથી સમૃદ્ધ છે. તેને દેશવાસીઓ સામે લાવવો એ તમામ શિક્ષિતોની સહિયારી જવાબદારી છે.

શું આપણે પોતાના પ્રિય દેશવાસીઓને એ ભવ્ય ભૂતકાળ જણાવવા સક્ષમ નથી કે ભગતસિંહનો કેસ ચલાવનાર ત્રણ જજોની પેનલમાંથી જસ્ટિસ આગા હૈદરે પોતાની નોકરીમાંથી રાજીનામું આપી દીધુ પણ ભગતસિંહ અને તેમના સાથીઓના ફાંસીના ફેસલા પર સહી ન કરી. અંગ્રેજ સરકારનો રોષ વહોર્યો, પણ જજમેન્ટ પર સહી

કરવાનો મક્કમ ઈન્કાર કરી દીધો. ભગતસિંહના વકીલ તરીકે સેવા બજાવનાર આસફઅલી વિશે સંશોધન કરી સૌહાર્દ અને ગૌરવથી છલકાતો ઈતિહાસ બહાર લાવવાની જવાબદારી આપણી નથી? રંગુનમાં આઝાદ હિન્દ ફોજ માટે ૧ કરોડ રૂપિયાનું દાન આપનાર ધોરાજીના અબ્દુલહબીબ મારફાની વિશે કોણ સંશોધન કરશે? પોતાનો વિદેશ અભ્યાસ છોડી દઈને જર્મનીથી બર્મા સુધીના ગુપ્ત પ્રવાસમાં નેતાજીના સેક્રેટરી તરીકેની સેવા બજાવનાર તેમજ 'જય હિન્દ' નો લોકપ્રિય કર્નલ આબિદ હસન સફરાનીનો સંદર્ભ સહિત ઈતિહાસ રજૂ કરીને આપણે નવી પેઢીને પ્રેરણા ન આપી શકીએ?

મીઠાના સત્યાગ્રહમાં ગાંધીજી સાથે ચાલનારા આઝાદીના લડવૈયા મૌલાના અતીકુર્રહમાન ઉસ્માની તથા મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી વિશે રાષ્ટ્રને જાણકારી આપવી એ આઝાદીના અમૃત મહોત્સવ પર્વના વર્ષે આપણી જવાબદારી નથી? મીઠાના સત્યાગ્રહના સમર્થનમાં પુસ્તક લખનાર મૌલાના અનવરશાહ કાશ્મીરી વિશે દેશને સાચા સંદર્ભોસહ માહિતગાર કરવાની પહેલ કોણ કરશે? ભારતની આઝાદી કાજે છેક દૂરના ટાપુઓ પર દેશનિકાલ અને જેલની ભારે યાતનાઓ વેઠનાર શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન, મૌલાના હુસૈનઅહમદ મદની કે મૌલાના ફઝલે હક્ક ખૈરાબાદી જેવા આગેવાનોનાં બલિદાનો દેશની નવી પેઢી સામે લાવવા ખૂબ જ જરૂરી છે.

અંદામાન પર અત્યાચારી અંગ્રેજ વાઈસરોય લોર્ડ મેયોને મોતને ઘાટ ઉતારી ઈ.સ. ૧૮૭૩માં દેશ માટે ફાંસીની સજા વહોરનાર શેરઅલી આફ્રિદીનું બલિદાન કે કાબુલમાં રાજા મહેન્દ્ર પ્રતાપ સાથે મળીને અંગ્રેજો વિરૂદ્ધ સરકાર બનાવનાર મૌલાના બરકતુલ્લાહ ભોપાલી ઈ.સ. (૧૮૫૪– ૧૯૨૭)ની કુરબાનીઓને યાદ રાખવી જરૂરી નથી? અમેરિકન લેખિકા કેથેરીન મેયોએ ભારતીયોના અપમાનના હેતુથી લખેલ પુસ્તક "મધર ઈન્ડિયા" નો સણસણતો જવાબ "Uncle Sham" પુસ્તક લખીને આપનાર અને આઝાદી વખતે પાકિસ્તાન છોડીને મુંબઈ હિજરત કરનાર ધારાશાસ્ત્રી ખાલીદ લતીફ ગાબા ઈ.સ. (૧૮૯૯–૧૯૮૧)ની સિદ્ધીઓનો ઈતિહાસ

દેશવાસીઓ જાણે એ સમયની માંગ છે. ઉપરોક્ત તથ્યો દેશના આલીશાન ભૂતકાળના છલોછલ સમુદ્રમાંથી નમૂનારૂપે એક ટીપા સમાન છે.

આ શાનદાર ઈતિહાસની જાણકારી નવી પેઢીમાં આત્મવિશ્વાસના પ્રાણ ફૂંકશે, તેમને દેશમાં ગૌરવપણે સ્થાન અપાવશે અને તેમની અંદર નવેસરથી આ ભવ્ય ભૂતકાળના પ્રકાશમાં પ્રગતિના પંથે આગળ વધવાનો જુસ્સો જગાડશે. સાચા ઈતિહાસનો પ્રસાર દેશમાં ગેરસમજો દૂર કરવાનો મજબૂત પાયો રચશે.

રાજયમાં ઈસ્લામી વિદ્યાઓનાં અનેક બરકતવંત ધામો આવેલા છે. તે પૈકી અમુક મદ્રસાઓ ઈતિહાસના સંશોધન કેન્દ્રોની સ્થાપના કરે અને આલિમની સનદ મેળવનારાઓ માટે ઈતિહાસના વિષયમાં વિશેષ અભ્યાસક્રમ (Specialization કે તખસ્સુસ)ના વિભાગ શરૂ કરીને અરબી, ફારસી, અંગ્રેજી, ઉર્દૂ, સંસ્કૃત અને દેશની પ્રાદેશિક ભાષાઓના સમૃદ્ધ વારસામાં છુપાયેલા તેમજ ઐતિહાસિક ધરોહરમાં ધરબાયેલા આ ઈતિહાસને બહાર લાવીને વિશાળ પાયે તેનો પ્રસાર કરે એ સમયની માંગ છે. (તબ્લીગ: ઓકટો–૨૦૨૧)

ગફલતને ફગાવી દો, બેદાર થઈને જીવો
છોડો આ હતાશાને, ખુદ્દાર થઈને જીવો
બેસી રહો કિનારે, તો મોતી કયાંથી મળશે?
ઝંપલાવી દો જિગરથી, મઝધાર થઈને જીવો.

## ભારત છોડો અને જમીઅત

બીજા વિશ્વ યુદ્ધની વેળા જયારે જાપાની લશ્કર ઘણું આગળ વધી રહયું હતું. સિંગાપુર અને રંગુન જે ભારતના પ્રવેશદ્વારો હતા બન્ને જાપાને કબ્જે કરી લીધા હતા. જાપાનના ફાઈટર વિમાનો કલકત્તા સુધી ઉડી રહયા હતા, હવે આ ભયંકર યુદ્ધ ભારતની સરહદો પર હોય અંગ્રેજોની ફિકર વધી, તેઓ જાણતા હતા કે ભારતવાસીઓ જાપાનના હુમલાની સામે લડવાની ના પાડશે અને પ્રજાના સાથ વગર આ યુદ્ધ લડવું અશકય હતુ, માટે ભારતીયોને ખુશ કરવા બ્રિટનથી એક કમીશન આવ્યું અને તેણે કોંગ્રેસની માંગણીને મંજૂર કરી યુદ્ધ પછી એસેમ્બલીઓની ચૂંટણીનું વચન આપ્યું અને કાયદા ઘડવા ભારતીયોને છૂટ મળશે તેવો વાયદો થયો,

પરંતુ અત્યારે કઈજ નહી. જમીઅતના વડીલો આ ચાલ સમજી ગયા અને લાહોર કનવેન્સનથી એલાન કરવામાં આવ્યું કે આવી વાતોમાં અમો આવવાના નથી, અમોને તો સંપૂર્ણ આઝીદીથી ઓછુ કઈ ખપતું નથી અને ભારત છોડો લડાઈનું આહ્‌વાન આપવામાં આવ્યું, માટે પાછળથી કોંગ્રેસે પણ આને ટેકો આપ્યો અને આખા દેશમાં ભારત છોડો લડાઈ ગરમીમાં આવી, જમીઅત અને કોંગ્રેસના બધા લીડરોને જેલમાં મોકલવામાં આવ્યા અને મુંબઈમાં કોગ્રેસના અધિવેશનને રોકવામાં આવ્યું, આવી રીતે કવીટ ઈન્ડિયાની જંગ ચાલી.

## ભારતના ભાગલા અને જમીઅતે ઉલમા

ઈ.સ. ૧૯૪૦ના ૨૨ માર્ચના લાહોર ખાતે મુસ્લિમ લીગનુ વાર્ષિક અધિવેશન થયું. આ અધિવેશનમાં લીગ તરફથી પાકિસ્તાનનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો અને આ ઠરાવને મુસ્લિમ લીગનું મહત્વનું ધ્યેય બનાવવામાં આવ્યું. બસ આ ઠરાવ શું હતો? એ ભડકતો અંગાર હતો, જેણે મુસ્લિમ સમાજને અને આખા દેશને બરબાદ કરી દીધો. ન જાણે કયાં સુધી એની સજા ભોગવવી પડશે? લીગ તરફથી નારાઓ લાગતા હતાઃ– સીને પર ગોલી ખાએંગે, પાકિસ્તાન બનાએંગે, ખુન કી નદીયા બહાએંગે, પાકિસ્તાન બનાએંગે, કુર્આન કી હુકૂમત હોગી, સિદ્દીકે અકબર ઔર ઉમરે ખત્તાબ કી ખિલાફત હોગી, ઈસ્લામી કાનૂન હોંગે.

વાહ શું સુંદર નારાઓ હતા. મુસ્લિમ સમાજે નારાઓમાં આવી ભવિષ્યને વિચારવા વગર નિર્ણયો કરી ઘણું બધું ખોયુ છે. ઉલમાઓને મુસ્લિમ લીગ તરફથી કહેવામાં આવ્યું કેઃ– ઈસ્લામી હુકૂમત હશે. મુસ્લિમ જનતાને કહેવામાં આવ્યું કે અલ્લાહ તઆલાની ચાહતવાળી હુકૂમત હશે. મૂડીવાદીઓને કહેવામાં આવ્યું કે ટાટા–બિરલા જેવા હરીફ ન હશે. રાજકરણીઓને પ્રધાનપદોના લાભો દેખાડવામાં આવ્યા. ન જાણે શું શું બતાવવામાં આવ્યું અને પાકિસ્તાનનો કહેવાતો સોનેરી ખ્વાબ દેખાડવામાં આવ્યો.

બીજી તરફ જમીઅતના મોટા બુઝુર્ગો આ વિચારધારાના સંપૂર્ણ વિરોધી હતા. જમીઅતે ઉલમાના નેતા મૌલાના હુસૈન અહમદ મદની(રહ.) એ "ઈસ્લામ ઓર મુત્તહીદા કોમીય્યત" તથા

"મુસ્લિમ લીગ કી આઠ મુસ્લિમ કુશ ગલતીયાં"જેવાં પુસ્તકો લખીને દેશના ભાગલાનો સૌથી ઉગ્ર વિરોધ કર્યો અને તેઓના આ વિરોધને લઈ જમીઅતના અકાબીરો પર કયામત તૂટી પડી. આફતોની દુનિયા તૂટી પડી. ખતરનાક હુમલાઓ થયા. ગાળો, અપશબ્દો લખાયા અને બોલાયા પરંતુ હઝરત મદની(રહ.) અને જમીઅતના બુઝુર્ગોની સામે હુઝૂર સલ્લલ્લાહુ અલયહી વસલ્લમની પવિત્ર ઝિંદગી હતી, મક્કાની આપની સીરત જીવંત હતી, બધી જ મુસીબતો આ બુઝુર્ગોએ હિંમતભેર વેઠી પરંતુ મુસ્લિમ કોમનો સોદો પાકિસ્તાનના નામે કરવા તૈયાર ન થયા. જમીઅતના બુઝુર્ગાને દીન પોતાની નૂરાની અને ઈમાની નજરથી ઉપર ઉપરના મુસ્લિમ લીગ તરફથી બતાવવામાં આવેલ કાલ્પનિક ફાયદા કરતા દુરગામી નુકસાનોને જોઈ રહયા હતાં. જમીઅતનો વિરોધ કરવાનું મુખ્ય કારણ એ હતું કે દેશના ભાગલા જમીઅતને પસંદ ન હતા, જમીઅત વિશાળ ભારત દેશને દુનિયાના નકશામાં હંમેશા જોવા માંગતી હતી.

હિન્દુ–મુસ્લિમ હળી–મળીને દુનિયામાં ભારતને મહાસત્તા બનાવે એવું સ્વપ્ન હતું, વિશાળ માત્રામાં કુદરતી સાધનો વડે પૂરો ફાયદો ઉઠાવી દેશને દુનિયામાં ચમકાવવું હતું, સાથે જ એક કારણ એ પણ હતું કે 'પાકિસ્તાનનો જે નકશો મુસ્લિમ લીગ તરફથી રજૂ કરવામાં આવ્યો હતો તેમાં મુસ્લિમ બહુમતીવાળા રાજયોને છોડી દેશના અન્ય ભાગમાં આવેલા મુસ્લિમોનો કોઈ વિચાર કરવામાં આવ્યો ન હતો. આ નકશાને છોડીને દેશના બીજા ભાગો જેમાં ઉત્તર પ્રદેશ અને દિલ્હી હતા. જેમાં ઈલ્મ, અમલ અને અખ્લાકના દરિયાઓ વહેતા હતા. શાનદાર ઈસ્લામી યાદગારો હતી અને આજ સુધી અડીખમ છે. જયાંથી ઘણી બધી દીની–મિલ્લી ચળવળો જન્મ લેતી હતી. દારૂલઉલૂમ દેવબંદ, મઝાહીરે ઉલૂમ સહારનપુર, નદવા લખનૌ, લાલ કિલ્લો, જામા મસ્જિદ, તાજમહેલ, અજમેર શરીફ આ તે વિસ્તારો છે જે ઈસ્લામી સંસ્કૃતિ અને ઈસ્લામી અવશેષોના યાદગાર છે. પરંતુ લીગના પાકિસ્તાની નકશામાં આ બધી જ યાદગારોનો અને દેશના અન્ય ભાગોમાં વસ્તા ત્રણ કરોડ(તે સમયની સંખ્યા) મુસ્લિમોનો કોઈ ખ્યાલ કરવામાં આવ્યો ન હતો.'

જયારે આ બાબતે લીગના સદર અને તહરીકે પાકિસ્તાનના સ્થાપક મિસ્ટર મુહમ્મદઅલી જીન્નાહને પૂછવામાં આવ્યું તો ૩૦ માર્ચ ઈ.સ. ૧૯૪૧ ના કાનપુર ખાતે તકરીર કરતા–કરતા તેઓએ જવાબ આપ્યો કે, "સાત કરોડ મુસ્લિમોની આઝાદી માટે (પાકિસ્તાન બનવાથી) હું ત્રણ કરોડ મુસ્લિમો (જેઓ ભારતમાં રહી જાય)ની રસ્મે શહાદત અદા કરવા તૈયાર છું."

ફરી એક વેળા તકરીર કરતા–કરતા તેઓ સામે જયારે અન્ય મુસ્લિમોનો પ્રશ્ન ઊભો થયો તો જવાબ આપ્યો કે, "જે રાજયોમાં મુસ્લિમો લઘુમતીમાં છે (અને તેઓ પાકિસ્તાનના નકશામાં નથી) તેઓ માટે ત્રણ ઉપાય છે.

(૧)ગરીબુલ વતન થઈને બિનનિવાસીઓ જેવું જીવન જીવે કે તેઓને રાજ વહીવટમાં કોઈ ભાગ ન મળે.

(૨)તેઓ હિન્દુ કૌમીયત પસંદ કરી લે.

(૩)પાકિસ્તાન હિજરત કરીને આવી જાય, અમો તેઓનું સ્વાગત કરવા તૈયાર છીએ."

માત્ર પાકિસ્તાનના નામે જનાબ જીન્નાહ સાહેબની વિચારશૈલી આમ મુસ્લિમો માટે કેવી હતી તે આનાથી જાહેર થાય છે.

પહેલી અને બીજી વાતમાં જે ખરાબી છે તે તો દરેક મુસ્લિમ સમજી શકે છે. પરંતુ ત્રીજી વાત વિશે એટલું જ લખવું રહયું કે, 'હિજરતીઓનું સ્વાગત, હાય અફસોસ, સ્વાગતરૂપે શું મળ્યું?' પંજાબ અને હરિયાણામાં હજારો મુસ્લિમ હિજરતીઓની કત્લેઆમ, દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં મુસ્લિમોની માલી અને જાની લૂંટફાટ, લોહીની નદીઓ, હજારો નવજુવાન મુસ્લિમ છોકરીઓના અપહરણ કરી તેઓનું જબરદસ્તી ધર્મ પરિવર્તન કરાવવામાં આવ્યું. ૯૫૦૦ નાની–મોટી મસ્જિદ, મદ્રસાઓને તબેલામાં બદલવામાં આવી, બસ આ છે સ્વાગત?

બીજી તરફ હઝરત શૈખુલઈસ્લામ મદની(રહ.)ની સદારતમાં જમીઅત તરફથી આઝાદી બાબતે એક ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી, જેને મદની ફોર્મ્યુલા કહેવામાં આવે છે. સર સ્ટેફર્ડ ક્રિપ્સ (Stafford Cripps) જે અંગ્રેજ હતા અને રાજકીય બાબતોમાં તે ઘણા જ

નિષ્ણાંત હતા, તેઓની આગેવાનીમાં ભારતના વિવિધ સંગઠનો સાથે વાતચીત કરવા માટે બ્રિટનથી એક કમિશન આવ્યું. કુલ હિન્દ મુસ્લિમ પાર્લામેન્ટરી બોર્ડના સદર હોવાના લઈ શૈખુલઈસ્લામ મૌલાના મદની(રહ.) ને પણ બોલાવવામાં આવ્યા. આપની સાથે ઓલ ઈન્ડિયા મુસ્લિમ મજલીસના સદર અ.મજીદ ખ્વાજા અને ઓલ ઈન્ડિયા મજલીસે અહરારના સદર શેખ હુસામુદ્દીન અને જમીઅતના નાતે તે સમયના જનરલ સેક્રેટરી મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી(રહ.) પણ હતા. મૌલાના આઝાદ કોંગ્રેસ અને જમીઅત બન્ને તરફથી હતા. આઝાદી માટે વિસ્તાર પૂર્વક વાતચીત થઈ અને માંગણી રૂપ મદની ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી જેમાં ભાગલાનો સખત વિરોધ હતો અને દેશને અનુકૂળ અને લાંબાગાળે ફાયદારૂપ એક મહત્વની ફોર્મ્યુલા હતી. આ ફોર્મ્યુલાની ખુબીઓ જોઈને ક્રિપ્સ પણ હેરાન થઈ ગયા. અને મૌલાના મદની(રહ.)ની સમજને દાદ દેવા વગર ન રહી શકયા. વાતચીતના વચ્ચે વચ્ચે મૌલાના આઝાદ(રહ.)ની જે અંગ્રેજી અને રાજકારણ પર પકડ હતી તેનાથી પણ તે બહુ જ પ્રભાવિત હતા અને ઉલમા–એ–કિરામની દુરોગામી સમજદારીને તેણે જાણી અને સમજી. મદની ફોર્મ્યુલાના અમુક મુદ્દાઓ નીચે મુજબના હતા.

(૧)દરેક રાજયોને નાણાં, વિદેશનીતિ, લશ્કર સિવાયની બાબતોમાં સ્વતંત્રતા આપવામાં આવે.

(૨)રાજયો મળીને જે અધિકારો કેન્દ્ર સરકાર માટે નક્કી કરે તેની જ કેન્દ્ર સરકાર હક્કદાર હશે.

(૩)કેન્દ્રીય પાર્લામેન્ટમાં ૪૫% હિન્દુ, ૪૫% મુસ્લિમ, ૧૦% અન્ય પછાતજાતિ આ પ્રમાણે સીટો નક્કી કરવામાં આવે.

(૪)ધાર્મિક બાબતોમાં દરેક ધર્મના સભ્યો બહુમતીથી જે નક્કી કરે તે પ્રમાણે અમલ થાય.

(૫) સરકારી મુખ્ય ખાતાઓ અડધે–અડધા વહેંચવામાં આવે વગેરે વગેરે.

ત્યારબાદ ૨ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૪૬માં કામચલાઉ સરકાર બનાવવામાં આવી અને અંગ્રેજોએ ભારતીયોને રાજ વહિવટ સોંપી

જોયો, જેમાં મદની ફોર્મ્યુલા મુજબ અમુક હદે અમલ થયો. પાંચ હિન્દુ અને પાંચ મુસ્લિમ મંત્રીઓ બન્યા. ગૃહખાતું હિન્દુ મંત્રી પાસે અને નાણાંખાતુ મુસ્લિમ મંત્રી પાસે આવ્યું. આ એક અમલી નકશો મુ સ્લિમ લીગની આંખો ખોલવા પુરતો હતો પરંતુ તેમ ન થયું અને પાકિસ્તાનના નામે સત્તા પ્રાપ્તિનું ભૂત સવાર હતું અને મદની ફોર્મ્યુલા પર અમલ ન થઈ શકયો. અત્રે યાદ રહે કે દેશના ભાગલા કોંગ્રેસની વર્કિંગ કમિટીએ પણ મંજૂર કરી લીધા (જો કે અમુક સભ્યોનો વિરોધ હતો) પરંતુ જમીઅતે ઉલમાએ કદી તેને મંજૂર ન કર્યો અને વિરોધ ચાલુ રાખ્યો. (ભાગલા બાબતે સાચા ગુનેહગાર કોણ છે એ જોવા માટે મૌલાના આઝાદની કિતાબ 'ઈન્ડિયા વિન્સ ફ્રિડમ' એક દસ્તાવેજી પુસ્તક છે.)

દેશના તે સમયના ટોચના નેતાઓએ પણ હઝરત મદની(રહ.)ના વિરોધ છતાં ભાગલાને માન્યતા આપી. કોંગ્રેસ અને મુસ્લિમ લીગ સહિત લગભગ મોટા ભાગનાં સંગઠનોએ મને કે કમને ભાગલાનો સ્વીકાર કરીને હસ્તાક્ષર કર્યા, પરંતુ જમીઅતે ઉલમા એક માત્ર એવું સંગઠન હતું કે જેણે છેલ્લે સુધી હસ્તાક્ષર ન કરીને ભાગલાનો વિરોધ કર્યો. (K.C.yadav: India Divided 1947 page 298-99)

૧૫મી ઓગષ્ટે આઝાદી મળી પરંતુ ભાગલાએ આઝાદીની ખુશીને રોળી નાંખી અને દેશભરમાં લોહીની હોળીઓ ખેલવામાં આવી. જમીઅતના બુઝુર્ગોએ ભાગલા બાબતે પોતાનો સખત વિરોધી એવા દિલ્હી, પંજાબ અને હરિયાણાના મુસ્લિમોની મઝલૂમિયતમાં માત્ર અલ્લાહ તઆલાને રાજી કરવા ખાતર સેવાઓમાં પોતાની જાનની બાજી લગાવી દીધી. બેપનાહો, મઝલૂમો, દુઃખીઓ માટે મૌલાના મદની, મૌલાના સ્યોહારવી, મૌલાના મુહમ્મદમિયાં, મૌલાના આઝાદ પહાડની જેમ અડગ બની અલ્લાહ તઆલા પછી સહારા બન્યા.

ઈતિહાસના યાદગાર તોફાનોમાં મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી (રહ.) ની એક એક રાત્રીની ખિદમતો મઝલૂમો પ્રત્યે એટલી કિંમતી અને આદરણીય હતી કે મૌલાના શાહ અબ્દુલ કાદીર સાહબ રાયપુરી(રહ.) જેવા ખાનકાહી બુઝુર્ગો બોલી ઊઠયા

કે,"મૌલાના હિફ્ઝુર્રહમાન સાહેબ જો એક રાતની ખિદમતનો સવાબ મને આપવા તૈયાર હોય તો હું આખી જિંદગીની બધી નેકી આપવા તૈયાર છું." (આઝાદીના દિવસોની આ બધી દાસ્તાનો માટે ઉર્દૂ ભાષામાં ઘણાં પુસ્તકો લખાય ચુકયા છે)

## આઝાદી પછી

સ્વતંત્રતા પછી ઈ.સ.૧૯૪૭માં ૨૭, ૨૮ ડિસેમ્બરના રોજ લખનૌ ખાતે જમીઅત તરફથી એક અધિવેશન બોલાવવામાં આવ્યું, જેમાં મૌલાના આઝાદ(રહ.)ના પ્રમુખપદે ઘણાં લાંબા વિચારો બાદ પ્રવર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી એક ફેસલો કરવામાં આવ્યો, જેને તે સમયના જનરલ સેક્રેટરી મૌલાના સ્યોહારવી(રહ.)એ વાંચી સંભળાવ્યો. જમીઅત હવે પાર્લામેન્ટરી રાજકારણમાં ભાગ ન લેશે અને પોતાની આગવી પ્રતિભા મુજબ દીની–મિલ્લી સેવાઓમાં વ્યસ્ત રહેશે.

ત્યારબાદ જમીઅત બરાબર મિલ્લી સેવાઓમાં પ્રવૃત્ત રહી અને દિવસે દિવસે તેનું ખિદમતનું વર્તુળ વિશાળ થતું જ રહ્યું. ૧૯૪૮માં જયારે હૈદરાબાદમાં પોલીસ એકશન થયું તો જાની–માલી નુકસાન મુસ્લિમોએ ઘણું વેઠવું પડયું, ત્યારે જમીઅતે દુઃખીઓ પિડીતોને ઘણી મોટી સહાય કરી. ઈ.સ. ૧૯૪૯માં કસ્ટોડિયન ધારાનો દુરૂપયોગને રોકવા માટે એક ચળવળ ચલાવી, મુસ્લિમોની મિલ્કતોની ખોટી જપ્તી થતી અટકાવવામાં આવી. ઈ.સ. ૧૯૫૫માં મુંબઈ સરકારે લેન્ડ એકઝીવિશન બિલ રજૂ કર્યુ જેનો સખત વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૫૯ કુરબાનીની ઈદને રાષ્ટ્રીય રજામાંથી બાકાત કરવામાં આવી તો જમીઅતે જોરદાર તહરીક વડે એને ફરી ચાલુ કરાવી. ઈ.સ. ૧૯૬૦માં વસ્તી ગણતરી થઈ તો ધારણા મુજબ ઘણા મુસ્લિમોને વસ્તી ગણતરીથી બાકાત રાખવાનો પ્લાન તૈયાર થયો, જમીઅતે ગામડે ગામડે ગરીબ લત્તાઓમાં ફરી ફરીને મુસ્લિમોને શામેલ કરવાની ઝહેમત ઉઠાવી. ઈ.સ. ૧૯૬૧માં ભેદભાવને ભૂલી એક થવા માટે અને કોમવાદનો વિરોધ કરવા માટે મુસ્લિમ કન્વેન્શન (દિલ્હી ખાતે) બોલાવવામાં આવ્યું. ઈ.સ. ૧૯૬૨માં આસામના મુસ્લિમો પર ખોટો આરોપ મૂકી તેઓને દેશનિકાલ કરવાનો પ્લાન તૈયાર થયો તો જમીઅતે તેનો

સખત વિરોધ કરી વર્ષો સુધી મહેનત કરી મુસ્લિમોને આબાદ કરાવ્યા. ઈ.સ. ૧૯૬૩ના આસિસ્ટન્ટ એન્ફોર્સમેન્ટ ઓફિસરે દારૂલઉલૂમ દેવબંદ અને તેના મોહતમીમ સાહેબની ખોટી જડતી લઈ બદનામ કરવાનુ કાવતરૂં રચ્યું તો જમીઅતે તેનો વિરોધ કર્યો. આ વર્ષે ભારત સરકારના ઈન્ડસ્ટ્રીઝ અને પ્લાનિંગ મંત્રાલયથી માંગણી કરવામાં આવી કે પ્લાન બનાવતી વેળા મસ્જિદ, કબ્રસ્તાનની જગ્યા છોડવામાં આવે. આસામી મુસ્લિમોને ફરીથી બિન ભારતીય ઠેરવવામાં આવ્યા તો બે જજોની એક બેંચ વડે ચકાસણી કરાવી નાગરિકતામાં મદદ કરાવવામાં આવી. ઈ.સ. ૧૯૬૫માં મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢને કોમીધારામાં સામેલ કરતો સરકારનો ઓર્ડિનન્સ બહાર પડયો, જમીઅતે એના વિરૂદ્ધ સુપ્રિમમાં રીટ દાખલ કરી. ૧૯૬૭માં સરકારથી એક નોટિસને નાબૂદ કરવાની માંગણી કરવામાં આવી. જેમાં મુસ્લિમોને સિકયુરીટી અને લશ્કરી નોકરીઓથી વંચિત રાખવામાં આવે એવું ફરમાન હતું. ઈ.સ. ૧૯૬૮માં જે જે જગ્યાઓ એ મુસ્લિમોની વસ્તી હોય ત્યાં કબ્રસ્તાન માટે જમીન ફાળવવાની માંગણી થઈ અને જુના કબ્રસ્તાનો વાપરવા દેવામાં આવે તેવી માંગણી થઈ. ટેકસેશન લો જેને લઈ ઘણી ધાર્મિક સંસ્થાઓની મોટી આવકો ટેકસમાં જતી હતી. ઈ.સ. ૧૯૭૩માં તેમાં ફેરફારની માંગણી થઈ. ૧૯૭૬માં નસબંદીનો કાળો કાયદો આવ્યો જેના મુખ્ય નિશાન મુસ્લિમો જ હતા. જમીઅતે તેનો ઉગ્ર વિરોધ કર્યો, સાથે જ વીસ મુદ્દાના કાર્યક્રમને પડતો મુકવા અથવા ફેરફાર કરવાની માંગણી થઈ કારણ કે એ કાર્યક્રમના લાભો એકતરફી હતા. ઈ.સ. ૧૯૭૯માં મુલ્ક–વ–મિલ્લત બચાવો તહરીક શરૂ થઈ જેના પહેલા ચરણમાં ૨૧૨૬ માણસોએ ધરપકડ વહોરી લીધી અને બીજા ચરણમાં ૪૬૧૧ માણસોએ ધરપકડ વહોરી લીધી. ઈ.સ. ૧૯૮૦ની વસ્તી ગણતરીમાં સરકાર તરફથી ધર્મ અને માતૃભાષાને સ્થાન ન હતું, જમીઅતે મહેનત કરીને તેને સ્થાન અપાવ્યું. ઈ.સ. ૧૯૮૧માં અલીગઢ યુનિવર્સિટીમાં તોફાનો થયા તેનો વિરોધ કરવા ઓલ ઈન્ડિયા કન્વેનશન બોલાવવામાં આવ્યું, આસામમાં એક મુદ્દતથી અને ઈ.સ. ૧૯૮૪થી એક સ્કીમ હેઠળ દેશના વિવિધ ભાગોમાં વસ્તા મુસ્લિમોને વિદેશી ઘુસણખોરોના નામે

રંજાડવાનો સિલસિલો શરૂ થયો. જમીઅતે તેનો બરાબર વિરોધ ચાલુ જ રાખ્યો. ઈ.સ. ૧૯૮૫માં કલકત્તાની હાઈકોર્ટમાં કુર્આન વિશે એક રીટ દાખલ કરવામાં આવી જેના વિરૂધ્ધ જમીઅતે દેશભરમાં "યવમે કુર્આન"મનાવીતેનોસખ્તવિરોધકર્યો. ઈ.સ. ૧૯૮૮માંશૈખુલઈસ્લામ મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.) ની વતન અને દીનની સેવાઓને નવી પેઢીઓ સામે લાવવા એક બે દિવસનો સેમિનાર યોજાયો, જેનો ઈફતેતાહ(ઉદ્ઘાટન) મૌલાના સૈયદ અબુલ હસનઅલી નદવી(રહ.) એ ફરમાવ્યો. ઈ.સ. ૧૯૯૩માં ત્રણ તલાકને દેશના મિડિયાએ ઈસ્લામ દુશ્મનીનું એક હથિયાર બનાવ્યું તેનો સખત વિરોધ કર્યો અને ભવ્ય સેમિનાર કરી બધા પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યાં. ઈ.સ. ૧૯૯૪માં તહફફુઝે શરીયત કોન્ફરન્સમાં નાગરિકત્વ સાબિત કરવાના નામે મુસ્લિમો પર થતા ઝુલ્મને રોકવા માટે માંગણીઓ કરવામાં આવી.ઈ.સ. ૧૯૯૫માં મુસ્લિમ પર્સનલ લો ને ફરીથી ચગાવવામા આવતા તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ભવ્ય ઈજલાસ કરવામાં આવ્યો અને સમાન સિવિલકોડનો વિરોધ થયો. ઈ.સ. ૧૯૯૫માં મુસ્લિમોના વિવિધ પ્રશ્નોને વાચા આપવા માટે મુંબઈ ખાતે ૨૫મું અધિવેશન ભરવામા આવ્યું, આ તે ખિદમતોની એક ઝાંખી છે જે રાષ્ટ્રીય સ્તરે સફળ રીતે કરવામાં આવી.

## બાબરી મસ્જિદ અને જમીઅત

આઝાદી પહેલાં આ પ્રશ્ન ૧૯૩૪માં ઊભો થયો હતો અને અમુક તત્વો તરફથી મસ્જિદને ઘણું નુકસાન પહોચાડવામાં આવ્યું. સરકાર તરફથી મુસ્લિમોને મસ્જિદમાં જવા પર પાબંદી લગાવવામાં આવી હતી અને મસ્જિદને થયેલા નુકસાન બાબતે પણ સરકાર આંખ આડા કાન કરતી હતી. હઝરત અકદસ મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) સાથીઓ સાથે તશરીફ લઈ ગયા, આપને રોકવામાં આવ્યા. મજલીસે અહરારના જાંબાઝો પણ મુફતી સાહબ(રહ.)ના સાથે થયા અને પછી મસ્જિદ સુધી પહોંચવામાં સફળતા મળી અને સરકારને જોરદાર માંગણી કરી, સરકારી ખર્ચે બિસ્માર મસ્જિદ બનાવવામાં આવી. આઝાદી પછી જયારે ઈ.સ. ૧૯૪૯માં મસ્જિદમાં મૂર્તિ મૂકવામાં આવી ત્યારથી જ જમીઅતના અકાબીરોએ તેનો સખત વિરોધ કર્યાની

સાથે જ જમીઅતે આ પ્રશ્નના નિરાકરણ માટે બે(૨) સમજદારી ભર્યા કામો ચાલુ કર્યા.

૧. દેશમાં વસતા ઈન્સાફ પ્રેમીઓને અને સાચા તટસ્થ ઈતિહાસકારોને બાબરી મસ્જિદનો સાચો ઈતિહાસ સમજાવવામાં આવે.

૨. આ બાબત નારાઓ, જલસા, જુલૂસો વડે રોડ પર લાવી હલ કરવાને બદલે પહેલા જ દિવસથી સુપ્રિમ કોર્ટનો આશ્રય લીધો.

(છેલ્લે જે પરીણામ લાવવામાં આવ્યું તે દેશ સમક્ષ છે)

## મુસ્લિમ પર્સનલ લો અને જમીઅત

દેશના બંધારણ મુજબ જમીઅત પોતાના સ્થાપના કાળથી જ આ કોશિશમાં રહી છે કે, મુસ્લિમો માટે, તેઓના ધાર્મિક અને સામાજીક પ્રશ્નોના નિરાકરણ માટે ઈસ્લામી શરીઅત મુજબ અલગ કાયદા વ્યવસ્થા ઊભી કરવામાં આવે અને એ માટે હંમેશા બરાબર મહેનત કરવામાં આવી છે. મુગલ બાદશાહોના સમયમાં નિકાહ, તલાક, ઈમામત, સગીરોનું વાલીપણું, દીવાની અને ફોજદારી બધા કાયદાઓ કાઝી ચલાવતા હતા. ત્યારબાદ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયમાં અદાલતો અંગ્રેજ જજો ચલાવવા લાગ્યા અને તેમા મુસ્લિમો માટે કાઝીઓ અને હિન્દુઓ માટે પંડિતોની વ્યવસ્થા હતી અને અંગ્રેજોના જમાનામાં પણ મોટે ભાગે મુસ્લિમો માટે ઈસ્લામી કાયદાઓ બાકી રાખવામાં આવ્યાં હતા. ઈ.સ. ૧૯૧૯માં જયારે જમીઅતની સ્થાપના થઈ તો ત્યારથી જ જમીઅતે આ કોશિશ કરી છે કે કાયદા ઘડનારી એસેમ્બલીઓમાં મુસ્લિમો માટે શરીઅત પ્રમાણે કાયદાઓ શકય હોય ત્યાં સુધી બનાવડાવવામાં આવે. આ જ હેતુ મુજબ તે વખતના ભારતના સુબ–એ–સરહદની એસેમ્બલીમાં પણ શરીઅત મુજબ કાયદાઓ તૈયાર કરવામાં આવ્યા. ઈ.સ. ૧૯૨૬માં મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.), શૈખુલ ઈસ્લામ હઝરત મદની(રહ.), હકીમુલઉમ્મત મૌલાના થાનવી(રહ.) વગેરે એ બેસીને વિચાર કર્યો કે ભારતમાં કાઝી ન હોવાના લઈ તે મઝલૂમ ઔરતોનું શું થશે જે શોહરોના લાપતા થવાથી અથવા શોહરની સખ્તીઓ(કડકાઈ)થી આજીઝ(પરેશાન) થઈ ચુકી છે. આ માટે

મક્કા શરીફ અને મદીના શરીફના માલિકી મસ્લક(પંથ)ના મોટા આલીમોથી લાંબો પત્ર વ્યવહાર કરવામાં આવ્યો અને દેશના ચોટીના હનફી આલીમોથી વિચાર વિર્મશ કરી "અલ હીલતુન્નાજિઝહ" નામી પુસ્તકનું ઈ.સ. ૧૯૩૧માં પ્રકાશન કરવામાં આવ્યું. આઝાદી પૂર્વે ઈ.સ. ૧૯૨૮માં કોંગ્રેસે નેહરૂ રિપોર્ટ વડે આઝાદ ભારતના બંધારણની એક નકલ તૈયાર કરી, જેમાં ધાર્મિક બાબતોએ મુસ્લિમો તેમજ અન્ય ધર્મો માટે અલગ વ્યવસ્થા ન હતી, જેને લઈ જમીઅતે આ બંધારણનો વિરોધ કરી કોંગ્રેસ સાથે છેડો ફાડી નાંખ્યો અને દોઢ વર્ષ સુધી વિરોધ કર્યો, છેલ્લે ઈ.સ. ૧૯૨૯માં કોંગ્રેસે પોતાના હાથે એને રાવી નદીમાં પધરાવી દીધો. ઈ.સ. ૧૯૩૧માં જમીઅતે એક બંધારણની નકલ તૈયાર કરાવી જેમાં દરેક ધર્મોને ધાર્મિક બાબતોમાં સંપૂર્ણ આઝાદીનો ઉલ્લેખ હતો.

ઈ.સ.૧૯૩૬માં કાનુને ફસ્ખે નિકાહ(લગ્ન તોડવાનો) ખરડો રજુ કરાવ્યો જેને કોંગ્રેસના મેમ્બરોએ ટેકો આપ્યો અને તે ઈ.સ. ૧૯૩૯માં મંજૂર થયો. અહીંયા એ પણ યાદ રાખવું જોઈએ કે ઈ.સ. ૧૮૮૫માં બનેલ ઈન્ડિયન કાઝી બિલ અથવા કોર્ટ હજુ પણ ચાલુ જ છે પરંતુ તેમાં તોડ–ફોડ કરીને તેને બેકાર બનાવી દેવામાં આવ્યો છે. (નજીકના ભૂતકાળના પ્રમુખ મૌલાના અસ્અદ મદની(રહ.) એ ઈ.સ. ૧૯૮૯માં રાજયસભામાં આ બિલને રજૂ કર્યુ હતું પરંતુ મંજૂર ન થવા દેવામાં આવ્યું) ઈ.સ. ૧૯૩૭માં શરીઅત એપ્લિકેશન એકટ મંજૂર કરવામાં આવ્યો ઈ.સ. ૧૯૪૦માં ફરીથી ફસ્ખે નિકાહ બિલ અને કાઝી બિલ સુધારાસભર રજૂ થયું. આઝાદી બાદ ઈ.સ. ૧૯૫૨માં સ્પેશિયલ મેરેજ એકટનો જમીઅતે સંપૂર્ણ વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૬૬માં કેન્દ્ર સરકારે ૪૪મી કલમની આડમાં રાજયો પાસે સમાન સિવીલ કોડ માટે મંતવ્યો મંગાવ્યા જેનો જમીઅતે દેશ ભરમાં થી વિરોધ કરાવ્યો. ઈ.સ. ૧૯૬૯માં પબ્લિક ટ્રસ્ટ બિલનો વિરોધ થયો. ઈ.સ. ૧૯૭૨માં દત્તક બિલથી મુસ્લિમોને અલગ રાખતી માંગણી થઈ. ઈ.સ. ૧૯૭૮માં શાદીના ફરજિયાત રજીસ્ટ્રેશન બિલનો વિરોધ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૭૯માં બહુપત્નીત્વ પ્રાઈવેટ બિલનો વિરોધ કરવામાં આવ્યો. આમ જમીઅતનો ઈતિહાસ

એ બતાવે છે કે જયારે પણ દેશની સરકારે ઈસ્લામી શરીઅતને ચેલેન્જ કરતો કોઈપણ કાયદો ઘડયો તો તરત જ જમીઅતના વડીલોએ બંધારણની જોગવાઈ મુજબ વિરોધ કર્યો જ છે અને દેશ બંધુઓને સમજ આપી છે કે આ બિનસાંપ્રદાયિક દેશનો દાખલો એક ફુલદાની જેવો છે જેની શોભા વિવિધ રંગ અને ખુશ્બુના ફુલોથી જ સચવાય છે. જેમ કે ફુલદાનીમાં વિવિધ રંગોના ફૂલો હોય અને દરેક ફુલ ખિલેલું હોય તો જ ફુલદાની સારી લાગે, કોઈ એક ફુલ પણ કરમાઈ ગયેલું હોય તો તે ફુલદાની સારી લાગતી નથી, તેવી જ રીતે ભારતભરમાં વસવાટ કરતા દરેક કોમના નાગરિકો ફુલદાનીના વિવિધ રંગોના ફૂલો સમાન છે, અને કોઈપણ કોમને જો પાછળ રાખવામાં આવી તો ભારતની છબી વિશ્વભરમાં સારી ન દેખાશે, તેવી જ રીતે દરેક ધર્મ પોતાની ધાર્મિક બાબતોમાં સંપૂર્ણ આઝાદ હોય એ જ હિતાવહ છે. ઈ.સ. ૧૯૮૫માં તલાક પામેલ ઔરતના ભરણ પોષણના કાનૂન સામે લડત આપી અને અત્યારે જયારે દેશમાં ફરીથી આંખ બંધ કરીને બંધારણના વિરૂધ્ધ સમાન સિવીલ કોડની વાતો થઈ રહી છે અને કોર્ટો સરકારને આગળ વધી સમાન સિવીલ કોડ માટે અપીલ કરે છે ત્યારે પણ જમીઅતે જાગૃતિ બતાવી દેશ બંધુઓને અને સરકાર ચલાવનારાઓને સાચી સમજ આપી જ છે. આમ પર્સનલ લોની બાબતે જમીઅત હંમેશાથી જાગૃત છે જ. અને દેશમાં મુસ્લિમ પર્સનલ લો બોર્ડ પણ આ બાબતે સારી સેવા આપે છે.

## આઝાદ ભારતનું બંધારણ

ઈ.સ.૧૯૪૭ની આઝાદી પછી લોહીની નદીઓ વહી રહી હતી, ત્યારબાદ તરત જ કસ્ટોડીયનનો પંજો આવ્યો. મુસ્લિમોને આઝાદ ભારતમાં એક ઘડી પણ વિચારવાનો શાંતિમય સમય ન મળી શકયો, હવે તે જ સમયે આઝાદ ભારતના બંધારણની વાત આવી. આ બંધારણની સાથે આઝાદ ભારતનો બંધારણીય નકશો પણ બનાવવાનો હતો. રાજકારણ, સમાજ, ધર્મ અને ભાષાઓનું વર્તુળ નક્કી થવાનું હતું અને નાગરિક હક્કો નક્કી થવાના હતા, ડો.આંબેડકર જેઓ કાયદાના ઘણા જ નિષ્ણાંત હતા તેઓ એ એક કાનૂની માળખુ રચ્યું, હવે તેને બંધારણીય બેંચ આગળ મુકવાનું હતું અને બંધારણીય એસેમ્બલી તેમાં સુધારા–વધારા કરનાર હતી. આ

કાનૂની એસેમ્બલીમાં મુસ્લિમોની હાજરી તો નામ પુરતી જ હતી, તેઓ સામે પ્રશ્નોની લાંબી વણજાર હતી. મુસ્લિમો તરફથી સાચી રજુઆત કોણ કરે? આ કામ અત્યંત કઠીન હતું. દુશ્મનાવટ અને વિસ્મય આંધીઓ આખા દેશને લપેટમાં લઈ રહી હતી કારણ કે બે કોમી ધારામાં દેશ ફંટાઈ ગયો હતો અને ઈસ્લામના નામને વટાવી પાકિસ્તાન બન્યું હતું તેમજ ઈસ્લામ અને ઈસ્લામના નારાઓ હજુ દેશવાસીઓના કાનમાં અથડાતા હતા, એટલે અન્ય દેશવાસીઓ કહેતા કે ઈસ્લામના નામે પાકિસ્તાન અને હિન્દુઈઝમના નામે આઝાદ ભારત અને રહેલા–બચેલા મુસ્લિમ લીડરો પણ શું કહે?

દેશપ્રેમ દેશદાઝ રાખતા મુસ્લિમોએ ભારતને વતન બનાવવાનું નક્કી કર્યુ હતું અને પાકિસ્તાન બને તેનો વિરોધ કરી આ દેશમાં રહેવાનું નક્કી કર્યુ હતું તેથી આવી વાતો વાહીયાત હતી. અમુક લોકો પાસે આપણાં સાથે આપણાં જ રસ્તામાં કાંટાનું વાવેતર કરાવવામાં આવ્યું હતું. તેને હવે દુશ્મનાવટનું પાણી મળી રહયું હોવાથી તે કાંટાની વાળ બની ચુકી હતી અને તેવા સમયે જ બંધારણ બનવાનું હતું પરંતુ દેશના સત્તાધારી સુત્રો હજુ જમીઅતની મહત્વની કુરબાનીઓ જાણતા હતા અને જમીઅતની ભાગલા વિરૂધ્ધની નિતીથી વાકેફ હતા, તે સમયે કપરૂં ચઢાણ ચઢવા મુજાહિદે મિલ્લત મૌલાના સ્યોહારવી(રહ.) મેદાનમાં આવ્યા અને બંધારણીય બેંચમાં બેસીને આઝાદ ભારતના બંધારણમાં લઘુમતીઓ માટે હક્કો મંજૂર કરાવ્યા અને મૂળભુત હક્કોની લડત જમીઅતની આઝાદી પછીની ખિદમતોમાં એક અજોડ ખિદમત છે અને સૌથી વધુ તો સેકયુલર સ્ટેટ તરીકે ભારતને ગણવામાં આવ્યો. આ તે ખિદમતો છે જેની વિરોધીઓએ પણ નોંધ લીધી છે.

૨૯૯ સભ્યો ધરાવતી બંધારણ સભામાં ૨૮ મુસ્લિમો હતા, જેમાં મૌલાના આઝાદ, મૌલાના મોહાની, તજમ્મુલ હુસૈન, મુહમ્મદ ઈસ્માઈલ વગેરે એ મહત્વની ભૂમિકા નિભાવી હતી. બંધારણ સભાએ બંધારણની મૂળ હસ્તલિખિત કોપી પર અનેક ચિત્રોનો સમાવેશ કર્યો. તેમાં બંધારણના ૧૪માં ભાગ પર અકબર અને ૧૬ માં ભાગ પર ટીપુ સુલતાનનાં ચિત્રોનો સમાવેશ કરીને આ દેશને લોકશાહીને મજબૂત રાખવાની પ્રેરણા આપી.

## દારૂલકઝા અને જમીઅત

જમીઅતે હંમેશા એ માટે મહેનત કરી છે કે મુસ્લિમો પોતાના આપસી મુઆમલાતને કોર્ટોમાં લઈ જવા કરતા તેનું અંદર–અંદર જ નિરાકણ કરવામાં આવે અને તેનાથી કોર્ટોનું ભારણ પણ હળવું થશે કારણ કે આજની કોર્ટોમાં લાંબી–લાંબી મુદતો, સમય અને પૈસાને વેડફી નાંખવા જેથી ગરીબોને માટે એક કેસ પણ આફતરૂપ હોય છે અને આપસની સમજૂતી વડે ઝઘડા મિટાવવામાં આવે. આ માટે અનુભવી મુફતીઓ, કાઝીઓ મારફતે તેઓના ઝઘડાનું નિરાકણ કરવામાં આવે. સારા સમજું માણસોને લવાદ રૂપે નિમીને શાંતિથી પતાવવામાં આવે. આ જ હેતુથી આઝાદી પહેલા અને આઝાદી પછી અમુક અમુક કાઝીઓ અને મુફતીઓ આ સેવા આપતા હતા પણ જમીઅતે આ બાબતે વધુ જાગૃતિ દાખવી અને ઈ.સ. ૧૯૮૬માં ઈમારતે શરઈય્યહની સ્થાપના કરી અને તેના સૌ પ્રથમ અમીર તે સમયના જગ વિખ્યાત આલિમે દીન મૌલાના હબીબુર્રહમાન આઝમી(રહ.)ને બનાવવામાં આવ્યા. તેઓની દોરવણી હેઠળ દેશભરમાં મહકમએ શરઈય્યહની જાળ ફેલાવવામાં આવી. ગુજરાતમાં આનું પ્રમુખ પદ આપણાં બુઝુર્ગ મોહતરમ મુફતી સૈયદ અબ્દુલરહીમ લાજપુરી નવ્વરલ્લાહુ મરકદહુ શોભાવી રહયા હતા અને સાથે જ વારંવાર મુસ્લિમોમાં સમજ પણ આપવામાં આવે છે કે આ મહકમએ શરઈય્યહનો વધારે ને વધારે સંપર્ક સાંધો. નિસ્વાર્થ પણે સરળતાથી ખોટા ખર્ચથી બચીને ઝડપથી ફેસલો કરાવો. આમા સૌથી મોટો ફાયદો એ છે કે અલ્લાહ તઆલા અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમના હુકમોનું પાલન પણ થાય છે. જેથી જ કહેવામાં આવે છે કે આ મહકમએ શરઈય્યહમાં થયેલા ફેસલા અગર કોઈ ભાઈની વિરૂધ્ધ હોય છતાં પણ તે જીતેલો જ ગણાશે કારણ કે તેણે અલ્લાહ તઆલાના હુકમને માથે ચડાવ્યો છે જેથી મુસ્લિમોએ આ વિભાગથી વધુને વધુ ફાયદો ઉઠાવવો જ રહયો.

## સમાજ સુધારણાં

ઈસ્લામ એક સંપૂર્ણ ધર્મ છે. માનવ જીવનની દરેક બાબતોને તેમાં આવરી લેવામાં આવી છે. ઈસ્લામના ભાગરૂપે એક સંપૂર્ણ સમાજ

પણ છે જેની પયગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે મદીનામાં સ્થાપના કરી છે. અને જે સમાજ તે સમયે મદીના મુનવ્વરામાં તૈયાર થયો તે કયામત સુધી આવનારી પેઢીઓ માટે નમૂનારૂપ છે. આ ફિત્નાનો જમાનો છે અને આપણો સમાજ આજે ઈસ્લામી રીતભાત, ઈમાની ઓળખાણ, મુસ્લિમ રહેણીકરણીને છોડી અન્યોની નકલ ઉતારવા લાગ્યો છે. શાદી, મૈયત પ્રસંગે મોટા મોટા ખર્ચાઓ જેને લઈ ઘણાઓનું દેવાદાર બનવું, વ્યાજુ દેવામાં પડવું અને નાચગાન, બેહયાઈ, બેપર્દગી, મર્દ–ઔરતની આપસી મેળમિલાપ, ખોટા સંબંધો, વેરઝેરની નીતિઓ, લડાઈ–ઝઘડા, કૂળ અને ખાનદાનને ઉચ્ચ સમજવું, અન્યને નીચ સમજવું વગેરે વગેરે મુસ્લિમો માટે આજે આ પ્રશ્ન જટીલ સમસ્યા છે. વિરોધીઓએ ઈસ્લામી સામાજિક માળખાને વેરવિખેર કરવા માટે પ્લાન ઘડયો છે. જમીઅતના બુઝુર્ગોએ આ જટીલ પ્રશ્નને હંમેશા અગ્રિમતામાં રાખ્યો છે. ઈ.સ. ૧૯૨૬માં જયારે ભારતના મુસ્લિમોમાં અન્યોની દેખાદેખી નાતજાતના ભેદભાવ ઉગ્રરૂપ ધારણ કરી રહયા હતા ત્યારે જમીઅતે કલકત્તાના ઈજલાસે આમથી આની શુભ શરૂઆત કરી. ઈ.સ. ૧૯૪૨માં ફરી એને નવું રૂપ આપ્યું અને આ પવિત્ર મહેનત ઉમ્મતમાં આજે પણ બરાબર ચાલુ જ છે. મુસ્લિમોએ પોતાના સમાજને સંપૂર્ણ અને દરેક વિધી પ્રસંગોને ઈસ્લામી રૂપ–રંગમાં ઢાળવો જ રહયો.

## નવા ફિકહી મસાઈલ

વિજ્ઞાનયુગમાં આજના જગતમાં નવી–નવી શોધખોળો થયા જ કરે છે. ધંધા ક્ષેત્રે, વેપાર–રોજગાર, વાણીજય, આરામ અને સુખના સામાન વગેરે લગભગ દરેક ક્ષેત્રે નવી–નવી રીતો આગળ આવી રહી છે, જેને લઈ દરેક ઈસ્લામ પ્રેમીની નજર આવી નવી વસ્તુઓ બાબતે શરઈ હુકમ તરફ જ હોય છે. આ માટે કુર્આન–હદીષની રોશનીમાં અને ફુકહા–એ–કિરામ(શરીઅતના ખુબજ જાણકાર)ના મુબારક કથનોની રોશનીમાં આવા નવા મસાઈલની શરઈ હેસિયત(પોઝિશન) નક્કી કરવા બાબત જમીઅતે ૧૯૪૨માં મુફતીઓની એક કમિટી બનાવી જેમાં દેશભરના અગ્રણી આલીમોને

સભ્ય બનાવવામાં આવ્યા, જેની સદારત ફકીહે મિલ્લત મૌલાના સૈયદ મુહમ્મદમિયાં સાહબ(રહ.) શોભાવતા હતા. આ કમિટીએ ઘણાં નવા મસાઈલમાં ઉમ્મતની સચોટ રેહબરી કરી છે. આ જ કમિટીને ઈ.સ. ૧૯૭૦માં "ઈદારતુલ મબાહીસીલ ફીકહીય્યહ"ના નામે નવું રૂપ આપવામાં આવ્યું. જેણે ૧૯૭૧માં શાબાનની છેલ્લી તારીખોમાં રૂયતે હિલાલ(ચાંદ જોવા) બાબતે ભવ્ય કામગીરી કરી અને દિલ્હીમાં આ મસ્અલા બાબતે એક મોટો ઈજતેમા કર્યો જેની મિટિંગો જરૂરત મુજબ દેશના અન્ય ભાગોમાં થતી રહી છે.

## કુદરતી આફતો અને જમીઅત

પૂર, રેલ, વાવાઝોડા, ધરતીકંપ, રોગચાળો એવા ભયાનક આફતના સમયે મઝલૂમોની મદદ હંમેશા જમીઅતે કરી જ છે તેમજ દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારો માટે પણ મહેનત થાય છે. માલ, રોકડ, અનાજ, કપડા વગેરે એકત્ર કરી કોઈપણ જાતના ભેદભાવ વગર મદદ કરવામાં આવે છે. તાત્કાલિક હોસ્પિટલ અને દવાઓનો પ્રબંધ કરવામાં આવે છે તેમજ ફરી આબાદ કરી કામ ધંધાઓની વ્યવસ્થા કરવામાં આવે છે. આ વિષય પર થયેલ ખિદમતોની ઘણી લાંબી દાસ્તાન છે.

## કોમી ફસાદ અને જમીઅત

આઝાદી બાદ જે કોમી ઝઘડાઓ દેશમાં ચાલુ થયા તે આજ સુધી ચાલુ જ છે, લાખો મુસ્લિમોએ જાન–માલ ગુમાવ્યા છે, ઘરો, ગામો, મોહલ્લાઓ વેરાન થયા છે, ધંધાઓને નુકશાન થયું છે, આ બધા મોકા પર જમીઅત મઝલૂમોની વહારે રહી છે. દેશના ભાગલા સમયે જે કોમી ઝઘડાઓ થયા તેમાં માત્ર અને માત્ર જમીઅત જ મુસ્લિમો માટે અલ્લાહ તઆલાના ફઝલથી ઢાલ બની રહી જે એના ઈતિહાસનો સુવર્ણ ભાગ છે. ફસાદાતના સમયે મઝલૂમો સુધી માલ, અનાજ, કપડા પહોંચાડવા રિલીફ વ્યવસ્થા કરવી, ઘરોને ફરીથી આબાદ કરાવ્યા પછી ભાંગેલા ધંધા–રોજગારીને ફરીથી સ્થાપવા કાનૂની કાર્યવાહી કરવી, પકડાયેલાઓને છોડાવવા, મઝલૂમો પર કરવામાં આવેલા ખોટા કેસો લડવા, સરકારને ખરી વાત સમજાવવી તેમજ અન્ય કોમના લોકો સાથે શાંતિ અને સુમેળ ભર્યા સંબંધો ફરીથી

ચાલુ કરાવવા, શાંતિ–એકતા મિટીંગો કરવી વગેરે વગેરે આ બાબતે ખિદમતોનો સિલસિલો ઘણો જ લાંબો છે.

## આર્થિક અને વ્યવસાયિક પ્રોગ્રામો

મુસ્લિમોને આર્થિક રીતે મજબૂત કરવા વ્યવસાયિક અને ઈન્ડસ્ટ્રીયલ પ્રોગ્રામો પણ જમીઅત તરફથી કરવામાં આવ્યા છે. ઈ.સ. ૧૯૫૭માં આ હેતુને નજર સમક્ષ રાખી ઈકોનોમીક બ્યુરોની સ્થાપના થઈ અને વેપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું ચાલુ કરવામાં આવ્યું, સાથે જ લઘુ ઉદ્યોગો–હસ્તકલાને પણ ખાસ પ્રોત્સાહન આપવામાં આવ્યું તેમજ જમીઅત તરફથી અમુક ટેકનિકલ ઈદારાઓ પણ ચલાવવામાં આવ્યા અને વ્યાજુ લેવડ–દેવડમાં વ્યાજના દેવામાં ડૂબવાથી બચાવવા મુસ્લિમ ફંડોની વ્યવસ્થા કરવામાં આવી જેના વડે સફળ સેવાઓ કરવામાં આવી.

## વકફ મિલ્કતો અને જમીઅત

મુસ્લિમોની ધાર્મિક મિલ્કતો, મસ્જિદ, મદ્રસાઓ, કબ્રસ્તાન તેમજ અન્ય જૂની ઈમારતોની સાચવણી એક બહુ જ પેચીદા પ્રશ્ન છે, સરકારે વકફ બોર્ડ ઉભા કરી એની સાચવણીના નામે મુસ્લિમોને આશ્વાસન આપ્યું છે. એની ખરેખર જોઈએ તેવી દેખરેખ થતી રહે તેવી સમયની માંગ છે. ઈ.સ. ૧૯૨૭ના પેશાવરના અધિવેશનમાં એ માટે ખાસ ફિકર થઈ અને અવકાફોની સાચવણીની મહેનત શરૂ કરવામાં આવી, આ મહેનતના ફળ સ્વરૂપે ઈ.સ. ૧૯૩૨માં ઈસ્લામી અવકાફની હિફાઝત અને તેની આવકોને શરઈ રીતે ખર્ચ કરવા બાબત ખરડો યુ. પી. અને બિહાર એસેમ્બલીમાં પાસ થયો. ઘણી બધી એવી મસ્જિદો જે ઐતિહાસિક સંકુલોમાં આવેલ છે જેમ કે લાલ કિલ્લાની મસ્જિદો, તાજમહેલની બાજુની મસ્જિદો વગેરે માટે ઈ.સ. ૧૯૪૪માં ચળવળ ચલાવી અને નમાઝથી આબાદ કરવાની મહેનત કરવામાં આવી. આઝાદી પછી ઈ.સ. ૧૯૫૨માં કાઝમી સાહબ વડે વકફ બિલ પાર્લામેન્ટમાં પાસ કરાવી તેને પ્રચલિત કરવાની મહેનત થઈ. ઈ.સ. ૧૯૭૯માં કુલહિન્દ અવકાફ કોન્ફરન્સ કરવામાં આવી. ઈ.સ. ૧૯૯૫માં કોંગ્રેસ સરકાર પાસે શાનદાર જોગવાઈ વારૂ વકફ બિલ મંજૂર કરાવવામાં આવ્યું, જોકે એમાં ઘણા સુધારાઓ પણ સુ

ચવવામાં આવ્યા હતા.

અત્યારે ઈ.સ. ૨૦૨૪માં વકફનો ખરડો મુસ્લિમ વિરોધી હોય એવું લાગે છે.

## ભણતર વ્યવસ્થા

જમીઅતના વડીલો હંમેશા એ ફિકરમા રહયા કે મુસ્લિમોમાં ભણતરનું પ્રમાણ ઘણું જ ઓછું છે, માટે મુસ્લિમ સમાજ દીની તાલીમના સાથે આજના યુગની નવી તાલીમમાં પણ આગળ રહે અને શરઈ મર્યાદામાં રહી આજના યુગની પ્રચલિત હાઈસ્કૂલ, કોલેજોની ડિગ્રીઓ પ્રાપ્ત કરે. આઝાદી પહેલા પણ આ બાબતે ખિદમતો થઈ અને આઝાદી બાદ ઈ.સ. ૧૯૪૮માં પ્રાઈમરી સ્કૂલો માટે ચાર મુદ્દાનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો અને સ્કૂલની ચોપડીઓમાં થી એવી વાતો કાઢી નાંખવાની માંગણી કરવામાં આવી જેને લઈ ધાર્મિક લાગણીઓ કોઈપણ ધર્મના માનવાવાળાની દુભાય, એ માટે જમીઅતના પ્રમુખ અને તે સમયના ભારતના શિક્ષણ મંત્રી મૌલાના આઝાદ(રહ.)નો મહત્વનો ફાળો છે. આઝાદી પછી ઉર્દૂને કોમવાદી તત્વોએ નિશાન બનાવી ત્યારે જમીઅતે મહેનત કરી એ વાત સ્પષ્ટ કરી કે જેવી રીતે દેશના ભાગલા વિદેશીઓની નાપાક નિતીઓની ઉપજ છે તેવી જ રીતે ઉર્દૂને મુસ્લિમોની ભાષા અને હિંદીને હિન્દુ ઓની ભાષા કહેવડાવી હિન્દુ–મુસ્લિમોમાં ફાટ ફુટ રાખવી એ પણ વિદેશીઓની નાપાક નિતીઓની ઉપજ છે અને જમીઅત આજે પણ આજના યુગની ભણતર વ્યવસ્થા માટે શરઈ મર્યાદામાં રહી કોલેજો, હાઈસ્કૂલો અને અન્ય સંસ્થાઓની સ્થાપનાને પ્રોત્સાહન આપ્યું છે અને મુસ્લિમોમાં ભણતર વ્યવસ્થા આમ કરવા મહેનત કરી રહી છે.

## દીની તાલીમ

જમીઅતના સ્થાપ્ય ઉદ્દેશોમાં એક ધ્યેય દીની તાલીમ પણ છે, એ અગત્યના હેતુને પૂર્ણ કરવા માટે હંમેશા મહેનત કરવામાં આવે છે. હઝરત શૈખુલહિન્દ(રહ.) જયારે માલટાના કારાવાસથી છૂટીને આવ્યા તો આપે ઉલમા–એ–કિરામની એક મજલીસમાં ફરમાવ્યું "માલટાની કાળી કોઠડીઓમાં લાંબા–લાંબા વિચાર પરથી મેં એક તારણ કાઢયું છે કે હિન્દુસ્તાનમાં ગામડે–ગામડે કુર્આન શરીફની

તાલીમ શબ્દોમાં અને તર્જુમા(મતલબ) સાથે આમ કરવામાં આવે." આ જ હેતુના સાથે આપે માલટાના કાળાવાસમાં કુર્આન શરીફનો સરળ ઉર્દૂ તર્જુમો કર્યો (જે આજે અન્ય ભાષાઓમાં પણ જગ પ્રસિધ્ધ છે) હઝરત(રહ.)ની આ ફિકર રંગ લાવી અને અખંડ ભારત તેમજ આજના ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ સહિત જે જે દેશોમાં અને આ દેશોના રહેવાસીઓ જયાં જયાં ગયા છે તેઓની પ્રથમ ફિકર મસ્જિદ અને મદ્રસા હોય છે અને મકાતીબની તાલીમની એક મોટી જાળ પથરાયેલી છે. ૧૯૨૬માં કલકત્તાના ઈજલાસમાં અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓમાં કુર્આન શરીફના તર્જુમાં પ્રચલિત કરવાનું નક્કી થયું. ઈ.સ. ૧૯૫૩માં મઝહબી તાલીમ માટે પ્રાથમિક કોર્ષ તૈયાર થયો જેમાં મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) ની ઉમદા કિતાબ તાલીમુલ ઈસ્લામના વિવિધ ભાષાઓમાં તર્જુમાં કરાવી પ્રચલિત કરવામાં આવ્યા. ઈ.સ. ૧૯૫૫માં દીની તાલીમી બોર્ડની સ્થાપના થઈ, જેને લઈ આખા દેશમાં મકાતીબ કાયમ થયા અને સાથે જ તાલીમી સેન્ટરો પણ ઉભા કરવામાં આવ્યા જેમાં મુઅલ્લિમીન(શિક્ષકો)ને ટ્રેનીંગ આપવાનું નક્કી કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૫૮માં સુપ્રિમ કોર્ટમાં કેરાલા તાલીમી બિલ મંજૂર કરવામાં આવ્યું અને ઈરતીદાદના ફિત્નાને દબાવવા ઈસ્લાહુલ મુસ્લિમીન વિભાગ સ્થાપવામાં આવ્યો અને જરૂરત મુજબ દીની કિતાબો, પુસ્તિકાઓ, લિટરેચરો, હેન્ડબિલો છાપીને મુસ્લિમોમાં આમ કરવામાં આવ્યા.

## જમીઅતની આંતરરાષ્ટ્રીય સેવાઓ (માનવ માત્ર સેવાને પાત્ર)

હદીષે પાકમાં હુઝૂરે પાક સલ્લલ્લાહુ અલયહી વસલ્લમનું પાક ઈરશાદ છે કે "બધા મુસ્લિમો એક શરીર જેવા છે, કોઈ એક ભાગને તકલીફ પહોંચે તો આખુ શરીર દુઃખી થઈ જાય છે." દુનિયાના કોઈપણ ભાગમાં વસ્તા કોઈપણ મુસ્લિમને તકલીફ પહોંચે તો તે જગતના સર્વ મુસ્લિમોની તકલીફ છે. આમ તો સમગ્ર માનવજાતને રાહત આપવી અને કોઈપણ માનવ માત્રને ખોટી રીતે રંજાડવામાં ન આવે એ ઈસ્લામમાં આદેશ છે જ, દરેક માનવ માત્ર બલ્કે સમગ્ર સર્જન (મખલૂક) ને સર્જક અલ્લાહ તઆલાના કુટુંબ સમાન બનાવવામાં

આવ્યું છે. પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ ફરમાવે છે કે "સમગ્ર માનવ જાત અલ્લાહ તઆલાના પરિવાર (કુટુંબ) સમાન છે, અને અલ્લાહ તઆલાનો પ્રિયતમ માનવી તે જ બની શકે છે તે મહાન સર્જક અલ્લાહ તઆલાના પરીવાર સમ પ્રત્યેક સર્જન (મખલૂક) સાથે સદ્‌વર્તન કરે."

જમીઅત પોતાના સ્થાપનકાળથી જ આ બાબતે બરાબર સજાગ છે. પ્રથમ વિશ્વયુધ્ધ સમયે વિશ્વના મુસ્લિમોનું રાજકીય સંગઠન ખિલાફતે ઉસ્માનીયાને તોડવાનો જે પ્લાન થયો તેના વિરૂધ્ધ ખિલાફત ચળવળ ઉપાડી, જેને ઘણા બધા દેશવાસીઓએ સંપૂર્ણ જાની, માલી, દરેક પ્રકારનો ટેકો આપ્યો. ૧૯૩૧માં બ્રિટનમાં પેલેસ્ટાઈન માટે યહૂદી તરફી પોલીસીઓ તૈયાર થઈ અને ઈ.સ. ૧૯૩૮માં બ્રિટનના એજન્ટોએ પેલેસ્ટાઈનમાં ઝુલ્મ ગુજાર્યો. ૧૯૩૯માં વ્હાઈટ પેપર(જે બ્રિટને પેલેસ્ટાઈની અરબો માટે ઝુલ્મ કરતુ બહાર પાડયું) નો સંપૂર્ણ વિરોધ કર્યો અને કાહેરહ કોન્ફરન્સમાં મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) અને મૌલાના અ.હક્ક મદની(રહ.) તશરીફ લઈ ગયા. ઈ.સ. ૧૯૪૬માં અમેરિકા અને બ્રિટને એક મિશન મારફતે પેલેસ્ટાઈનમાં એક લાખ યહૂદીઓને મોકલવાનું કાવતરૂં રચયું તેનો વિરોધ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૫૬માં અલ્જીરીયાના આઝાદી પસંદ ભાઈઓ પર થતા અત્યાચારનો વિરોધ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૬૬માં ચીનના લાલ ગણવેશ ધારીઓએ મુસ્લિમો પર જે ઝુલ્મો કર્યા તેને રોકવા માટે આખા જગતના મુસ્લિમ રાષ્ટ્રોનું ઘ્યાન ખેચાવ્યું અને રાષ્ટ્ર સંઘથી એને રોકવાની અપીલ કરી અને સાથે જ પ્રથમ કિબ્લા બૈયતુલ મુકદ્દસને યહૂદીઓથી છોડાવવાની માંગણી બરાબર ચાલુ જ છે અને ઈઝરાઈલ જે અરબો પર ઝુલ્મ કરે છે તેનો પણ વિરોધ કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૬૯માં બૈરૂતના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈઝરાઈલના બોમ્બ મારાનો વિરોધ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૭૧માં કાહેરહ કોન્ફરન્સમાં ભાગ લઈ જમીઅતે અરબોને સંપૂર્ણ સાથ આપવાનું નક્કી કર્યુ. ઈ.સ. ૧૯૭૩માં ફિલિપાઈન્સના મુસ્લિમો પર ઝુલ્મ થયો અને ત્યાંની સરકાર ગુનાહિત ચુપકીદી સેવતી રહી તેનો વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૭૪માં બર્મા સરકારના હજ્જ

પર પાબંદી લગાવતા કાયદાનો વિરોધ કરાવી ત્યાંના મુસ્લિમો માટે હજજને સરળ બનાવડાવવામાં આવી. ઈ.સ. ૧૯૭૫માં અમેરિકાએ જે ઈઝરાયેલ સાથે શસ્ત્રોની આપ–લે પર ઐતિહાસિક ચુકાદો કર્યો. તેનો સખત વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૮૦માં ઈરાક–ઈરાન યુદ્ધ અને અફઘાનિસ્તાનમાં રશિયાના ખોટા હુમલાને વખોડવામાં આવ્યો. ઈ.સ. ૧૯૮૧માં બર્માના મુસ્લિમો પર ઝુલ્મ અને ઈઝરાયેલની લેબેનોન પર બોમ્બ વર્ષાનો સંપૂર્ણ વિરોધ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૮૨માં ગોલન ટેકરીઓ પર ઈઝરાયેલના ખોટા કબ્જા વિરૂધ્ધ રાષ્ટ્રસંઘને અપીલ કરવામાં આવી. ઈ.સ. ૧૯૮૨માં ઈરાક–ઈરાન જંગ બંધ કરાવવા માટે 'યવમે ચંગેઝ' મનાવવામાં આવ્યો. ઈ.સ. ૧૯૮૭માં દિલ્હી ખાતે તહફફુઝે હરમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું. ૧૯૮૮માં આઝાદ પેલેસ્ટાઈનને માન્યતા આપવા ભારત સરકાર પાસે સફળ માંગણી થઈ અને આઝાદી પછીથી આજ સુધીમાં ભારત સરકારે ઈઝરાયેલને માન્યતા ન આપી હતી પરંતુ ઈ.સ. ૧૯૯૨માં તત્કાલીન વડાપ્રધાને ઈઝરાયેલને માન્યતા આપી તો જમીઅતે તેનો સખત વિરોધ કર્યો. આ એક ઝલક છે તે સેવાઓની જે વિશ્વના અન્ય દેશોના મુસ્લિમો માટે જમીઅતે કરી. સાથે જ બોસ્નિયા, સોમાલીયાના મઝલૂમો માટે પણ જમીઅતે રાષ્ટ્રસંઘથી જોરદાર માંગણીઓ કરી જ છે તેમજ અલ–જઝાઈરમાં આઝાદીની લડતને પ્રાણ પૂરનાર પણ હઝરત શૈખુલહિન્દ અને હઝરત મદની(રહ.) હતા.

## આઝાદી પછી ધર્માન્તર(ઈરતિદાદ)નો ફિત્નો

આઝાદી પહેલાં અંગ્રેજોએ દેશભરમાં ઈસાઈ પાદરીઓ દ્વારા ઈસાઈ ધર્મનો પ્રચાર શરૂ કરાવ્યો હતો જેને રાજકીય પીઠબળ હોઈ તેઓએ મોટા પાયા પર દેશમાં કામ કર્યુ અને ગરીબ પછાત વિસ્તારમાં જીવન જરૂરીયાતની વસ્તુઓ પુરી પાડી તેમજ મનોરંજન વડે પોતાના ધર્મનો પ્રચાર કર્યો અને હિન્દુ તેમજ મુસ્લિમોને ઈસાઈ ધર્મમાં દાખલ કરવા ઘણી મહેનત કરી પરંતુ ઉલમા–એ–કિરામે હંમેશા આ ઈસાઈ ધર્મ પ્રચારકોનો દરેક રીતે જોરદાર મુકાબલો કર્યો. પાદરી ફંડર જે ઘણો જ જાણકાર અને ઈસાઈય્યત ફેલાવવામાં ઘણો જ માહીર હતો તેને

ભારતમાં મોકલવામાં આવ્યો અને તેણે ઠેર–ઠેર ઈસ્લામ પર કાદવ ઉછાળવાનો શરૂ કર્યું તે જ સમયે મૌલાના રહમતુલ્લાહ સાહબ(રહ.) કેરાનવી મેદાનમાં આવ્યા. "ઈઝહારે હક્ક" નામી જોરદાર કિતાબ તૈયાર કરી અને ઈસાઈ પાદરીઓને મુનાઝરામાં જોરદાર જવાબો આપી ઠંડા પાડી દીધા. તેઓના પોલ ઉઘાડા પાડયા અને પાદરીઓને રાજકીય સહાય હોય મૌલાના પર વોરંટ છૂટયો અને મક્કા શરીફ ચાલ્યા ગયા, ત્યાં જઈને પણ અરબના આલીમોને ઈસાઈય્યત વિરૂઘ્ધ કેવી રીતે કામ કરવું તેની સમજ આપી. મક્કા શરીફમાં જ એક મદ્રસો "મદ્રસા સોલતીયહ" નામે સ્થાપ્યો, જે આજ સુધી ખિદમત કરી રહયો છે. આપની આ કિતાબ દુનિયાની વિવિધ ભાષાઓમાં પ્રગટ થઈ ચુકી છે અને ઈસાઈ દેશોમાં આ કિતાબનો પ્રવેશ કાનૂની મનાઈ છે જેણે આ કિતાબને બરાબર વાંચનમાં લીધી તો કોઈ ઈસાઈ ઈન્શાઅલ્લાહ તેની સામે ટકી ન શકશે. આઝાદી સાથે જ અંગ્રેજ સરકાર તો ગઈ પરંતુ ઈસાઈય્યતનો ફિત્નો અહીયાં છોડતી ગઈ, સાથે જ ભાગલાના વેરરૂપ પંજાબ, હિમાચલ પ્રદેશના અમુક ભાગોને વેરાન કરીને ત્યાં ના મુસ્લિમોમાં ધર્માન્તરનો ફિત્નો જબરદસ્તી ચલાવવામાં આવ્યો, સાથે જ ભરતપૂર, અલવર જે રાજસ્થાનના વિસ્તારો છે ત્યાં પણ મુસ્લિમો સાથે જબરદસ્તી થઈ, સાથે જ અમુક વિસ્તારોમાં પણ શુઘ્ધી સંગઠન તરફથી અને આર્ય સમાજ તરફથી દરેક પ્રકારની મહેનતો થઈ. મુસ્લિમોના નામો બદલવામાં આવ્યા, પહેરવેશ અને ઓળખ બદલવામાં આવી, મસ્જિદોને અને ધાર્મિક સ્થળોને બંધ કરવામાં આવ્યા. આવા સમયમાં તે વખતના જમીઅતે ઉલમાના જનરલ સેક્રેટરી મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવી(રહ.)ની જાન માલની બાજીઓ લાગી. બહાદૂરી સાથે માથે કફન બાંધી રાત–દિવસ એક કરી આ ફિત્નાઓનો મુકાબલો કર્યો. મસ્જિદો ખોલાવી, નવી મસ્જિદો બંધાવી અને મુસલમાનોને મુસ્લિમ તરીકે ખુલીને રહેવાની હિંમત આપી.

## જમીઅતના મુખ્ય વિભાગો

જમીઅતના સ્થાપનાકાળથી આજ સુધીમાં દરેક સમયે જરૂરત મુજબ તેના જુદા–જુદા વિભાગોની સ્થાપના થતી રહી છે અને કામો પણ થતા રહ્યા છે. અત્યારે દેશભરમાં રાજય સ્તરે, જિલ્લા સ્તરે,

શેહરી સ્તરે તેની ઘણી શાખાઓ કાર્યરત છે અને સાથે જ નવી દિલ્હી ખાતે તેની મુખ્ય ઓફિસ અને નીચે મુજબના વિભાગો કોમની ખિદમત કરી રહ્યા છે.

**૧. મરકઝે દાવતે ઈસ્લામીઃ–**

આ વિભાગમાં ઈસ્લામી જાણકારી, દીની જરૂરિયાત, સીરતેપાક, કુર્આને કરીમ, હદીષે પાક અને વિવિધ જરૂરતો ઉપર લિટરેચરો, પુસ્તકો, પુસ્તિકાઓ અનેક ભાષાઓમાં પ્રગટ થાય છે અને જરૂરત મુજબ ઈસ્લામી સમજ આપવા અને માનવતાનો સંદેશ આપવા જલ્સાઓ, મજલીસો, સેમિનારો, કન્વેન્શન, અધિવેશનો, મિટીંગોનું આયોજન થાય છે.

**૨. જમીઅત મુસ્લિમ સેક્રેટરેટઃ–**

મુસ્લિમોની આર્થિક પ્રગતિ બાબતે ચર્ચા–વિચારણા અને સર્વે કરવું અને આ માટે વગર વ્યાજે મુસ્લિમ ફંડો તેમજ ટેકનિકલ સંસ્થાઓ ચલાવવી તેમજ સરકારી નોકરીઓ, સરકારી હોદ્દાઓ અને વિવિધ સરકારી વિભાગોમાં વસ્તીની ટકાવારી પ્રમાણે મુસ્લિમોને સ્થાન મળે તે માટે પ્રયત્નો કરવા.

**૩. જમીઅત ટ્રસ્ટ સોસાયટીઃ–**

કાનૂની જરૂરતો પુરી પાડવામાં આવે છે. સાથે જ જમીઅત સાપ્તાહિક ઉર્દૂમાં, શાંતિ મિશન સાપ્તાહિક હિન્દીમાં, જમીઅત પ્રેસ, જમીઅત બુક ડેપોનું સંચાલન, અલ–જમીઅત પહેલા ડેઈલી હતું. ઓગષ્ટ ઈ.સ. ૧૯૮૮થી સાપ્તાહિક થયું છે. શાંતિ મિશન ઓકટોબર ઈ.સ. ૧૯૯૩થી ચાલું કરવામાં આવ્યું છે. આ અખબારો મુસ્લિમોની આવાઝને, મુસ્લિમોના ઉપર થઈ રહેલ ઝૂલ્મોને વાચા આપી રહયા છે.

**૪. ઈસ્લાહુલ મુસ્લિમીનઃ–**

અભણતા અને ધર્માન્તરના ફિત્ના હોય તેવા વિસ્તારોમાં કામો કરવા, ઘણી જગ્યાએ મકતબ અને મદ્રસા પણ ચલાવવામાં આવે છે જેનો સંપૂર્ણ અથવા અમુક ખર્ચ ઉઠાવવામાં આવે છે, ઘણાં વિસ્તારોમાં માત્ર સંચાલનની જવાબદારી નિભાવે છે.

**૫. મબાહીસે ફીકહીય્યહઃ–**

નવા મસ્અલાના શરઈ હલ શોધવા માટે.

**૬. સમાજ સુધારણા વિભાગઃ–**

સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો દૂર કરવા.

**૭. દીની તાલીમી બોર્ડઃ–**

નાના ગામડાંઓ, ઝૂપડપટ્ટીઓમાં મકાતિબોનું સંચાલન.

**૮. અમારતે શરઈય્યહઃ–**

આ વિભાગના હેઠળ દેશના ઘણા ભાગોમાં મહકમએ શરઈય્યહ ચાલે છે, તેનાથી મુસ્લિમોના વિવિધ સામાજિક, આપસી પ્રશ્નોનું શરીઅતની રોશનીમાં નિરાકરણ કરવામાં આવે છે, જેનાથી કોર્ટોનું ભારણ પણ ઓછું થાય છે અને ઝઘડાઓનો શાંતિમય બિનખર્ચાળુ ઉકેલ આવે છે.

**૯. દિલ્હીમાં સ્થાયી ઈમારતોઃ–**

(૧)જમીઅત બિલ્ડીંગઃ– બે માળવારી આ ઈમારત જૂની દિલ્હીના વેપારી એરીયા ગલી કાસીમ જાનમાં આવેલી છે, આ ઈમારત સંસ્થાની અસલ ઓફિસ હતી, અત્યારે–જમીઅત બુક ડેપો અને દિલ્હી સ્ટેટ જમીઅત ઓફિસ એમાં કાર્યરત છે.

(૨)સેન્ટ્રલ ઓફિસઃ– ગલી કાસીમ જાનમાં ભીડભાડ, ગીચ વસ્તી અને સંકડાશને લઈ જયારે તકલીફ ઘણી જ વધી ગઈ ત્યારે જમીઅતના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી મુજાહીદે મિલ્લત મૌલાના સ્યોહારવી(રહ.)ની નજર મુખ્ય ઓફિસ માટે અન્ય જગ્યાઓ શોધવા લાગી. ઈ.સ. ૧૯૬૩, ૨૧ ફેબ્રુઆરીના દિલ્હીનો અત્યાધુનિક વિસ્તાર ૧, બહાદુરશાહ ઝફર માર્ગ, આઈ.ટી.ઓ. મસ્જિદે અબ્દુન્નબીના આજુબાજુની જગ્યા જમીઅતને મળી. ઈ.સ. ૧૯૬૫ના શરૂ વર્ષમાં ગલી કાસીમ જાનથી મુખ્ય ઓફિસ અહીંયા બદલવામાં આવી. ઈ.સ. ૧૯૬૫, ૧૯ એપ્રિલના હઝરત અકદસ શેખ મૌલાના ઝકરીયા સાહબ(રહ.) અને હઝરતજી મૌલાના ઈન્આમુલ હસન સાહબ(રહ.)એ દુઆ ફરમાવી. ૧૩ જૂન, ઈ.સ. ૧૯૬૫ના શૈખૂલ હદીષ મૌલાના ફખરૂદ્દીન સાહબ(રહ.) ની સદારતમાં વર્કીંગ કમિટીની મિટિંગ અહીંયા થઈ અને આ ઈમારતમાં જમીઅતની વિવિધ ઓફિસો જેમકે ઈસ્લાહે મુઆશરા ઓફિસ, ઈસ્લામી સેક્રેટરેટની ઓફિસ, પ્રકાશન ઓફિસ, અમારતે શરઈય્યહની ઓફિસ, શાંતિ મિશન સાપ્તાહિક, અલ–જમીઅત ઉર્દૂની ઓફિસ તેમજ જમીઅતની

મુખ્ય ઓફિસ આવેલ છે. સાથે જ મુફતી કિફાયતુલ્લાહ મિટીંગ હોલ, મદની હોલ, મસ્જિદ, લાયબ્રેરી વગેરે આવેલ છે. સાથે જ અકબર બાદશાહના જમાનાની બંધાયેલી મસ્જિદે અબ્દુન્નબી પણ છે.

(૩)મુજાહિદે મિલ્લત બિલ્ડીંગઃ– દિલ્હીના પ્રખ્યાત ઔદ્યોગિક વિસ્તાર ઓખલામાં આવેલ ભવ્ય ખિદમતો આપનાર જનરલ સેક્રેટરી મૌલાના સ્યોહારવી(રહ.) ના નામ પર છે.

**૧૦. રિલીફ ફંડઃ–**

દેશમાં જયાં પણ ફસાદ, કુદરતી આપત્તિ આવી પડે છે ત્યારે આ વિભાગ કોમની ખિદમતમાં લાગી જાય છે.

**૧૧. મહમૂદ લાયબ્રેરી :–**

ઈસ્લામ અને મુસ્લિમ ઈતિહાસનો અનમોલ ખજાનો દસ્તાવેજી સ્વરૂપમાં અહીં સચવાયેલો છે.

**૧૨. બેવા ફંડઃ–**

મુસ્લિમ બેવાઓની ભલાઈ માટે આ ફંડ કાર્યરત છે.

**૧૩. સ્કોલરશીપઃ–**

દીની અને દુન્યવી ઉચ્ચ અભ્યાસ કરતા તાલીબે ઈલ્મોને સ્કોલરશીપ આપી સહાય કરે છે.

તદ્‌ઉપરાંત જરૂરત મુજબ અન્ય વિભાગો પણ સ્થપાતા રહે છે. હવે પુસ્તિકાના અંતે એટલું જ કહેવું રહયું કે આપણને મોટી આઝાદી તો મળી, પરદેશીઓની ગુલામીની જંઝીરો તૂટી ગઈ અને આપણે સ્વતંત્ર થયા. હવે આપણે પોતાના નફા નુકસાનને ઓળખતા થયા. હવે આપણા દેશને નફારૂપ માળખું બનાવવાનું રહયું અને તેના પર કોઈપણ જાતના રોકટોક વગર અમલ કરવો રહયો પરંતુ આઝાદીનો ખરો ઘ્યેય અહીં પૂરો થતો નથી. આઝાદીનો એક મૂળભૂત ઘ્યેયમાંથી એક ઘ્યેય આંતરિક ભાંગફોડીયા પ્રવૃત્તિ આપણે હજુ સુધી રોકી શકયા નથી. ખરેખર તો આ ઘ્યેય અતિ મહત્વનો હોવો જોઈતો હતો. દેશમાં વસનારા દરેક ધર્મ અને જાતિના લોકો સંપૂર્ણ શાંતિમય રીતે પોતાના ધર્મ પર દેશના બંધારણના માળખામાં રહી આર્થિક, વ્યવસાયિક, સામાજીક, દરેક રીતે આગળ વધે.

એ વાત સ્પષ્ટ છે કે કોઈપણ દેશમાં લઘુમતીઓને પાછળ રાખી દેશની પ્રગતિના સ્વપ્ન જોવા એ મોટી મુર્ખાઈ ભરેલ વાત છે.

## આજનું જગત

આજે દુ:ખની સાથે એ વાત કહેવી છે કે દેશ અને સમગ્ર વિશ્વના લોકો એકબીજાથી ભયભીત છે, કોઈ–કોઈને આગળ વધતું જોવા પસંદ કરતું નથી. દુનિયામાં આઝાદી અને આઝાદ થનાર દેશોની સંખ્યા ઘણી જ વધી છે પરંતુ કોઈને કોઈથી ભરોસો નથી, શાંતિ નથી. દુન્યવી (સાંસારિક) રીતે દરેક પ્રકારની સહુલતો(આસાનીઓ) છે, દોલત અને રાહતો છે અને તે દેશો જેઓએ કોઈની ગુલામી જોઈ નથી અને તે દેશો જે સૌથી વધુ પ્રગતિવાળા છે ત્યાં પણ શાંતિ નથી અને દરેક અન્યથી પોતાને ભયભીત અને અસલામત સમજે છે. લોકો આના જુદા–જુદા કારણો વર્ણવે છે પરંતુ સાચી વાત એ છે કે આપણે વિજ્ઞાન–ટેકનોલોજી, લશ્કરી તાકાત, બહુમતિનું બળ, સત્તા–શસ્ત્રોના નશામાં આગળ વધતા જ ગયા અને સૂર્યમંડળથી આગળ વધવાના પ્રયત્નો કરતા રહયા પરંતુ સર્વજગતના માલિક અને પરમ પરમેશ્વર અલ્લાહ તઆલા અને તેણે સમગ્ર માનવજાતિના ઉધ્ધાર માટે મોકલેલ દૂતો પૈકી અંતિમ દૂત હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમને ભૂલતા ગયા. પોતાના વિચારો અને અનુભવોને જ આપણે સર્વસ્વ સમજી બેઠા એ જ માનવજાતિની મોટી ભૂલ છે. જયાં સુધી માનવજાતિ માટે પરમેશ્વરે મોકલેલ જીવન સિધ્ધાંતોને અનુસરી જીવન નહી વિતાવીશું અને માનવતા–પ્રેમ અને કોમી સહિષ્ણુતાને ન કેળવીશું ત્યાં સુધી આ બધું ચાલતુ જ રહેશે એવુ લાગે છે. અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવે અને સમગ્ર માનવજાતને પારસ્પરિક માનવીય સંબંધો કેળવવાની ખરી સમજ આપે, સમગ્ર જગતમાં શાંતિ જળવાય રહે, ઈન્સાફ અને માનવીય હક્કોનું રક્ષણ થાય એ જ દુઆ. આમીન, સુમ્મ આમીન.

## જમીઅતના ઈતિહાસ અને તેની સેવાઓની એક ટૂંકી ઝલક

નવેમ્બર ઈ.સ. ૧૯૧૯માં દિલ્હી ખાતે ખિલાફત ચળવળના ભવ્ય જલસામાં જેમાં દેશભરના મોટા–મોટા આલીમો–મુસ્લિમ વિદ્વાનો હાજર હતા અને જલ્સામાં મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી(રહ.) અને હઝરત શૈખુલહિન્દ(રહ.)ના ખાસ શાગિર્દ

મૌલાના મુફ્તી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) તેમજ બીજા આલીમોએ લાંબા વિચાર વિમર્શ બાદ આઝાદીની પ્રાપ્તિ અને મુસ્લિમોના પ્રશ્નોના નિરાકરણ માટે સર્વસંમતિથી પરસ્પરના ભેદભાવ ભૂલી એક થઈ એક પવિત્ર સંગઠન "જમીઅતે ઉલમા" ની સ્થાપનાનું એલાન કરવામા આવ્યું.

૨૮ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૯માં અમૃતસર ખાતે જમીઅતનો પ્રથમ શાનદાર જલસો થયો જેનું પ્રમુખ પદ મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી (રહ.) શોભાવી રહયા હતા. આ જલ્સામાં હઝરત શૈખુલહિન્દ(રહ.) અને મૌલાના આઝાદ(રહ.) તેમજ અન્ય બુઝુર્ગોના છૂટકારા માટે ખાસ ફિકર કરી સરકારથી માંગણી કરવામાં આવી.

૮ જૂન ઈ.સ. ૧૯૨૦માં હઝરત શૈખુલહિન્દ(રહ.) અને તેમના સાથીઓને મુંબઈ લાવી છોડવામાં આવ્યા. ૯ જૂન ૧૯૨૦ના ઈલાહાબાદ ખાતે ખિલાફત કોન્ફરન્સમાં "નોન કો–ઓપરેશન(અસહકારનું આંદોલન)" ચળવળ ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૨૦માં કલકત્તામાં ખાસ બોલાવાયેલા અધિવેશનમાં અસહકાર આંદોલનનો પ્રારંભ કરવાનું ઠરાવાયું.

નવેમ્બરમાં શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન(રહ.) સાહેબના અધ્યક્ષપદે દિલ્હી ખાતે અધિવેશન ભરાયું જેમાં કલકત્તા અધિવેશનમાં મંજૂર થયેલ અસહકાર આંદોલનના ઠરાવને ફતવાનું રૂપ આપ્યું જેને ૫૦૦ ઉલમાઓએ પોતાની મહોર મારી. બ્રિટીશ સલ્તનતે ગભરાઈને આ ફતવાને કબજે કર્યો.

નવેમ્બર ઈ.સ. ૧૯૨૧માં રોજ જમીઅતનો ઈજલાસ લાહોરમાં થયો. આ ઈજલાસમાં જમીઅતના બુઝુર્ગોને એ વિચાર આવ્યો કે અં ગ્રેજ સરકારે પોતાના રાજકીય હેતુને વધુને વધુ અસરકારક બનાવવા માટે ભારતીયતાની નાબૂદી માટે અંગ્રેજી રીતભાત પહેરવશ અને અંગ્રેજી સામાનને ભારતીય નાગરિકોમાં ફેલાવવાનું શરૂ કર્યુ છે માટે અંગ્રેજોની આ ચાલને નિષ્ફળ બનાવવા માટે વિલાયતી સામાનનો બહિષ્કાળ અને સ્વદેશી માલની ઉપયોગીતા માટે ચળવળ ચલાવવાનું નક્કી કર્યુ તેમજ માલાબારના મોપલા મુસ્લિમોની બહાદૂરી અને ઈમાની જોશ ખતમ કરવા અંગ્રેજોએ તેઓ પર ભારી ઝુલ્મ કર્યો. જમીઅતે

અંગ્રેજોનો વિરોધ કર્યો અને મઝલૂમ મુસ્લિોની મોટી મદદ કરવામાં આવી.

ઈ.સ. ૧૯૨૨માં અજમેર ખાતે ભવ્ય કોન્ફરન્સ કરવામાં આવી જેમાં સિવીલ નાફરમાની જાઈઝ હોવાનું જાહેર કર્યુ અને અસહકાર આંદોલનને વેગીલુ બનાવવાની સાથે–સાથે ખિલાફતે ઉસ્માનીયા(જે અંગ્રેજોએ પ્રથમ વિશ્વયુદ્ધ પછી વેર વિખેર કરી હતી.)ની ફરી સ્થાપના માટે "યવ્મે દુઆ" તરીકે ૭ એપ્રિલના દિવસે મનાવવામાં આવ્યો. આ ખિલાફત ચળવળને ગાંધીજી સહીત કોંગ્રેસનો સંપૂર્ણ સહકાર હતો.

ઈ.સ. ૧૯૨૨માં શુધ્ધી સંગઠન તરફથી ફિત્નએ ઈરતિદાદ (ધર્માન્તર ફિત્નો) ઉભો કરવામાં આવ્યો. આ માટે જમીઅતે એક તાલીમી વિભાગની સાથે ઈસ્લામી રક્ષણ વિભાગ શરૂ કર્યો જેમાં ફરીથી કલિમા પઢાવી લોકોને ઈસ્લામમમાં દાખલ કરી ઈસ્લામી તાલીમ આપવામાં આવી, સાથે જ આ શુધ્ધી સંગઠનના લીધે આખો દેશ કોમવાદના દાવાનળમાં આવી ગયો. જમીઅતે આ આગને ઠંડી પાડવાની સાથે જ દેશમાં કોમી એકતા સ્થાપવાની મહેનત કરી જે કામ આજે પણ ચાલુ છે.

જાન્યુઆરી ઈ.સ. ૧૯૨૪માં જમીઅતનો ભવ્ય ઈજલાસ કોકનાડામાં થયો, જેમાં જલસાના પ્રમુખ મૌલાના મદની(રહ.) પોતાના પ્રમુખીય પ્રવચનમાં પ્રથમ વાર સંપૂર્ણ આઝાદીની વિચારધારા રજૂ કરી.

૨૬ ડિસેમ્બર ઈ.સ. ૧૯૨૪માં દિલ્હીના પંડિત મદન મોહન માલવીયાનાપ્રમુખપદેએકતાકોન્ફરન્સથઈજેમાંજમીઅતનાબુઝુર્ગોએ ભરપૂર ભાગ લીધો.

જાન્યુઆરી ઈ.સ. ૧૯૨૫માં મુરાદાબાદ ખાતે જમીઅત તરફથી એક ભવ્ય ઈજલાસ રાખવામાં આવ્યો જેમાં મુસલમાનોની કોમી એકતા અને સંગઠન પર ભાર મુકવામાં આવ્યો અને આઝાદીની લડતમાં ભાગ લેનારા જાંબાઝ લડવૈયાઓની સેવાઓને બિરદાવતા તેમને અભિનંદન તથા મુબારકબાદી આપવામાં આવી.

ઈ.સ. ૧૯૨૬માં કલકત્તા ખાતે જમીઅત તરફથી એક ઐતિહાસિક

ઈજલાસ કરવામાં આવ્યો, જેની સદારત મૌલાના સૈયદ સુલેમાન નદવી(રહ.) ફરમાવી રહયા હતા, આ ઈજલાસમાં ભારતની ભૂમિ પર પ્રથમ વાર સંપૂર્ણ આઝાદીનો ઠરાવ બહાદૂરી સાથે મંજૂર કરવામાં આવ્યો, આ ઠરાવની સાથે જ દેશવાસીઓમાં આઝાદી પ્રત્યે હિંમત આવી અને આઝાદીનું દિવા સ્વપ્ન સામે દેખાવા લાગ્યું.

ઈ.સ. ૧૯૨૭માં અંગ્રેજોએ હિન્દુસ્તાનનું બંધારણ ઘડી કાઢવા માટે સાયમન કમિશનની રચના કરી અને તેને ભારત મોકલવામાં આવ્યું, આ કમિશનનો બહિષ્કાર સૌ પ્રથમ જમીઅતે કર્યો. ત્યારબાદ કોંગ્રેસ પણ એમાં સહભાગી થઈ જેને લઈ કમિશન પરત થયું.

તેમજ પેશાવર ખાતે જમીઅતનું અધિવેશન મળ્યું જેની સદારત તે વખતના મોટા આલીમે દીન મૌલાના અલ્લામા અનવરશાહ કશ્મીર (રહ.) ફરમાવી રહયા હતા, આ ઈજલાસ(જલસા)માં આઝાદીના ઠરાવનો પુનરૂચ્ચાર કરી આ શબ્દો સાથે દેશવાસીઓને હાકલ કરવામાં આવી, "આઝાદી આપવામાં આવતી નથી પરંતુ તેને પોતાની મહેનતો વડે છીનવી લેવામાં આવે છે". આ હાકલની સાથે જ દેશવાસીઓમાં આઝાદીની પ્રાપ્તિ માટે એક ગરમીની લહેર દોડી ગઈ. બધુ કરી છુટવાની તૈયારી થવા માંડી અને અંગ્રેજો સમજી ગયા કે હવે દેશને ગુલામ રાખવું શકય નથી.

ઈ.સ. ૧૯૨૮માં કોંગ્રેસે નેહરૂ રિપોર્ટ વડે બંધારણનો નકશો રજૂ કર્યો જેમાં ઈસ્લામિક કાયદાઓનું છડે ચોક ઉલ્લંઘન હતું અને મુસ્લિમોના હક્કોને પાયમાલ કરવામાં આવ્યા હતા અને કોમી ભેદભાવ હતો. જમીઅતે તેનો સખત વિરોધ કર્યો અને દોઢ વર્ષ સુધી કોંગ્રેસ સાથે સંપૂર્ણ છેડો ફાડી નાખ્યો અને પછી કોંગ્રેસ પાસે જ તેનો ત્યાગ કરાવ્યો. પછીથી જ સંબંધો મીઠા થયા, માટે જમીઅતે કોંગ્રેસની બહેન કહેવું એક સંપૂર્ણ નાદાની અને ઈતિહાસથી અજાણતા છે.

ઈ.સ. ૧૯૩૦માં ગાંધીજીએ દાંડીસત્યાગ્રહ શરૂ કર્યો અને અંગ્રેજો તરફથી મીઠું જેવી જીવન જરૂરી વસ્તુ પર ટેકસ લગાવવામાં આવ્યો તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો. જયારે ગાંધીજી સત્યાગ્રહ કરતા કરતા નવસારી નજીક ધામણ ગામે પહોંચ્યા તો હઝરત શૈખુલહિન્દ(રહ.)ના ખાસ શાગિર્દ અને અલ્લામા કશ્મીરી(રહ.)ના

ચહીતા હઝરત મૌલાના હિફ્ઝુર્રહમાન સ્યોહારવી(રહ.) અને મુફતી અતિકુર્રહમાન ઉસ્માની (રહ.) પણ ધામણ પહોંચ્યા (આ ત્રણેય વડીલો જામિઅહ ઈસ્લામિયહ ડાભેલ–સિમલક, જિ.નવસારીના તે સમયે શિક્ષકો હતા.) અને ગાંધીજી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી લડતને પોતાનો સંપૂર્ણ પણે ટેકો જાહેર કર્યો અને ઈસ્લામી ફતવાની રોશનીમાં પણ આ ટેકસને ખોટો ઠેરવવામાં આવ્યો. ગાંધીજી તેઓના ટેકાથી બહું જ ખુશ હતા. દાંડી ચળવળમાં ગાંધીજીની ધરપકડ થઈ તો આપને ટેકો આપનારા ઉલમા–એ–કિરામને પણ જેલ ભેગા કરવામાં આવ્યા.

ડિસેમ્બરમાં (મુસ્લિમ લીગ) સિવાય અન્ય સંગઠનોના સાથ સહકારથી જમીઅતે ભારતીય બંધારણનો મુસદ્દો રજૂ કર્યો.

તથા મુસ્લિમ પર્સનલ લોમાં ખોટી દખલગીરી સમાન કુખ્યાત શારદા એકટનો જમીઅતે વિરોધ કરી તેને બેદખલ કર્યો.

ઈ.સ. ૧૯૩૦માં અમરોહા ખાતે ત્રણ દિવસનો ઈજલાસ કરવામાં આવ્યો, જેમાં પેશાવર ખાતે અંગ્રેજોના ઝુલ્મના શિકાર બનેલા મુસ્લિમો માટે યવ્મે દુઆ અને અંગ્રેજોની નફરત ફેલાવવા દેશ વ્યાપી પ્રોગ્રામ ઘડવામાં આવ્યો.

તથા જમીઅતના સંપૂર્ણ આઝાદીના ઠરાવને ભારતીય રાષ્ટ્રીય મહાસભા આઝાદીના ધ્યેયને સામે રાખીને કોંગ્રેસ સાથે પુનઃસહકારનો પ્રારંભ કર્યો.

માર્ચ ઈ.સ. ૧૯૩૧માં કરાંચી ખાતે એક ઈજલાસ રાખવામાં આવ્યો જેમાં હિન્દુ–મુસ્લિમ ફસાદને વખોડી કાઢવામાં આવ્યો તથા રાજકીય કેદીઓની મુક્તિની માંગણી કરવામાં આવી અને બ્રિટનની પેલેસ્ટાઈન વિરોધી પોલિસીની નિંદા કરવામાં આવી.

તથા જમીઅતે એક બંધારણની નકલ તૈયાર કરાવી જેમાં દરેક ધર્મોને ધાર્મિક બાબતોમાં સંપૂર્ણ આઝાદીનો ઉલ્લેખ હતો.

ઈ.સ. ૧૯૩૨માં મુસ્લિમોની ધાર્મિક મિલ્કતો, મસ્જિદો, મદ્રેસાઓ, કબ્રસ્તાન તેમજ અન્ય જુની ઈમારતોની સાચવણી એક બહુ જ પેચીદા પ્રશ્ન છે અને તેના માટે ઈ.સ. ૧૯૨૭થી ચાલી આવતી અવકાફોની સાચવણીની મહેનતમાં પ્રગતિ થઈ અને આ મહેનતના

ફળ સ્વરૂપે ઈસ્લામી અવકાફની હિફાઝત અને તેની આવકોની શરઈ રીતે ખર્ચ કરવા બાબત ખરડો યુ.પી. અને બિહાર એસેમ્બલીમાં પાસ થયો.

ઈ.સ. ૧૯૩૩માં જમીઅતે આઝાદીની લડતને નવો વળાંક આપ્યો અને સિવીલ નાફરમાનીના પ્રોગ્રામને મુલ્તવી રાખી પૂરેપૂરી આઝાદીની ચળવળને વેગીલી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૩૪માં કશ્મીરના રાજાએ ત્યાંના મુસ્લિમો પર અત્યાચાર શરૂ કર્યો તો જમીઅતે તેનો વિરોધ કરી બંધ કરાવ્યા.

ઈ.સ. ૧૯૩૫માં આઝાદીના લડવૈયાઓની મહેનતથી "ઈન્ડિયા એકટ" ઘડવામાં આવ્યો અને રાજયોની વિધાનસભાને અંગ્રેજો તરફથી જે છૂટછાટ મળી જેને લઈ ચુંટણી આવી અને જમીઅતે દેશના હીત અને મુસ્લિમોના ફાયદાને નજર સમક્ષ રાખી બે શરતો સાથે મુસ્લિમ લીગને કામચલાઉ ટેકો આપ્યો જેને લઈ ઈ.સ. ૧૯૩૬ની ચુંટણીમાં મુસ્લિમ લીગને સફળતા મળી.

આજ વર્ષ ભારતનું બંધારણ ઘડવામાં આવ્યું જેમાં જમીઅતે મુસલમાનોના સામાજીક ધાર્મિક મુશ્કેલીઓના ઉપાય માટે એક ફોર્મ્યુલા રજૂ કરી.

ઈ.સ. ૧૯૩૭માં જમીઅતની મહેનતોના ફળ સ્વરૂપે "શરીઅત એપ્લિકેશન એકટ" પાસ કરાવવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૩૮માં દિલ્હી ખાતે એક ભવ્ય જલસો કરવામા આવ્યોં જેમાં હિન્દુ અને મુસ્લિમો બહુ મોટી સંખ્યામાં હાજર હતા, આ જલસામાં એક ઐતિહાસિક વાત એ હતી કે તેમાં દેશની આઝાદી માટે ભેદભાવ ભૂલી હિન્દુ–મુસ્લિમોને એક થઈ આગળ આવવાની હાકલ કરી.

ઈ.સ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું જેમાં હઝરત મદની(રહ.)એ ઐતિહાસિક ફતવો જાહેર કર્યો કે કોઈપણ ભારતવાસી અંગ્રેજોની ફોજમાં ભરતી ન થાય અને આ યુદ્ધમાં ભારતીયો અંગ્રેજોને કોઈપણ પ્રકારનો સાથ ન આપે.

ઈ.સ. ૧૯૪૦માં ફરીથી ફસ્ખે નિકાહ(લગ્ન તોડવાનું) બિલ અને કાઝી બિલ સુધારાસભર રજૂ થયું.

ઈ.સ. ૧૯૪૧માં ફરીથી અહિંસા ચળવળને વેગવંતી બનાવવામાં આવી.

ઈ.સ.૧૯૪૨માંફરીથીઆજઅહિંસાચળવળમાંસંપૂર્ણઆઝાદીનો પ્રશ્ન મોખરે કરવામાં આવ્યો, જેનો યશ તે સમયના જમીઅતના પ્રમુખ મૌલાના મદની(રહ.)ને છે. તેથી જ અંગ્રેજોએ આપની ધરપકડ કરી જેલ ભેગા કર્યા. સાથે જ અંગ્રેજોએ એક કાળો કાયદો ઘડયો. જેને "ડિફેન્સ ઓફ ઈન્ડિયા રૂલ્સ" નામ આપવામાં આવ્યું. જેમાં કોઈપણ ભારતીયની કોઈપણ જાતના કારણ વગર ધરપકડ કરવામાં આવતી અને જેલમાં મોકલવામાં આવતા. જમીઅતે વર્કીંગ કમિટીની તાત્કાલીક મિટિંગ કરી તે કાયદાનો વિરોધ કર્યો. તથા દેશ અને દરેક રાજયોને સંપૂર્ણ સ્વાયત્તા માટેનો ઠરાવ કરવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૪૫માં સહારનપૂર અધિવેશનમાં દેશના વિભાજન વિશે જમીઅતે પોતાની વૈકલ્પિક યોજના "મદની ફોર્મ્યુલા" રજૂ કરી, તથા જમીઅતે અંગ્રેજો સામે જોરદાર માંગણી કરી કે દેશવાસી આઝાદીના લડવૈયાઓને જેઓનો દેશ નિકાલ કરવામાં આવ્યો છે તેઓને ફરીથી દેશમાં આવવા દેવામાં આવે.

ઈ.સ. ૧૯૪૬માં બ્રિટીશ પ્રધાન મંડળનુ મિશન ભારતીય નેતાઓ સાથે વાતચીત કરવા આવ્યું પરંતુ તેણે મુસ્લિમ કોમથી સંબંધ રાખતા કોઈપણ મુસ્લિમ પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય સાથે વાતચીત ન કરી તેથી જમીઅતે તેનો સખત વિરોધ કર્યો. ઈ.સ. ૧૯૪૬ના એપ્રિલ માસમાં જમીઅતના વર્કીંગ કમિટીના સભ્યોએ અંગ્રેજ સરકારથી મુલાકાત કરી અને દેશની આઝાદી તેમજ મુસ્લિમ પાર્લામેન્ટરી બોર્ડ, મઝહબ, કલ્ચર, સંસ્કૃતિ, બોલવા અને લખવા, ધાર્મિક તાલીમ અને તબ્લીગ, પર્સનલ લો, ધાર્મિક માન્યતાઓ—ધાર્મિક બંદગીઓ—ધાર્મિક ઈબાદત ગાહો અને વકફના વિષયો પર વિચાર વિમર્શ કરી માંગણી કરી કે આ બધી વસ્તુઓ 'ફન્ડામેન્ટલ રાઈટસ'(મૂળભૂત હક્કો) રીતના હોવા જોઈએ, જેમાં સરકાર તરફથી કોઈ દખલગીરી ન હોય અને સાથે જ વિવિધ રાજયો માટે આત્મનિર્ણયનો પૂરેપૂરો હક્ક વસ્તીના આધારે હોય.

ઈ.સ. ૧૯૪૭ની બીજી ફેબ્રુઆરીએ ભારતના મોટા—મોટા શૂ

રવીરો અને આઝાદીના મુખ્લીસ લડવૈયાઓની અહિંસા ચળવળ અને અન્ય બુર્ઝૂગોની તન(જાન), મન અને ધનની કુરબાનીઓ સામે દુનિયાનું તાકતવર સામ્રાજય બ્રિટન ઝૂકી ગયું અને ઝુલ્મની આંધીઓ સમી અને બ્રિટનના વડાપ્રધાને ભારતની આઝાદી બાબતનું એલાન કર્યુ પરંતુ તેમાં ભારતીયોને તેઓના અધિકાર બાબતે કોઈ ઉલ્લેખ ન હતો. તેથી જમીઅતે તેનો સખત વિરોધ કર્યો અને ૧૦ થી ૧૩ માર્ચ "ભય દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો.

સ્વતંત્રતા પછી ઈ.સ. ૧૯૪૭ના ૨૭, ૨૮ ડિસેમ્બરના લખનૌ ખાતે જમીઅત તરફથી એક અધિવેશન બોલાવવામાં આવ્યું જેમાં મૌલાના આઝાદ(રહ.) ના પ્રમુખપદે ઘણાં લાંબા વિચારો બાદ પ્રવર્તમાન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી એક ફેસલો કરવામાં આવ્યો, જેને તે સમયના જનરલ સેક્રેટરી મૌલાના સ્યોહારવી(રહ.) એ વાંચી સંભળાવ્યો. જમીઅત હવે પાર્લામેન્ટરી રાજકારણમાં ભાગ ન લેશે અને પોતાની આગવી પ્રતિભા મુજબ દીની–મિલ્લી સેવાઓમાં વ્યસ્ત રહેશે.

ઈ.સ. ૧૯૪૭માં માઉન્ટ બેટનના ભારતના ભાગલાની યોજનાનો જમીઅતે વિરોધ કર્યો.

ઈ.સ. ૧૯૪૯માં કસ્ટોડિયન ધારાનો દુરૂપયોગને રોકવા માટે એક ચળવળ ચલાવી, મુસ્લિમોની મિલ્કતોની ખોટી જપ્તી થતી અટકાવવામાં આવી.

ઈ.સ. ૧૯૫૨માં દીની તાલીમની ઝુંબેશ આગળ વધારવાનો નિર્ણય કર્યો.

ઈ.સ. ૧૯૫૫માં મુંબઈ સરકારે લેન્ડ એકઝીવિશન બિલ રજૂ કર્યુ જેનો સખત વિરોધ કર્યો.

ઈ.સ. ૧૯૫૯માં કુરબાનીની ઈદને રાષ્ટ્રીય રજામાંથી બાકાત કરવામાં આવી તો જમીઅતે જોરદાર તેહરીક વડે એને ફરી ચાલુ કરાવી.

ઈ.સ. ૧૯૬૦માં વસ્તી ગણત્રી થઈ તો ધારણા મુજબ ઘણાં મુસ્લિમોને વસ્તી ગણત્રીથી બાકાત રાખવાનો પ્લાન તૈયાર થયો. જમીઅતે ગામડે ગામડે ગરીબ લત્તાઓમાં ફરી ફરીને મુસ્લિમોને

શામેલ કરવાની ઝહેમત ઉઠાવી.

ઈ.સ. ૧૯૬૧માં ભેદભાવને ભૂલી એક થવા માટે અને કોમવાદનો વિરોધ કરવા માટે (દિલ્હી ખાતે) મુસ્લિમ કન્વેન્શન બોલાવવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૬૨માં આસામના મુસ્લિમો પર ખોટો આરોપ મૂકી તેઓને દેશનિકાલ કરવાનો પ્લાન તૈયાર થયો તો જમીઅતે તેનો સખત વિરોધ કરી વર્ષો સુધી મહેનત કરી મુસ્લિમોને આબાદ કરાવ્યા.

ઈ.સ. ૧૯૬૩માં આસિસ્ટન્ટ એન્ફોર્સમેન્ટ ઓફિસરે દારૂલઉલૂમ દેવબંદ અને તેના મોહતમીમ સાહેબની ખોટી જડતી લઈ બદનામ કરવાનું કાવતરૂં રચ્યું તો જમીઅતે તેનો વિરોધ કર્યો. આ જ વર્ષે ભારત સરકારના ઈન્ડસ્ટ્રીઝ અને પ્લાનીંગ મંત્રાલયથી માંગણી કરવામાં આવી કે પ્લાન બનાવતી વેળા મસ્જિદ, કબ્રસ્તાનની જગ્યા છોડવામાં આવે. આસામી મુસ્લિમોને ફરીથી બિનભારતીય ઠેરવવામાં આવ્યા તો બે જજોની એક બેંચ આ કામ માટે મંજૂર કરાવવામાં આવી.

ઈ.સ. ૧૯૬૪માં લોકશાહી સંમેલન ભરાયું.

ઈ.સ. ૧૯૬૫માં મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢને કોમીધારામાં સામેલ કરતો સરકારનો ઓર્ડિનન્સ બહાર પાડયો. જમીઅતે તેના વિરૂદ્ધ સુપ્રિમમાં રીટ દાખલ કરી.

ઈ.સ. ૧૯૬૭માં સરકારથી એક નોટિસને નાબૂદ કરવાની માંગણી કરવામાં આવી જેમાં મુસ્લિમોને સિકયુરીટી અને લશ્કરી નોકરીઓથી વંચિત રાખવામાં આવે એવું ફરમાન હતું.

ઈ.સ. ૧૯૬૮માં જે જે જગ્યાઓએ મુસ્લિમોની વસ્તી હોય ત્યાં કબ્રસ્તાન માટે જમીન ફાળવવાની માંગણી થઈ અને જૂના કબ્રસ્તાનો વાપરવા દેવામાં આવે તેની માંગણી થઈ.

ઈ.સ. ૧૯૭૩માં ટેકસેશન લો જેને લઈ ઘણી ધાર્મિક સંસ્થાઓની મોટી આવકો ટેકસમાં જતી હતી તેમાં ફેરફારની માંગણી થઈ.

ઈ.સ. ૧૯૭૬માં નસબંદીનો કાળો કાયદો આવ્યો, જેના મુખ્ય નિશાન મુસ્લિમો જ હતા. જમીઅતે તેનો ઉગ્ર વિરોધ કર્યો અને સાથે જ વીસ મુદ્દાના કાર્યક્રમને પડતો મૂકવા અથવા ફેરફાર કરવાની માંગણી થઈ, કારણ કે એ કાર્યક્રમના લાભો એક તરફી હતા.

ઈ.સ. ૧૯૭૯માં કોમવાદી ફાંસીવાદી પરિબળોને શિકસ્ત (પરાસ્ત કરવા) આપવા "દેશ બચાવો અને કોમ બચાવો" આંદોલન શરૂ કરી વિરોધ કર્યો જેના પહેલાં ચરણમાં ૨૧૨૬ માણસોએ ધરપકડ વ્હોરી લીધી અને બીજા ચરણમાં ૪૬૧૧ માણસોએ ધરપકડ વ્હોરી લીધી.

ઈ.સ. ૧૯૮૦ની વસ્તી ગણત્રીમાં સરકાર તરફથી ધર્મ અને માતૃભાષાને સ્થાન ન હતું. જમીઅતે મેહનત કરીને તેને સ્થાન અપાવ્યું.

ઈ.સ. ૧૯૮૧માં અલીગઢ યુનિવર્સિટીમાં તોફાનો થયા, તેનો વિરોધ કરવા ઓલ ઈન્ડિયા કન્વેન્શન બોલાવવામાં આવ્યું. ઈ.સ. ૧૯૮૩માં બિહારમાં જયારે આસામ જેવા હાલાત ઉભા કરી બિહાર તથા આસામના વિવિધ વિસ્તારોમાં વસતા મુસ્લિમોને વિદેશી ઘુસણખોરોનાં નામે રંજાડવાનો સિલસિલો શરૂ થયો ત્યારે જમીઅતે તેનો બરાબર વિરોધ કર્યો અને આ જ સુધી વિરોધ ચાલુ જ છે.

ઈ.સ. ૧૯૮૫માં કલકત્તાની હાઈર્કોટમાં કુર્આન વિશે એક રીટ દાખલ કરવામાં આવી જેના વિરૂદ્ધ જમીઅતે દેશભરમાં "યવ્મે કુ ર્આન" મનાવી તેનો સખત વિરોધ કર્યો.

ઈ.સ. ૧૯૮૮માં શૈખુલઈસ્લામ મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.)ની વતન અને દીનની સેવાઓને નવી પેઢીઓ સામે લાવવા એક બે દિવસીય સેમિનાર યોજાયો જેનો ઈફતેતાહ(ઉદ્‌ઘાટન) મૌલાના સૈયદ અબુલ હસન અલી નદવી(રહ.) એ ફરમાવ્યો.

૧૬ એપ્રિલ ઈ.સ. ૧૯૯૦માં જમીઅત દ્વારા "યવ્મે કશ્મીર" મનાવવામાં આવ્યો જેમાં કશ્મીરી મુસ્લિમોના જાનમાલની હિફાઝત માટે દેશભરમાં દુઆઓ કરવામાં આવી અને કોમવાદી ગવર્નરને કશ્મીરથી હટાવવાની માંગણી કરવામાં આવી.

ઈ.સ. ૧૯૯૧માં કોમવાદી પરિબળો વિરૂદ્ધ જમીઅતે એક કન્વેન્શનનું આયોજન કર્યુ જેમાં દેશના વિવિધ પક્ષોના લીડરો, વકીલો, સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહયા.

ઈ.સ. ૧૯૯૩માં કોમવાદી પરિબળો વિરૂદ્ધ જમીઅતે એક કન્વેન્શનનું આયોજન કર્યુ.

તેમજ ત્રણ તલાકને દેશના મિડિયાએ ઈસ્લામ દુશ્મનીનું એક હથિયાર બનાવ્યું તેનો સખત વિરોધ કર્યો અને ભવ્ય સેમિનાર કરી બધા પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૯૪માં તહફ્ફુઝે શરીઅત કોન્ફરન્સમાં નાગરિકત્વ સાબિત કરવાના નામે મુસ્લિમો પર થતા ઝુલ્મને રોકવા માટે માં ગણીઓ કરવામાં આવી.

ઈ.સ. ૧૯૯૫માં મુસ્લિમ પર્સનલ લોને ફરીથી ચગાવવામાં આવતા તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ભવ્ય ઈજલાસ કરવામાં આવ્યો અને સમાન સિવિલ કોડનો વિરોધ થયો.

તથા મુસ્લિમોના વિવિધ પ્રશ્નોને વાચા આપવા માટે મુંબઈ ખાતે ૨૫મું અધિવેશન ભરવામાં આવ્યું.

ઈ.સ. ૨૦૦૦માં ધર્મપાલનનના બંધારણીય અધિકારમાં દખલબાજી સમાન યુ.પી. સરકારનાં બંધારણીય ખરડાનો સખત વિરોધ કરી ૧૩મી મેના રોજ લાખોની હાજરીવાળી એક અભૂતપૂર્વ વિશાળ રેલીનું રામલીલા મેદાન નવી દિલ્હી ખાતે સફળ તા પૂર્વક આયોજન કર્યુ.

**આ તે ખિદમતોની એક ઝાંખી છે,**
**જે રાષ્ટ્રીય સ્તરે સફળ રીતે કરવામાં આવી.**

# આઝાદીના અમુક શૂરવીરોની ટૂંકી ઓળખ

## હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દેહલવી(રહ.) (ઈ.સ. ૧૭૦૩–૧૭૬૨)

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દેહલવી(રહ.) પોતાના સમયના ઈમામ, એક મોટા સૂફીસંત, મુહદ્દિષે અઝીમ(હદીષના જાણકાર) એક અનેરી તથા સોનેરી વિચારધારા ધરાવનાર આલીમે દીન હતા.

મુઝફ્ફરનગર જિલ્લાના ફુલત ગામમાં ૨૧ ફેબ્રુઆરી ઈ.સ. ૧૭૦૩ના રોજ આપનો જન્મ થયો, પોતાના વાલિદે મોહતરમ હઝરત શાહ અ.રહીમ(કે જેઓ પોતે પણ પોતાના સમયના એક મોટા સુફી સાહબ, આલીમે દીન હતા.) થી ઈલ્મે દીન હાસિલ કર્યો પછી જયારે આપ હરમૈન શરીફૈનની ઝિયારતના મુબારક સફર પર ગયા તો ત્યાંના પ્રખર અને મોટા–મોટા ઉલમા–એ–કિરામથી ઉલૂમે હદીષ(હદીષનું જ્ઞાન) હાસિલ કરી પોતાના વતન હિન્દુસ્તાન પરત ફર્યા અને દિલ્હીમાં જ રહી જીવનભર દીનની ખિદમત, મિલ્લતની સહી રેહબરી કરવામાં તથા સમાજ સેવામાં આખુ જીવન વિતાવી દીધું.

## સિરાજુલહિન્દ હઝરત શાહ અ.અઝીઝ મુહદ્દિષે દેહલ્વી(રહ.) (ઈ.સ. ૧૭૪૬–૧૮૨૪)

આપ હુજજતુલ ઈસ્લામ હઝરત શાહ વલીયુલ્લાહ દેહલ્વી(રહ.) ના સપૂત પોતાના જમાનાની ઈસ્લાહી તથા અંગ્રેજો વિરૂધ્ધ જેહાદી ચળવળોના સરપરસ્ત હતા. ૨ રમઝાનુલ મુબારક સન હિજરી ૧૧૫૯, મુતાબિક ૩૦ સપ્ટેમ્બર ઈ.સ. ૧૭૪૬ના રોજ આપનો જન્મ થયો.

પંદર વર્ષની ઉંમરમાં જ તમામ ઉલૂમ(દરેક પ્રકારનું જ્ઞાન) હાસિલ કરી ફારીગ(જ્ઞાન પ્રાપ્તિની સનદ મેળવી) થયા, સોળ વર્ષની ઉમર હતી અને વાલિદ સાહેબનો ઈન્તિકાલ થતા તેમની જગ્યા સંભાળી તેમના મિશનને આગળ વધારવામાં લાગી ગયા. સમગ્ર હિન્દુસ્તાનમાં કોઈ એવું ઈલ્મી સંગઠન નથી કે જેનું ઈલ્મી સંબંધ આપના ઈલ્મી

મર્કઝ સાથે જોડાતો ન હોય. મૌલાના સિંધી(રહ.) લખે છે કે એક આલિમે ફકત એટલા માટે ભારતનો સફર કર્યો કે હદીષનો કોઈ એવો ઉસ્તાદ મળે જે શાહ અબ્દુલ અઝીઝ(રહ.)નો શાગિર્દ ન હોય પણ હિન્દુસ્તાનમાં આવો કોઈ ઉસ્તાદ મળ્યો નહી.

૧૮મી સદીમાં જયારે અંગ્રેજોએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામે ભારતમાં ઘુસણખોરી કરી વેપારની આડમાં ભારતને ગુલામ બનાવવાનું સ્વપ્નું સાકાર કરવામાં મશ્ગુલ હતા ત્યારે દિલ્હીના એક મદ્રસામાં ચટાઈ પર બેસી પોતાની દિર્ઘ દ્રષ્ટિ અને ઉંડી ફિરાસત(સમજદારી) દ્વારા અંગ્રેજોની નાપાક મેલી મુરાદ પારખી જઈ અંગ્રેજો સામે જિહાદનું આહવાન કરતો સૌપ્રથમ ફતવો આપે જ બહાર પાડયો હતો અને આ જ ફતવો ભવિષ્યની સઘળી અંગ્રેજો વિરૂધ્ધ જિહાદી કાર્યવાહી માટે બુનિયાદ(પાયો) હતો.

૭ શવ્વાલ હીજરી સન ૧૨૩૯ (૬ મે ઈ.સ. ૧૮૨૪)ના રોજ આપનો ઈન્તિકાલ થયો અને દિલ્હીમાં આરામ ફરમાવી રહયા છે.

## ટીપુ સુલતાન (ઈ.સ. ૧૭૫૧-૧૭૯૯)

મૈસુરના રાજા હૈદરઅલીના ઘરે "ફતેહઅલી સુલતાન ટીપુ" નામી જંગે આઝાદીના એક મોટા લડવૈયાએ જન્મ લીધો, આ પહેલા એમના પિતા હૈદરઅલીએ મૈસુરમાં અંગ્રેજોના વિરૂધ્ધ બે લડાઈઓ લડી. (૧)ઈ.સ. ૧૭૬૭માં જેમાં અંગ્રેજોને હરાવી વિજય ધ્વજ ફરકાવ્યો. (૨)ઈ.સ. ૧૭૮૦માં જેમાં અમુક ગદ્દારોના કારણે હાર સ્વીકારવી પડી.

યુધ્ધ દરમિયાન જ હૈદરઅલી શહીદ થયા આથી તેમના વિરપુત્ર ટીપુએ યુધ્ધની પરંપરા ચાલુ રાખી અને ઈ.સ. ૧૭૯૦માં મૈસુરની ત્રીજી લડાઈ લડી જેમાં વિરતા, શુરવીરતા તેમજ બહાદૂરીનું એવું પરાક્રમ કરી બતાવ્યું કે અંગ્રેજ ગોરાઓ સામેથી આવ્યા અને હાર સ્વીકારી સમાધાન કરવા પર ખુબ જ મજબુર થઈ ગયા. ત્યારપછી ઈ.સ. ૧૭૯૯માં ટીપુએ અંગ્રેજોના વિરૂધ્ધ મૈસુરની ચોથી લડાઈ લડી અને અમુક ગદ્દારોના કારણે સુલતાન ટીપુએ અંગ્રેજોની ગુલામી, કેદ અને તેમની રહમનજર હેઠળ જીવતા રેહવા પર આ કથન કહેતા કહેતા "ગિદડ(ગીધ) કી સો સાલ કી ઝિંદગી સે શેર કી એક દિન કી ઝિંદગી

બેહતર હે" શહાદત વહોરી લીધી.

અંગ્રેજો સુલતાન ટીપુના નામથી જ થર–થર ધ્રુજતા હતા. અંગ્રેજોને સુલતાન ટીપુથી ખુબ જ ડર લાગતો હતો. જયાં સુધી ટીપુ દુનિયામાં જીવતા છે ત્યાં સુધી ભારતમાં પગ ટકાવીને રહેવું ઘણું જ મુશ્કેલ છે તેથી જ જયારે "જનરલ હોર્સ" ને સુલતાન ટીપુની શહાદતની ખબર પહોંચી તો તેણે તેમની લાશ પર ઉભા રહી આ પ્રમાણેના શબ્દો કહયાઃ "આજથી હિન્દુસ્તાન અમારૂં છે."

## સુલતાન ટીપુ હકીકતના આયનામાં

સુલતાન ટીપુનો જે ફોટો પુસ્તકોમાં બતાવવામાં આવે છે તે તેમનો બરાબર ફોટો નથી કેમ કે સુલતાન ટીપુએ પોતાની ઝિંદગીમાં કયારેય પણ ચહેરા પર અસ્તરો(લેઝર) ફેરવ્યો નથી અને તેઓ સુન્નતનાં ખુબ જ પાબંદ હતા. શૈખુલઈસ્લામ હઝરત મૌલાના હુસૈનઅહમદ મદની રહ. પોતાના મકતુબાતમાં લખે છે કે સુલતાન ટીપુ પોતાના જમાનાના કુતુબ (ખુબ જ મોટા અલ્લાહવાળા) હતા. તહજજુદ ગુઝાર હતા.

## બહાદુરશાહ ઝફર (ઈ.સ. ૧૭૭૫–૧૮૬૨)

અબુઝફર સિરાજુદ્દિન મુહમ્મદ બહાદુરશાહ ઝફર મુગલ શાસનના આખરી ફરમારવા(બાદશાહ) અકબર શાહ (બીજાના) મોટા પુત્ર હતા.

૩૦ ઓકટોબર ઈ.સ.૧૭૭૫ના રોજ એક લાલબાઈના પેટે લાલ કિલ્લામાં આપનો જન્મ થયો, બાળપણમાં જ કુર્આને પાક તથા ધાર્મિક શિક્ષણ મેળવ્યું. ખુશનવેસી(સુંદર લખાણ) તથા તીર ચલાવવું, તલવાર ચલાવવી, નિશાન બાઝી, ઘોડે સવારી વગેરેમાં મહારત(નિપૂણતા) પ્રાપ્ત કરી. શેર શાયરીથી ખાસ લગાવ અને ઝોક(શોખ) હોવાથી શાહ નસીર, ઝોક તથા ગાલિબના શાગિર્દ(વિદ્યાર્થી) બન્યા "ઝફર" આપનું ઉપનામ હતું.

૨૮ સપ્ટેમ્બર ઈ.સ. ૧૮૩૭ના અકબર શાહના ઈન્તિકાલ (મૃત્યુ) પછી દિલ્હીમાં ગાદીપતિ બન્યા. ઈ.સ. ૧૮૫૭માં આઝાદીની લડાઈઆપનાવડપણહેઠળજલડવામાંઆવીતેનાલીડરઅનેસેનાપતિ આપ પોતેજ હતા પણ ધાર્યુ પરિણામ પ્રાપ્ત ન થતાં હાર થઈ અને

હુમાયૂના મકબરા પાસેથી ૨૧ સપ્ટેમ્બર ૧૮૫૭માં અંગ્રેજોએ આપની ધરપકડ કરી, ત્યારબાદ "ઝફર"ના શાહઝદાઓને તો ફાંસી આપવામાં આવી અને આપની ઉપર બગાવતનો કેસ ચલાવ્યો, આપને રાણી ઝીનત મહલ તથા શાહઝાદા જવાન બખ્ત સાથે આજીવન તડીપાર કરી રંગુન(બર્મા) રવાના કરી દીધા ત્યાં અંગ્રેજોએ જીવન નિર્વાહ માટે ૬૦૦ રૂા. માસિક ભથ્થું નક્કી કર્યુ પણ આપે તેનો ત્યાગ કર્યો અને ખુબ જ કષ્ટ અને તંગીભર્યા ચાર વર્ષ વિતાવી ૭ નવેમ્બર ઈ.સ. ૧૮૬૨ના રોજ આ ફાની દુનિયા છોડી ઈન્તિકાલ(મૃત્યુ) ફરમાવી ગયા.

**નઝમ**

**(બહાદૂરશાહ ઝફરની છેલ્લી નઝમ)**

લગતા નહીં હે જી મેરા ઉજરે દયાર મેં
કિસકી બની હે આલમે નાપાયદાર મેં
બુલબુલ કો બાગબાં સે ન સય્યાદ સે ગિલા
કિસ્મત મેં કૈદ થી લિખ્ખી ફસ્લે બહાર મેં
કેહ દોં ઈન હસરતોં સે કહીં ઔર જા બસે
ઈતની જગહ કહાં હે દીલે દાગદાર મેં
એક શાખ ગુલ પે બેઠ કે બુલબુલ હે શાદમાં
કાંટે બિછા દિયે હેં દીલે લાલહઝાર મેં
ઉમ્રે દરાઝ માંગ કે લાયે થે ચાર દિન
દો આરઝૂ મેં કટ ગએ, દો ઈન્તિઝાર મેં
દિન ઝિંદગી કે ખતમ હુએ શામ હો ગઈ
ફૈલા કે પાંવ સોએંગે કુંજે મઝાર મેં
કિતના હે બદનસીબ ઝફર દફન કે લિયે
દો ગઝ ઝમી ભી મિલ ન સકી કુએ યાર મેં

## રાજા જસવંતરાવ હોલકર (ઈ.સ. ૧૭૭૬–૧૮૧૧)

ઈન્દોરના રાજા ટીકુજીરાવના પુત્ર અને મલ્હાર રાજયના સ્થાપક રાવ હોલકરના પૌત્ર છે, તેઓ સારા રાજા હતા. ૧૮મી સદીના મોટા લડવૈયા તથા અંગ્રેજોને દેશથી ખડેદી દેવાની લડતમાં સિંહફાળો આપનાર જાંબાઝ રાજાઓમાં આપની ગણના થાય છે.

## રાજા રણજીતસિંહ (ઈ.સ. ૧૭૮૦–૧૮૩૯)

સરદાર મોહનસિંહના સુપૂત્ર રણજીતસિંહનો ૨ નવેમ્બર ઈ.સ.

૧૭૮૦ના રોજ જન્મ થયો. ઈ.સ. ૧૭૯૯માં અફઘાનિસ્તાનના રાજા શાહઝમાનની મદદથી લાહોરમાં રાજ મેળવ્યું. ઈ.સ.૧૮૦૨માં અમૃતસર કબ્જે કર્યુ. ઈ.સ. ૧૮૦૯માં મુલ્તાન(પાક.) પાછા ફર્યા, તેમના શાસનકાળ દરમિયાન શીખોનું રાજય અને તેમની શકિત–સત્તા ખૂબ મજબૂત હતી અને આપનો સૂરજ મધ્યમાં હતો. અંતમાં ૨૭ જૂન ઈ.સ. ૧૮૩૯ના રોજ આપનો દેહાંત થયો.(તારીખે સિંધ)

## રાજા રણજીતસિંહનો જુલ્મી શાસનકાળ અને બાલાકોટ ચળવળ

સુલતાન ટીપુની શહાદતના કેટલાક વર્ષો પછી રાજા રણજીતસિંહ પંજાબનો હાકિમ(બાદશાહ) બન્યો, રાજા રણજીતસિંહે મુસલમાનો પર ખુબ જ જુલ્મ કરવાનું શરૂ કર્યુ હતુ, એણે લાહોરની શાહી મસ્જીદના ચોગાન(ચોક)ને તબેલો બનાવી દીધો. પુખ્તવયની છોકરીઓની ઈઝઝતના ધજાગરા ઉડાડયા, તેના આ જુલ્મી શાસનની ખબર "રાયબરેલી" માં એક મર્દે મુજાહીદ જેમનું નામ "સૈયદ અહમદ શહીદ" ને પહોંચી. તેઓ બેચેન થઈ ગયા, રાજા રણજીતસિંહના વિરૂધ્ધ ધર્મયુધ્ધની લલકાર કરી ફોજમાં ભરતીનું એલાન કર્યુ અને ૭૫૦ યોધ્ધાઓ અને ૧૦,૦૦૦ અનુયાયીઓને લઈ ઈ.સ. ૧૮૨૬માં રાયબરેલીથી નિકળતા પહેલા સૈયદ અહમદ શહીદ રહ. એ પોતાના માનવંતા વિદ્યાર્થી શાહ ઈસ્માઈલ શહીદ રહ.ને પંજાબ મોકલ્યા હતા, ત્યાં જઈ શાહ ઈસ્માઈલ શહીદ રહ. એ વાતાવરણનું નિરીક્ષણ કરી રિપોર્ટ મોકલ્યો કે મુસલમાનો પર સખત અત્યાચાર(જુલ્મ) થઈ રહયો છે, તેથી સૈયદ અહમદ શહીદે પોતાના અનુયાયીઓ સાથે રહી ઈ.સ. ૧૮૨૭માં પેશાવર પર હુમલો કરી વિજય ધ્વજ લહેરાવ્યો અને કેટલાક બીજા સ્થળો પર વિજય કૂચ કરી. રાજા રણજીતસિંહને જયારે આ અણધાર્યા વિજયની જાણ થઈ તો સ્તબ્ધ થઈ ગયો અને સમાધાનની વાત કરી પોતાના એલચી રવાના કરી કહેવડાવ્યું કે તમોએ જે જે સ્થળો પર વિજય મેળવ્યો છે તે તમારા તાબામાં છે અને આગળ ધપવું નહી.

## નવાબ અમીરખાન (ઈ.સ. ૧૭૬૮–૧૮૩૪)

નવાબ અમીરખાન ટોન્ક રાજયના નવાબ અને રાજા હતા,

પિતાનું નામ મુહમ્મદ હયાતખાન અને દાદાનું નામ તાલેઅ મુહમ્મદ ખાન હતું કે જેઓ મુગલ બાદશાહ મુહમ્મદશાહના શાસનમાં સરહદથી રોહીલખંડના ઈલાકામાં આવ્યા અને મુરાદાબાદ જિલ્લાના સંભલ ખાતે ઈસ્વી સન ૧૭૬૮માં અમીરખાનનો જન્મ થયો, આપ ઘણાં જ બેખૌફ, નિડર અને બહાદૂર હતા, રાજા યશવંતરાવ હોલકર સાથે મળીને ઘણી લડાઈયોમાં ફતેહ હાસિલ કરી. ઈ.સ. ૧૮૧૭ સુધી તો આપ પણ અંગ્રેજોના પાક્કા વિરોધી હતા, ઘણી વખત અંગ્રેજો પર હુમલાઓ કર્યા, પણ ધાર્યું પરિણામ ન મળતા ૬ જાન્યુઆરી ઈ.સ. ૧૮૧૮માં એક સુલેહનામા પર હસ્તાક્ષર કર્યા, ટોંક રિયાસતની સ્થાપના પણ આ સુલેહ નામાને લીધે થઈ, આ સુલેહનામા પહેલા હઝરત સૈયદ અહમદ શહીદ(રહ.) આપના લશ્કરમાં જ જોડાયેલ હતા. ૩,સપ્ટેમ્બર ઈ.સ. ૧૮૩૪ના રોજ આપનો ઈન્તિકાલ થયો.

## સૈયદ અહમદશહીદ રાયબરેલી(રહ.)
## (ઈ.સ. ૧૭૮૬–૧૮૩૧)

સૈયદ અહમદ બિન સૈયદ મુહમ્મદઈરફાન તે મોટા મુસ્લિહીન (સમાજસુધારકો) અને મુજાહિદીન પૈકી એક છે કે જેમણે હિન્દુસ્તાનને જિહાદની ઓળખ આપી, જેમણે હિન્દુસ્તાનનો મોટાપાયે સફર કર્યો અને એવું દીની પરિવર્તન આણ્યું કે જેની મિસાલ(નમૂનો) સદીઓના ઈતિહાસમાં પણ જોવા નથી મળતો, એક મંતવ્ય પ્રમાણે ૪૦,૦૦૦ (ચાલીસ હજાર)થી વધુ બીનમુસ્લિમોએ આપના પાવન હાથ પર તૌબા કરી અને ૩૦ લાખ મુસલમાનો બયઅત થયા.

૨૮, નવેમ્બર ઈ.સ. ૧૭૮૬ના રોજ તકીયા શાહ ઈલમુલ્લાહ શહેર રાયબરેલીના મશહૂર હસની ખાનદાનમાં આપનો જન્મ થયો. જિહાદનો શોખ, ઈબાદતનો ઝોક, મખ્લૂકની સેવા ભાવના વગેરે આપના જન્મજાત ગુણો છે.

બાળપણમાં આપના દિલમાં તાલીમ(પઢવા–ભણવા)થી ખાસ લગાવ ન હતો પછી ખરી જવાનીમાં આપ દિલ્હી પહોંચી વલીયુલ્લાહી ખાનદાનમાં તાલીમ વ તરબીયત પ્રાપ્ત કરી અને વલીયુલ્લાહી ખાનદાનના તે વખતના રોશન ચિરાગ હઝરત શાહ

અ. અઝીઝ(રહ.) થી બયઅત થયા અને હઝરતથી ખિલાફતનું બહુ માન મળ્યું.

૭, વર્ષ ટોંક રાજયના વડા અમીરખાનની ફોજમાં રહી લશ્કરી કવાયતમાં મહારત(અનુભવ) હાસિલ કરી પછી દિલ્હી પધારીને ખાનકાહી નિઝામ શરૂ કરી ઈસ્લાહી(સમાજ સુધારણા) મિશન ચાલુ કર્યુ અને હઝરત શાહ ઈસ્માઈલ શહીદ(રહ.), હઝરત મૌલાના અ.હક્ક સિદ્દીકી બુઢાનવી(રહ.) જેવા જગ વિખ્યાત ઉલમા–એ–કિરામ આપથી બયઅત થયા. ઈ.સ. ૧૮૨૨માં લગભગ ૮૦૦ સાથીઓના કાફલા સાથે સફરે હજ કર્યો. ૧૭ જાન્યુ આરી ઈ.સ. ૧૮૨૬માં પાંચસો જાંબાઝ, જાંનિસાર મુજાહિદો સાથે જિહાદની શરૂઆત ફરમાવી, દેશભરમાંથી મુજાહિદોના કાફલાઓ આવતા ગયા અને લશ્કરમાં જોડાતા ગયા ત્યાં સુધી કે એક સમયે આ મુજાહિદોની સંખ્યા ૧ લાખ સુધી પહોંચી ગઈ, અંગ્રેજો અને અન્ય દુ શ્મન ફોજો સાથે ઘણી જગ્યાએ લડાઈઓ થઈ, મુજાહિદો બહાદૂરીપૂ ર્વક પોતાનું જોમ દેખાડતા રહયા, અંતમાં ૬, મેં ઈ.સ. ૧૮૩૧ના રોજ આ અઝીમ મુજાહિદ, મુસ્લિહ, આલિમેદીન જિહાદ કરતા કરતા બાલાકોટની લડાઈમાં શહીદ થયા.

**શાહ ઈસ્માઈલ શહીદ(રહ.) (ઈ.સ. ૧૭૭૯–૧૮૩૧)**

શાહ ઈસ્માઈલ શહીદ(રહ.) દિલ્હીના પ્રખ્યાત વલીયુલ્લાહી ખાનદાનના સપૂત અને હોનહાર આલીમે દીન અને સૈયદ અહમદ શહીદ(રહ.)ની "ઈસ્લાહ(સુધારણા) અને જિહાદ" ચળવળના બુનિયાદી કારકૂન અને રૂક્ન હતા.

શાહ વલીયુલ્લાહ(રહ.) ના ફરઝંદ શાહ અબ્દુલગની મુજદ્દિદીના ઘરે ઈ.સ. ૧૭૭૯માં દિલ્હી ખાતે આપનો જન્મ થયો.

પ્રાથમિક શિક્ષણ પોતાના વાલિદ સાહેબથી હાસિલ કર્યુ, તેમની વફાત પછી હઝરત શાહ અ.કાદીર સાહેબ(રહ.)એ તરબિયત ફરમાવી, હઝરત શાહ અ.અઝીઝ સાહેબ(રહ.) થી હદીષની સનદ હાસિલ કરી ત્યારબાદ હઝરત સૈયદ અહમદ શહીદ(રહ.)ના હાથ પર બયઅત થયા અને દરેક સફરમાં આપની સાથે જ હતા. અંતમાં ૬ મે ઈ.સ. ૧૮૩૧ના રોજ આ અઝીમ મુજાહિદ, આલીમે દીન જિહાદ કરતા કરતા બાલાકોટની લડાઈમાં શહીદ થયા અને આખું જીવન

પોતાના પીરો મુર્શિદના ચરણોમાં જ ન્યોછાવર કરી દીધું.

## મસીહુલમુલ્ક હકીમ અજમલખાન (ઈ.સ. ૧૮૬૪–૧૯૨૭)

મસીહુલ મુલ્ક હકીમ અજમલખાન જંગે આઝાદીની લડતના પ્રથમ હરોળના લડવૈયા અને દવા–ઈલાજ માટે જગતમાં ઉંડા જ્ઞાની હતા.

૧૧ ફેબ્રુઆરી ઈ.સ. ૧૮૬૪ના રોજ દિલ્હીના મશ્હૂર શરીફી ખાનદાનમાં આપનો જન્મ થયો, ખાનદાની રિવાજ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ ઘરમાં જ પુરૂ કર્યુ, ત્યારબાદ આગળની તાલીમ દિલ્હીના તે વખતના નામાંકિત ઉલમા–એ–કિરામ જેમ કે પીરજી સિદ્દીક અહમદ દેહલવી, મૌલાના અબ્દુલ હક્ક હક્કાની, મૌલાના હકીમ જમીલુદ્દીન નગીનવી વગેરેથી ઈલ્મ હાસિલ કર્યુ. પોતાના વાલિદે મોહતરમ હકીમ મહમૂદખાન તથા મોટા ભાઈ હકીમ અબ્દુલમજીદખાન પાસે હિકમતનો કોર્ષ પૂરો કરી જગ વિખ્યાત હકીમ(વૈદ) બન્યા. આપની મહારત, કાર્યક્ષમતા, કુશળતાને લીધે બ્રિટીશ ગર્વન્મેન્ટ તરફથી "હાઝીકુલ મુલ્ક" (દેશનો સૌથી માહીર નિપૂણ વૈદ) નો ખિતાબ મળ્યો અને "કેશરે હિન્દ" (દેશના આયુર્વેદ જગતના બાદશાહ) એવોર્ડ ઈનાયત કરવામાં આવ્યો જે આપે નોન–કો–ઓપરેટિવ(અસહકાર) ચળવળ વખતે અંગ્રેજ સરકારને પાછો આપી દીધો, આઝાદીની દરેક ચળવળમાં આપે નેતારૂપ ભાગ લીધો. ઈ.સ. ૧૯૨૦માં જમીઅતના દિલ્હી ખાતેના ઈજલાસમાં આપ "સ્વાગત સમિતિના પ્રમુખ" હતા. તદઉપરાંત આપ સારા શાયર અને ઉર્દૂ સાહિત્યકાર પણ હતા. આપની " દિવાને હાઝિક" મશ્હુર કિતાબ છે. માનવ મિત્રતા, સમાજ સેવા, દેશ ભકિત, દયાભાવના વગેરે સદ્ગુણો આપના જન્મજાત ગુણો છે.

૨૮–૨૯ ડિસેમ્બર ઈ.સ. ૧૯૨૭ની મધ્યરાત્રીએ આપ મુલ્ક–મિલ્લતના મસીહા ખુદાને પ્યારા થઈ ગયા. રામપુરમાં વફાત થઈ અને દિલ્હીની મશ્હૂર દરગાહ સૈયદ હસન રસૂલનુમામાં દફન થયા.

## શ્રી મહાત્મા ગાંધી (ઈ.સ. ૧૮૬૯–૧૯૪૮)

ગાંધીજી, આપનુ પુરૂ નામ મોહનદાસ કરમચંદ ગાંધી છે. ૨, ઓકટોબર ઈ.સ. ૧૮૬૯ના રોજ સૌરાષ્ટ્ર, કાઠીયાવાડના પોરબં

દર ખાતે આપનો જન્મ થયો હતો, ભાવનગર તથા રાજકોટમાં પ્રાથમિક શિક્ષણ લીધુ. ઈ.સ. ૧૮૮૭માં મેટ્રીક પાસ કરી ઈ.સ. ૧૮૮૮માં ઈંગ્લેન્ડ ગયા, ત્યાંથી ઈ.સ. ૧૮૯૧માં બેરિસ્ટરી પાસ કરી બેરિસ્ટર બન્યા. ઈ.સ. ૧૮૯૩માં હિન્દુસ્તાન પાછા ફર્યા અને આઝાદીની ચળવળમાં ભાગ લીધો. ઈ.સ. ૧૯૧૭માં પહેલીવાર ચંપારણ બિહારથી સત્યાગ્રહ કર્યો. ઈ.સ. ૧૯૧૯માં હિન્દુસ્તાનના રાજકારણમાં એક લીડર તરીકે આગળ આવ્યા, કોંગ્રેસે આપની છત્રછાયા હેઠળ આઝાદીની લડાઈમાં ભાગ લીધો ઘણી વખતે જેલવાસો કર્યો સત્યતા, પ્રમાણિકતા, સાદગીને આજીવન વળગી રહયા, એક આગેવાન(લીડર) હતા. જમીઅત મારફતે ઘણી વખત પ્રવાસો કરી આઝાદીની લડતને દેશભરમાં આગળ ધપાવવા ખુબ મહેનત કરી પોતાનુ સર્વસ્વ ખપાવી દીધું.

આપના ઉચ્ચ સંસ્કાર, આપની સત્યતા, પ્રમાણિકતા, સાદગી, સહીષ્ણુતા, અહિંસા, દયાભાવના વિશે ઘણુ બધુ લખાયું છે.

૩૧ જાન્યુઆરી ઈ.સ. ૧૯૪૮ના રોજ પોતાના સમુદાયના અમુ ક અસામાજિક કોમવાદી તત્વોની ગોળીઓના નિશાન બન્યા, અને દેશની સેવામાં પોતાના પ્રાણ ન્યોછાવર કરતા ગયા.

## મૌલાના હકીમ સૈયદ નુસરતહુસેન સા.કોળા જહાંઆબાદી (ઈ.સ. ૧૯૧૭)

મૌલાના હકીમ સૈયદ નુસરતહુસેન સા.કોળા જહાંઆબાદ, જિલ્લા ફતેહપુરના એક જમીનદાર સૈયદ ખાનદાનના હતા. લાહોર, કાનપૂર, દિલ્હી વગેરે સ્થળોએ આપે તાલીમ લીધી અને પછી દારૂલઉલૂમ દેવબંદમાં દાખલ થઈ અલ્લામા શબ્બીર અહમદ ઉસ્માની(રહ.) સાથે કોર્સ પૂરો કરી શૈખુલહિન્દ(રહ.)ના વરદ હસ્તે સનદ હાસિલ કરી, ત્યારબાદ લખનૌ વગેરે સ્થળોએ હિકમતનો કોર્ષ પૂરો કર્યો અને 'હકીમ સાહેબ' બન્યા જયારે શૈખુલહિન્દ(રહ.) ખિલાફત ચળવળને લઈ હિજાજે મુકદ્દસ ગયા તો ત્યાં આપની સફરે હજ્જ દરમિયાન શૈખુલહિન્દ(રહ.) સાથે મુલાકાત થઈ અને આપ પણ શૈખુલહિન્દ(રહ.) સાથે ચળવળમાં જોડાઈ ગયા અને આજીવન સાથ નિભાવ્યો જયારે માલટાના કારાવાસ દરમિયાન આપને એકલાને

કારાવાસમાંથી જવાની છૂટ મળી તો આપ શૈખુલહિન્દ(રહ.)ને છોડી જવા તૈયાર ન થયા અને તેમની સાથે જ કારાવાસમાં રહયા માલટાના કારાવાસ દરમિયાન જ ઈ.સ. ૧૯૧૭ના રોજ કેદખાનામાં જ આપનો ઈન્તિકાલ થયો. કારાવાસ દરમિયાન પણ આપ ખુબ જ ઈબાદત અને તહજજુદની ખુબજ પાબંદી કરતા હતા અને પોતાના દેશ અને સમાજની મોહબ્બતમાં કારાવાસ દરમિયાન પોતાનું જીવન કુરબાન કર્યુ. માલટા ટાપુમાં આપની કબર છે.

વધુ વિગત માટે જુઓ અમારી કિતાબ: દેખી હુઈ દુનિયા ભાગ–પ.

## હઝરત મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.)
## (ઈ.સ. ૧૮૭૫–૧૯૫૨)

આપ હિન્દુસ્તાનના મોટા મુફતીએ આઝમ અને પ્રખર આલીમે દીન છે. શાહજહાંપુરના એક ગરીબ ખાનદાનમાં ૧૮૭૫ ઈસ્વીમાં આપનો જન્મ થયો, પ્રાથમિક તાલીમ પોતાના વતન શાહજહાંપુરમાં લીધી, ત્યારબાદ મદ્રસા કાસિમિય્યહ શાહીમુરાદાબાદ તથા દારૂલઉલુમ દેવબંદમાં મહામુલી ઉલમાએ દીનથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, ઈ.સ. ૧૮૯૭માં દારૂલઉલુમ દેવબંદથી આલિમીય્યતની સનદ હાસિલ કરી.

પોતાની ખુદાદાદ હોંશિયારી, ચપળતા, યાદશકિત, જબરદસ્ત વહિવટ કાર્યક્ષમતા વગેરેને લઈ આપ પોતાના સાથીઓથી ઘણાં આગળ આવી ગયા. કુતુબે આલમ હઝરત મુફતી રશીદઅહમદ ગંગોહીથી બયઅત થઈ રૂહાની પાકીસફાઈમાં પણ લાગેલા રહયા. કોર્સ પૂરો કરવા પછી લગભગ (પ)વર્ષ મદ્રસા અયનુલઉલૂમ શાહજહાંપુરમાં ઈફતા કલાસમાં પઢાવ્યું અને ઈ.સ. ૧૯૦૪માં દિલ્હી તશરીફ લાવી મદ્રસા અમીનીય્યહના સદર મુદર્રિસ(હેડ માસ્ટર) તથા સદર મુફતી નિયુકત થયા, બાદમાં ત્યાના પ્રિન્સીપાલ પણ નિયુકત થયા, કોર્સ પૂરો કર્યા પછીથી સળંગ (પપ) વર્ષ પઢાવવાના સમયકાળ દરમિયાન સેંકડો હજારો ઉલમા–એ–કિરામ આપના હાથ નીચે તૈયાર થયા જેમાં મૌલાના એજાઝ અલી(રહ.) સાહબ ફકીહે વકત મુફતી મહદી હસન સાહબ(રહ.) સહબાનુલ હિન્દ મૌલાના અહમદસઈદ સાહબ(રહ.) જેવા ઘણાં ઉલમા–એ–કિરામનો સમાવેશ

છે. દર્સ–વ–તદરીસ(શિક્ષણ આપવું) ફતાવાના કામો સિવાય મિલ્લી(કોમી) કામો અને સિયાસી(રાજકારણના) મેદાનમાં પણ આપની સેવાઓ લા જવાબ છે. ઈ.સ. ૧૯૧૭માં અંજુમને ઈઆનતે નઝર બંદાગાને ઈસ્લામની સ્થાપના કરી, જમીઅતની સ્થાપનામાં પણ આપની ફિકરો શામેલ છે, (૨૦) વર્ષ સુધી જમીઅતના સદર અને પ્રમુખ રહયા, આપના આ સમય ગાળામાં જમીઅતની પ્રગતિ કોઈથી છુપી નથી.

અંગ્રજો વિરૂધ્ધ નોન–કો–ઓપરેટિવ ચળવળનો પ્રખ્યાત ફતવો જેના ઉપર ૫૦૦ ઉલમા–એ–કિરામે મહોર મારી તે ફતવો આપે જ તૈયાર કર્યો હતો.

ઈ.સ. ૧૯૨૨માં જયારે શુધ્ધી સંગઠને જોર પકડયું ત્યારે હઝરત મુફતી સાહબે પણ મેદાનમાં આવી અથાગ પ્રયત્નો કરી ઘણાં મુસલમાનોને મુરતદ થતા બચાવ્યા.

ઈ.સ. ૧૯૨૯માં "જમીઅતે" આપની છત્રછાયા હેઠળ શારદા એકટ વિરૂધ્ધ "મજલીસે તહફફુઝે શરીઅત" નિયુકત કરી દેશ ભરમાં તેનો વિરોધ કરાવ્યો.

આઝાદીની લડતમાં પણ મોટો ભાગ લીધો અનેક વખત જેલમાં ગયા, એક વખત છ માસ જેલમાં વિતાવ્યા, બીજી વખત દોઢ વર્ષ સુધી સખત કેદની તકલીફો વેઠવી પડી.

મશહૂર સૂફીસંત આલિમે રબ્બાની હઝરત મૌલાના અહમદઅલી લાહોરી(રહ.) મુલતાન જેલમાં હઝરત મુફતી સાહેબ સાથે હતા તેઓ આપના અખ્લાક વિશે વર્ણવે છે કે જેલવાસ દરમિયાન હઝરત મુફતી સાહબના ઉચ્ચ સંસ્કારની જે ઝલક જોવા મળી, જેલની બહાર આવા ઉચ્ચ સંસ્કાર બીજા લોકોમાં જોવાનો મોકો નથી મળ્યો. જે કેદીઓને આપની સેવા માટે નક્કી કરવામાં આવ્યા, આપ કદી પણ તેમનાથી સેવા ન લેતા, નીચલી કક્ષાના કેદીઓની સાથે પણ સમાનતા ભર્યો વર્તાવ કરતા બલ્કે કેદીઓના ફાટેલા કપડાની સિલાઈ પણ જાતે કરી આપતા.

ઈ.સ. ૧૯૩૦માં પેશાવર ખાતે આઝાદીની ચળવળના વિરૂધ્ધ જયારે બ્રિટીશ અંગ્રેજોએ બેફામ ગોળીબાર કરી અગણીત મુસલમાનોને શહીદ કર્યા તે વખતે આપની સેવાઓ, આપની ચપળતા વગેરે જોઈ

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના નેતા વિઠ્ઠલભાઈ પટેલ કે જેઓ પોતે પણ એક મોટા રાજકારણી હતા તેમણે પણ આપના રાજકારણ, સુજબુજ, ચપળતા, વગરેની ભરપેટ પ્રશંસા કરતા હતા. "જમીઅત"ના સતત ૨૦ વર્ષ સુધી પ્રમુખ રહયા પછી જયારે આપની હયાતીમાં જ હઝરત મદની(રહ.)ને આપની જગ્યાએ પ્રમુખ બનાવવામાં આવ્યા તો આપે સહાબાની સુન્નતનું ઉદાહરણ પુરૂં પાડયું અને આજીવન "જમીઅત" સાથે જોડાયેલા રહી નિરંતર સેવાઓ બજાવતા રહયા અને "જમીઅત" સાથે સંબંધમાં કદી ફરક આવવા ન દીધો.

ઈ.સ. ૧૯૩૦ની 'સિવીલ નાફરમાની' ચળવળમાં ૧૧ ઓકટોબર ઈ.સ. ૧૯૩૦ના રોજ આપની ધરપકડ કરવામાં આવી અને ૬ મહિના ગુજરાતમાં જેલવાસો ભોગવ્યો, બીજી વખત જયારે જમીઅત તરફથી ડિરેકટર તરીકે ૩૧ માર્ચ ૧૯૩૨ના રોજ એક લાખ માણસોની વિશાળ રેલીની આગેવાની ફરમાવી રહયા હતા ત્યારે ફરીથી ધરપકડ થઈ અને મુલતાન (૧૮)મહિના જેલમાં રહયા, આ સિવાય પણ આપની ઘણી અમૂલ્ય સેવાઓ છે. ૩૧ ડિસેમ્બર ઈ.સ. ૧૯૫૨નાં રોજ દિલ્હી ખાતે આપનો ઈન્તિકાલ થયો અને ખ્વાજા કુત્બુદ્દીન બખતિયાર કાકી(રહ.) ના મઝાર પાસે દફન કરવામાં આવ્યા.

અંતમાં હઝરત મુફતી સાહેબ વિશે એક તઅઝિયતી પત્રનો એક અંશ હઝરત મદની(રહ.)ના શબ્દોમાં જ રજૂ કરૂ છું. (ઈન્તિકાલ બાદ)

"હઝરત મુફતી કિફાયતુલ્લાહ સાહબ કો અખ્લાકે ફાઝીલહ(ઉચ્ચ સંસ્કાર) મેં ખુદાવંદે આલમ(દુનિયા કે માલિક) ને કમાલ(ખૂબી) અતા ફરમાયા થા, દરયાએ શનાવરી કે બેહતરીન શનાવર થે(દરેક કામમાં આગળ પડતા હતા), તદબ્બુર વ તફકકુર(ઉંડી વિચારધારા) કે અનમોલ મોતીયોં સે આપકા દામન ભરા રહતા થા, હર મુઆમલે કી ગેહરાઈ(ઉંડાઈ) ઓર આખરી તેહ તક પહોંચના આપકી ઝકાવત (હોંશિયારી) કા હંમેશા શાહકાર(બેહતર કામ) રહા હે.

બુલન્દ પાયા મુફતી, વસીઉન્નઝર(ગેહરી સોચ) આલીમ, દૂર અંદેશ(આગે કા સોચનેવાલે), ઝૈરક(હોંશિયાર), દકીકહરશ(બારિક નઝર રખનેવાલે), સિયાસતદાન(રાજકારણી), બેહતરીન મુદર્રિસ ઔર ઉસ્તાદ થે. શોહરત તલ્બી ઔર નામ વ નમૂદ(મશ્હૂર હોને કી ચાહત) કી ખ્વાહીશ(તમન્ના) કી હવા ભી આપકે પાસ હોકર નહી ગુઝરી થી.

ફિરોતની ઔર તવાઝુઅ(નમ્રતા) મેં આપ બિલ્કુલ અપને ઉસ્તાદ હઝરત શૈખુલહિન્દ(રહ)કે કદમ બ કદમ ચમકતે હુએ સિતારે થે."

## મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી
## (ઈ.સ. ૧૮૭૮–૧૯૨૬)

મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી, મહલ ખાનદાનના એક પ્રખર વિદ્વાન, ઉંચા આલીમે દીન અને રાજકીય નેતા હતા.

૧૪ એપ્રિલ ઈ.સ. ૧૮૭૮ના રોજ લખનૌ ખાતે આપનો જન્મ થયો, પોતાના જ ખાનદાનના પ્રખ્યાત ઉલમા–એ–કિરામ, હઝરત મૌલના અબ્દુલહય ફિરંગી મહલ્લી તથા હઝરત મૌલાના અબ્દુલ બાકી ફિરંગી મહલ્લી તથા હઝરત મૌલાના ઐનુલકુઝાત લખનવી(રહ.) ના શાગિર્દો પૈકી એક હતા. ઈ.સ. ૧૮૯૫માં આપે મદ્રસા નિઝામીયહની સ્થાપના કરી ખાનદાની પરંપરાગત પ્રથા અનુસાર પઢાવવાનું ચાલુ કર્યું. ઈ.સ. ૧૯૧૧માં મદ્રસાના માહોલથી બહાર નિકળ્યા અને રાજકારણમાં પ્રવેશ કર્યો અને રાજકારણમાં એક નેતાકિય હેસિયતથી સેવા આપી ઈ.સ. ૧૯૧૯માં જમીઅતની સ્થાપનાની ચળવળમાં આપ પણ મોખરે હતા ગાંધીજીના ખાસ મિત્રોમાંથી હતા. જમીઅતનો અમૃતસર ખાતેનો પ્રથમ ઈજલાસ આપનાજ પ્રમુખ પદે થયો હતો. "ખિલાફત કમિટી" અને "જમીઅત" ની દરેક ચળવળ માં આપે જોશભેર પૂરી મર્દાનગીની સાથે આપે ભાગ લીધો, આપ સમગ્ર દેશના દરેક હિન્દુ–મુસ્લિમને માન–સન્માનથી જોતા હતા, કોઈપણ સમુદાયની લાગણીઓ દુભાય નહી તેનો ખ્યાલ રાખતા હતા, તે સમયના પ્રથમ હરોળના રાજકીય નેતા હોવા ઉપરાંત આપ એક મોટા આલીમે દીન તથા સૂફીસંત હતા.

મૌલાના મુહમ્મદઅલી જોહર તથા મૌલાના શોકત અલી તેમના જ મુરીદ હતા અને તેમની સાથે જોડાયા પછી જ આ અલી બંધુઓ કાયદેસરના મૌલાના બન્યા હતા. આપ તથા આપના સાથીઓએ "જમીઅત" માટે ખુબજ ભોગ આપ્યો છે.

તદઉપરાંત આપના સાથીઓ મૌલાના સૈયદ મુહમ્મદ ફાખિર ઈલાહાબાદી, મૌલાના નિસારઅહમદ કાનપૂરી વગેરે એ પણ આઝાદીની ચળવળમાં ઘણી વખત જેલવાસો પણ ભોગવ્યો. ૧૯ જાન્યુઆરી ૧૯૨૬ના રોજ આપનો ઈન્તિકાલ થયો.

## મૌલાના મુહમ્મદઅલી જોહર (ઈ.સ. ૧૮૭૮–૧૯૩૧)

મૌલાના મુહમ્મદઅલી જોહર હિન્દુસ્તાનના તે એક એવા વ્યકિતનું નામ છે જેઓ અંગ્રેજી ભાષાના એક પ્રખ્યાત સાહિત્યકાર ઉર્દુભાષાના મશ્હૂર શાયર, ફાયર બ્રાન્ડ ભાષણ કરતા પીઢ રાજકારણી, આઝાદીની ચળવળના આગળ પડતા નેતા અને સમાજના હમદર્દ રેહબર હતા.

૧૦ ડિસેમ્બર ઈ.સ. ૧૮૭૮ના રોજ રામપુર ખાતે જન્મ થયો પ્રાથમિક શિક્ષણ બરેલી હાઈસ્કૂલમાં લીધું ત્યારબાદ અલીગઢ તથા ઓકસફોર્ડ યુનિવર્સિટીમાં ઉચ્ચતર તાલીમ લીધી. મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લીના ખાસ ચાહક હતા, મદ્રસા નિઝામીયહથી "મૌલાના" સર્ટીફિકેટથી ખાસ નવાઝવામાં આવ્યા અને આવી રીતે આપ મિસ્ટર માંથી મૌલાના બની ગયા. આઝાદીની લડતના નેતાઓ પૈકી એક હતા અને એ વિશે તેમની સેવાઓ બે નઝીર છે (જેનું કોઈ ઉદાહરણ નથી), તેમણે પોતાના અંગ્રેજી વિકલી સામાયિક "હમદર્દ" દ્વારા આઝાદીની ચળવળને આગળ ધપાવી વ્યાપક પ્રમાણમાં વિસ્તાર કર્યો. મશ્હૂર કરાંચી કેસના મુખ્ય હીરો આપ જ હતા, હઝરત મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.) સાથે બે વર્ષ કરાંચી જેલમાં રહયા તે દરમિયાન હઝરત મદની(રહ.) પાસે કુર્આનનું જ્ઞાન મેળવ્યું, આ અગાઉ પણ સાડા ચાર વર્ષ નજરકેદ રહી ચુકયા છે. ૪ જાન્યુઆરી ઈ.સ. ૧૯૩૧ના રોજ પ્રથમ ગોળમેજી પરિષદ દરમિયાન લંડન ખાતે આપનો ઈન્તિકાલ થયો અને આપના દેહને બૈતુલમુકદ્દસ ખાતે લાવી દફન કરવામાં આવ્યો. કારણ કે ગુલામ ભારતમાં પરત ફરવા માંગતા ન હતા.

### મૌલાના મુહમ્મદઅલીના અશઆર

મેં અવ્વલ મુસલમાન હું! બાદમેં મુસલમાન હું
આખિરમેં મુસલમાન હું! ઔર કુછ નહીં સિર્ફ મુસલમાન હું
પરંતુ જયાં હિન્દુસ્તાનની આઝાદીની વાત આવશે તો હું:
પેહલે હિન્દુસ્તાની હું! બાદમેં હિન્દુસ્તાની હું,
આખિરમેં હિન્દુસ્તાની હું! ઔર કુછ નહીં સિર્ફ હિન્દુસ્તાની હું.

(મૌલાના મુહમ્મદઅલી જોહર રહ.)

* * *

## શૈખુલઈસ્લામ હઝરત મૌલાના સૈયદ હુસૈનઅહમદ મદની(રહ.) (ઈ.સ. ૧૮૭૯–૧૯૫૮)

એક બહુ મોટા મુહદ્દિષ જબરદસ્ત જોમ જુસ્સો ધરાવનાર આઝાદીના લડવૈયા અને પ્રખ્યાત અને પ્રખર સૂફીસંત હતા, આપની ઝાત કોઈ પરિચયની મોહતાજ નથી, કારણ કે આ જગ વિખ્યાત સૂરજની કિરણો હિન્દુસ્તાન જ નહીં સમગ્ર વિશ્વમાં પથરાયેલી છે. કુબાનગર મઉ, જિ.ઉનાવ, યુ.પી.માં ઈ.સ. ૧૮૭૯માં આપનો જન્મ થયો, જયાં આપના પિતાજી સૈયદ હબીબુલ્લાહ નોકરી અર્થે રહેતા હતા. પ્રાથમિક તાલીમ આપના વતન ઈલાહદાદપુર, ટાન્ડા, જિ.ફૈઝાબાદ (યુ.પી.)માં હાસિલ કરી, ત્યારબાદ ઈ.સ. ૧૮૯૨માં દારૂલઉલૂમ દેવબંદ સતત ૭ વર્ષ હઝરત શૈખુલહિન્દ(રહ.)ની સીધી દેખરેખ હેઠળ રહી ઈ.સ. ૧૮૯૯માં મદ્રસાનો કોર્સ પુરો કર્યો. કુતૂબે આલમ મોટા આલીમે દીન મૌલાના મુફતી રશીદઅહમદ ગંગોહી(રહ.)ની સેવામાં રૂહાની ફૈઝ હાસિલ કર્યો અને તે જ વર્ષે પોતાના વાલિદે મોહતરમ સાથે સહકુટુંબ મદીના શરીફ જતા રહયા, આશરે ૧૯ વર્ષ જેટલો સમય મદીના શરીફ રહયા, જયાં આપે લગભગ ૧૪ વર્ષ સુધી મસ્જિદે નબવી શરીફમાં હદીષનો સબક આપ્યો. હઝરત શૈખુલહિન્દ(રહ.)ના હીજાજે મુકદ્દસ(અત્યારનું સાઉદી) સફરમાં આપ સાથે જોડાઈ ગયા અને માલટામાં કારાવાસ ભોગવ્યો અને હઝરત શૈખુલહિન્દ(રહ.) સાથે ત્યાંથી છૂટયા પછી હિન્દુસ્તાન પાછા આવ્યા. ઈ.સ. ૧૯૨૯માં દારૂલઉલૂમ દેવબંદના સદર(હેડ માસ્ટર) તથા શૈખુલહદીષના ઉચ્ચ મરતબા પર બિરાજમાન થયા, દેશની આઝાદી પૈકી દરેક ચળવળમાં ભાગ લીધો અને "જમીઅત" ના પ્લેટફોર્મથી નમૂના રૂપ સેવાઓ પ્રદાન કરી, આઝાદીની પ્રાપ્તિ માટે ૪(ચાર) વખત જેલમાં ગયા અને લગભગ સાડા સાત વર્ષ જેલવટો ભોગવ્યો. ઈ.સ. ૧૯૨૩માં જમીઅતના મેમ્બર બન્યા અને ઈ.સ. ૧૯૪૦માં જમીઅતના પ્રમુખ તરીકે નિયુકત થયા અને પછી તો જમીઅતે સમાજ સેવામાં આપના વડપણ હેઠળ રહી ખુબ જ પ્રગતિ કરી અને અસરકારક ભૂમિકા અદા કરી, જેનો અંદાજ તે અમુક ઠરાવોથી લગાવી શકાય છે જે આપના વડપણ હેઠળના સમયકાળ દરમિયાન પાસ કરવામાં આવ્યા. સને ૧૯૫૧માં

૨૭, ૨૮, ૨૯ એપ્રિલના રોજ હૈદરાબાદ(દક્ષિણ)માં જમીઅતનો ઈજલાસ આપના પ્રમુખ પદે યોજાયો જેમાં અતિ મહત્વપૂર્ણ અમુક એજન્ડાઓ(ઠરાવ) પાસ કરવામાં આવ્યા, જેમ કે...

૧. મુસલમાનોની પોતાની દીની મઝહબી ઝિમ્મેદારી પ્રત્યે ધ્યાન દોરવણી ખાસ કરીને તે તાલીમ(શિક્ષણ) જે દીની અને મઝહબી જાણકારી અપાવતી હોય તેને અગત્યતા આપી તેને હાસિલ કરવા પોતાને પાબંદ બનાવવા. આ વેળાએ જમીઅત તરફથી બાળકો માટે ફકત એક કલાક મદ્રસાનો એક એવો કોર્ષ રજૂ કરવામાં આવ્યો કે જેમાં અકાઈદ(માન્યતાઓ), અહકામ(આજ્ઞાઓ), અખ્લાક(સંસ્કાર), સીરત (જીવનચરિત્ર), ઈસ્લામી તહઝીબ(ઈસ્લામી રહેણી–કરણી), ઈસ્લામી મુઆશરા(ઈસ્લામી સમાજ) વિશે સંપૂર્ણ માહિતગાર કરી શકાય અને આ જરૂરત પૂરી કરવા મકાતિબ કાયમ કરવા પર જોર પણ આપવામાં આવ્યું.

૨. અવકાફને વિધિસરતા અને વધુ આગળ ધપાવવા તથા મુસ્લિમ વકફને વધુ સત્તા આપી તેને વિકસીત બનાવવાની માંગણી કરવામાં આવી.

૩. કસ્ટોડિયન ધારાનો વિરોધ કરવામાં આવ્યો.

૪. ઉર્દૂભાષાને સરકારી દફતરો અને ઓફિસોમાંથી દૂર કરવા પર વિરોધ દર્શાવવામાં આવ્યો અને સરકાર પાસે માંગણી કરવામાં આવી કે તેલુગુ, મરાઠી, કન્નડ ભાષાઓની જેમ ઉર્દૂને પણ રાજયની ભાષા ગણવામાં આવે, ઉર્દૂ ભાષાને એક ફિરકા(સંપ્રદાય)ની ભાષા કહી તેને નાબૂદ કરવાની હિલચાલનો ભરપૂર વિરોધ કર્યો.

૫. જમીઅતે હઝરત મદની(રહ.)ની છત્રછાયા માં રહી સને ઈ.સ. ૧૯૫૦ કે જયારે મુસ્લિમ દુશ્મન ફિરકાઓ મેદાનમાં હતા અને સમગ્ર દેશ ભાગલાની ભયાનક અસરથી પીડિત હતો, ભાષણો, લેકચરો અને રેલીઓ દ્વારા બહુમતીઓને લઘુમતી વિરૂધ્ધ ભડકાવવામાં આવી રહયા હતા, અંગ્રેજી એક–બે મોટા મેગેઝીનોને બાદ કરતા બાકીના બધાજ મેગેઝીનો, સામયિકો મુસલમાનો વિરૂધ્ધ ઝેર ઓકતા હતા, આવા ચોમેરથી આગ ઝરતા માહોલમાં જમીઅતે આપના વડપણ હેઠળ આગળ આવી નફરતની આગમાં પગ મૂકયો,

દરેક બાબતો ગંભીરતાથી લીધી અને સરકારનું તેના પ્રત્યે ધ્યાન દોર્યુ, તથા મુસીબતોમાં સપડાયેલ પીડિતોની મદદ માટે રીલીફ ગ્રુપ બનાવી રવાના કર્યા.

હઝરત શૈખુલઈસ્લામ મદની રહ. ફરમાવતા હતાકે જયાં સુધી અંગ્રેજોનું મોઢું કાળું ન થાય એટલે કે ઝલીલ થઈને ભારતથી તેઓને કાઢી મૂકવામાં ન આવે ત્યાં સુધી હું ચૈન (શાંતિ)થી બેસવાનો નથી. મારા ઉસ્તાદ સ્વતંત્ર સેનાની મૌલાના રશીદઅહમદ બુઝુર્ગ એમ કહેતા હતા કે યુરોપથી ગુંડા જેવા લોકોને મોટા–મોટા હોદ્દેદાર બનાવીને ભારતમાં મોકલવામાં આવતા. જેથી તેઓ ભારતીયો પર ઝૂલ્મ અને અત્યાચાર કરી શકે.

જબ ગુલિસ્તાં કો ખૂન કી જરૂરત પડી તો,
સબસે પેહલે ગરદન હમારી કટી,
ફીર ભી કેહતે હેં એહલે વતન,
યે વતન હમારા હે તુમ્હારા નહી.

હઝરત મદનીના વડપણ હેઠળ રહી જમીઅતે સૌથી અગત્યનો એ પ્રયત્ન કર્યો કે મુસલમાનોને ખુદા પર ભરોસો રાખવાની શકિત પૈદા કરી અને ભાગલાના ભયાનક પરિણામોના લીધે ડર, ખૌફ, નાઉમ્મીદી, માયૂસી(હતાશા) હેઠળ જીવતા મુસલમાનોના દિલોમાં થી ડર, ખૌફ દૂર કરી સબર, ધીરજ, ધગશ, નેક ઉમ્મીદોનો સબક શિખવાડયો અને ભૂતકાળને ભૂલી માયૂસ થઈ બેસી રહેવાને બદલે પોતાના આવનારા ભવિષ્યને ઉજજવળ, પ્રગતિશીલ બનાવવાના પ્રયત્નમાં જોડી દીધા. પ્રખ્યાત ઈતિહાસકાર ડો.તારાચંદ હઝરત મદની(રહ.)ની સેવાઓને બિરદાવતા લખે છેઃ તેઓ આઝાદીની લડતમાં જોશ ભેર ભાગ લેતા રહયા પોતાની આ રાજનેતિક સેવાઓ અને અંગ્રેજ સરકાર વિરૂઘ્ધ પ્રવૃત્તિઓના લીધે ઘણી વખત જેલવટો ભોગવ્યો, પરંતુ અંગ્રેજ સરકારની લોભામણી લાલચો, મુસ્લિમ લીગની વિરોધી સમુદાયના અમુક નાદાનોની ગાળો જેવા હચમચાવી નાખતા વંટોળો પણ દેશની આઝાદી હિન્દુ–મુસ્લિમ એકતા વિશે તેમના મજબૂત, ઠોસ અને પુરજોશ નિર્ધારને ડગમગાવી શકયા નહી. અંતમા આપ દેશની આઝાદી–હિન્દુ મુસ્લિમ એકતા સદભાવના

મુસ્લિમ સમુદાયને માયૂસીથી બહાર કાઢી ફરી બેઠું કરવા, દીની વ દુન્યવી શૈક્ષણિક પ્રગતિ તથા દરેક દુ:ખીયારાઓની મદદ કરવાનાં દરેક મિશનમાં અંત સુધી ખંતપૂર્વક પૂરી લગન અને ધગશની સાથે સેવાઓ બજાવતા રહયા. ૫, ડિસેમ્બર ઈ.સ. ૧૯૫૮માં (દેવબંદ ખાતે) આપનો ઈન્તિકાલ થયો અને ત્યાં જ દફન થયા.



## हुसैन अहमद मदनी

मौलाना हुसैन अहमद मदनी (1879–1957), जिन्हें बाद में शेख–उल–इस्लाम की उपाधि प्रदान की गई, का जन्म बांगरमऊ (उत्तर प्रदेश) में हुआ। उनके पिता सैयद हबीबुल्लाह एक प्रधानाध्यापक थे। हुसैन अहमद उनके पांच बेटों में से तीसरे बेटे थे।

हुसैन अहमद के पिता की इच्छा थी कि उन्हें इस्लाम के क्लासिकल सिद्धांतों पर आधारित शिक्षा प्रदान की जाए और इसी मकसद से उन्होंने 12 वर्ष की अल्पायु में 1891 में उन्हे देवबंद के मदरसे में दाखिला दिलवाया। देवबंद के पाठ्यक्रम में अरबी व्याकरण, अरबी साहित्य के साथ तर्कशास्त्र, दर्शन, विधि, विधि–शास्त्र, पैगंबरी परंपरा, कुरान तथा धर्म–शास्त्र की शिक्षा भी शामिल थी।

वर्ष 1898 में, हबीबुल्लाह ने सपरिवार मदीना प्रवास करने का फैसला किया। तत्पश्चात् हुसैन अहमद ने अपने जीवन के अगले कुछ वर्ष मदीना में बिताए, हालांकि बीच–बीच में भारत भी आते रहे। समय के साथ हुसैन अहमद को "मौलाना" की उपाधि प्रदान की गई, जिसका अर्थ था कि वे इस्लाम के विद्वान बन चुके थे। कहा जाता है कि मदीना में उन्हें "मौलाना हिन्दी" के नाम से जाना जाता था और इसी प्रकार मदीने से संबंधित होने के कारण भारत में वे "मदनी" के नाम से विख्यात थे। 1920 के दशक से उन्हें "शेख–उल–इस्लाम" के नाम से भी जाना जाता था।

मदीना में रहते हुए हुसैन अहमद शेख–उल–हिन्द महमूद–उल–हसन के संपर्क में आए और उनके विश्वास पात्र बन गए। इन दोनों को दिसंबर 1916 में मक्का में गिरफ्तार कर लिया गया और भारत में अंग्रेजों के विरुद्ध देशद्रोह और साजिश के आरोप में माल्टा में सज़ा काटनी पड़ी। माल्टा से हुसैन मदनी की रिहाई और 1920 में उस्ताद के साथ उनके बंबई आगमन से स्वतंत्रता संग्राम के इतिहास में नया अध्याय जुड़ा। जून 1920 में इलाहाबाद में हुए खिलाफत सम्मेलन में हुसैन मदनी ने अंग्रेजों से असहयोग की अवधारणा का समर्थन किया। उन्होंने इस बात की आवश्यकता समझी कि ब्रिटिश हुकूमत को चुनौती प्रदान करने के लिए मुस्लिम और हिंदू समुदाय को एकजुट होकर संघर्ष करना होगा। उनकी धर्मनिरपेक्ष छवि का सभी सम्मान करते थे। हुसैन अहमद मदनी ने 1932 में सविनय अवज्ञा आंदोलन और 1942 में भारत छोड़ो आंदोलन में सक्रिय भूमिका निभाई और उन्हें कई बार जेल जाना पड़ा।

हुसैन अहमद मदनी को 1940 में जमीयत उलमा–ए–हिंद के जौनपुर सत्र के दौरान इस संगठन का अध्यक्ष चुना गया और 1957 में अपने निधन के समय तक वे इस पद पर बने रहे। तत्पश्चात् उन्हें दारुल उलूम, देवबंद में संकायाध्यक्ष तथा हदीथ विभाग के अध्यक्ष के रूप में नियुक्ति प्रदान की गई।

डाक विभाग, महान विद्वान, स्वतंत्रता सेनानी तथा हिंदू–मुसलिम एकता के प्रणेता हुसैन अहमद मदनी के सम्मान में स्मारक डाक–टिकट जारी करते हुए प्रसन्नता का अनुभव करता है।

आभार :–

मूलपाठ : प्रस्तावक द्वारा प्रदान कराई गई सामग्री पर आधारित

डाक–टिकट / प्रथम दिवस आवरण तथा विरूपण : नीनू गुप्ता

भारतीय डाक
India Post

### तकनीकी आंकड़े
### TECHNICAL DATA

| | | |
|---|---|---|
| जारी करने की तारीख<br>Date of Issue | : | 29 अगस्त, 2012<br>29 August, 2012 |
| मूल्यवर्ग<br>Denomination | : | 500 पैसा<br>500 p |
| मुद्रित डाक–टिकटें<br>Stamps Printed | : | 4 लाख*<br>0.4 Million* |
| मुद्रण प्रक्रिया<br>Printing Process | : | वेट ऑफसेट<br>Wet Offset |
| मुद्रक<br>Printer | : | भारत प्रतिभूति मुद्रणालय, नासिक<br>India Security Press, Nashik |

© डाक विभाग, भारत सरकार। डाक–टिकट, प्रथम दिवस आवरण तथा सूचना विवरणिका के संबंध में सर्वाधिकार विभाग के पास है।

© Department of Posts, Government of India. All rights with respect to the stamp, first day cover and information brochure rest with the Department.

*1 लाख प्रस्तावक हेतु।
*0.1 million for the proponent

मूल्य ₹ 2.00


प्रथम दिवस आवरण FIRST DAY COVER
हुसैन अहमद मदनी
HUSAIN AHMAD MADANI
29-06-2012
नई दिल्ली 110001 NEW DELHI
हुसैन अहमद मदनी
HUSAIN AHMAD MADANI


500
भारत
INDIA
2012
हुसैन अहमद मदनी
HUSAIN AHMAD MADANI

## HUSAIN AHMAD MADANI

Maulana Husain Ahmad Madani (1879-1957) who later earned the title of Shaikh–ul-Islam was born at Bangarmau (Uttar Pradesh). His father, Syed Habibullah, was a headmaster and Husain Ahmad was the third of his five sons.

Husain Ahmad's father's desire to secure the best available education based on classic Islamic principles ensured that Husain Ahmad was sent to join the seminary at Deoband in 1891 at the young age of twelve. The curriculum at Deoband included not only Arabic grammar, Arabic literature but also logic, philosophy, law, jurisprudence, prophetic traditions, Qur'an and theology.

In the year 1898, Habibullah decided to migrate to Medina with his family. Thereafter, except for intermittent travels to India, Husain Ahmad spent the next few years of his life in Medina. In due course, Husain Ahmad was accorded the title of "Maulana", a recognition that he was a scholar of Islam. It is said that he was known as "Maulana Hindi" in Medina and reciprocally in India he was addressed as "Madani", to indicate his ties to Medina. Beginning in the 1920s, he was also called the "Shaikh–ul-Islam".

While in Medina, Husain Ahmad came in contact with Sheikhul Hind, Mehmoodul Hasan and became his close confidant. The two were arrested in Mecca in December 1916 and interned in Malta for alleged sedition and conspiracy against the British in India.

Madani's release from Malta and arrival in Bombay in 1920 with his mentor marked a new era in the history of freedom struggle. In the Khilafat Conference held at Allahabad in June, 1920, Madani supported the idea of non-cooperation with the British. He understood the need for collective efforts of Muslims as well as Hindus for challenging the British rule. His secular credentials were recognised by one and all. Husain Ahmad Madani also took an active part in the Civil Disobedience Movement in 1932 and in Quit India Movement in 1942 and was imprisoned on many occasions.

Husain Ahmad Madani was elected President of Jamiat Ulama-i-Hind at its Jaunpur session in 1940, a post he held until his death in 1957. Later, he was also appointed as Dean of Studies and Head of the Department of Hadith at Darul Uloom, Deoband.

Department of Posts is happy to commemorate the contribution of the great scholar, freedom fighter and proponent of Hindu-Muslim unity, Husain Ahmad Madani, by issuing a Commemorative Postage Stamp.

**Credits:-**

| | | |
|---|---|---|
| Text | : | Based on the material provided by the proponent |
| Stamp/FDC & Cancellation | : | Nenu Gupta |

भारतीय डाक विभाग
DEPARTMENT OF POSTS
INDIA




हुसैन अहमद मदनी
**HUSAIN AHMAD MADANI**

विवरणिका **BROCHURE**

## ડોકટર મુખ્તારઅહમદ અન્સારી (ઈ.સ. ૧૮૮૦–૧૯૩૬)

ડોકટર અન્સારી આઝાદીની લડતના એક મોટા લડવૈયા છે અને સાથે સાથે તેઓ પોતાના જમાનાનાં નામાંકિત હકીમો પૈકી એક છે. ૨૫ ડિસેમ્બર ઈ.સ. ૧૮૮૦માં યુસુફપૂર, જિ.ગાઝીપૂર(યુ.પી.) માં તેમનો જન્મ થયો, ગાઝીપૂર હાઈસ્કૂલમાં મેટ્રીક પાસ કરી એમ.સી. કોલેજ ઈલાહાબાદથી એફ.એસ.સી. કર્યુ, ઉચ્ચ શિક્ષણ મેળવવા લંડન ગયા, ત્યાંથી ઈ.સ. ૧૯૦૮માં માસ્ટર ઓફ સર્જરીની પદવી હાસિલ કરી ઈ.સ. ૧૯૧૦માં પોતાના વતન હિન્દુસ્તાન પાછા ફર્યા અને દિલ્હીમાં દવાખાનું ખોલ્યું અને આજીવન અહીં દિલ્હી ખાતે જ રહી દેશ–સમાજની સેવાઓ પ્રદાન કરી, આઝાદીની દરેક ચળવળ માં, લડતના દરેક ચરણમાં, યથા શકિત મુજબ જાની–માલી દરેક રીતે સાથ સહકાર આપ્યો, જેલમાં પણ ગયા, શૈખુલહિન્દ(રહ.)ની દરેક ચળવળમાં સંપૂર્ણ પણે સાથે રહયા અને હિજાજના સફર ખર્ચની તમામ જવાબદારી પોતાના શીરે ઉપાડી લીધી. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી પણ રહયા, ૧૯૨૭માં પ્રમુખ પણ બન્યા હતા, હકીમ અજમલખાન સાહબ પછી જામિયા મિલિયાના ચાન્સેલર પણ નિયુકત થયા અને જામિઅહને ખુબ પ્રગતિ અપાવી. ૧૦ મે ૧૯૩૬ના રોજ દેહરાદૂનથી દિલ્હી આવતા ટ્રેનમાં જ આ મુલ્ક વ મિલ્લતના ગમખ્વાર અલ્લાહ તઆલાને પ્યારા થઈ ગયા. જામિયા મિલિયાના કબ્રસ્તાનમાં દફન વિધી કરવામાં આવી.

## ઈમામુલહિન્દ મૌલાના અબુલકલામ આઝાદ (ઈ.સ. ૧૮૮૮–૧૯૫૮)

મૌલાના અબુલકલામ આઝાદ હિન્દુસ્તાનના એક મોટા લીડર, આઝાદીની લડાઈના એક સેનાપતિ, સાહિત્યકાર અને લેખક છે. ૧૭ ઓગષ્ટના રોજ મક્કા મુકર્રમામાં એક બાસલાહિય્યત (પ્રતિભાશાળી) આલીમેદીન અને સૂફીસંતના ઘરે આપનો જન્મ થયો, બાળપણ કલકત્તામાં વિતાવ્યું અને ઘરમાં જ સંપૂર્ણ તાલીમ (શિક્ષણ) પૂર્ણ કરી. બાળપણથી જ ઘણાં બુધ્ધિશાળી અને બાહોશ આદમી હતા, દરેક વિષય પર તેમની મજબૂત પકડ હતી, તદ્ઉપરાંત બયાન, તકરીર, ભાષામાં તો જાદુઈ તાકત ધરાવતા હતા, આપે પોતાના જાદુઈ

લેખો અને ભાષણ વડે હજારો–લાખો લોકોના દિલોમાં માદરે વતનની આઝાદીની આગ લગાડી દીધી, આપના મેગેઝિન "અલ–હિલાલે" તો આખા દેશમાં આઝાદીનું બ્યુગલ ફુકી દીધું.ઈ.સ. ૧૯૧૫માં આપની રાજનૈતિક ચહલ પહલને લઈ બંગાળની અંગ્રેજ સરકારે આપને તડીપાર કરી રાંચીમાં કેદ કરી દીધા, પરંતુ આપ હિમ્મત હારે તેવા ન હતા. દેશની આઝાદી માટે વખતો વખત જેલમાં જવુ પડયું, લગભગ આપના જીવનના ૧૬–૧૭ વર્ષ તો જેલમાં વિત્યા, આપ કોંગ્રેસ સાથે જોડાયેલા હતા ત્યારે અને ભારતીય સરકારમાં શિક્ષણમંત્રી રહયા ત્યારે પણ "જમીઅત" સાથે તો સંબંધ જોડાયેલો જ હતો અને યાદગાર વાત એ પણ છે કે આઝાદી પછી ૨૭–૨૮ ડિસેમ્બર ૧૯૪૮ના લખનૌ મુકામે દેશના સર્વ મુસ્લિમ લીડરો અને મુસ્લિમ જમાઅતોના આગેવાનોને ભેગા કર્યા અને આપે ફરમાવ્યું કે "હવે જયારે દેશ આઝાદ થઈ ગયો તો હવે દેશમાં જુદી જુદી મુસ્લિમ પાર્ટીઓની જરૂરત બાકી રહેતી નથી" હાં! અલબત્તા "જમીઅત"નું બાકી રહેવું જરૂરી છે. ઈ.સ. ૧૯૧૯માં અમૃતસર ખાતે "જમીઅત" ની સ્થાપના માટે આપે ભારપૂર્વક સાથ(ટેકો) આપ્યો હતો.

દેશના જયારે ભાગલા પડી ગયા તે વખતના સંગીન હાલાતમાં જયાં એક બાજુ મૌલાના હુસૈનઅહમદ મદની(રહ.), હઝરત મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી(રહ.) જીવ હથેળીમાં લઈ રમખાણ ગ્રસ્ત વિસ્તારોમાં પરેશાન હાલ મુસલમાનોની સહાય, તસલ્લી દિલાસા માટે સફર કરી રહયા હતા તો બીજી બાજુ હઝરત મૌલાના અબુલકલામ આઝાદ પણ દિલ્હીની ગલી ગલીમાં બેચેની સાથે ઘર ઘરની મુલાકાત લઈ રહયા હતા.

૨૪ ઓકટોબર ૧૯૪૭ના રોજ દિલ્હીની જામા મસ્જિદમાં પરેશાન હાલ મુસલમાનોને આવા હાલાતમાંથી બહાર નિકળવા માર્ગદર્શન આપતા આપે ફરમાવ્યું (જયારે કે તે વખતે મુસલમાનો ફસાદથી તંગ આવી પાકિસ્તાન હિજરત કરી રહયા હતા).

"પોતાના દિલોને મજબૂત બનાવો, પોતાના દિમાગથી વિચારની આદત બનાવો પછી ખબર પડશે કે તમારૂં આ પગલું (હિજરત કરી જવાનુ) કેટલું ઉતાવળ ભર્યુ છે? આખરે તમે કયાં જઈ રહયા છો? કેમ જઈ રહયા છો? આ જુઓ તો ખરા, જામા મસ્જિદના મિનારા ઝુકી

ઝુકી તમને સવાલ કરી રહયા છે કે તમે તમારા ઈતિહાસના પાના કયાં ખોઈ નાંખ્યા? હજુ ગઈકાલની તો વાત છે કે અહિંયા જમના નદીના કિનારે તમારા કાફલાઓ વુઝૂ કરતા હતા અને આજે તમે છો કે તમને અહિંયા રહેતા ડર લાગે છે? હાલાંકે આ એ જ દિલ્હી છે જેની સિંચાઈ તમારા જ લોહીથી થઈ છે. વહાલા મિત્રો! (એમ ન સમજો કે જીવનમાં અંધકાર છવાઈ ગયો) સિતારાઓ ભલે તૂટી ગયા પણ હજુય સૂરજ બાકી છે તેની પાસેથી (જીવનમાં પ્રકાશ લાવવા) થોડાક કિરણો ઉછીના લઈ લ્યો અને (જીવનનાં) અંધકારભર્યા રસ્તાઓમાં બિછાવી દો જયાં જયાં અજવાળાની જરૂરત હોય. વહાલા મિત્રો! મારી પાસે તમારા માટે કોઈ નવો ફોર્મ્યુલા નથી, આજ થી ૧૪૦૦ વર્ષ પેહલાનો ફોર્મ્યુલા છે, તે ફોર્મ્યુલા જેને જગતના સૌથી મોટા ઉપકારક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ લાવ્યા હતા અને તે છે કુર્આન પાકનું એલાન છે.

'તમે બુઝદિલ ન બનો, ગમગીન ન થાઓ, તમેજ માન—સન્માન પૂર્વક રહેશો અગર જો તમે (સાચા) મુસલમાન છો'. (આપની તકરીરનો સારાંશ)

ભારતની આ લોકશાહી સરકાર અને તેની લોકશાહી પ્રણાલી એ મૌલાના આઝાદનો કમાલ છે, એશિયા ખંડમાં ભારતને આગવું સ્થાન અપાવવામાં મૌલાનાની મહામુલી સેવાઓ યાદગાર છે. એટલા જ માટે ગાંધીજી આપની સલાહ મશ્વેરા અને પંડિત જવાહરલાલ નેહરૂ આપના માર્ગદર્શનની રાહ જોતા હતા.

સમ્રગ દેશ તથા દેશવાસીઓ અને ખાસ કરીને મુસલમાનોના ઉજજવળ ભવિષ્ય માટે આપની સેવાઓની એક લાંબી હારમાળા છે, શરૂઆતથી જમીઅતની વર્કિંગ કમિટીના મેમ્બર હતા, ઈ.સ. ૧૯૨૧માં લાહોર અને ઈ.સ. ૧૯૩૧ના કરાચીમાં આપના પ્રમુ ખ પદે આમ ઈજલાસનું આયોજન થયું દેશની આઝાદી પહેલા (૭) વર્ષ કોંગ્રેસના પ્રમુખ રહયા ઈ.સ. ૧૯૪૨માં કિવટ ઈન્ડિયા ચળવળ આપની આગેવાનીમાં ચલાવવામાં આવી આઝાદ ભારતમાં કોગ્રસ સરકારમાં આપ પ્રથમ શિક્ષણમંત્રી હતા. ૨૨, ફેબ્રુઆરી ૧૯૫૮ના રોજ આપનો ઈન્તિકાલ થયો અને જામા મસ્જિદ દિલ્હીની સામે આપને દફન કરવામાં આવ્યા. આપના જીવન આપની ઈલ્મી સિયાસી(રાજકારણનું જ્ઞાન) અને આપના રાજકારણી જીવન અને

આપના સાહિત્ય લેખન વગેરે તથા આપના જીવનના અમુલ્ય પાસા વિશે એટલુ બધું લખવામાં આવ્યું છે કે એની અનુક્રમણિકામાં જ એક દળદાર પુસ્તક તૈયાર થઈ જાય.

## મૌલાના ઉઝૈર ગુલ(રહ.) (ઈ.સ. ૧૮૮૬–૧૯૮૯)

મૌલાના ઉઝૈર ગુલ પેશાવરી હઝરત શૈખુલહિન્દ(રહ.)ના શાગિર્દે રશીદ ખાદિમે ખાસ અને શૈખુલહિન્દની તહરીક અને ચળવળ ના ખાસ સ્તંભ સેક્રેટરી કમ ખજાનચી હતા, ઈ.સ. ૧૮૮૬માં પેશાવર હસ્તક નૌશેહરહ તાલુકાના 'ઝિયારત કાકાસાહેબ' નામી ગામના એક નેક માણસ જનાબ મુહમ્મદ શાહિદ ગુલ સાહેબના ત્યાં આપનો જન્મ થયો, મશ્હૂર બુઝુર્ગ સૂફીસંત શૈખ રહેમકારના વંશજોમાં છે. પ્રાથમિક શિક્ષણ પોતાના વતનમાં લીધું પછી ઉચ્ચ શિક્ષણ માટે દેવબંદ પધાર્યા અનેઈ.સ. ૧૯૧૫માં હઝરત શૈખુલહિન્દ(રહ.)થી સનદ(સર્ટીફિકેટ) હાસિલ કરી, પોતાના ઉસ્તાદ સાથે એવો ગાઢ સંબંધ કે તેમના જ થઈને રહયા, ખિલાફત ચળવળના રાઝદાર મેમ્બર પણ હતા, ચળવળના અમુક મુશ્કેલ, ખતરનાક કામો ખાસ આપને સોંપવામાં આવતા, પહાડી અને સરહદી વિસ્તારોમાં ખિલાફત ચળવળની વિગતો, માર્ગદર્શન વગેરે આપની મારફતે મોકલવામાં આવતા, અંગ્રેજ તરફથી સી.આઈ.ડી અને જાસૂસો પાછળ લાગેલા રહેતા પણ આપ વેશ પલટો કરીને અવર જવર કરતા અને કામ થતુ રહેતું. હઝરત શૈખુલહિન્દ(રહ.)ના હિજાઝે મુકદ્દસના સફર દરમિયાન તથા માલટાના કારાવાસ દરમિયાન આપ સાથે જ હતા, હઝરત શૈખુલહિન્દ(રહ.)ના સગા સંબંધીને ત્યાં આપની પ્રથમ શાદી થઈ પછી આપે એક અંગ્રેજ ન્યૂ મુસ્લિમ ઔરત સાથે બીજી શાદી પણ કરી અને આ અંગ્રેજ બીબીએ આપના સાથ સહકારથી અંગ્રેજીમાં કુર્આન શરીફની તફસીર પણ લખી. ૧૫ નવેમ્બર ૧૯૮૯ના રોજ લાંબી માંદગી બાદ આપનો ઈન્તિકાલ થયો.

## મૌલાના હિફ્ઝુર્રહમાન સાહબ સ્યોહારવી(રહ.) (ઈ.સ. ૧૯૦૦–૧૯૬૨)

હિફ્ઝુર્રહમાન નામ છે હિન્દુસ્તાની મુસ્લિમ સમાજનાં એક એવા મુ જાહિદે અઝીમ, બે મિસાલ લીડરનું નામ છે જેણે પોતાના જીવનની કિમતી

પુંજી સમાજ અને વતનની સેવામાં ન્યોછાવર કરી દિધી, જેમણેઈ.સ. ૧૯૪૭માં આફતો અને કોમી રમખાણોના ઘોડાપુરમાં અડગ રહી તેનો સામનો કર્યો અને મિલ્લતે ઈસ્લામિયહની ડૂબતી નૈયાને સહારો આપ્યો, જેમના જીવનને 'નિરંતર કોશીશ, અનથક પ્રયત્નો' નામ આપવું ખરેખર યોગ્ય છે કે જેઓ એક બાજુ સિયાસત–રાજકારણના મેદાન માં આગળ પડતા પ્રથમ કક્ષાના વડીલ હતા તો બીજી બાજુ ઈલ્મી અદબી દૂનિયામાં પણ આગવું સ્થાન ધરાવતા હતા.

૧૦ જાન્યુઆરી ૧૯૦૦માં બિજનોર જિલ્લાના એક ગામ સેહારામાં સિદ્દીકી ખાનદાન માં આપનો જન્મ થયો હતો, આપનું નામ તો મુઈઝુદ્દીન હતું પરંતુ આપ પોતાના તારીખી નામ હિફઝુર્રહમાનથી મશ્હૂર થયા.

પ્રાથમિક શિક્ષણ પોતાના ઘરમાંજ પોતાના પિતાજી હઝરત મૌલાના શમ્સુદ્દીન પાસે હાસિલ કર્યુ અને દર્સે નિઝામીની લગભગ બધીજ કિતાબો મદ્રસા સ્યોહારામાં પઢી, ત્યારબાદ ઈ.સ. ૧૯૧૬માં મદ્રસા શાહી મુરાદાબાદમાં પણ તાલીમ હાસિલ કરી ઈ.સ. ૧૯૨૪માં અઝહરૂલ હિન્દ દેવબંદ પહોંચી મુહદ્દિષે અઝીમ હઝરત અલ્લામાં અનવરશાહ કશ્મીરી(રહ.)થી ફૈઝ હાસિલ કર્યો.ઈ.સ. ૧૯૨૫માં દારૂલઉલૂમ દેવબંદથી પણ સનદ હાસિલ કરી દારૂલઉલૂમ દેવબંદ, જામિઅહ ઈસ્લામિય્યહ ડાભેલ અને દારૂલઉલૂમ અમરોહા જેવી ઉચ્ચ કોટીના મદ્રસાઓમાં અમુક વર્ષ તદરીસી સેવાઓ બજાવી પણ ખુદાઈ નિઝામમાં તો આપનાથી મુલ્ક–મિલ્લત, દેશ, ધર્મ, વતન અને સમાજ સેવાનું કામ લેવું નસીબમાં લખાયેલ હતું, માટે આપે મદ્રસાની ઝિંદગીથી બહાર નિકળી આઝાદીની લડત અને દેશસેવાની કાંટાજાળમાં પગ મૂકયો અને પછી તો દેશ, સમાજ, ધર્મ માટે એવી સેવાઓ પ્રદાન કરી કે તેની જોડ જડવી મુશ્કેલ છે, આમ તો આપના જાહેર સેવાકીય જીવનનો પ્રારંભ તો ખિલાફત ચળવળથી જ થઈ ગયો હતો જયારે કે આપ તાલિબે ઈલ્મ(વિદ્યાર્થી) હતા પણ તેમાં પ્રાણ ત્યારે આવ્યો જયારે આપે ઈ.સ. ૧૯૩૦ માં "જમીઅત"નાં પ્લેટફોર્મને પોતાની સેવાઓનું કેન્દ્ર બનાવી પોતાના જીવનને દેશ અને સમાજની સેવાઓ માટે વકફ કરી દીધું.

એટલા માટે કહેવાય છે કે "જમીઅત"નાં ઈસિહાસમાં મૌલાના હિફઝુરર્હમાન સાહબ સ્યોહારવીની સેવાઓ વહીવટી લાયકાતો ભવિષ્યને ઉજજવળ બનાવતા કારનામાઓ પબ્લિકમાં આપની ખુબજ લોકપ્રિયતા ભળી ન હોત તો કદાચ જમીઅત પોતાના સોનેરી ઈતિહાસને આટલો બધો ચમકદાર શાનદાર બનાવી ન શકી હોત.

ઈ.સ. ૧૯૩૨માં આપને વર્કીંગ કમિટીના મેમ્બર બનાવવામાં આવ્યા અને ત્યારબાદ ઈ.સ. ૧૯૪૨માં આપને "જમીઅત" નાં નાઝીમે ઉમૂમી (જનરલ સેક્રેટરી) નિયુક્ત કરવામાં આવ્યા.

આઝાદીની લડત જયારે પોતાના અંતિમ ચરણોમાં હતી ત્યારે 'દેશ છોડો ચળવળ' જોર પર હતી અને અંગ્રેજો દ્વારા ધરપકડોનો દૌર જારી હતો, એવામા મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવીની પણ ધરપકડ થઈ અને બે વર્ષ જેલવાસો ભોગવ્યો.

૧૪ જુલાઈ ૧૯૪૪માં બરેલી જેલથી છૂટયા પછી તો આપ 'જમીઅત'ની સેવાઓમાં દીલો જાનથી ખુબજ મશ્ગુલ(વ્યસ્ત) થઈ ગયા.

મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવીએ 'જમીઅત' નો વહીવટ હાથમાં લીધા પછી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. 'જમીઅત' દેવાદાર હતી ન પોતાનું મેગેઝીન, ન છાપખાનું, ન પોતાની પ્રાઈવેટ કોઈ ઓફિસ, ન કોઈ પ્રોપર્ટી, પણ મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવીનાં અથાગ પ્રયત્નો દ્વારા 'જમીઅત' ને પગભર કરવામાં સફળતા મળી. મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવી અસરથી લઈ રાત્રે સાડા અગિયાર વાગ્યા સુધી 'જમીઅત'ની ઓફિસે હાજર રહેતા અને જરૂરતમંદ લોકોની જરૂરતો સાંભળતા, તેમની મદદ કરવા પ્રય્તનશીલ બનતા. જરૂરતમંદોમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ દરેક સમુદાયના લોકો આવતા, કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો ન હતો. ડિસેમ્બર ૧૯૪૭ના ભયાનક હાલાતમાં મુસલમાનોને તસલ્લી આપતા અને હિંમતથી કામ કરવાની હાકલ કરતા આપે ફરમાવ્યું કે 'યેહ કેહના બુઝદિલી હે કે તુમ દરો–દિવાર સે વહશતઝદહ(ભયભીત) હો તુમ ખુદ અપને સાયે સે ડરતે હો અગર તુમ કલ તક બહાદુર થે તો આજ બુઝદિલ કયું હો ગએ ઈસ્લામ ઓર બુઝદિલી એક દિલમેં જમા નહીં

હો સકતે રસુલે અકરમ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ કા ફરમાન હૈ કે "મુસલમાન સબકુછ હો સકતા હે મગર બુઝદિલ નહી હો સકતા હે"

આપના સમયકાળ દરમિયાન 'જમીઅત' એક વિશાળ સક્રિય રાષ્ટ્રવાદી સંગઠન બની ગઈ અને તેની સેવાઓનો દાયરો(સીમા) જીવનના લગભગ દરેક પાસાઓમાં પ્રસરી ગયો હતો, જયારે કે આનાથી પહેલા 'જમીઅત' ફકત ઉલમાઓનું એક સંગઠન સમજવામાં આવતી હતી.

ઈ.સ. ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે આઝાદી મળી પરંતુ ભાગલાએ આઝાદીની ખુશીને રોળી નાંખી અને દેશભરમાં લોહીની હોળીઓ ખેલવામાં આવી, જમીઅતના બુર્ઝૂગોએ ભાગલા બાબતે પોતાનો સખત વિરોધી એવા દિલ્હી, પંજાબ અને હરિયાણાના મુસ્લિમોની મઝલૂમિયતમાં માત્ર અલ્લાહ તઆલાને રાજી કરવા ખાતર સેવાઓમાં પોતાના જાન–માલની બાજી બગાવી દીધી. બેપનાહો, મઝલૂમો, દુઃખીઓ માટે મૌલાના મદની, મૌલાના સ્યોહારવી, મૌલાના મુહમ્મદમિયાં, અને મૌલાના આઝાદ પહાડની જેમ આઝાદી વખતે અડગ બની અલ્લાહ તઆલા પછી સહારો બન્યા.

ઈતિહાસના યાદગાર તોફાનોમાં મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી(રહ.) ની એક એક રાત્રીની ખિદમતો મઝલૂમો પ્રત્યે એટલી કિંમતી અને આદરણીય હતી કે મૌલાના શાહ અબ્દુલ કાદિર સાહબ રાયપુરી(રહ.) જેવા ખાનકાહી બુઝુર્ગો બોલી ઊઠયા કેઃ "મૌલાના હિફઝુર્રહમાન સાહબ જો એક રાતની ખિદમતનો સવાબ મને આપવા તૈયાર હોય તો હું આખી જીંદગીની બધી નેકી આપવા તૈયાર છું."

મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવીનાં સમયકાળ દરમિયાન 'અલ–જમીઅત' બુક ડીપો 'અલ–જમીઅત' લાઈબ્રેરી, છાપખાનું વગેરેની સ્થાપના કરવામાં આવી, તદ્ઉપરાંત ઓફિસના બાંધકામને વિશાળતા આપવા તથા 'જમીઅત' ને રાષ્ટ્રીય સ્તરની વિકસીત સંસ્થા બનાવવાની આપની કોશિશો કદરને પાત્ર છે.

જયારે મુસલમાનોને બંધારણીય હક્કોથી વંચિત રાખવાની હલચલ થઈ તો આપે હિન્દુસ્તાની મુસલમાનો તરફથી ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરૂ જેવા વિશાળ કદના નેતાઓ સામે

બેધડક રજુઆત કરી કે:

'અગર હિન્દુસ્તાન કા બુનિયાદી(પાયાનું) દસ્તૂર(બંધારણ) કોઈ ઝિન્દા હકીકત(સાફ સચ્ચાઈ) હે તો યુનિયન કે પાંચ કરોડ મુસલમાનો કો યરગમાલ (બંધક) નહીં બનાયા જા સકતા હૈ. ઈન મુસલમાનો કી વફાદારી કા મસ્અલા એક ફરસુદહ(બેકાર) સવાલ બન ચુકા હૈ. કિસીભી જાઈઝ શિકાયત કે મોકે પર પાકિસ્તાન યા લીગ કા નામ લેકર હમારી આવાઝ કો દબાને કી કોશિશ ન કી જાએ. હમને ભી વતન કી આઝાદી કે લીયે ઈસી તરહ અપની જાન કી બાજી લગાઈ હૈ જીસ તરહ દુસરોં ને. આજ અગર વતન કી સર જમીન પર ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરૂ અપના હક્ક રખતે હે તો હુસૈનઅહમદ, ફિકાયતુલ્લાહ ઔર હિફઝુર્રહમાન કો ભી વહ હક્ક હાસિલ હૈ. ઔર ઉનકે ઈસ હક્ક કો છીના નહીં જા સકતા હૈ.'

દેશની આઝાદી પછી બંધારણના ઘડતર માટે આપને પણ લેવામાં આવ્યા અને આપના તથા આપના જેવા સાફ દિલ મેમ્બરોના સહારે આજે દેશને સેક્યુલર બિન સાંપ્રદાયિક બંધારણ નસીબ થયું .

આપ મુલ્ક અને મિલ્લત ખાતર લાંબા સમય સુધી 'જમીઅત' ના જનરલ સેક્રેટરી તથા મેમ્બર ઓફ પાર્લામેન્ટના પદને શોભાવતા રહયા, ૨ ઓગષ્ટ ઈ.સ. ૧૯૬૨ના રોજ નવી દિલ્હી ખાતે આપનો ઈન્તિકાલ થયો.

આપની ઝાત માદરે વતનની મોહબ્બત અને સેવામાં બે મિસાલ હતી. તેઓ બુઝુર્ગોના નમૂના હતા, આપણા ભૂતકાળના એ સૂરજ અને ભવિષ્યની ઉમ્મીદોનું એક ચમકદાર કિરણ હતા, 'જમીઅત' નાં સિંચનમાં આપના અથાગ પ્રયત્નો, આપની સમાજ સેવાઓ તે ઈતિહાસનું એક સોનેરી તેજ છે, જે ભુલી જવાય તેમ નથી.

"મુદ્દતોં રોયા કરેંગે જામ વ પયમાના મુજે"

## આઝાદીની લડતની મનમોહક યાદો

## રાણી લક્ષ્મીબાઈના બે જાંબાઝ મુસ્લિમ તોપચીઓ

ઈ.સ. ૧૮૫૭ની લડતથી પહેલાં ઝાંસીના રાજા અને લક્ષ્મીબાઈ ના પતિ ગંગાધર રાવનું નવેમ્બર– ઈ.સ. ૧૮૫૩ના રોજ અવસાન થયું. તેમને પુત્ર ન હતો. તેમના દત્તક પુત્ર દામોદર રાવને વારસદાર

માનવાનો કંપની સરકારે ઈન્કાર કર્યો. આવા કપરા સમયે એક મુસ્લિમ પ્રતિભાશાળી શિક્ષક અને ઈ.સ. ૧૮૫૭ની લડતના મુખ્ય સુત્રધાર અઝીમુલ્લાહખાન (ઈ.સ.૧૮૨૦–૧૮૫૮)ને રાણીએ પોતાના કેસની રજૂઆત માટે ઈંગ્લેન્ડ મોકલ્યા હતા. (પંડિત સંદરલાલ, ભારતમેં અંગ્રેજી રાજ, વોલ–૩, પ્રકરણ–૪૪, પાન–૧૩૮૨ થી ૧૩૮૪)

ઈ.સ.૧૮૫૭માં દેશની આઝાદીની લડાઈ શરૂ થઈ, તો રાણીએ ઝાંસીના કિલ્લામાં રહીને અંગ્રેજોનો મુકાબ્લો કરવાનું નક્કી કર્યુ. કિલ્લામાં વિશાળ તોપખાનું હતું અને તેના ઈન્ચાર્જ ગુલામ ગૌષખાન હતા. વીરતાથી મુકાબ્લો કરીને કિલ્લાનું રક્ષણ કરી રહેલા ગુલામ ગૌષખાન શહીદ થયા તો રાણીને ભારે આઘાત લાગ્યો. ગુલામ ગૌષખાનની શહાદત બાદ તેમના સહાયક તરીકે કામ કરી રહેલ તોપંદાજીના નિષ્ણાંત સરદાર ખુદાબખ્શ ખાનને ઈન્ચાર્જ બનાવીને મુકાબ્લાનું નેતૃત્વ સોંપ્યું. રાણીએ જેમને પોતાના ભાઈ ગણાવ્યા હતા, એવા અલ્હાબાદ ખાતે ઈ.સ. ૧૮૫૭ની લડતના આગેવાન મૌલ્વી લિયાકતઅલી(ઈ.સ.૧૮૧૧–૧૮૯૨)એ સરદાર ખુદાબખ્શ ખાનને રાણીના તોપચી તરીકે નિયુક્ત કર્યા હતા. મૌલ્વી લિયાકતઅલીને ગિરફતાર થયા તો અંગ્રેજોએ તેમને કાળાપાણીની સજા કરી. ૨૦ વર્ષ સજા ભોગવીને તેઓ આંદામાનમાં જ અવસાન પામ્યા. આંદામાનમાં મૌલાના ફઝલેહક્ક ખૈરાબાદીના મઝાર પાસે જ મૌલ્વી લિયાકતઅલીની કબર આવેલી છે.

સરદાર ખુદાબખ્શ ખાને ભારે શૌર્ય, જુસ્સા અને દેશપ્રેમની ભાવનાથી અંતિમ શ્વાસ સુધી મુકાબ્લો કર્યો. અંતે તેમણે પણ ભારે મુકાબ્લા પછી દેશ કાજે શહાદત વહોરી લીધી. આઝાદીના લડવૈયા પંડિત સુંદરલાલે આ બંને તોપચીઓના શૌર્યનું વર્ણન કર્યુ છે. (પંડિત સંદરલાલ, ભારતમેં અંગ્રેજી રાજ, વોલ–૩, પ્રકરણ–૪૫, પાન–૧૬૦૨ થી ૧૬૦૬)

રાણી લક્ષ્મીબાઈએ પુરા સન્માન સાથે કિલ્લાના કંપાઉન્ડમાં આ બંનેને દફન કરવાની વ્યવસ્થા કરી હતી. આજે પણ રાણી લક્ષ્મીબાઈના કિલ્લાના પ્રાંગણમાં આ બંને શહીદ વીરોની કબરો મૌજૂદ છે.

દિલ સે નિકલેગી ન મરકર ભી વતન કી ઉલ્ફત,<br>
મેરી મિટ્ટી સે ભી ખુશ્બુ–એ–વફા આયેગી.

## આઝાદીની લડતનું સૌથી મોટું આર્થિક દાન આપનાર ધોરાજીના અબ્દુલહબીબ મારફાની

નેતાજી સુભાષચંદ્ર બોઝે વીસમી સદીના પાંચમા દશકામાં અંગ્રેજો વિરૂધ્ધ આરપારની લડાઈ લડી લેવાનો મક્કમ નિર્ધાર કર્યો. તેઓ પોતાના એકમાત્ર ભારતીય સાથી આબિદ હસન સફરાની (ઈ.સ.૧૯૧૧–૧૯૮૪) સાથે ૯૦ દિવસનો ગુપ્ત પ્રવાસ ખેડીને જર્મનીથી બર્માની રાજધાની રંગૂન પહોંચ્યા. 'આઝાદ હિન્દ ફોજ' ના લોકપ્રિય નારા 'જય હિન્દ' ની રચના આબિદ હસન સફરાનીએ આપ્યો હતો. તેવી જ રીતે 'આઝાદ હિન્દ ફોજ' ના રાષ્ટ્રગીત 'શુભ સુખ–ચૈન કી બરખા બરસે, ભારત ભાગ હે જાગા'ની રચના સફરાની સાહેબે કરી હતી. આઝાદી બાદ ડેન્માર્ક અને પછી મિસરમાં ભારતના એમ્બેસેડર બન્યા હતા. (Shantimay Roy: Freedom Movement and indian Muslims p.58)

રંગૂનમાં નેતાજી સુભાષચંદ્ર બોઝેઈ.સ. ૧૯૫૭ની લડતના રાષ્ટ્રીય આગેવાન બહાદુરશાહ ઝફરના મઝાર પર બર્મામાં રહેતા ભારતીયોની એક જાહેર સભા ૯મી જુલાઈ, ૧૯૪૪ના રોજ બોલાવી અને અંગ્રેજો સામે અંતિમ નિર્ણાયક લડાઈનો મક્કમ નિર્ધાર જાહેર કર્યો. લડતના હેતુથી રચવામાં આવેલ 'આઝાદ હિન્દ ફોજ' માટે આર્થિક સહાય કરવાની જાહેર અપીલ કરી. સભામાં મૂળ ધોરાજીના એક વેપારી અબ્દુલહબીબ મારફાની મોજૂદ હતા. તેઓ ત્યાં એચ.એમ.વી. કંપનીની વિશાળ શોરૂમ ધરાવતા અને ટોઈલેટ બ્યુટી પ્રોડકટના બાદશાહ તરીકે વિખ્યાત હતા. નેતાજીના હાકલ પર અબ્દુલહબીબ મારફાનીએ આઝાદ હિન્દ ફોજ માટે એક કરોડનું દાન આપ્યું. (ડો.મકરન્દ મહેતા, ગુજરાતના વહાણવટીઓ, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પાન–૨૦ અને Rajmal Kasliwal, Netaji, Azad Hind Fauj and After)

આઝાદીની લડતના નોંધાયેલ ઈતિહાસમાં આ સૌથી મોટું આર્થિક યોગદાન ગણાય છે. નેતાજીએ તેમને 'સેવકે હિન્દ'નો ખિતાબ એનાયત કર્યો. ૧૫મી ઓગષ્ટ, ૧૯૯૭ના રોજ દિલ્હીમાં આયોજિત આઝાદીની સુવર્ણ જયંતીની ઉજવણીના કાર્યક્રમમાં કેન્દ્ર સરકારે અબ્દુલહબીબ મારફાનીના પૌત્ર યાકુબ હબીબનું સન્માન કરીને તેમના આ યોગદાનની યાદને જીવંત કરી હતી.

## મુસ્લિમ મહિલાઓનું મહત્વનું યોગદાન

એક ફ્રીલાન્સ પત્રકાર સૈયદહ સ્વાલેહા જબીને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમમાં મુસ્લિમ મહિલાઓના યોગદાન પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જયારે તેમની ભૂમિકા મજબૂત અને અગ્રણી હતી તે પર્યાપ્ત રીતે દસ્તાવેજીકૃત કરવામાં આવી નથી. સ્વાલેહા જબીને જણાવ્યું હતું કે, "હજારો ભારતીય મુસ્લિમ મહિલાઓ સ્વતંત્રતા યુદ્ધમાં જોડાઈ હતી, તેમના જીવનનું બલિદાન આપ્યું હતું અથવા આકરા દુઃખનો સામનો કર્યો હતો." તેમણે બેગમ હઝરત મહેલ, આબાદીબાનો બેગમ અને અરૂણા આસફઅલી જેવી અગ્રણી હસ્તીઓનો ઉલ્લેખ કર્યો. જબીને યાદ કર્યુ કે કેવી રીતે બેગમ હઝરત મહેલ એક સૈનિકના પોશાકમાંઈ.સ. ૧૮૫૭ના બળવા દરમિયાન લડવૈયાઓના જૂથનું નેતૃત્વ કર્યુ હતું અને આઝાદીની લડતમાં મહિલાઓની સક્રિય ભાગીદારીનું નિદર્શન કર્યુ. પ્રેમથી બી અમ્મા તરીકે ઓળખાતા આબાદીબાનો બેગમે સ્વતંત્રતાની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી અને પુત્રો સાથે ચળવળમાં નોંધપાત્ર અસર દેખાડી હતી. નોંધનીય છે કે, સામાજિક સુધારણા માટે પ્રતિબદ્ધતાને કારણે જામિયા મિલિયા ઈસ્લામિયાના સ્થાપક પણ રહ્યા હતા. તેમણે મહાત્મા ગાંધીને ટાંકયા જેમણે યંગ ઇન્ડિયા અખબારમાં લખ્યું હતું કે "મુસ્લિમ મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કર્યા વિના ભારતીય સ્વતંત્રતા ચળવળનો ઈતિહાસ સંપૂર્ણપણે અધૂરો છે." (ગુજરાત ટુડેઃ ૧૫/૦૮/૨૦૨૪)

## ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓની ભવ્ય ભૂમિકા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમમાં ઘણી મુસ્લિમ મહિલાઓએ સક્રિય ભાગ લીધો હતો, જેમાંથી કેટલીક સ્ત્રીઓ હૈદરાબાદની હતી. આ યાદીમાં આબાદીબાનો બેગમ, બીબી અમ્તુસ સલામ, બેગમ અનીસ કિડવાઈ, બેગમ નિશાતુન્નીસા મોહાની, બાજી જમાલુન્નીસા,

હાજરાબીબી ઈસ્માઈલ, કુલસુમ સયાની અને સૈયદ ફકરૂલ હાજિયા હસનનો સમાવેશ થાય છે.

ભારતની સ્વતંત્રતાના ૭૭ વર્ષ થઈ ગયા છે અને દેશ તેની ઉજવણી કરી રહ્યો છે ત્યારે આપણે એવા લોકોને યાદ કરવા જોઈએ જેમણે દેશના સ્વતંત્રતા સંગ્રામમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પરંતુ ઘણીવાર ઈતિહાસના આર્કાઇવ્સમાં અમુક લોકોને પર્યાપ્ત સ્થાન મળતું નથી.

આ ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવનારા પુરૂષોને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા હોવાથી, મહિલાઓએ પણ આ આંદોલનની કમાન સંભાળી હતી. જેમાં બેગમ હઝરત મહેલ ઉપરાંત અનેક મુસ્લિમ મહિલાઓએ ભારતીય ઈતિહાસમાં પોતાની ઓળખ બનાવી છે. આબાદીબાનો બેગમ, બીબી અમ્તુસ સલામ, બેગમ અનીસ કિડવાઈ, બેગમ નિશાતુન્નીસા મોહાની બાજી જમાલુન્નીસા, હાજરાબીબી ઈસ્માઈલ, કુલસુમ સયાની અને સૈયદ

ફકરૂલ હાજિયા હસન એ લોકોમાંના એક છે જેઓ ભુલાઈ ગયા છે અથવા જાહેર સ્મૃતિમાં નથી. (ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## આબાદીબાનો બેગમ (ઈ.સ. ૧૮૫૨–૧૯૨૪)

આબાદીબાનો બેગમ એ પ્રથમ મુસ્લિમ મહિલા હતી જેમણે સક્રિયપણે રાજકારણમાં ભાગ લીધો હતો અને ભારતને બ્રિટિશ રાજમાંથી મુકત કરાવાના આંદોલનનો પણ એક ભાગ હતા. આબાદીબાનો બેગમનો ગાંધીજી દ્વારા "બી અમ્મા" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેનો જન્મ ઈ.સ. ૧૮૫૨માં ઉત્તરપ્રદેશના અમરોહામાં થયો હતો. બી અમ્માના લગ્ન રામપુર રાજયના એક વરિષ્ઠ અધિકારી અબ્દુલ અલી ખાન સાથે થયા હતા.

તેમના પતિના અવસાન પછી બાનોએ પોતાના બાળકો (બે પુત્રી અને પાંચ પુત્રો) નો ઉછેર એકલા હાથે કર્યો. તેના પુત્રો મૌલાના મુહમ્મદઅલી જૌહર અને મૌલાના શોકત અલી ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રણી વ્યકિતઓ હતા. તેઓએ બ્રિટિશ રાજ સામે અસહકાર ચળવળ દરમિયાન મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઈ.સ. ૧૯૧૭–૧૯૨૧ દરમિયાન, તેમની નબળી આર્થિક સ્થિતિ હોવા છતાં, બી અમ્માએ, સરોજિની નાયડુની ધરપકડ પછી, બ્રિટિશ સંરક્ષણ અધિનિયમનો વિરોધ કરવા દર મહિને ૧૦ રૂપિયાનું દાન કર્યુ હતું.ઈ.સ. ૧૯૧૭માં આબાદીબાનો એની બેસન્ટ અને તેમના પુત્રોને મુકત કરવાના આંદોલનમાં જોડાઈ, જેમનીઈ.સ. ૧૯૧૭માં અંગ્રેજો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેઓ રૂઢિચુસ્ત મુ સ્લિમ હોવા છતાં બી અમ્મા ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓના સૌથી અગ્રણી હતા.

મહિલાઓનું સમર્થન મેળવવા માટે મહાત્મા ગાંધીએ તેમને ઓલ–ઇન્ડિયન મુસ્લિમ લીગના સત્રમાં બોલવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે એક ભાષણ આપ્યું જેણે બ્રિટિશ લોકો પર ભારતના મુસ્લિમોની કાયમી છાપ છોડી હતી. બાનોએ ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળ માટે ભંડોળ એકત્ર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. (ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## બીબી અમ્તુસ સલામ (મૃત્યુ–૧૯૮૫)

પટિયાલાથી મહાત્મા ગાંધીની 'દત્તક પુત્રી' બીબી અમ્તુસ સલામ એક સામાજિક કાર્યકર અને ગાંધીના શિષ્ય હતા જેમણે વિભાજનને પગલે કોમી હિંસા સામે લડવામાં અને ભાગલા પછી ભારતમાં આવેલા શરણાર્થીઓના

પુનર્વસનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેણીએ કલકત્તા, દિલ્હી અને ડેક્કનમાં કોમી રમખાણો દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં જઈને પોતાનો જીવ જોખમમાં મૂકયો હતો. બીબી સલામ ગાંધી આશ્રમના મુસ્લિમ કાર્યકર હતા અને સમય જતાં તે ગાંધીની દત્તક પુત્રી બની ગયા હતા. નોઆખલી રમખાણો પછી, ૯ ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૪૭ના રોજ ધ ટ્રિબ્યુનમાં પ્રકાશિત થયેલા એક લેખમાં નોં ધવામાં આવ્યુ હતું કે અમ્તુસ સલામે ૨૫–દિવસના ઉપવાસ કર્યા હતા. અપહરણ કરાયેલી મહિલાઓ અને બાળકોને બચાવવાના પ્રયાસમાં રાજય સત્તાવાળાઓની "બેદરકારી" ના વિરોધમાં તેણી બહાવલપુરના ડેરા નવાબ ખાતે અનિશ્ચિત ઉપવાસ પર બેઠી હતી.

(ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## બેગમ હઝરત મહેલ (ઈ.સ. ૧૮૨૦–૧૮૭૯)

ઈ.સ.૧૮૫૭ના વિદ્રોહની પ્રતિષ્ઠિત વ્યક્તિ બેગમ હઝરત મહેલ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે લડયા હતા. અવધના શાસક નવાબ વાજિદ અલી શાહની પત્ની બેગમે અંગ્રેજો પાસેથી કોઈ પણ પ્રકારનો ઉપકાર કે ભથ્થા સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. બેગમે તેના સેનાપતિ રાજા જેલાલ સિંહની મદદથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે બહાદુરીપૂર્વક લડાઈ લડી હતી.

મુહમ્મદી ખાનમ મહેલનો જન્મ ઈ.સ. ૧૮૨૦માં ઉત્તરપ્રદેશના ફૈઝાબાદમાં થયો હતો. ગુલામ હુસૈન તેના પિતા છે. તેણીને સાહિત્યની સમજ હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા હાઈવે માટે જગ્યા બનાવવા માટે મસ્જિદો અને મંદિરોનો વિનાશ પછી તેઓએ બળવો કર્યો હતો. જયારે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ઈ.સ. ૧૮૫૬માં અવધ પર આક્રમણ કર્યુ અને અવધના છેલ્લા નવાબ તેમના પતિને કલકત્તામાં દેશનિકાલ કરવામાં આવ્યા ત્યારે બેગમે તેમના પુત્ર બિરજીસ કાદિર સાથે લખનૌમાં જ રહેવાનો નિર્ણય લીધો. ૩૧ મે ૧૮૫૭ના રોજ તેઓએ સ્વતંત્રતાની ઘોષણા કરવા અને અંગ્રેજોને શહેરમાંથી ભગાડવા માટે આહ્‌વાન કર્યુ હતું.

૭ જુલાઈ ૧૮૫૭ના રોજ બેગમ હઝરત મહેલે તેમના પુત્ર બિરજીસ કાદિરને અવધના નવાબ જાહેર કર્યા. તેણીએ ૧,૮૦,૦૦૦ સૈનિકો ઉભા કર્યા અને નવાબની માતા તરીકે લખનૌ કિલ્લાનું ભવ્ય રીતે નવીનીકરણ કર્યુ. ૭ એપ્રિલ ૧૮૭૯ના રોજ તેણીનું ત્યા અવસાન થયુ હતું. (ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## બેગમ અનીસ કિડવાઈ (ઈ.સ. ૧૯૦૬–૧૯૮૨)

અનીસ કિડવાઈ ઉત્તરપ્રદેશ (યુપી) ના રાજકારણી અને કાર્યકર્તા હતા અને તેઓએ પોતાનું મોટાભાગનું જીવન સ્વતંત્ર ભારતની સેવા કરવા, શાંતિ માટે કામ કરવા અને ભારતના ભયાનક ભાગલાના પીડિતોના પુનર્વસન માટે સમર્પિત કર્યુ. તેણીએ ઈ.સ. ૧૯૫૬ થી ૧૯૬૨ સુધી રાજયસભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ(યદહ)નું પ્રતિનિધિત્વ કર્યુ, સંસદના સભ્ય તરીકે બે વખત સેવા આપી હતી.

અનીસ બેગમ કિડવાઈ ભારતીય રાષ્ટ્રીય ચળવળ દરમિયાન

સક્રિય રહી હતી. તેમના પતિ શફી અહમદ કિડવાઈની મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચે સહાનુભૂતિ વધારવા અને દેશના વિભાજનને રોકવાના પ્રયાસો બદલ સાંપ્રદાયિક દળો દ્વારા હત્યા કરવામાં આવી હતી. તેણી તેના પતિના અવસાનથી ખૂબ જ વ્યથિત હતી. આ કમનસીબ દુર્ઘટનાના પરિણામે તેમના પતિના અવસાન બાદ તેણીએ દિલ્હીમાં મહાત્મા ગાંધીની મુલાકાત લીધી હતી.

દેશના ભાગલાના પરિણામે જે મહિલાઓ તેમના જેવી જ પીડા ભોગવી રહી હતી તેમને ટેકો આપવા અને મદદ કરવા માટે, તેમણે મહાત્મા ગાંધીના નિર્દેશનમાં સુભદ્રા જોશી, મૃદુલા સારાબાઈ અને અન્ય મહિલા નેતાઓ સાથે કામ કરવાનું શરૂ કર્યુ. તેણીએ પીડિતો માટે બચાવ શિબિરો પણ શરૂ કરી અને તેમને દરેક રીતે ટેકો આપ્યો. તેઓ તેને પ્રેમથી 'અનીસ આપા' કહેતા. તેમણે તેમના પુસ્તક 'આઝાદી કી ચાહ મેં' માં રાષ્ટ્રના વિભાજન દરમિયાનના તેમના અનુભવો લખ્યા છે. (ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## બેગમ નિશાતુન્નિસા મોહાની (ઈ.સ. ૧૮૮૪–૧૯૩૭)

બેગમ નિશાતુન્નિસા મોહાનીનો જન્મ ઈ.સ. ૧૮૮૪માં અવધ, ઉત્તરપ્રદેશમાં થયો હતો. તેઓએ મૌલાના હસરત મોહાની સાથે લગ્ન કર્યા હતા જેઓ

બહાદુર સ્વતંત્રતા યોદ્ધા હતા અને જેમણે "ઈન્કલાબ ઝિંદાબાદ" સૂત્ર આપ્યું હતું. બ્રિટિશ સત્તાના ઉગ્ર વિરોધી બેગમે મુક્તિ સંગ્રામના તત્કાલીન કટ્ટરપંથી બાળ ગંગાધર તિલકને ટેકો આપ્યો હતો.

બ્રિટિશ વિરોધી લેખ પ્રકાશિત કરવા બદલ તેમના જેલવાસની સજા પર તેણીએ તેમના પતિ, હસરત મોહાનીને પત્ર લખ્યો, તેમને પ્રોત્સાહિત કર્યા અને એમ કહીને તેમનો ઉત્સાહ વધાર્યો કે, "તમારા પર લાદવામાં આવેલા જોખમોનો હિંમતપૂર્વક સામનો કરો. તમારા તરફથી કોઈ નબળાઈ ન હોવી જોઈએ. જ્યારે તેમના પતિ જેલમાં હતા, ત્યારે તેમણે તેમના દૈનિક, ઉર્દૂ–એ–મુલ્લાનું પ્રકાશન સંભાળ્યું અને સરકાર સાથે વિવિધ કાનૂની વિવાદો સામે લડત આપી હતી.

(ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## બાજી જમાલુન્નિસા હૈદરાબાદ (ઈ.સ. ૧૯૧૫–૨૦૧૬)

તેલંગાણા સશસ્ત્ર સંઘર્ષમાં સક્રિયપણે ભાગ લેનાર બાજી જમાલુન્નિસાનું ૨૨ જુલાઈ ઈ.સ. ૨૦૧૬ના રોજ ૧૦૧ વર્ષની વયે આ શહેરમાં નિધન થયુ હતું.

જમાલુન્નિસા બાજીનો જન્મ ઈ.સ. ૧૯૧૫માં હૈદરાબાદમાં થયો હતો અને તેઓ વંશીય શાંતિ અને સ્વતંત્રતા માટેના અગ્રણી હિમાયતી હતા. તેણી તેના માતા–પિતાના ઉદાર/પ્રગતિશીલ વાતાવરણમાં ઉછેર્યા પછી એક નાના બાળક તરીકે પ્રતિબંધિત જર્નલ "નિગાર" અને પ્રગતિશીલ સાહિત્ય વાંચવાનું શરૂ કર્યુ. બ્રિટિશ રાજના એક ઘટક નિઝામ શાસનની પરંપરાગત ધાર્મિક પરંપરાઓમાં ઉછરેલી હોવા છતાં, તેણીએ રાષ્ટ્રવાદી ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેણીએ નિઝામના દમનકારી શાસન અને તેના સાસરિયાઓના વાંધાઓ પર અંગ્રેજોના શાસન છતાં સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યુ હતું.

પાછળથી, તેણી મૌલાના હઝરત મોહાની મળ્યા જેમણે તેણીને રાષ્ટ્રમાં સામ્રાજયવાદ વિરોધી ચળવળમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. તેણીએ સામ્યવાદી હોવા છતાં શાહી સરકાર દ્વારા ધરપકડ થવાથી બચવાનો પ્રયાસ કરતા સ્વાતંત્ર્ય સેનાનીઓને રક્ષણ પૂરૂં પાડયું હતું.

મૂળભૂત ઉચ્ચ શિક્ષણનો અભાવ હોવા છતાં, તેણી ઉર્દૂ અને અંગ્રેજીમાં અસ્ખલિત હતી અને તેણે સાહિત્યિક સમાજ બઝમે એહબાબની સ્થાપના કરી, જે સમાજવાદ, સામ્યવાદ અને ગેરવાજબી રિવાજો પર જૂથોમાં ચર્ચાઓ યોજાતી હતી.

તેણીને હઝરત સૈયદ અહમદ દરગાહમાં દફનાવવામાં આવી છે. તે સૈયદ અખ્તર હસનની બહેન હતી, જેઓ ભૂતપૂર્વ ધારાસભ્ય અને પાયમ ડેઈલીના સ્થાપક, અને "બાજી" તરીકે વધુ જાણીતા હતા. તે મકદૂમ મોહ્યુદ્દીનની કમ્યુનિસ્ટ પાર્ટીની મિત્ર અને સભ્ય હતી. બાજી પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોસિએશન અને વિમેન્સ કો–ઓપરેટિવ સોસાયટીના સ્થાપક સભ્ય પણ હતા. (ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## હાજરાબીબી ઈસ્માઈલ (મૃત્યુ–૧૯૯૪)

મુહમ્મદ ઈસ્માઈલ સાહેબની પત્ની, હાજરાબીબી ઈસ્માઈલ,

આંધ્રપ્રદેશના ગુંટુર જિલ્લાના તેનાલીના સ્વાતંત્ર્ય યોદ્ધા હતા. ખાદી અભિયાન ચળવળ માટે પોતાને પ્રતિબદ્ધ કરનાર આ દંપતિ પર મહાત્મા ગાંધીની નોંધપાત્ર અસર હતી. ગુંટુર જિલ્લામાં, તેમના પતિ મુહમ્મદ ઈસ્માઈલે પ્રથમ ખદ્દર(ખાદી) સ્ટોર ખોલ્યો, જેનાથી તેમને "ખદ્દર ઈસ્માઈલ" તરીકે ઓળખવામાં આવે છે. હાજરા અને તેમના પતિએ ગાંધીજીને ટેકો આપ્યો હોવાથી, તેઓને મુસ્લિમ લીગ તરફથી ઉગ્ર દુશ્મનાવટનો સામનો કરવો પડયો હતો. રાષ્ટ્રીય ચળવળ માં તેમની સંડોવણી બદલ તેમના પતિની વારંવાર ધરપકડ કરવામાં આવી હોવા છતાં, હાજરાબીબીએ કયારેય ઉત્સાહ ગુમાવ્યો ન હતો.

(ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## કુલસુમ સયાની (ઈ.સ. ૧૯૦૦–૧૯૮૭)

૨૧ ઓકટોબર ઈ.સ. ૧૯૦૦ના રોજ ગુજરાતમાં કુલસુમ સયાનીનો જન્મ થયો હતો. તેણીએ ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો અને સામાજિક અન્યાય સામે લડત આપી હતી. કુલસુમ અને તેના પિતા ઈ.સ. ૧૯૧૭માં મહાત્મા ગાંધીને મળ્યા હતા. ત્યારથી, તેણીએ ગાંધીજી સાથે સમગ્ર ભારતીય રાષ્ટ્રીય ચળવળ દરમિયાન તેણીએ સામાજિક ફેરફારોની હિમાયત કરી હતી. ડો.જાન મુહમ્મદ સયાની, જે એક જાણીતા સેનાની હતા તેમની સાથે તેણીએ લગ્ન કર્યા હતા. તેણીએ તેના પતિના સમર્થન સાથે ભારતીય સ્વતંત્રતા સંગ્રામની સંખ્યાબંધ ઘટનાઓમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેણીએ અભણ લોકો માટે કામ કરવાનું શરૂ કર્યુ અને ચરખા કલાસમાં જોડાઈ હતી. તેણીએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના "જન જાગરણ" ઝુંબેશ પર પણ નોંધપાત્ર અસર કરી હતી, જેણે સામાજિક રિવાજો અંગે જનજાગૃતિ વધારી હતી. (ગુજરાત ટુડેઃ ૧૨/૦૮/૨૦૨૪)

## સૈયદ ફકરૂલ હાજિયા હસન (મૃત્યુ–૧૯૭૦)

સૈયદ ફકરૂલ હાજિયા હસન, જેમણે માત્ર ભારતીય સ્વતંત્રતાની લડાઈમાં જ ભાગ લીધો ન હતો, પરંતુ તેમના બાળકોને પણ તેમાં ભાગ લેવા વિનંતી કરી હતી. તેણીનો જન્મ એક એવા પરિવારમાં થયો હતો જે ઈરાકથી ભારતમાં સ્થળાંતરિત થયો હતો. તેણીએ તેના બાળકોને સ્વાતંત્ર્ય સેનાની તરીકે ઉછેર્યા જેઓ પાછળથી "હૈદરાબાદ

હસન બ્રધર્સ" તરીકે પ્રખ્યાત થયા.

હાજિયાએ અમીર હસન સાથે લગ્ન કર્યા, જેઓ ઉત્તરપ્રદેશથી હૈદરાબાદમાં સ્થળાંતરિત થયા હતા. પરિણામે તેણીએ હૈદરાબાદી સંસ્કૃતિ અપનાવી. તેમના જીવનસાથી અમીર હસન હૈદરાબાદ સરકારમાં વરિષ્ઠ હોદ્દા પર હતા. નોકરીના ભાગરૂપે તેને અનેક સ્થળોએ મુસાફરી કરતા હતા. તેણીએ તેની મુલાકાતો દરમિયાન ભારતમાં મહિલાઓની વેદનાને જોઈ હતી અને તેણીએ સ્ત્રી બાળકોના વિકાસ માટે ઘણાં પ્રયત્નો કર્યા હતા.

તે હૈદરાબાદમાં રહેતી હતી, જેનું શાસન અંગ્રેજો દ્વારા ચાલતુ હતું, તેમ છતાં તેણી રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે જોડાઈ હતી. તેણે મહાત્મા ગાંધીની માંગના જવાબમાં હૈદરાબાદના ટ્રુપ બઝાર સ્થિત આબિદ મંઝિલમાં વિદેશી કપડાં સળગાવી દીધા. તેણીએ અસહકાર અને ખિલાફત ચળવળોમાં ભાગ લીધો હતો. તે ભારતીય રાષ્ટ્રીય સૈન્યના દરેક સૈનિકને તેના બાળકો માનતી હતી. શ્રીમતી સરોજિની નાયડુ અને ફકરૂલ હાજિયાએ આઝાદ હિન્દ ફોજના હીરોને મુકત કરાવવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા.

# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓનો સિંહફાળો હતો અને તેમનું યોગદાન અમુલ્ય હતું



**ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણી મુસ્લિમ મહિલાઓએ સક્રિય ભાગ લીધો હતો જેમાંથી કેટલીક મહિલાઓ હૈદરાબાદની હતી. આ યાદીમાં આબાદી બાનો બેગમ, બીબી અમતુસ સલામ, બેગમ અનીસ કિદવાઈ, બેગમ નિશાતુન્નીસા મોહાની, બાજી જમાલુન્નીસા, હાજરા બીબી ઈસ્માઈલ, કુલસુમ સયાની અને સૈયદ ફકરૂલ હાજિયા હસનનો સમાવેશ થાય છે**

## આઝાદી પર્વ વિશેષ

આજે આપણે ભારતની સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યા છીએ અને આ સમયે દેશ ઘણીવાર એવા લોકોને યાદ કરે છે જેમણે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પરંતુ ઘણીવાર જેમની વિશે પૂરતી વાત કરવામાં આવતી નથી તેઓ ઇતિહાસના આર્કાઇવ્સમાં ગુમ થઈ જાય છે. આ ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવનારા પુરૂષોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા, તેવી જ રીતે આ મુસ્લિમ મહિલાઓએ આ ચળવળ જીવિત રહે અને દેશને સ્વતંત્રતા પ્રાપ્ત થાય તે માટે પોતાનું યોગદાન આપ્યું છે. સ્વતંત્રતા દિવસના ભાષણમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેકવાર મહિલાઓ અને તે સમય દરમિયાન તેમણે ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી, જેમાં રાણી લક્ષ્મીબાઈ, ઝલકારી બાઈ, દુર્ગા ભાભી, રાણી ગૈદિનલિયુ અને બેગમ હઝરત મહેલનો સમાવેશ થાય છે. દેશના સ્વતંત્રતા સંગ્રામનો ભાગ બનેલા અનેક નામોમાં આ માત્ર થોડા નામો છે. પ્રધાનમંત્રીના ભાષણની યાદીમાં સ્થાન મેળવનાર બેગમ મહેલ ઉપરાંત, અનેક મુસ્લિમ મહિલાઓએ ભારતીય ઇતિહાસમાં પોતાની છાપ છોડી છે. આબાદી બાનો બેગમ, બીબી અમતુસ સલામ, બેગમ અનીસ કિદવાઈ, બેગમ નિશાતુન્નીસા મોહની બાજી જમાલુન્નીસા, હાજરા બીબી ઈસ્માઈલ, કુલસુમ સયાની અને સૈયદ ફકરૂલ હાજિયા હસન એવા લોકોમાં શામેલ છે જેમને ઘણીવાર લોકો ભૂલી જાય છે અથવા તેઓ ઇતિહાસમાં ખોવાઈ જાય છે.

### આબાદી બાનો બેગમ (જન્મ ૧૮૫૨ - મૃત્યુ ૧૯૨૪)

આબાદી બાનો બેગમ પ્રથમ મુસ્લિમ મહિલા હતી જેમણે રાજકારણમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને ભારતને બ્રિટિશ રાજથી મુક્ત કરાવવાની ચળવળનો પણ ભાગ હતી. ગાંધીજી તેઓને 'બી અમ્મા' તરીકે ઓળખતા હતા અને આબાદી બાનો બેગમનો જન્મ ૧૮૫૨માં ઉત્તર પ્રદેશના અમરોહામાં થયો હતો. બી અમ્માના લગ્ન રામપુર રાજ્યના એક વરિષ્ઠ અધિકારી અબ્દુલ અલી ખાન સાથે થયા હતા. તેમના પતિના મૃત્યુ પછી, બાનોએ તેમના બાળકો (બે પુત્રીઓ અને પાંચ પુત્રો)ને પોતાના દમ પર ઉછેર્યા હતા. તેમના પુત્રો, મૌલાના મોહમ્મદ અલી જૌહર અને મૌલાના શૌકત અલી ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળના અગ્રણી વ્યક્તિઓ બન્યા. તેમણે બ્રિટિશ રાજ સામે અસહકાર ચળવળ દરમિયાન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બી અમ્મા, ૧૯૧૭-૧૯૨૧ સુધી, પોતાની નબળી આર્થિક સ્થિતિ હોવા છતાં સરોજિની નાયડુની ધરપકડ પછી બ્રિટિશ સંરક્ષણ કાયદાનો વિરોધ કરવા માટે દર મહિને ૧૦ રૂપિયાનું દાન આપતા હતા. ૧૯૧૭માં, બાનો એની બેસન્ટ અને તેમના પુત્રોને મુક્ત કરવાના આંદોલનમાં જોડાયા હતા, જેમને ૧૯૧૭માં તેમના ગૃહ શાસન આંદોલનને શાંત કરવાના નિષ્ફળ પ્રયાસો બાદ અંગ્રેજો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ આંદોલન બાલ ગંગાધર તિલક દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. જીવનના મોટાભાગના સમયે રૂઢિચુસ્ત મુસ્લિમ હોવા છતાં બી અમ્મા ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓના સૌથી અગ્રણી મહિલાઓ પૈકી એક હતા. મહિલાઓનો ટેકો મેળવવા માટે, મહાત્મા ગાંધીએ તેમને અખિલ ભારતીય મુસ્લિમ લીગના એક અધિવેશનમાં બોલવા માટે પ્રોત્સાહિત કર્યા, તેમણે એક ભાષણ આપ્યું જેણે બ્રિટિશ ભારતના મુસ્લિમો પર કાયમી છાપ છોડી હતી. બાનોએ ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળ માટે ભંડોળ ઊભું કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

### બીબી અમતુસ સલામ (મૃત્યુ ૧૯૮૫)

પટિયાલાના મહાત્મા ગાંધીની 'દત્તક પુત્રી' બીબી અમતુસ સલામ એક સામાજિક કાર્યકર અને તેમના શિષ્ય હતા જેમણે ભાગલા પછી સાંપ્રદાયિક હિંસાનો સામનો કરવામાં અને ભાગલા પછી ભારતમાં આવેલા શરણાર્થીઓના પુનર્વસનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે અનેક પ્રસંગોએ કલકત્તા, દિલ્હી અને ડેક્કનમાં થયેલા કોમી રમખાણો દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં જઈને પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો. બીબી સલામ ગાંધી આશ્રમની મુસ્લિમ મહિલા હતી અને સમય જતાં તે ગાંધીની દત્તક પુત્રી બની હતી. નોઆખલી રમખાણો પછી, ૯ ફેબ્રુઆરી, ૧૯૪૭ના રોજ ધ ટ્રિબ્યુનમાં પ્રકાશિત થયેલા એક લેખમાં નોંધવામાં આવ્યું હતું કે, અમતુસ સલામના ૨૫ દિવસના ઉપવાસ, જેનો હેતુ ગુનેગારોને દોષિત ઠેરવવાનો હતો, તે ગાંધી અને તેમના શિષ્યોના કાર્યોના સૌથી નોંધપાત્ર પરિણામોમાંનું એક હતું. અપહરણ કરાયેલી મહિલાઓ અને બાળકોને બચાવવાના પ્રયાસમાં રાજ્ય અધિકારીઓની 'બેદરકારી'નો વિરોધ કરવા માટે તેણી બહાવલપુરના ડેરા નવાબ ખાતે અનિશ્ચિત સમય માટે ઉપવાસ પર બેઠી હતી.

### બેગમ હઝરત મહલ (જન્મ ૧૮૨૦ - મૃત્યુ ૧૮૭૯)

૧૮૫૭ના બળવાના પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ, બેગમ હઝરત મહલે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે લડ્યા હતા. અવધના શાસક નવાબ વાજિદ અલી શાહની પત્ની બેગમે બ્રિટિશરો તરફથી કોઈપણ ઉપકાર કે ભથ્થા સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. બેગમ, તેમના સેનાપતિ રાજા જૈલાલ સિંહની મદદથી, બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે બહાદુરીથી લડી હતી. ૧૮૫૬માં જ્યારે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ અવધ પર આક્રમણ કર્યું અને તેમના પતિ, અવધના છેલ્લા નવાબ,ને કલકત્તા દેશનિકાલ કરવામાં આવ્યા, ત્યારે બેગમએ તેમના પુત્ર, બિરજીસ કાદિર સાથે લખનૌમાં રહેવાનો નિર્ણય લીધો. ૩૧ મે, ૧૮૫૭ના રોજ, તેઓ લખનૌના ચવાની વિસ્તારમાં સ્વતંત્રતાની ઘોષણા કરવા અને અંગ્રેજોને શહેરમાંથી હાંકી કાઢવા માટે ભેગા થયા હતા. ૭ જુલાઈ, ૧૮૫૭ના રોજ, બેગમ હઝરત મહલે તેમના પુત્ર, બિરજીસ ખાદીરને અવધના નવાબ જાહેર કર્યા. તેમણે ૧,૮૦,૦૦૦ સૈનિકો ભેગા કર્યા અને લખનૌ કિલ્લાનું ભવ્ય રીતે નવીનીકરણ કર્યું હતું. ૭ એપ્રિલ ૧૮૭૯ના રોજ તેમનું અવસાન થયું હતું.

### બેગમ અનીસ કિદવાઈ (જન્મ ૧૯૦૬ - મૃત્યુ ૧૯૮૨)

ઉત્તર પ્રદેશ (યુપી)ના રાજકારણી અને કાર્યકર, અનીસ કિદવાઈએ તેમના જીવનનો મોટાભાગનો ભાગ નવા સ્વતંત્ર ભારતની સેવા, શાંતિ અને ભારતના ભયંકર વિભાજનના પીડિતોના પુનર્વસન માટે સમર્પિત કર્યો હતો. તેમણે ૧૯૫૬થી ૧૯૬૨ સુધી રાજ્યસભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC)નું પ્રતિનિધિત્વ કર્યું, સંસદ સભ્ય તરીકે બે ટર્મ સેવા આપી હતી. અનીસ બેગમ કિદવાઈ ભારતીય રાષ્ટ્રીય ચળવળ દરમિયાન સક્રિય રહ્યા. ૧૯૪૭માં સ્વતંત્રતા મળી હોવા છતાં ભારત દેશના વિભાજનથી પીડાતું હતું. ત્યાં સુધીમાં, તેમના પતિ શફી અહેમદ કિદવાઈની મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચે મિત્રતા વધારવા અને દેશના વિભાજનને રોકવાના પ્રયાસો બદલ સાંપ્રદાયિક ટોળા દ્વારા હત્યા કરવામાં આવી હતી. તેમના પતિના અવસાનથી તેઓ ખૂબ જ દુઃખી થયા હતા. આ દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાના પરિણામે તેમના પતિના અવસાન પછી તેમણે દિલ્હીમાં મહાત્મા ગાંધીની મુલાકાત લીધી હતી. દેશના વિભાજનના પરિણામે તેમના જેવી જ પીડા ભોગવતી મહિલાઓને ટેકો આપવા અને મદદ કરવા માટે, તેમણે મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ સુભદ્રા જોશી, મૃદુલા સારાભાઈ અને અન્ય મહિલા નેતાઓ સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેમણે પીડિતો માટે બચાવ શિબિરો પણ શરૂ કરી અને તેમને દરેક રીતે ટેકો આપ્યો. તેઓ તેમને પ્રેમથી 'અનીસ આપ' કહેતા.

### બેગમ નિશાતુન્નીસા મોહાની (જન્મ ૧૮૮૪ - મૃત્યુ ૧૯૩૭)

બેગમ નિશાતુન્નીસા મોહાનીનો જન્મ ૧૮૮૪માં ઉત્તર પ્રદેશના અવધમાં થયો હતો અને ગાંધીજીએ તેમની અંતિમ સ્વતંત્રતાની કલ્પના અપનાવી હતી. તેમના લગ્ન મૌલાના હસરત મોહાની સાથે થયા હતા, જે એક કટ્ટર સ્વતંત્રતા સેનાની હતા અને જેમણે 'ઇન્કિલાબ ઝિંદાબાદ' નારો આપ્યો હતો. બ્રિટિશ સત્તાના ઉગ્ર વિરોધી બેગમ, મુક્તિ સંગ્રામના તત્કાલીન કટ્ટરપંથી બાલ ગંગાધર તિલકને ટેકો આપતા હતા. બ્રિટિશ વિરોધી લેખ પ્રકાશિત કરવા બદલ જેલમાં ગયા પછી તેમણે તેમના પતિ, હસરત મોહાનીને પત્ર લખીને તેમને પ્રોત્સાહિત કર્યા અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. 'તમારા પર લાદવામાં આવેલા જોખમોનો હિંમતપૂર્વક સામનો કરો. મારો કોઈ વિચાર ન કરો. તમારા તરફથી નબળાઈનો કોઈ સંકેત ન આવવો જોઈએ. 'સાવધાન રહો'.' જ્યારે તેમના પતિ જેલમાં હતા, ત્યારે તેમણે તેમના દૈનિક, ઉર્દૂ-એ-મુઅલ્લાનું પ્રકાશન સંભાળ્યું અને સરકાર સાથે વિવિધ કાનૂની વિવાદોમાંથી પસાર થયા હતા.

### બાજી જમાલુન્નિસા, હૈદરાબાદ (જન્મ ૧૯૧૫ - મૃત્યુ ૨૦૧૬)

તેલંગાણા સશસ્ત્ર સંઘર્ષમાં સક્રિય ભાગ લેનાર બાજી જમાલુન્નિસાનું ૨૨ જુલાઈ ૨૦૧૬ના રોજ ૧૦૧ વર્ષની વયે આ શહેરમાં અવસાન થયું હતું. જમાલુન્નિસા બાજીનો જન્મ ૧૯૧૫માં હૈદરાબાદમાં થયો હતો અને તેઓ વંશીય શાંતિ અને સ્વતંત્રતાના મુખ્ય હિમાયતી હતા. તેણીએ નાના બાળક તરીકે પ્રતિબંધિત જનરલ 'નિગાર' અને પ્રગતિશીલ સાહિત્ય વાંચવાનું શરૂ કર્યું હતું અને તેણી તેમના માતાપિતા દ્વારા ઉદાર/પ્રગતિશીલ વાતાવરણમાં ઉછર્યા હતા. બ્રિટિશ રાજના એક ઘટક નિઝામ શાસનની પરંપરાગત ધાર્મિક પરંપરાઓમાં ઉછર્યા હોવા છતાં તેણીએ રાષ્ટ્રવાદી ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. નિઝામના દમનકારી શાસન અને તેના સાસરિયાઓના વાંધાઓ હોવા છતાં બ્રિટિશ શાસન વિરૂદ્ધ તેણીએ સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું હતું. બાદમાં, તેણી મૌલાના હઝરત મોહાની (જેમણે 'ઇન્કિલાબ ઝિંદાબાદ' વાક્ય રચ્યું હતું અને સ્વતંત્રતા સંગ્રામમાં 'ચંડર બોલ્ટ' તરીકે જાણીતા હતા)ને મળ્યા જેમણે તેણીને દેશમાં સામ્રાજ્યવાદ વિરોધી ચળવળમાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. તેણી સામ્યવાદી હોવા છતાં શાહી સરકાર દ્વારા ધરપકડ ટાળવાનો પ્રયાસ કરી રહેલા સ્વાતંત્ર્ય સેનાનીઓને આશ્રય આપ્યો હતો. મૂળભૂત ઉચ્ચ શિક્ષણનો અભાવ હોવા છતાં તેણી ઉર્દૂ અને અંગ્રેજીમાં અસ્ખલિત વાત કરતી હતી અને તેઓએ સાહિત્યિક સમાજ બઝમે એહબાબની સ્થાપના કરી, જે સમાજવાદ, સામ્યવાદ અને ગેરવાજબી રિવાજો પર જૂથોમાં ચર્ચાઓ કરતી હતી. તેણીને હઝરત સૈયદ અહેમદ બદ-એ-પહ દરગાહમાં દફનાવવામાં આવી છે. તેણી પૂર્વ ધારાસભ્ય અને પયામ ડેઈલીના સ્થાપક સૈયદ અખ્તર હસનની બહેન હતી અને 'બાજી' તરીકે વધુ જાણીતી હતી. તેણી મકદૂમ મોહીઉદ્દીનની કમ્યુનિસ્ટ પાર્ટીની નજીકની મિત્ર અને સભ્ય હતી. બાજી પ્રગતિશીલ લેખક સંગઠન અને મહિલા સહકારી મંડળીના સ્થાપક સભ્ય પણ હતા.

### હાજરા બીબી ઈસ્માઈલ, આંધ્રપ્રદેશ (મૃત્યુ ૧૯૯૪)

મોહમ્મદ ઈસ્માઈલ સાહેબની પત્ની, હાજરા બીબી ઈસ્માઈલ, આંધ્રપ્રદેશના ગુંટુર જિલ્લાના તેનાલીના સ્વતંત્રતા સેનાની હતી. મહાત્મા ગાંધીનો આ દંપતી પર નોંધપાત્ર પ્રભાવ પડ્યો, જેમણે ખાદી અભિયાન ચળવળમાં પોતાને સમર્પિત કર્યા હતા. ગુંટુર જિલ્લામાં, તેમના પતિ મોહમ્મદ ઈસ્માઈલે પહેલું ખદર સ્ટોર ખોલ્યું, જેનાથી તેમને 'ખદર ઈસ્માઈલ' ઉપનામ મળ્યું હતું. હાજરા અને તેમના પતિએ ગાંધીને ટેકો આપ્યો હોવાથી, તેમને મુસ્લિમ લીગ તરફથી ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો. રાષ્ટ્રીય ચળવળમાં સામેલ થવા બદલ તેમના પતિની વારંવાર ધરપકડ છતાં હાજરા બીબીએ ક્યારેય હિંમત ગુમાવી નહીં.

### કુલસુમ સયાની (જન્મ ૧૯૦૦ - મૃત્યુ ૧૯૮૭)

૨૧ ઓક્ટોબર, ૧૯૦૦ના રોજ, ગુજરાતમાં કુલસુમ સયાનીનો જન્મ થયો. તેમણે ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો અને સામાજિક અન્યાય સામે લડત આપી હતી. કુલસુમ અને તેમના પિતા ૧૯૧૭માં મહાત્મા ગાંધીને મળ્યા હતા. ત્યારથી તેઓ ગાંધીના માર્ગે ચાલ્યા હતા. ભારતીય રાષ્ટ્રીય ચળવળ દરમ્યાન, તેમણે સામાજિક પરિવર્તનની હિમાયત કરી હતી. ડૉ. જાન મોહમ્મદ સયાની, એક જાણીતા મુક્તિ સેનાની હતા, જેમની સાથે તેમણે લગ્ન કર્યા હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના અનેક કાર્યક્રમોમાં તેમના પતિના સમર્થનથી સક્રિયપણે ભાગ લીધો હતો. તેમણે અભણ લોકો સાથે કામ કરવાનું શરૂ કર્યું અને ચરખા વર્ગમાં જોડાયા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના 'જન જાગરણ' અભિયાનો પર પણ તેમનો નોંધપાત્ર પ્રભાવ પડ્યો, જેનાથી સામાજિક દૂષણો પ્રત્યે લોકોમાં જાગૃતિ આવી હતી. સયાનીના કાર્યોમાં ઉપનગરો અને મુંબઈ મહાનગરમાં તેમની કામગીરીનો સમાવેશ થતો હતો.

### સૈયદ ફકરૂલ હાજિયા હસન (મૃત્યુ ૧૯૭૦)

સૈયદ ફકરૂલ હાજિયા હસન, જેમણે માત્ર ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં જ ભાગ લીધો નહીં પરંતુ તેમના બાળકોને પણ આમ કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમનો જન્મ એક એવા પરિવારમાં થયો હતો જે ઇરાકથી ભારતમાં સ્થળાંતરિત થયો હતો. તેમણે તેમના બાળકોને સ્વતંત્રતા સેનાની તરીકે ઉછેર્યા હતા જેમણે પાછળથી 'હૈદરાબાદ હસન બ્રધર્સ' તરીકે નામના મેળવી હતી. હાજિયાએ ઉત્તર પ્રદેશથી હૈદરાબાદ સ્થળાંતરિત થયેલા અમીર હસન સાથે લગ્ન કર્યા હતા. પરિણામે તેણીએ હૈદરાબાદ સંસ્કૃતિ અપનાવી. તેના જીવનસાથી અમીર હસન, હૈદરાબાદ સરકારમાં ઉચ્ચ પદ પર હતા. નોકરીના ભાગરૂપે તેમને અનેક સ્થળોએ મુસાફરી કરવાની ફરજ પડતી હતી. તેણીએ પોતાની મુલાકાતો દરમિયાન ભારતમાં મહિલાઓની વેદના જોઈ. તેણીએ કન્યાઓના ઉછેરમાં ઘણા પ્રયત્નો કર્યા હતા. તેણી હૈદરાબાદમાં રહેતી હતી, જે બ્રિટિશ શાસન હેઠળ હતું, છતાં તેણી રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે જોડાઈ કારણ કે, તેણી એક મજબૂત રાષ્ટ્રીય લાગણીઓ ધરાવતી મહિલા હતી. તેણીએ મહાત્મા ગાંધીની માંગણીના જવાબમાં હૈદરાબાદના ટ્રુપ બજારમાં તેણીના આબિદ મંઝિલમાં વિદેશી કપડાં બાળી નાખ્યા. તેણીએ અસહકાર અને ખિલાફત ચળવળોમાં ભાગ લીધો હતો. તેણી ભારતીય રાષ્ટ્રીય સેનાના દરેક સૈનિકને તેના બાળકો માનતી હતી. તેઓએ શ્રીમતી સરોજિની નાયડુ અને ફખરૂલ હાજિયા સાથે મળીને આઝાદ હિંદ ફોજના નાયકોને મુક્ત કરાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. આ ઉપરાંત પણ અનેક એવી મુસ્લિમ મહિલાઓ છે જેઓએ આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. પરંતુ આજના વિભાજનકારી સમયમાં મુસ્લિમ પુરૂષો અને મહિલાઓના સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાનને ભૂલી જવામાં આવ્યું છે અને ખાસ કરીને અવગણવામાં આવી રહ્યું છે તે ખરેખર દુઃખદાયક છે.

- મરઝિયા શરીફ

(સૌ. : સિયાસત.કોમ)

લીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સરળ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY
35 YEARS VALUABLE EXPERIENCE GUJARAT TODAY
Ahmedabad
31-MAY-2026
SUNDAY
www.gujarattoday.in
GUJARAT TODAY

# ભારતની આઝાદીમાં મુસ્લિમ મહિલાઓની બહાદુરીભરી ભૂમિકા

જે ઘટનાઓ અને વિકાસને ખોલેથી સ્વીકારવામાં આવ્યા છે, તેને બદલવામાં આવી રહ્યા છે, અને જે વ્યક્તિત્વો તથા સંગઠનોનું યોગદાન જાણીતું છે તેને ધીમે ધીમે ભૂંસી નાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જ્યારે જેમણે કોઈ ખાસ ભૂમિકા ભજવી નથી, તેમને વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે. છેલ્લા બસો વર્ષનો રાષ્ટ્રીય ઇતિહાસ ખાસ કરીને જોખમમાં છે.

અંગ્રેજો ભારતમાં વેપાર કરવા આવ્યા હતા. તેમણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના કરી અને પોતાના વેપારને મજબૂત બનાવ્યો. પરંતુ ધીમે ધીમે તેમનો રાજકીય પ્રભાવ અને રસ વધતો ગયો. એક તરફ મુઘલ શાસન નબળું પડતું ગયું અને બીજી તરફ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાના પગ મજબૂત બનાવ્યા. ૧૯મી સદીના મધ્ય સુધીમાં દિલ્હી અને અવધની સરકારોને હટાવી દેવામાં આવી, જેના કારણે અંગ્રેજો વિરુદ્ધ ક્રાંતિનો માહોલ ઊભો થયો. કેટલાક ઈતિહાસકારોએ તેને માત્ર 'બળવો' ગણાવ્યો છે, પરંતુ હકીકતમાં તે સ્વતંત્રતાનું પ્રથમ યુદ્ધ હતું, જેમાં દેશના દરેક વર્ગના લોકોએ અંગ્રેજોના શાસન સામે એક થઈને લડત આપી હતી.

બધા ધર્મોના લોકોએ, ખાસ કરીને હિન્દુઓ અને મુસ્લિમોએ, આ લડતમાં ભાગ લીધો હતો. પરંતુ જો નિષ્પક્ષ રીતે જોવામાં આવે તો, મુસ્લિમોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હતી અને તેમનું બલિદાન અનોખું હતું. આ સ્વાભાવિક પણ હતું, કારણ કે બ્રિટિશ શાસનના કારણે મુસ્લિમો સત્તાથી દૂર થઈ ગયા હતા. તેથી તેમના મનમાં ગુસ્સો અને અસંતોષ વધતો ગયો. અંગ્રેજોએ પણ મુસ્લિમોને પોતાનો સૌથી મોટો વિરોધી માન્યો હતો.

જ્યારે અંગ્રેજોએ બદલો લેવાનું શરૂ કર્યું, ત્યારે તેમણે સૌથી વધુ મુસ્લિમોને નિશાન બનાવ્યા. મુસ્લિમોના નરસંહાર કરવામાં આવ્યો, તેમને ફાંસી આપવામાં આવી, તેમની સંપત્તિઓ જપ્ત અને લૂંટી લેવામાં આવી, અને તેમને ત્રાસ આપવા માટે કોઈ કસર બાકી રાખવામાં આવી નહીં. પરંતુ દુઃખની વાત એ છે કે ઘણા સમયથી મુસ્લિમોના આ તેજસ્વી ઇતિહાસને ઓછું બતાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમણે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું અને સ્વતંત્રતા માટે બધું અર્પણ કર્યું, એવા મહાન મુસ્લિમોને આજે ભૂલાવવામાં આવી રહ્યા છે. તેમના વિષય પરના પાઠ્યપુસ્તકોના પ્રકરણો પણ દૂર કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ, જેમણે સ્વતંત્રતા સંગ્રામમાં ખાસ યોગદાન આપ્યું નહોતું અથવા અંગ્રેજોના સમર્થક રહ્યા હતા, તેમને વધારે પ્રખ્યાત બનાવવામાં આવી રહ્યા છે.

સ્વતંત્રતા સંગ્રામમાં ઉલેમાઓએ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે મુશ્કેલ સમયમાં મુસ્લિમ સમાજને યોગ્ય માર્ગદર્શન આપ્યું અને અંગ્રેજો સામે સક્રિય રીતે લડત પણ આપી. ઘણા ઉલેમાઓએ [illegible] પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું. અંગ્રેજોએ પોતાનું શાસન સંપૂર્ણ રીતે સ્થાપિત કરે તે પહેલાં જ મોટી સંખ્યામાં ઉલેમાઓને ધરપકડ કરી અને હજારોને ફાંસી આપી દીધી. મુસ્લિમ વેપારીઓ અને સમૃદ્ધ લોકોએ પણ સ્વતંત્રતા સેનાનીઓને દિલથી મદદ કરી અને પોતાના ખજાના ખોલી દીધા. ઉચ્ચ શિક્ષિત મુસ્લિમોએ પોતાના સારા હોદ્દા અને સુખ-સુવિધાઓ છોડીને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો. મુસ્લિમ મહિલાઓએ પણ એક તરફ યુદ્ધના મેદાનમાં લડત આપી અને બીજી તરફ પોતાના પતિ, ભાઈઓ અને પુત્રોને નૈતિક તેમજ આર્થિક સહયોગ આપ્યો, જેથી તેઓ સંપૂર્ણ સમર્પણ સાથે સંઘર્ષ કરી શકે. આજના સમયમાં જ્યારે મુસ્લિમોના યોગદાનને અવગણવાનો પ્રયાસ થઈ રહ્યો છે, ત્યારે તેમના યોગદાનને ઉજાગર કરવા માટે વિવિધ પ્રયત્નોની જરૂર છે.

ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમ મહિલાઓની ભૂમિકા વિશે બહુ ઓછું લખાયું છે. મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ પર ઉપલબ્ધ પુસ્તકોમાં મોટાભાગે પુરુષોનો જ ઉલ્લેખ જોવા મળે છે, જ્યારે મુસ્લિમ મહિલાઓની ભૂમિકાનો માત્ર સામાન્ય રીતે ઉલ્લેખ કરવામાં આવે છે. જોકે, કેટલીક સામયિકો અને જર્નલોમાં પ્રકાશિત થયેલા લેખો મુસ્લિમ મહિલા સ્વતંત્રતા સેનાનીઓની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. આ સંદર્ભમાં ડૉ. આબિદા સમીઉદ્દીન, રીડર, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ દ્વારા લખાયેલું પુસ્તક "હિન્દુસ્તાન કી જંગ-એ-આઝાદી મેં મુસ્લિમ ખ્વાતીન કા હિસ્સા" ખાસ ઉલ્લેખનીય છે. આ પુસ્તકમાં ૧૮૫૭ના સ્વતંત્રતા યુદ્ધ, અસહકાર ચળવળ, ખિલાફત ચળવળ અને પછીના રાષ્ટ્રીય સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનાર ૩૭ મુસ્લિમ મહિલાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, આ સંખ્યા ખૂબ ઓછી છે, કારણ કે હજારો મુસ્લિમ મહિલાઓએ સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય રીતે યોગદાન આપ્યું હતું. કાલક્રમ પ્રમાણે ભારતની સ્વતંત્રતા ચળવળને બે ભાગોમાં વહેંચી શકાય છે. પ્રથમ સમયગાળો ૧૮૫૭ અને તેના પછીનો હતો, જ્યારે દેશના અલગ-અલગ વિસ્તારોમાં બળવો થયો અને અંગ્રેજો સામે સશસ્ત્ર સંઘર્ષ ચાલ્યો. બીજો સમયગાળો એવો હતો જ્યારે અંગ્રેજોએ ભારતમાં પોતાની પકડ મજબૂત બનાવી દીધી હતી અને દેશને અંગ્રેજી શાસનથી મુક્ત કરાવવા માટે વિવિધ આંદોલનો ચલાવવામાં આવ્યા. આ બંને સમયગાળામાં મુસ્લિમ મહિલાઓએ અન્ય સ્વતંત્રતા સેનાનીઓ સાથે ખભેખભા મિલાવીને સંઘર્ષ કર્યો હતો.

ભારતીય મહિલાઓને સંબોધતા કવિ અસરારુલ હક મજાઝ (૧૯૧૧-૧૯૫૫)એ લખ્યું હતું:

"તેરે માથે પે યે આંચલ બહુત હી ખૂબ હૈ લેકિન / તૂ ઇસ આંચલ સે એક પરચમ બના લેતી તો અચ્છા થા." અર્થાત્, "તમારા માથા પર આ ઓઢણી ખૂબ સુંદર લાગે છે, પરંતુ જો તમે એમાંથી ધ્વજ બનાવી લો તો વધુ સારું રહે." મુસ્લિમ મહિલાઓએ જરૂર પડ્યે પોતાની ઓઢણીને માત્ર ધ્વજમાં જ ફેરવી નહોતી, પરંતુ હાથમાં તલવાર અને બંદૂક લઈને યુદ્ધના મેદાનમાં પણ બહાદુરીપૂર્વક લડાઈ લડી હતી. તેઓ ઘોડા પર સવાર થઈ દુશ્મનો સામે ટકરાઈ અને પોતાની બહાદુરી સાબિત કરી હતી.

૧૮૫૭ અને તેના પછીના સમયમાં અનેક મુસ્લિમ મહિલાઓએ યુદ્ધમાં સક્રિય ભાગ લીધો હતો. ઘણી મહિલાઓ પુરુષોના વસ્ત્રો પહેરી તલવારબાજી અને યુદ્ધમાં જોડાઈ હતી. તેમણે ઘણા દુશ્મનોને ઠાર કર્યા અને પોતે પણ શહીદ થઈ. ઘણી મહિલાઓને પકડીને ફાંસી આપવામાં આવી અથવા જીવતી સળગાવી દેવામાં આવી. અનેક પ્રસંગોએ તેમણે પુરુષ યોદ્ધાઓ કરતાં પણ વધારે બહાદુરી બતાવી હતી. ઘણી મહિલાઓ એવી હતી કે જેઓ વિધવા થઈ ગઈ, જેમના બાળકો માર્યા ગયા, ઘરો સળગાવી દેવામાં આવ્યા અને સંપત્તિઓ લૂંટી લેવામાં આવી; છતાં તેઓ ક્યારેય ડગમગાઈ નહીં અને અંગ્રેજો સામે અડગ રહીને લડતી રહી.

એક પ્રસંગે કર્નલ હડસને કહ્યું હતું: "જ્યારે આ દેશની મહિલાઓ એટલી બહાદુર અને દેશભક્ત છે, ત્યારે અહીં બ્રિટિશ શાસન કેટલા થોડાક દેશદ્રોહીઓના સહારે જ ટકી શકે છે, જેમને સંપત્તિ અને જાગીરનો લોભ છે." જ્યારે દિલ્હીમાં અરાજકતાનો માહોલ હતો, ત્યારે શહેરના એક સમૃદ્ધ પરિવારની નાઝનીન નામની મહિલા લડવૈયાઓની સેનામાં જોડાઈ. તેને શહેરની દીવાલોની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી. તે બંદૂક ચલાવવા અને તલવારબાજીમાં ખૂબ નિપુણ હતી. શહેરની સુરક્ષા કરતી વખતે તે ગોળીબારનો ભોગ બની અને શહીદ થઈ ગઈ.



**આપણો ઈતિહાસ ભૂતકાળને નોંધે છે અને તેની સાથે જોડાયેલા વ્યક્તિત્વો તથા પાત્રોની વાત કરે છે. તે આપણને સમજાવે છે કે વિકાસ કેવી રીતે થયો અને તેમાં અલગ-અલગ વ્યક્તિત્વો તથા સંગઠનોની શું ભૂમિકા રહી. તેથી ઈતિહાસલેખન સત્ય આધારિત હોવું ખૂબ જરૂરી છે અને તેમાં કોઈ ફેરફાર કે છેડછાડ થવી ન જોઈએ. પરંતુ દુર્ભાગ્યવશ, ઘણા સમયથી આપણા દેશમાં ઈતિહાસને ફરીથી લખવાનો પ્રયાસ થઈ રહ્યો છે.**

લીલો જુબ્બો પહેરી, હાથમાં તલવાર અને બંદૂક લઈને ઘોડા પર સવાર એક અજાણી મહિલા લડવૈયાઓને બ્રિટિશ દળો પર હુમલો કરવા પ્રેરિત કરતી હતી અને પોતે પણ યુદ્ધમાં ભાગ લેતી હતી. હુમલા પછી તે અચાનક ગાયબ થઈ જતી. એક દિવસ તે ઘોડા પરથી પડી ગઈ અને પકડાઈ ગઈ. જુલાઈ ૧૮૫૭માં તેને અંબાલા જેલમાં મોકલવામાં આવી, ત્યારબાદ તેની સાથે શું બન્યું તેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

થાણા ભવનની અસગરી બેગમ (જન્મ ૧૮૧૧), જે ક્રાંતિકારી નેતા કાઝી અબ્દુર રહીમની માતા હતી, તેણે બ્રિટિશ દળો સાથે બહાદુરીથી યુદ્ધ કર્યું. બાદમાં તેને પકડીને જીવતી સળગાવી દેવામાં આવી. મુઝફ્ફરનગરની હબીબા બેગમ (જન્મ ૧૮૩૩) યુદ્ધ દરમિયાન પકડાઈ ગઈ હતી. અંગ્રેજોએ તેને અને તેની બહેનને ફાંસી આપી દીધી હતી. મુઝફ્ફરનગરની લગભગ ૨૫૫ મહિલાઓને ગોળી મારીને મોતને [illegible] ઘાટ ઉતારવામાં આવી હતી, જ્યારે રહીમી ખાતુન સહિત ૧૧ મહિલાઓને ફાંસી આપવામાં આવી હતી.

સાસારામની હાજી બેગમ (મૃત્યુ ૧૮૫૯) ઘોડેસવારીમાં નિષ્ણાત હતી. તેમણે અન્ય લડવૈયાઓ સાથે મળીને બ્રિટિશ દળો સામે બહાદુરીપૂર્વક યુદ્ધ કર્યું હતું. અંગ્રેજો સાથેના સંઘર્ષમાં ફરહત જહાં નામની એક ગણિકાનો પણ ઉલ્લેખ થાય છે. દેશભક્તિથી પ્રેરાઈને તેણે પોતાનો ચહેરો ઢાંકી લીધો, તલવારને ચુંબન કર્યું અને યુદ્ધમાં કૂદી પડી. અંતે તે જનરલ હડસનની ગોળીનો શિકાર બની. કાનપુરની અઝીઝુન્નિસા, જેને અઝીઝુન બાઈ તરીકે પણ ઓળખવામાં આવે છે, બીજી એક બહાદુર મહિલા હતી. જ્યારે કાનપુરમાં અંગ્રેજો વિરુદ્ધ બળવો ફાટી નીકળ્યો, ત્યારે તેણે પોતાના નૃત્યના ઘુંઘરૂ ઉતારી તલવાર હાથમાં લીધી. તેણે મહિલાઓની એક સેના તૈયાર કરી. આ મહિલાઓ પુરુષોના વેશમાં અને હાથમાં તલવાર લઈને લડવૈયાઓની મદદ માટે નીકળતી હતી. ઘોડા પર સવાર અઝીઝુન આ સેનાનું નેતૃત્વ કરતી હતી. તેઓ ગલીઓ, રસ્તાઓ અને છાવણીઓમાં ફરી લડવૈયાઓ સુધી જરૂરી સામાન પહોંચાડતા અને તેમને યુદ્ધ માટે પ્રોત્સાહિત કરતા. અંતે અઝીઝુન પકડાઈ ગઈ. જ્યારે ક્રાંતિકારીઓની યાદી તૈયાર થઈ ત્યારે તેનું નામ સૌથી ઉપર હતું. જનરલ હેવલોકે તેને માફી માંગવા કહ્યું જેથી તેને છોડવામાં આવે, પરંતુ તેણે જવાબ આપ્યો: "હું માફી માંગવા કરતાં મરવાનું પસંદ કરીશ." અંતે તેને ગોળી મારી દેવામાં આવી.

૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામમાં લખનૌના નવાબ વાજિદ અલી શાહની બેગમ હઝરત મહલ (મુહમ્મદી ખાનમ, ૧૮૨૦ – ૭ એપ્રિલ ૧૮૭૯) સૌથી પ્રસિદ્ધ મુસ્લિમ મહિલા સ્વતંત્રતા સેનાની હતી. તેમની પાસે અદ્ભુત નેતૃત્વ ક્ષમતા હતી. તેમણે બ્રિટિશ દળો સામે લાંબા સમય સુધી મજબૂત પ્રતિરોધ કર્યો. મેરઠમાં બળવો શરૂ થયા બાદ જ્યારે તેની અસર લખનૌ સુધી પહોંચી, ત્યારે બેગમ હઝરત મહલે પોતાની અસાધારણ ક્ષમતા દર્શાવી. બ્રિટિશ અધિકારીઓએ નવાબ વાજિદ અલી શાહને કલકત્તા (હાલનું કોલકાતા) મોકલી દીધા, પરંતુ બેગમ હઝરત મહલ લખનૌમાં જ રહી. તેમણે ઉત્તર ભારતમાં મોટી સંખ્યામાં લડવૈયાઓ ભેગા કર્યા. મૌલાના ફઝલ હક ખૈરાબાદી પણ તેમના સાથીઓ સાથે બેગમ હઝરત મહલની સેનામાં જોડાયા હતા.

દિલ્હીની તુલનામાં, જેને અંગ્રેજોએ સરળતાથી કબજે કરી લીધું હતું, લખનૌ તેમને માટે ખૂબ મુશ્કેલ સાબિત થયું. બેગમ હઝરત મહલે ત્યાં અત્યંત બહાદુરીથી અંગ્રેજોનો સામનો કર્યો. પુરુષોના કપડાં પહેરી, માથા પર પાઘડી બાંધી અને હાથમાં તલવાર લઈને, ઘોડા પર સવાર થઈ તેઓ સિંહણની જેમ બ્રિટિશ સૈન્ય પર તૂટી પડતા અને તેમની હરોળોને ભંગ કરી નાખતા. તેમની હિંમત અને શૌર્યથી પ્રભાવિત થઈને ડબ્લ્યુ. એચ. રસેલે પોતાના પુસ્તક માય ઈન્ડિયન મ્યુટિની ડાયરીમાં લખ્યું હતું:

"આ બેગમે અદ્ભુત શક્તિ અને ક્ષમતા દર્શાવી છે. બેગમે અમારી સામે અનંત યુદ્ધની જાહેરાત કરી છે. આ રાણીઓ અને બેગમોના મજબૂત વ્યક્તિત્વ પરથી એવું લાગે છે કે ઝનાના અને હરમમાં રહેનારી સ્ત્રીઓમાં પણ અસાધારણ માનસિક શક્તિ હોય છે અને તેઓ કોઈપણ પરિસ્થિતિમાં કુશળ કાવતરાખોર બની શકે છે. પુરુષોના મન પર પ્રભાવ જમાવવાની તેમની હરીફાઈ તેમની બુદ્ધિને વધુ તીક્ષ્ણ અને સક્રિય બનાવે છે."

જે. સી. માર્શમેને પોતાના પુસ્તક ધ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયામાં લખ્યું હતું: "લખનૌમાં ક્રાંતિકારીઓએ જે મજબૂત પ્રતિકાર કર્યો હતો, એવો પ્રતિકાર બ્રિટિશ સૈન્યએ પહેલાં ક્યારેય જોયો નહોતો; દિલ્હીમાંથી પણ તેમને એવો વિરોધ મળ્યો નહોતો. અવધની બેગમની હાજરીએ ક્રાંતિકારીઓમાં નવી ઉર્જા ભરી દીધી હતી. તે અત્યંત અસાધારણ, સતર્ક અને સક્રિય મહિલા હતી."

એક મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટના એવી પણ છે કે બ્રિટિશ સૈન્યની ગુપ્તચર શાખાના વડા અને છેલ્લા મુઘલ બાદશાહ બહાદુર શાહ ઝફરના ત્રણ રાજકુમારોના હત્યારા મેજર વિલિયમ સ્ટીફન રાયક્સ હોડસન (૧૮૨૧-૧૮૫૮) જ્યારે લખનૌ પહોંચ્યા, ત્યારે બેગમ હઝરત મહલે પોતાની ચતુર યુદ્ધની રણનીતિ દ્વારા તેમને પકડી લીધા અને ફાંસી અપાવી. બેગમ હઝરત મહલના નેતૃત્વ હેઠળ અંગ્રેજો સામે અનેક મોરચાઓ પર યુદ્ધ લડાયું. કેટલાક પ્રસંગોએ બ્રિટિશ સૈન્યને હારનો સામનો કરવો પડ્યો, પરંતુ દેશદ્રોહીઓના કારણે સ્વતંત્રતા સેનાનીઓ પરાજિત થયા. ગોમતી નદીના કિનારે લગભગ ૩૦ હજાર લડવૈયાઓ શહીદ થયા હતા. બીજી એક ઘટનામાં બેગમ કોઠી પાસે ભયંકર યુદ્ધ થયું, છતાં બેગમ હઝરત મહલે ક્યારેય હિંમત હારી નહીં. લેફ્ટનન્ટ જનરલ આઉટરામે અનેક વખત શાંતિ સંધિ અને વાર્ષિક પેન્શનની ઓફર કરી. અંતે જ્યારે તેમને ખબર પડી કે બેગમ ક્યાંક જવા ઇચ્છે છે, ત્યારે પણ તેમને રોકાવાનો સંદેશ મોકલાયો.

પરંતુ બેગમે દરેક વખતે યુદ્ધવિરામની ઓફરને નકારી કાઢી અને પરાજય પછી પણ આત્મસમર્પણ સ્વીકાર્યું નહીં. અંતે તેઓ પોતાના પુત્ર બિરજીસ કદર સાથે નેપાળ ચાલ્યા ગયા, જ્યાં કેટલાક વર્ષો સુધી અજ્ઞાત જીવન જીવ્યા બાદ ૭ એપ્રિલ ૧૮૭૯ના રોજ તેમનું અવસાન થયું. પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૯૧૯) પછી જ્યારે વસાહતી શક્તિઓએ ઓટોમન ખિલાફતને વહેંચી નાખી, ત્યારે ભારતમાં ખિલાફત ચળવળે બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે નિર્ણાયક સંઘર્ષ કરવાનો નિર્ણય લીધો. ખિલાફત ચળવળ રાષ્ટ્રીય સ્વતંત્રતા સંગ્રામમાં એક ઐતિહાસિક મીલનો પથ્થર [illegible] સાબિત થઈ. તે સમયમાં રાષ્ટ્રીય એકતા અને ભાઈચારાનું અનોખું દૃશ્ય જોવા મળ્યું, કારણ કે દરેક ધર્મના લોકો સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા. આ સંઘર્ષમાં મુસ્લિમ મહિલાઓ પણ પાછળ રહી નહોતી. તેઓ પોતાના પતિઓ, ભાઈઓ, પુત્રો અને અન્ય સગાસંબંધીઓ સાથે ખભેખભા મિલાવીને અંગ્રેજો સામે લડી હતી.

તેમની સેવાઓનું મહત્વ એ વાત પરથી સમજાય છે કે જ્યારે તેમના પતિઓ જેલમાં દિવસ-રાત વિતાવતા હતા, ત્યારે આ મહિલાઓ માત્ર ઘર અને બાળકોની જ જવાબદારી ઉઠાવતી નહોતી, પરંતુ પોતાના પતિઓને હિંમત પણ આપતી અને અન્ય કેદીઓના પરિવારોની સંભાળ પણ રાખતી હતી. કઠિન પરિસ્થિતિઓમાં પણ તેઓએ ક્યારેય ફરિયાદનો એક શબ્દ બોલ્યો નહોતો.

સ્વતંત્રતા ચળવળના બીજા તબક્કામાં સક્રિય ભૂમિકા ભજવનારી મહિલાઓમાં અલી બ્રધર્સ મૌલાના મોહમ્મદ અલી જૌહર અને શૌકત અલીની માતા આબાદી બાનો બેગમ (૧૮૫૦-૧૯૨૪)નું નામ વિશેષ મહત્વ ધરાવે છે. તેઓ સ્વતંત્રતાના પ્રેમથી ભરપૂર, બહાદુર દેશભક્ત અને મહાન સ્વતંત્રતા સેનાની હતી. તેમની વિશિષ્ટ સેવાઓ બદલ તેમને "ઉમ્મ અલ-અહરાર"નું બિરુદ આપવામાં આવ્યું હતું. સામાન્ય લોકો તેમને પ્રેમથી "બી અમ્મા" તરીકે ઓળખતા હતા.

મૌલાના મોહમ્મદ અલી જૌહર (૧૮૭૮-૧૯૩૧)ના ઐતિહાસિક વ્યક્તિત્વ પાછળ બી અમ્માની તાલીમ અને સંસ્કારનું મોટું યોગદાન હતું, જેની કબૂલાત મૌલાના મોહમ્મદ અલી જૌહરે પોતે કરી હતી. તેમણે લખ્યું હતું "હું જે કંઈ છું અને મારી પાસે જે કંઈ છે, તે અલ્લાહે મને મારી માતા દ્વારા આપ્યું છે." બી અમ્માના રાજકીય જીવનની શરૂઆત પ્રથમ વિશ્વયુદ્ધના સમયમાં થઈ હતી. જ્યારે યુદ્ધ દરમિયાન ભારત સંરક્ષણ કાયદો લાગુ કરવામાં આવ્યો અને મૌલાના મોહમ્મદ અલી, શૌકત અલી સહિત અનેક સ્વતંત્રતા સેનાનીઓને કેદ કરવામાં આવ્યા, ત્યારે અંજુમન-એ-ખુદ્દામ-એ-ઇસ્લામને ફરી સક્રિય કરવામાં આવ્યું અને એક ભંડોળ બનાવવામાં આવ્યું, જેમાં બી અમ્માએ પોતાનો ફાળો આપવાની જાહેરાત કરી હતી.

ડૉ. આબિદા સમીઉદ્દીન લખે છે: "અલી બ્રધર્સની ધરપકડ થઈ ચૂકી હતી. બી અમ્મા શારીરિક રીતે નબળી પડી ગઈ હતી, પરંતુ તેમના પુત્રોની ધરપકડથી તેમની અંદર નવી ઉર્જા આવી ગઈ. તેમણે ખિલાફત ચળવળમાં સક્રિય રીતે ભાગ લેવો શરૂ કર્યો. તેઓ દૂર-દૂર સુધી મુસાફરી કરતા, મોટા જનસમૂહોને સંબોધતા અને સ્ટેશનો પર ભેગા થયેલા લોકોને ઉત્સાહિત કરતા. તેમના સતત પ્રવાસોએ ખિલાફત ચળવળમાં નવી જાન ફૂંકી દીધી. ખિલાફત ચળવળ દરમિયાન શફીક રામપુરીએ "સદા-એ-ખાતુન" નામની એક કવિતા લખી હતી, જે ખૂબ લોકપ્રિય બની. આ કવિતાએ દેશના ખૂણે-ખૂણે સ્વતંત્રતા સેનાનીઓને બ્રિટિશ શાસન સામે લડવા માટે પ્રેરણા આપી હતી. ૩૦ ડિસેમ્બર ૧૯૨૧ના રોજ અમદાવાદમાં બી અમ્માની અધ્યક્ષતામાં અખિલ ભારતીય મહિલા સંમેલન યોજાયું હતું. તેમાં હજારો મહિલાઓએ ભાગ લીધો હતો. કસ્તુરબા ગાંધી, અનસુયા બાઈ, ચૌધરી અને સરલા દેવી જેવી જાણીતી બિન-મુસ્લિમ મહિલાઓ ઉપરાંત અમજદી બેગમ (મૌલાના મોહમ્મદ અલીની પત્ની), શમ્સુન્નીસા બેગમ, બેગમ ડૉ. મુખ્તાર અહમદ અંસારી, નિશાતુન્નીસા બેગમ (મૌલાના હસરત મોહાનીની પત્ની), બેગમ ખુર્શીદ (ખ્વાજા અબ્દુલ મજીદની પત્ની) અને બેગમ સઆદત બાનો (સૈફુદ્દીન કિચલુની પત્ની) જેવી મુસ્લિમ મહિલાઓએ પણ ભાગ લીધો હતો. આથી સ્પષ્ટ થાય છે કે મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓએ પણ ઉત્સાહપૂર્વક સ્વતંત્રતા ચળવળમાં યોગદાન આપ્યું હતું.

ખિલાફત ચળવળમાં બી અમ્માની સક્રિય ભૂમિકા વિશે ગાંધીજીએ યંગ ઈન્ડિયામાં લખ્યું હતું: "વૃદ્ધ હોવા છતાં તેઓમાં યુવાની જેવી શક્તિ હતી. તેઓ ખિલાફત અને સ્વરાજ માટે સતત પ્રવાસ કરતા. તેઓ ઇસ્લામના કટ્ટર અનુયાયી હતા અને માનતા હતા કે ખાદી અને હિન્દુ-મુસ્લિમ એકતા વિના ભારતની સ્વતંત્રતા શક્ય નથી. તેથી તેમણે એકતા માટે સતત પ્રયત્નો કર્યા, જે તેમના માટે ઈમાનનો એક ભાગ હતો."

અલી બ્રધર્સની ધરપકડના સમયમાં ભારતીય ગુપ્તચર વિભાગના ડિરેક્ટર સર ચાર્લ્સ ક્લેવલેન્ડ ઇચ્છતા હતા કે તેઓ સરકાર સમક્ષ પ્રતિજ્ઞા કરે. તેમના પ્રતિનિધિ અબ્દુલ મજીદ, જે ગુપ્તચર વિભાગના ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ હતા, તેઓ બી અમ્માને મળવા ગયા. જ્યારે બી અમ્માને આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે કહ્યું: "હું ઇચ્છું છું કે સરકારને ખબર પડે કે જો મારા પુત્રો ધર્મના આદેશો અથવા દેશના હિત વિરુદ્ધ કોઈ વાત સ્વીકારશે, તો અલ્લાહ મારા હાથને એટલી શક્તિ આપશે કે હું પોતાના હાથથી તેમનો ગળો કાપી નાખીશ."

મૌલાના મોહમ્મદ અલી જૌહરની માતાની જેમ તેમની પત્ની અમજદી બેગમે પણ ખિલાફત ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. ગાંધીજીના યંગ ઈન્ડિયા અનુસાર, બી અમ્મા અને અમજદી બેગમે પોતાના પ્રવાસો દરમિયાન કોંગ્રેસના સત્યાગ્રહ અને ખિલાફત ભંડોળ માટે લાખો રૂપિયા એકત્રિત કર્યા હતા.

મૌલાના અબ્દુલ માજીદ દરિયાબાદી લખે છે: "અમજદી બેગમ દરેક ખિલાફત પરિષદના પ્રવાસમાં મૌલાના મોહમ્મદ અલી જૌહર સાથે રહેતા અને સભાઓ તથા અન્ય પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતા." ૧૯૧૯માં પોલીસે વોલ્ટેર સ્ટેશન પર મૌલાના મોહમ્મદ અલી જૌહરની ધરપકડ કરી. તે સમયે અમજદી બેગમ તેમની સાથે હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા અને મૌલાનાને કહ્યું: "ચિંતા ન કરો. મારા અને બાળકો વિશે વિચારશો નહીં. અલ્લાહ પહેલાં પણ પાલનહાર હતો અને આજે પણ છે. તમે તો માત્ર એક માધ્યમ હતા. અલ્લાહ બીજા માધ્યમથી પણ મદદ કરી શકે છે. તમારા કાર્યની વાત કરીએ તો, જો તમે પરવાનગી આપો તો હું તે કાર્ય આગળ વધારીશ."

૧૯૩૦માં મૌલાના અનેક બીમારીઓથી પીડાઈ રહ્યા હતા. એ જ સ્થિતિમાં તેઓ ગોળમેજ પરિષદમાં ભાગ લેવા લંડન ગયા અને અમજદી બેગમ પણ તેમની સાથે હતા. ત્યાં મૌલાનાએ અંતિમ શ્વાસ લીધા અને તેમને બૈત અલ-મકદિસમાં દફનાવવામાં આવ્યા. નિશાતુન્નીસા બેગમ, જે મૌલાના હસરત મોહાનીની પત્ની હતા, તેમણે પણ સ્વતંત્રતા ચળવળમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ જીવનભર પોતાના પતિ સાથે અડગ રહી અને અસાધારણ ધીરજ તથા હિંમત બતાવી. મૌલાના હસરત મોહાનીએ તેમની સેવાઓ વિશે લખ્યું હતું:

"જો બેગમ હસરત, બેગમ આઝાદ અને કમલા નહેરુ ન હોત, તો હસરત માત્ર એક અખબારના સંપાદક જ રહેત, મૌલાના અબુલ કલામ આઝાદ માત્ર અલ હિલાલ અને અલ બલાઘ પ્રકાશિત કરતા અને જવાહરલાલ નહેરુ સફળ બેરિસ્ટર બની રહેત. આ મહિલાઓ સંપૂર્ણ વફાદારી અને બલિદાનનું પ્રતીક હતી. તેમણે પોતાના જીવનનું બલિદાન આપ્યું, પરંતુ ક્યારેય પૂછ્યું નહીં કે 'તમે જેલમાં જશો તો અમારું શું થશે?'" ૧૯૦૮માં જ્યારે મૌલાના હસરત મોહાનીની ધરપકડ થઈ, ત્યારે બેગમ હસરતે તેમને પત્ર લખ્યો: "તમારા પર આવેલું દુઃખ હિંમતથી સહન કરો. મારા કે ઘરની ચિંતા ન કરશો. ધ્યાન રાખજો કે તમારી તરફથી કોઈ નબળાઈ ન આવે." ૧૯૧૪માં જ્યારે મૌલાના હસરત મોહાની બીજી વખત ધરપકડમાં લીધા ગયા અને તેમણે અટકાયતનો આદેશ માનવાનો ઇનકાર કર્યો, ત્યારે બેગમ હસરતે તેમને લખ્યું: "આ તમારી અડગતાની પરાકાષ્ઠા છે. હું તમારી પ્રશંસા કરું [illegible] છું." બેગમ હસરતના આ મજબૂત વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને મૌલાના સુલેમાન નદવીએ લખ્યું હતું:

"પતિની કેદ પછી, જ્યારે તેમની સંભાળ રાખનાર કોઈ નહોતું, ત્યારે ભાગ્યે જ કોઈ મુસ્લિમ મહિલા એટલી હિંમત અને ધીરજથી તમામ મુશ્કેલીઓનો સામનો કરી શકી હોત." મહિલા સ્વતંત્રતા સેનાનીઓમાં એક મહત્વપૂર્ણ નામ અબુલ કલામ આઝાદની પત્ની ઝુલેખા બેગમનું પણ છે. તેમણે મૌલાનાના મુશ્કેલ સમયમાં તેમને સંપૂર્ણ ટેકો આપ્યો. જેલના દિવસોમાં તેમને સાંત્વના આપી અને સતત શક્તિનો સ્રોત બની રહ્યા. મૌલાનાએ સ્વીકાર્યું હતું:

"ઝુલેખા બેગમે ખરાબ સમયમાં પણ મારી સાથે રહેવાનો સંપૂર્ણ પ્રયત્ન કર્યો. તેમણે માત્ર મને ટેકો આપ્યો જ નહીં, પરંતુ દરેક મુશ્કેલીનો અડગતાથી સામનો કર્યો. વિચારોમાં તેઓ મારી સાથી હતી અને જીવનમાં મારી મિત્ર તથા સહાયક હતી."

ખિલાફત ચળવળમાં તેમની ભૂમિકાને કારણે ડિસેમ્બર ૧૯૨૧માં મૌલાના આઝાદને એક વર્ષની સખત કેદની સજા થઈ અને તેમને કલકત્તાની જેલમાં મોકલવામાં આવ્યા. ત્યારબાદ ઝુલેખા બેગમે ગાંધીજીને ટેલિગ્રામ મોકલી લખ્યું:

"મારા પતિ મૌલાના અબુલ કલામ આઝાદને આજે માત્ર એક વર્ષની સજા થઈ છે. આ સજા અમારી અપેક્ષા કરતાં ઓછી છે. જો સજા અને જેલ રાષ્ટ્રસેવાનો પુરસ્કાર છે, તો તેમને આ મામલે પણ ઓછું મળ્યું છે. રાજકીય પ્રવૃત્તિઓ અને વારંવારના જેલવાસને કારણે મૌલાના આઝાદ ભાગ્યે જ ઘરે રહી શકતા હતા. બીજી તરફ ઝુલેખા બેગમનું સ્વાસ્થ્ય સતત બગડતું ગયું. છતાં તેઓ મૌલાનાને લખેલા પત્રોમાં પોતાની બીમારીનો ઉલ્લેખ કરતા નહોતા. જ્યારે મૌલાના અહમદનગર જેલમાં હતા, ત્યારે અખબારો દ્વારા તેમને પત્નીની ગંભીર બીમારીની ખબર પડી. બોમ્બે સરકારે તેમને પેરોલ પર મુક્ત થવાની ઓફર કરી. પંડિત જવાહરલાલ નહેરુ સહિત ઘણા મિત્રોએ તેમને પેરોલ સ્વીકારવા સમજાવ્યા, પરંતુ મૌલાના તૈયાર થયા નહીં. અંતે ઝુલેખા બેગમે ૯ એપ્રિલ ૧૯૪૩ના રોજ અંતિમ શ્વાસ લીધા.

સૈફુદ્દીન કિચલુ પણ જાણીતા સ્વતંત્રતા સેનાની હતા. તેમણે જર્મનીમાંથી કાયદાની ડિગ્રી મેળવી હતી, પરંતુ કાયદાની પ્રેક્ટિસ છોડીને કોંગ્રેસ અને ખિલાફત ચળવળમાં પોતાને સમર્પિત કરી દીધા. તેમની પત્ની સઆદત બાનો (૧૮૯૩-૧૯૭૦), જે સાહિત્યકાર અને કવયિત્રી હતા, તેમણે તેમને સંપૂર્ણ સહયોગ આપ્યો. એક પ્રસંગે તેમણે પોતાના પતિને કહ્યું: "કોઈ ચિંતા ન કરો. બાળકોના ઉછેર અને જીવનની જવાબદારીઓમાં તમે મને સાચા દેશભક્ત તરીકે જોશો. હું આ કાંટાભરેલા માર્ગમાં જીવનનું બલિદાન આપવા પણ તૈયાર છું."

અલીગઢના જાણીતા બેરિસ્ટર ખ્વાજા અબ્દુલ મજીદ, જામિયા મિલિયા ઇસ્લામિયાના વાઈસ ચાન્સેલર અને પ્રખ્યાત સ્વતંત્રતા સેનાની હતા. તેમણે અસહકાર ચળવળમાં ગાંધીજીને સહકાર આપ્યો હતો. તેમની પત્ની બેગમ ખુર્શીદ (૧૮૯૪-૧૯૮૧)એ તેમને સંપૂર્ણ ટેકો આપ્યો હતો. જ્યારે અન્ય સ્વતંત્રતા સેનાનીઓની ધરપકડ થઈ, ત્યારે બેગમ ખુર્શીદે ગાંધીજીને પત્ર લખ્યો કે તેમને દુઃખ છે કે તેમના પતિ હજુ સુધી જેલમાં નથી. બાદમાં જ્યારે તેમના પતિની ધરપકડ થઈ, ત્યારે તેમણે ગાંધીજીને લખ્યું: "તમને જાણીને આનંદ થશે કે સરકારી અધિકારીઓએ મારા પતિની ધરપકડ કરી છે. આજ પણ કેટલીક મુસ્લિમ મહિલાઓ વિશે માહિતી મળે છે કે તેમણે બ્રિટિશ દળો સામે લડત આપી અને પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું. અમૃતસરના Jallianwala Bagh massacre દરમિયાન, જ્યારે બ્રિટિશ સૈનિકોએ શાંતિપૂર્ણ સભા પર અંધાધૂંધ ગોળીબાર કર્યો, ત્યારે બીબી ઉમર બેઠી નામની મુસ્લિમ મહિલા પણ શહીદ થઈ હતી.

પશ્ચિમ બંગાળના મિદનાપુરની રાબા બાનો (જન્મ ૧૮૮૮)એ ૧૯૪૨ની ભારત છોડો ચળવળમાં ભાગ લીધો હતો. નંદીગ્રામ પોલીસ સ્ટેશન પરના હુમલા દરમિયાન પોલીસ ગોળીબારમાં તેઓ ઘાયલ થયા અને શહીદ થઈ ગયા.

- ડૉ. મુહમ્મદ રઝીઉલ ઇસ્લામ નદવી

(આ લેખ ઇદારા-એ-તહકીક-ઓ-તસ્નીફ અલીગઢના ઉપપ્રમુખ અને તહકીકાત-એ-ઇસ્લામી ક્વાર્ટરલીના સહાયક સંપાદક દ્વારા લખાયેલા ઉર્દૂ લેખ પરથી અનુવાદિત અને સંક્ષિપ્ત કરવામાં આવ્યો છે)

(સૌ. : ઈન્ડિયન્સ ટીકવી)

## શૈખુલહિન્દ હઝરત મૌલાના મહમૂદહસન દેવબંદી(રહ.) (ઈ.સ. ૧૮૫૧–૧૯૨૦)

શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન દેવબંદી(રહ.) પોતાના જમાનાનાં એક મોટા આલીમે દીન મુહદ્દિષ, મુફસ્સિરે કુર્આન, મોટા સુફીસંત, ઈખ્લાસ, તકવા, પરહેઝગારી, બહાદુરી, હિમ્મત, ઈસ્તિકામત, દૂરંદેશી, ફિરાસત, જિહાદ અને આઝાદીના જઝબા અને જોશ, કુરબાની અને તકલીફો ઉઠાવવામાં પોતાની સદીના એક્કા અને બેતાજ બાદશાહ હતા.

**આપનું નામઃ** મહમૂદહસન

**મૂળ વતનઃ** દેવબંદ, જી.સહરાનપુર(યુ.પી.)

**જન્મની તારીખઃ** ૧૮૫૧ ઈસ્વી ૧૨૬૮ હીજરી

**મૃત્યુની તારીખઃ** હિન્દુસ્તાનનો આ ચમકતો સૂર્ય ઈ.સ.૧૯૨૦–૧૮ રબીઉલ અવ્વલ ૧૩૩૯ હિજરીના રોજ દિલ્હીમાં આથમી ગયો અને દેવબંદ મુકામે આપની કબર બની.

**જન્મ સ્થળઃ** બરેલી, દેવબંદ, યુ.પી.

**આપના વાલિદઃ** પિતાશ્રી મૌલાના ઝુલફીકાર સા. બરેલી કોલેજમાં પ્રોફેસર હતા, પછી પ્રમોશન પામીને શિક્ષણ વિભાગમાં ડેપ્યુટી ઈન્સ્પેકટર હતા, પિતાશ્રીની નોકરીને લઈ આપનો જન્મ બરેલીમાં થયો, પરંતુ આપનો ઉછેર દેવબંદમાં થયો. ઈ.સ. ૧૮૬૬માં દારૂલઉલૂમ દેવબંદની સ્થાપના થઈ ત્યારે

શૂરાના મેમ્બર બન્યા. તેમના અનુભવોનો દા.ઉલૂમને ખુબ જ ફાયદો થયો.

**હુલામણું નામઃ** "શૈખુલહિન્દ"

જયારે આપ દેશની આઝાદી ખાતર યુરોપના નાનકડા ટાપુ દેશ 'માલટા'ના કારાવાસમાં હતાં, ત્યારે જગતના વિવિધ દેશોના અન્ય કેદીઓ પણ હતા, જેમાં મોટા રાજકારણીઓ, લશ્કરી અધિકારીઓ, નેતાઓ પણ હતા, જેમાં આપની લાંબી વિચારશકિત, ઉંડા જ્ઞાનને લઈ બધાજ દેશના કેદી નેતાઓ આપને ચાહતા હતા અને આપથી પોતપોતાના દેશની આઝાદી માટે વિચારવિમર્શ કરતા. જયાં આપની એક સાચા ભારતીય નાગરિકની ઓળખ તરીકે "શૈખુલહિન્દ" લકબ

આપવામાં આવ્યો, શૈખ એટલે વિદ્વાન, નેતા, ધર્મશાસ્ત્રી અને હિન્દ એટલે તે સમયનું અખંડ ભારત. એમ આપની ઓળખ ત્યારથી અત્યાર સુધી દેશ સાથે જોડાઈ સમગ્ર જગતમાં વિખ્યાત થઈ. જોકે આપ હકીકતમાં "શૈખુલ આલમ" વિશ્વભરના નેતા હતા.

**શિક્ષણ કેળવણીઃ** શરૂની તાલીમ પોતાના વતનમાં જ રહી હાસિલ કરી.ઈ.સ. ૧૮૫૭માં જયારે ભારતવાસીઓ તરફથી સશસ્ત્ર (હથિયારોથી) અંગ્રેજોના વિરૂદ્ધ આઝાદીની લડાઈ લડવામાં આવી, જેમાં પંડિત મેવારામ ગુપ્તાના લખવા મુજબ પાંચ લાખ મુસલમાનોને ફાંસીની સજા આપવામાં આવી, ખાસ કરીને પંચાવન હજાર જેટલા મોલ્વીઓને ફાંસીની સજા થઈ. (જુઓઃ મુસલમાન મુજાહિદીન (એક પુસ્તકનું નામ) પેજ નં.૨૪૦ ૫૨) આ લડાઈ પછી દેશની આઝાદીના મહત્વના હેતુને પ્રાપ્ત કરવા સાથે ધર્મના રક્ષણ માટે દેવબંદ મુકામે દારૂલઉલૂ મ નામી એક યુનિવર્સિટી મદ્રસાનીઈ.સ. ૧૮૬૬માં સ્થાપના થઈ, આપ એના પ્રથમ વિદ્યાર્થી તરીકે દાખલ થઈ સન હિજરી ૧૨૯૦ (ઈ.સ.૧૮૭૩)માં આપે પોતાના ઉસ્તાદ હુજ્જતુલ ઈસ્લામ, મોટા આલીમે દીન, એક મોટા સુફી, અને જંગે આઝાદીના લડવૈયા હઝરત મૌલાના કાસીમ નાનોત્વી(રહ.)ના વરદ હસ્તે સનદે ફરાગત હાસિલ કરી, આપે મૌલાના કાસીમ સાહેબ(રહ.) પાસે મેરઠ તથા દેવબંદના સમયકાળ દરમિયાન ઈલ્મ હાસિલ કર્યુ હતું.

**આપના શિક્ષકઃ** એમ તો આપે ઘણાં સ્કોલરથી શિક્ષણ પ્રાપ્ત કર્યુ, ખાસ કરીને મૌલાના કાસીમ નાનોત્વી રહ. જેઓ ઈ.સ.૧૮૫૭માં શામલી ખાતે અંગ્રેજો વિરૂદ્ધની લડાઈમાં હીરો હતા, એવા દેશપ્રેમી ગુરૂજીથી આપે જ્ઞાન મેળવ્યું.

**આપના શિક્ષણક્ષેત્રે કરેલી સેવાઃ** હિજરી સન ૧૨૯૧ (ઈ.સ. ૧૮૭૪)માં દારૂલઉલૂમ દેવબંદના ચોથા મુદર્રિસ(શિક્ષક) તરીકે આપની નિમણૂંક કરવામાં આવી.

આપ ફકત "કલાસ ટીચર" મુદર્રિસ જ ન હતા બલ્કે આપની વિચાર સરણી ખૂબ જ ઉંચી અને વિશાળ હતી જેથી આપ દર્સ–વ–તદરીસની સાથે સાથે હંમેશા મુસલમાનો માટે ઈઝ્ઝત–આબરૂ ભરી ઝિંદગી ચાહતા હતા, માટે જયારે જયારે પણ મુસલમાનો પર હાલાત આવ્યા

તો આપ બેચૈન અને વ્યથિત થઈ જતા અને મદ્રસાના ઉસ્તાદ હોવા છતાં આપે પોતાની સુજબુજ અને વિશાળ દીની–સિયાસી તાલીમ અને તરબીયતમાં મહારતથી વખતો વખત મુસલમાનોની રેહબરી(મદદ) ફરમાવી પોતાની દીની–સમાજી ઝિમ્મેદારી નિભાવતા હતા.

**આપના સદ્‌ગુણોઃ**

(૧)ઈસ્લામ ધર્મના ઉચ્ચ કોટીના વિદ્વાન.

(૨)સુફીસંત.

(૩)સાચા દેશપ્રેમી.

(૪)દેશની આઝાદી માટે બધું જ કુરબાન કરનાર, સાચા મુજાહિદ, એમ જોવા જઈએ તો દારૂલઉલૂમ દેવબંદ જેવી સંસ્થા અને આપના ગુરૂજી તરફથી દેશપ્રેમ અને આઝાદી માટેનો પવિત્ર જઝબો વારસામાં મળ્યો હતો.

આપની વિશાળ વિચારસરણીનો ચિતાર મેળવવા આપની એક તકરીર(ભાષણ) નાં અમુક અંશ અત્રે રજૂ કરીએ છીએઃ

આપે ફરમાવ્યુંઃ હું વિચારૂ છું કે મારી કૌમ અત્યારે વાકછટા વાકય બાણની ભૂખી નથી અને ન તો આવી મામૂલી કામચલાઉ ખુશીઓ તેના દુઃખ દર્દની દવા છે.

સમાજ–કોમના દુઃખ દર્દની અસલી દવા માટે (કે જેનાથી કૌમની ખુશીઓ લાંબા સમય ટકી શકે) તો પૂર બહાર જોમ જોશ અને સબરવાળી અડગતાની અને પોતાના નફસ પર કાબુ મેળવવાની જરૂરત છે.

આપે આગળ ફરમાવ્યુંઃ જયાં સુધી મારા અને તમારા દિલોમાં, પવિત્ર કોશિશોમાં સાચી ભાવના પોતાની ચાલચલગત અને અખ્લાકમાં બહાદુરી, દિલેરી, ઈસાર(બીજા ખાતર પોતે વેઠવું) અડગતા, અને તન બદનમાં કામ શકિત ઈરાદાઓમાં મજબૂતી અને ચુસ્તી ન આવે ત્યાં સુધી ફાયર બ્રાન્ડ ભાષણબાજી દ્વારા આપણને દીની અને વતની આઝાદી જેવા અગત્યના મકસદમાં કામિયાબી મળતી નથી. આવી મહામુલી કામિયાબીનો સૂરજ હંમેશા આફતો, મુસીબતો

દુઃખ દર્દ ભરી વાદળોની ઘટાઓ ફાડીને નિકળે છે અને મોટી–મોટી તમન્નાનો ચેહરો સખતથી સખત મુસીબતોના અંબારમાં

થી જ દેખાય છે. શૈતાન અને

દુશ્મનોના મજબૂત લોખંડીકિલ્લાઓ પણ શકિતશાળી ખુદાપાકની મદદ આગળ કરોળીયાના જાળા બરાબર નથી. હું અહિયાં આપણા ખોવાયેલ એ મહામૂલ્ય વારસાને હાસિલ કરવાનો ઉમેદવાર છું. (૨૦, નવે. ઈ.સ.૧૯૨૦માં અલીગઢ યુનિવર્સિટીની મસ્જિદમાં થયેલ બયાનનો ખુલાસો)

## દારૂલઉલૂમ દેવબંદ

દારૂલઉલૂમ દેવબંદની સ્થાપના અખંડ ભારતમાં કરવામાં આવી.

ટૂંકમાં એવું સમજવું કે જયારે ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવમાં નિષ્ફળ તા મળી અને મોટી

સંખ્યામાં મુસ્લિમો શહીદ કરી દેવામાં આવ્યા, તેવા સંજોગોમાં ભારતભરમાં ઈસ્લામ અને ઈસ્લામી શિક્ષણ, ઈસ્લામની સંસ્કૃતિ અને સંસ્કારની જાળવણી અને પ્રચારના નેક હેતુ માટે આ સંસ્થા સ્થાપવામાં આવી, આ સંસ્થાનો એક મોટો હેતુ એ હતો કે આ સંસ્થામાં દેશની આઝાદી માટે શૂરવીરો તૈયાર કરવામાં આવે અને ભારતદેશને આઝાદી અપાવવામાં આવે અને દેશની રક્ષા કરવામાં આવે.

## આઝાદીની લડતમાં આપનો અમૂલ્ય ફાળો

(૧) ઈ.સ. ૧૮૭૬માં દારૂલઉલૂમ દેવબંદના તે સમયના સંચાલક એવા મૌલાના કાસીમ નાનોત્વી રહ. સંગઠિત થઈને આઝાદીની લડત માટે "સમરતુત્તિરબિયહ" નામી સંસ્થાની સ્થાપના કરી, જેના સંચાલનની જવાબદારી શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન રહ.ને સોંપી.

(૨) ઈ.સ. ૧૮૮૮માં "નુસ્રતુલ અબરાર" નામી પુસ્તક તૈયાર કરવામાં આવ્યું, જેમાં દેશભરમાંથી ૧૦૦થી વધુ મોલ્વીઓ અને મુ ફતીઓના ફતવાઓ (ધાર્મિક હુકમો) ભેગા કરવામાં આવ્યા, આ બધા ફતવાઓનો હેતુ આઝાદીની લડતમાં જોડાવવાની હાંકલ કરવાનો હતો, જેમાં "શૈખુલહિન્દ" મૌલાના મહમૂદહસન રહ. નો ફતવો પણ હતો, આ ફતવાને લઈ હિન્દુઓને પણ આઝાદીની લડતમાં જોડાવવાની પ્રેરણાં મળી.(ઈન્કિલાબ ૧૮૫૭ પેજ:૧૦૫, લેખકઃ પી.સી.જોશી)

(૩) ઈ.સ. ૧૯૦૯માંજમીઅતુલઅન્સાર નામનીસંસ્થાનીદેવબંદ મુકામે હઝરત શૈખુલહિન્દ રહ. એ સ્થાપના કરી, જેના નેજા હેઠળ

આઝાદીની લડતને આગળ ધપાવવામાં આવી. આ સંસ્થાનો મૂળ હેતુ અંગ્રેજોના ઝુલ્મી સામ્રાજયને ખતમ કરી દેવાનો હતો. હઝરત શૈખુલહિન્દે આ સંસ્થાના સંચાલનની જવાબદારી પોતાના વિશ્વાસુ મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી રહ.ને સોંપી હતી.

(૪)દિલ્લીમાં "નઝારતુલ મઆરિફ અલ કુર્આનિયહ" નામી સંસ્થાની સ્થાપનાકરવામાં આવી જેના નેજા હેઠળ અંગ્રેજો સામે "બગાવત" નો પ્લાન તૈયાર કરવામાં આવ્યો જેના સંચાલક તરીકે મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી રહ.ની નિમણૂંક કરી.

## (૫)હિન્દુસ્તાનની જિલાવતન સરકાર

ઈ.સ.૧૯૧૫માં હઝરત શૈખુલહિન્દ રહ. એ પોતાની લાંબી છુપી તૈયારીઓ પછી બ્રિટનના તખ્તાને પલટાવી નાંખવા માટે પોતાની ખાસ યોજના નક્કી કરી અને આ માટે પોતાના વિશ્વાસુ શિષ્ય 'મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી રહ.' ને કાબુલ મોકલ્યા, અને કાબુલમાં ૧ ડિસેમ્બર ૧૯૧૫ના આઝાદ ભારત સરકારની રચના કરવામાં આવી અને તેના પ્રમુખરૂપે રાજા મહેન્દ્રપ્રતાપનું નામ નક્કી કરવામાં આવ્યું, અને ચંપક રામન પિલ્લાઈ, તામીલનાડુંના તેઓને આઝાદ ભારત સરકારમાં વિદેશમંત્રી બનાવવામાં આવ્યા. (They too fought for India’s freedom: The role of minorities by A.A. Engineer)

## અનોખી કોમી એકતા

"આ પણ વિચારવા લાયક એક બાબત છે કે મુસ્લિમ બહુમતીવાળો દેશ અફઘાનિસ્તાન અને ત્યાં મુસ્લિમો જ આઝાદ ભારત સરકારની રચના કરે અને તેના પ્રમુખ એક હિંદુ રાજાને બનાવે, એ મુસલમાનોની કોમી એકતાની અનોખી ભાવના છે!!!"

## વિવિધ દેશોમાં અંગ્રેજો વિરૂદ્ધ મદદ માટે મહેનત અને તે માટે વિવિધ પ્રતિનિધી મંડળો

અફઘાનિસ્તાનમાં સ્થાપવામાં આવેલી "આઝાદ ભારત" સરકારના એલચીઓ અને પ્રતિનિધી મંડળો વિવિધ દેશોમાં રવાના કરવામાં આવ્યા. ખાસ કરી તુર્કી જે તે સમયે "ખિલાફત"નું

જગતભરમાં મુખ્યમથક હતું તો તુર્કીમાં ખલીફા સાહેબ પાસે અને જાપાનની સરકારને આ ચળવળમાં મદદ કરવા ખાસવિનંતીઓ કરવામાં આવી. ૧૮ સપ્ટેમ્બર ૧૯૧૫માં હઝરત શૈખુલહિન્દ રહ. હજ માટે મક્કા–મદીના ગયા ત્યાં ગવર્નર અનવરપાશા અને ગાલિબપાશા(જેને ગાલિબનામા પણ કહેવામાં આવે છે) સાથે અંગ્રેજો વિરૂદ્ધ ચળવળમાં મદદ કરવા કરાર કરવામાં આવ્યો.

## રેશમી રૂમાલ ચળવળ

ઈ.સ.૧૮૭૮થી લઈ ઈ.સ. ૧૯૧૬ સુધી લગભગ ૪૦ વર્ષ સુધી સતત અંગ્રેજો વિરૂદ્ધ તૈયારીઓ કરવામાં આવી અને ૧૯ ફેબ્રુઆરી ૧૯૧૭નો દિવસ નક્કી કરવામાં આવ્યો, પ્લાન એવો હતો કે આખા દેશમાં અંગ્રેજો વિરૂદ્ધ બળવો કરવામાં આવે અને બહારથી જાપાન, રશિયા, તુર્કી વગેરે દેશોની મદદથી હુમલો કરવામાં આવે અને અંગ્રેજ સરકારને ખતમ કરી દેવામાં આવે.

હઝરત શૈખુલહિન્દ રહ.ની આ ચળવળ વિશે સ્વતંત્ર સેનાની મૌલાના મુહમ્મદઅલી જોહર એમ કહેતા કે જયાં અમારા વિચારો પણ નથી પહોંચ્યા ત્યાં આપની ચળવળ પહોંચી ચુકી હતી.

## રેશમી રૂમાલ પવિત્ર નામ

કાબુલમાં સ્થાપવામાં આવેલી આઝાદ ભારત સરકારની આઝાદી માટે ગતીવિધીઓ કાબુલથી મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી રહ. અને મૌલાના અન્સારી રહ. રેશમના રૂમાલો પર લખતા અને તેના સુંદર ફુલ બનાવી હઝરત શૈખુલહિન્દ રહ.ને મોકલવા માટે તૈયાર કરાવતા, જેને લઈ આ ચળવળને રેશમી રૂમાલ ચળવળ તરીકે ઓળખવામાં આવે છે. જેની અમુક ગદ્દારોએ અંગ્રેજોને બાતમી આપી દીધી હતી. આ ચળવળે સમગ્ર ભારતમાં અંગ્રેજોના વિરૂદ્ધ રાજકીય તોફાન ઉભું કર્યુ.

## ચળવળનો ભેદ ખુલી ગયો અને ધરપકડો

પરંતુ કુદરતને આ મંજૂર ના હોય આખા પ્લાનનો ભેદ ખુલી ગયો જેમાં પોતાને ભારતીય કહેડાવતા અમુક ગદ્દારોનો હાથ હતો અને ૨૨૩ જેટલા આ ચળવળના જવાબદારોને આખા ભારત દેશમાંથી પકડી લેવામાં આવ્યા. તારીખ ૨૩ સફર ૧૩૩૫ હીજરી

મુતાબિક ૧૯૧૭ ઈસ્વીના હઝરત શૈખુલહિન્દ રહ., હઝરત મૌલાના હુસૈનઅહમદ રહ., મૌલાના ઉઝૈર ગુલ રહ., હકીમ નુસરત હુસૈન રહ., મૌલાના વહીદ અહમદ ફૈઝાબાદીને અંગ્રેજોના હુકમ મુજબ હિજાઝ (આજનું સાઉદી અરબિયા)થી પકડીને યુરોપના એક ટાપુ માલટાના કારાવાસમાં ધકેલી દેવામાં આવ્યા.

મૌલાના આઝાદને રાંચી ખાતે નઝરબંદ કરવામાં આવ્યા, મૌલાના સિંધી અને મૌલાના મુહમ્મદમિયાં અન્સારીએ લાંબો સમય દેશવટો ભોગવ્યો, આ પ્રખ્યાત ચળવળને ઈતિહાસમાં "રેશમી રૂમાલ ચળવળ" તરીકે ઓળખવામાં આવે છે.

## અંગ્રેજોની જાસુસી સંસ્થાનો રિપોર્ટ

અંગ્રેજોએ આ સમગ્ર ચળવળ માટે 'રોલેટ કમિશન' બનાવ્યું અને આ ચળવળને લઈ અંગ્રેજોએ રોલેટ એકટ નામનો કાળો કાયદો ભારતમાં દાખલ કર્યો,ઈ.સ. ૧૯૧૬માં આ કાવતરાની અંગ્રેજોને ખબર પડી. જેને "રેશમી રૂમાલ કાવતરૂં" નામ આપવામાં આવે છે. આ કાવતરાનો અર્થ એ હતો કે સરહદ વિસ્તાર (તે સમયના હિન્દુસ્તાન અને આજના પાકિસ્તાનનો ભાગ) થી એક મોટો હુમલો કરવામાં આવે અને ભારતભરના મુસ્લિમો બળવો કરે અને બ્રિટીશ સરકારને બરબાદ કરી દેવામાં આવે. (બ્રિટીશ સરકારની જાસુસી સંસ્થાની રિપોર્ટ જેના દસ્તાવેજો બ્રિટીશ ઈન્ડીયા લાયબ્રેરી ખાતે જોઈ શકાય છે.)

## કેદી બનાવી માલટા લઈ જતા રસ્તામાં અંગ્રેજોએ આપેલી તકલીફો

જયારે હઝરત શૈખુલહિન્દ રહ.ની ધરપકડ કરવામાં આવી અને અંગ્રેજો યુરોપના નાનકડા ટાપુ માલટા લઈ જવા માટે સ્ટીમરમાં બેસાડી રહયા હતા તે વેળા હઝરત શૈખુલહિન્દ રહ. એકદમ શાંત અને આત્મવિશ્વાસ સાથે હતા. કેમ કે દેશની આઝાદી માટે ધરપકડ તેમાં વળી ગભરાવવાનું કેવુ? માલટા જતા–જતા રસ્તામાં અંગ્રેજોએ સ્ટીમર ઈજિપ્તના "જીઝહ" નામના ટાપુ પર રોકી અને હઝરત શૈખુલહિન્દ રહ. અને તેમના સાથીઓને અલગ–અલગ જેલમાં

રાખવામાં આવ્યા અને સખત પુછપરછ કરવામાં આવી. હઝરત શૈખુલહિન્દ રહ.ને સાથીઓથી વિખુટા પાડી દેવામાં આવ્યા હતા. પોતાના સાથીઓ સાથે શું થઈ રહયું છે તેની કોઈ ખબર ન મળી જેને લઈ સતત ૬ થી ૭ દિવસ સુધી આપે ખાવાનું છોડી દીધું અને કોઈપણ પલંગ પર આરામ પણ ન કર્યો, કેવી હતી પોતાના સાથીઓની ફીકર? તયારબાદ આપને તેમના સાથીઓ સાથે ઈજિપ્તથી માલટા લઈ જવામાં આવ્યા.

## માલટાના કારાવાસથી છુટકારો

૧૨ માર્ચ ૧૯૨૦માં આપને પોતાના સાથીઓ સહિત માલટાની જેલથી રવાના કરવામાં આવ્યા, ૮ જૂન ૧૯૨૦ના રોજ પોતાના તમામ સાથીઓ સહિત મુંબઈ લાવી છોડી મુકવામાં આવ્યા, અમદાવાદથી ગાંધીજી અને લખનૌથી મૌલાના અબ્દુલબારી રહ. તેઓના સ્વાગત માટે મુંબઈ પહોંચ્યા. ૩ વર્ષ અને ૭ મહીના બાદ વતન ભારતમાં પાછા આવ્યા.

માલટાની જેલની સખત તકલીફો વાળી સજાથી આપની હિમ્મતમાં કોઈ ફરક ન પડયો બલ્કે જેલથી છુટવા પછી આપ માં નવો જોશ અને જુસ્સો જોવા મળ્યો અને ભારત આવીને આઝાદી માટે નવી ચળવળો શરૂ કરી.

## હઝરત શૈખુલહિન્દ (મૌલાના મહમૂદહસન સાહબ)(રહ.)ની ચળવળમાં ગુજરાતીઓનો ફાળો

ઓગણીસમી સદીના અંત અને વીસમી સદીની શરૂઆતમાં અંગ્રેજી સામ્રાજય એ હદે વિસ્તરી ચુકયું હતું કે તેની સરહદોમાં સુરજ આથમતો ન હતો. એશિયા અને આફ્રિકાના ઘણાં ખરા રાષ્ટ્રો અંગ્રેજો અથવા અન્ય યુરોપીય શાસનના ગુલામ બની ચુકયા હતા. એ હાલતોમાં જે દેશપ્રેમી હસ્તીઓ અને સંગઠનોએ અંગ્રેજો સામે ટક્કરનું લેવાનું બ્યુગલ ફુંકયુ તેઓનું સ્થાન નિઃશંકે અતિ ઉચ્ચ છે.

ભારત દેશ પણ ગુલામીની સાકળમાં સંપૂર્ણપણે જકડાયેલો હતો. ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં અંગ્રેજી સામ્રાજય જેવી મજબુત તાકત સામે ટક્કર લેવા માટે એક પરિવર્તની લહેર ફુંકનારી ચળવળ ની ખુબ જ જરૂર હતી. હઝરત શૈખુલહિન્દ રહ.ની "ઈન્કિલાબી

તહરીક(પરિવર્તન ચળવળ)" તેનો જ એક ભાગ હતો. હઝરતે પોતાની ચળવળનું મધ્ય બિન્દુ આઝાદ કબીલાઓને બનાવ્યું, તેમણે આર્થિક મદદ, સૈન્ય ટ્રેનિંગ, હથિયારોની સપ્લાય વડે આઝાદ કબીલાના વિરલાઓ મુજાહિદોને વધુથી વધુ સંગઠિત અને ચંચળ બનાવવાની પુરતી કોશિશ કરી.

ચળવળનું સૌથી મોટું કેન્દ્ર દેવબંદમાં હઝરતની હસ્તી અને તેમનું મકાન હતું. દેવબંદ અને દિલ્હી સિવાય ભારતભરના વિવિધ પ્રદેશોમાં આ ક્રાંતિકારી ચળવળના કેન્દ્રો હતા. એમાં ગુજરાની ઈલ્મી અને ઐતિહાસિક વસ્તી રાંદેર ઉલ્લેખનિય છે.

આ ચળવળમાં એક બાજુ હઝરત શૈખુલહિન્દ રહ.ના સમકાલીન ઉલમા અને માર્ગદર્શકો શામેલ હતા તો બીજી બાજુ આપના શાગિર્દો, મુરીદો અને શ્રધ્ધાળુઓની એક લાબી કતાર જોતરાયેલી હતી. પ્રાણની આહુતી આપવા માટે પણ તત્પર ગુજરાતીઓમાં ખાસ કરીને કેટલાક ઉલ્લેખનીય છે. એક રાંદેરના વિખ્યાત આલીમ મૌલાના હકીમ મુહમ્મદ ઈબ્રાહીમ સા. રાંદેરી (વફાતઃ ઈ.સ.૧૯૫૪) અને બીજા મૌલાના અહમદ બુઝુર્ગ સા. સિમલકી (વફાતઃ હી.સ.૧૩૭૧).

મૌલાના હકીમ મુહમ્મદ ઈબ્રાહીમ રાંદેરી, મદ્રેસા અમીનિય્યહ દિલ્હીના ફારીગ અને હઝરત શૈખુલહિન્દ રહ. ના આદર્શ શિષ્ય અને ફૈઝ મેળવનારા છે. દારૂલઉલૂમ દેવબંદમાંઈ.સ. ૧૯૧૦ ના ઐતિહાસિક જલસામાં હઝરત શૈખુલહિન્દ રહ. એ પોતાના બરકતવાળા હાથથી દસ્તારે ફઝીલત આપી હતી. તેઓ હઝરત શૈખુલહિન્દ રહ.ના ફીદાકારોમાંથી હતા. હઝરત શૈખુલહિન્દ રહ.ની ક્રાંતિકારી ચળવળ (જે તહરીકે રેશમી રૂમાલ નામથી પ્રચલીત છે.) માટે આર્થિક મદદ કરતા રહયા. હઝરત શૈખુલહિન્દ રહ.ની માલટાની કારાવાસના સમયમાં આર્થિક મદદ મોકલતા રહેતા. (અલબલાગઃ મુંબઈ તાલીમી નંબર ડિસેમ્બર ૧૯૫૪)

હઝરત શૈખુલહિન્દ રહ.ની ક્રાંતિકારી તહરીકના એક જાંબાઝ આઝાદીની લડતના લડવૈયા હઝરત શૈખુલહિન્દ રહ.ના શાગિર્દ અને ખાદિમ, ઈમામે રબ્બાની હઝરત મૌલાના રશીદઅહમદ ગંગોહી રહ. (વફાતઃ હી.સ.૧૩૨૩)ના સદાચારી અનુયાયી, હકીમુલ ઉમ્મત હઝરત થાનવી રહ.થી સોહબત ઉઠાવનારા, શૈખુલઈસ્લામઃ હઝરત મૌલાના

હુસૈનઅહમદ મદની(વફાતઃ હી.સ.૧૩૭૭)ના ખલીફા; મૌલાના અહમદ બુઝુર્ગ સા. સિમલકી (ભૂતપુર્વ મોહતમીમઃ જામિઅહ ઈસ્લામિયહ તાલીમુદ્દીન ડાભેલ–સિમલક)ની મોટી હસ્તી છે.

## હઝરત શૈખુલહિન્દ રહ. સિમલકમાં

હઝરત શૈખુલહિન્દ રહ. હી.સ.૧૩૩૩માં સિમલક ગામમાં (જે ડાભેલને લગોલગ આવેલ વસ્તી છે) પધાર્યા હતા. લેખકને હઝરત અકદસ મુફતી અહમદ સાહબ ખાનપુરી (દા.બ.) અને તેમને હઝરત મૌલાના મુહમ્મદ સઈદ બુઝુર્ગ સાહબ રહ. સિમલકી (વફાતઃ હી.સ.૧૪૧૧)એ જેઓ હઝરત મૌલાના અહમદ બુઝુર્ગ સાહબના સુપુત્ર છે, વર્ણન કર્યુ કે; તે સમયે હઝરત શૈખુલહિન્દ મૌલાના અહમદ બુઝુર્ગ સાહબ રહ.ના તે મકાનમાં રોકાયા હતા જે સડકના કિનારે આવેલ છે. જેને હાલમાં કારી મુહમ્મદ માસુમના ઘરથી ઓળખવામાં આવે છે. લેખકથી મૌલાના અહમદ બુઝુર્ગ સાહબના સુપુત્ર મૌલાના કારી રશીદઅહમદ બુઝુર્ગ કાસ્મી સિમલકી (વફાતઃ હી.સ.૧૪૩૩)એ વર્ણન કર્યુ, હઝરત શૈખુલહિન્દ રહ. સિમલકમાં પધાર્યા હતા તે સમયે તેમણે કેટલીક ઔરતોને સિમલક મસ્જીદના હોઝ ઉપર બયઅત કરી હતી. જેમાં મૌલાના મુહમ્મદ મેમી કાસ્મી સિમલકી (વફાતઃ હી.સ.૧૪૨૭) જે 'મોલ્વી પોચા'થી મશહૂર હતા, તેમની વાલિદા મોહતરમા હતા. આ પ્રસંગે મને જામિઅહ ડાભેલના ભૂતપૂર્વ શિક્ષક અને શૂરાના મેમ્બર કારી મુહમ્મદ માસૂમની વાલિદાએ (મૌલાના અહમદ બુઝુર્ગ સાહબની પહેલી પત્ની) વર્ણવ્યો હતો.

કારી રશીદ બુઝુર્ગ સાહબના મઝકૂર વર્ણનની પુષ્ટિ વિખ્યાત લેખક મૌલાના નસીમ અહમદ ફરીદી રહ. (વફાતઃ હી.સ.૧૪૦૮)ના એક લેખથી થાય છે. જે તેમણે હઝરત શૈખુલહિન્દ રહ. બાબત લખ્યો હતો. તેનો એક ભાગ અહીંયા રજૂ કરૂં છું.

હઝરત શૈખુલહિન્દે હી.સ.૧૩૩૩માં પવિત્ર મક્કા–મદીનાની હાજરીનો ઈરાદો કર્યો દેવબંદથી દિલ્હી રવાના થયા. દિલ્હી પહોંચ્યા પછી આપે એક રાત અને દિવસ રતલામમાં રોકાણ કર્યુ તે પછી સુરત અને આજુબાજુમાં રોકાઈને મુંબઈ પહોંચ્યા. (માસિક ફુરકાન, ઓગષ્ટ ઈ.સ.૧૯૮૧)

# મૌલાના અહમદ બુઝુર્ગ રહ. અંગ્રેજના વિરૂદ્ધ બળવાના અમીર

જે સમયમાં હઝરત શૈખુલહિન્દ રહ.એ સુરત અને એના આસપાસના વિસ્તારમાં પધારીને શોભા વધારી, ત્યારે વિશ્વયુધ્ધની આગ ખુબ જ ભડકી ચુકી હતી. અંગ્રેજ હુકૂમત તેઓની ગિરફતારી(પકડવા)નો વોરંટ કાઢી ચુકી હતી. એવા તીવ્ર અને અફરા તફરીના સમયમાં ગુજરાત જેવા પ્રદેશમાં પધારવુ; ક્રાંતિકારી ચળવળથી જોડાયેલ વ્યકિતઓને ચળવળ સંબંધિત માહિતી અને હુકમો આપવા માટે જ હોય શકે. મૌલાના અહમદ બુઝુર્ગ આઝાદીની ચળવળના શાંત મુજાહિદ અને ગુજરાતના અમીર હતા. લેખકને "અકાબિરીને ગુજરાત" નામી કિતાબના લેખક મૌલાના અબ્દુલહય્ય કફલેતવી બીજાએ (વફાતઃ હી.સ.૧૪૨૩) પોતે ફરમાવ્યું કે "જમીઅતે ઉલમા દિલ્હીથી પ્રસિધ્ધ થનારા સન–ડે વર્તમાન પત્ર ઈ.સ.૧૯૫૧માં આઝાદીની ચળવળમાં ભાગ લેવાવાળા મુજાહિદોની (લડવૈયા)ની યાદી અને મદદ કરનારાઓમાં મૌલાના અહમદ બુઝુર્ગ રહ.નો પણ ઉલ્લેખ છે. મેં પોતે પઢયું છે.

મર્હુમ મૌલાના મુહમ્મદહનીફ મિલ્લી સા. (મઅહદે મિલ્લત) માલેગાંવ (વફાતઃ હી.સ.૧૪૨૦) જામિઅહ ડાભેલના એક જલસા પ્રસંગે પધાર્યા હતા. તેમણે વર્ણન કર્યુ કે "આઝાદીની ચળવળમાં મૌલાના અહમદ બુઝુર્ગ રહ.ને ચંદો એકત્ર કરવા માટે ગુજરાતના અમીર નિમવામાં આવ્યા હતા. તેમજ મૌલાના મુહમ્મદહનીફ મિલ્લી સા. રહ.એ પોતાની એક પુસ્તિકામાં મૌલાના બુઝુર્ગ રહ.ના નામનો ઉલ્લેખન પણ કર્યુ છે. તેમનું લખાણ આ પ્રમાણે છે: "શું લોકો હઝરત શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન રહ.ની કુરબાનીઓને વિસરી જશે? જેમની કુટનીતિથી ઉબૈદુલ્લાહ સિંધી, મૌલાના મદની, મૌલાના અહમદ બુઝુર્ગ, ખાન અબ્દુલ ગફફાર ખાન, મૌલાના ઉઝૈર ગુલ અને પંજાબી નસલના ગૈરમુસ્લિમ લડવૈયા રાજા મહેન્દ્રપ્રતાપસિંહે રેશમી રૂમાલની ચળવળમાં વિદેશી ભંડોળ પ્રાપ્ત કરીને અંગ્રેજોની દેશ નિકાલની યોજના બનાવી હતી. (આઝાદી કા જશ્ને ઝરરી પેજ–૩–૪) મૌલાના મિલ્લી સાહબ પોતાના એક લેખમાં આલેખે છે.

"આ દેશમાં બળવાના કેન્દ્રોની સ્થાપના માટે જે વ્યક્તિઓને હઝરત શૈખુલહિન્દ રહ.એ નિયુકત કર્યા હતા તેમાં સૌપ્રથમ મૌલાનાનું નામ છે. કિંવા ગુજરાત માટે મૌલાના અહમદ બુઝુર્ગ સિમલકી રહ.ને બળવાના અમીર નિયુકત કર્યા."

મૌલાના અહમદ બુઝુર્ગ રહ.ના નામે હઝરત શૈખુલહિન્દ રહ.ના કેટલાક શુભપત્રો અમારા પાસે મૌજૂદ છે. જે ઘણાં જ કિંમતી ઉપદેશોને સમાવિષ્ટ છે. જેમાં એક ઐતિહાસિક પત્ર પણ છે. જે માલટાની જેલમાંથી લખવામાં આવ્યો હતો. એક શુભ પત્રમાં હઝરત લખે છે.

"ખુદા કરે સુરતવાસીઓ સર્વ ખૈરીયતથી હશો. દરેકની ખિદમતમાં મસ્નૂન સલામ પહોંચાડશો." (બંદાઃ મહમૂદહસન)

આ વાકય નિર્દેશ કરે છે કે ડાભેલ અને રાંદેરવાસીઓ સહિત સુરતવાસીઓ સાથે હઝરત શૈખુલહિન્દ રહ.ના ગાઢ સંબંધો હતા.

## બલ્કાનની લડાઈ તેમજ તુર્કના ઝખ્મીઓ માટે ચંદો

બલ્કાનની લડાઈઓ સંગ્રામ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૨માં ઉદ્ભવ્યો હતો. હઝરત શૈખુલહિન્દ રહ.ની કૃપાદ્રષ્ટી અને તેમની કોશિશોના કારણે આખું ભારત તુર્કી સામ્રાજયની મદદ કરતું રહયું હતું. હઝરત શૈખુલહિન્દ રહ.એ દારૂલઉલૂમ દેવબંદની તાલીમ સ્થગિત કરીને તલબાને લઈ દેશના અલગ–અલગ ભાગોથી ચંદો ભેગો કરી તુર્કી શાસનને પહોંચાડયો તે સમયે શેરે ગુજરાત હઝરત મૌલાના મુહમ્મદ હુસૈન રાંદેરી રહ. (વફાતઃ હી.સ.૧૩૫૧)એ બલ્કાનની લડાઈના મઝલૂમો અને ઝખ્મીઓ માટે ચંદો ભેગો કરવા માટે મુઝફફરનગરનો સફર કર્યો. એવી જ રીતે મૌલાના મુહમ્મદ સા. રાજકારણમાં હઝરત શૈખુલહિન્દ રહ.ના પંથે ચાલતા રહયા. હઝરત શૈખુલહિન્દ રહ.ના 'તરકે મુવાલાત' સંબંધિત ફતાવાને ગુજરાતીમાં પ્રકાશિત કરી ગુજરાતના ઘરે ઘરે પહોંચાડયા. હઝરત શૈખુલહિન્દ રહ. અને તેમના ઉત્તરાધિકારી મૌલાના મદની રહ. સાથે ખુબજ શ્રધ્ધા રાખતા હતા. યુરોપના ગદ્દારોએ જયારે તુર્કીઓ પર ચારેય બાજુથી હુમલો કરીને ખિલાફતના માળાને વેર વિખેર કરીને તુર્કીઓ માટે કુફ્રનો ફતવો મેળવવાની કોશિશ કરી તો મૌલાના મર્હુમે તે સમયે તુર્કીઓની મદદ

અને તરફદારીમાં અંગ્રેજી હુકૂમતથી નીડર થઈને એવા એવા ભાષણો કર્યા જેને સાંભળીને ગુજરાતના મુસલમાનોએ એક મત થઈ મૌલાના મર્હુમને શેરે ગુજરાતનું ઉપનામ આપી નવાજયા.

મદ્રસા તાલીમુદ્દીન ડાભેલ સિમલકના સ્થાપક હઝરત મૌલાના અહમદ હસન ભામ સિમલકી રહ.એ (વફાતઃ હી.સ.૧૩૩૭) અને મદ્રસા તાલીમુદ્દીનના ઉસ્તાદો પણ હઝરત શૈખુલહિન્દ રહ.ની ચળવળમાં ખભે ખભા મેળવી હઝરતના જોડે ઉભા હતા. ચળવળ સાથે હમદર્દીના સબુત માટે મૌલાના અહમદ હસન ભામ રહ.નું પ્રકાશિત થતું માસિક 'અદ્દીન' નો એક અંશ રજૂ કરવું કાફી છે.

મદ્રસાના વ્યવસ્થાપક મૌલાના અબુસઈદ મુહમ્મદ ઈસ્હાક સાહબે એક લેખ 'તુર્કીઓના ઝખ્મીઓનો ખુદા હાફિઝ'ના શિર્ષકથી લખ્યો છે. તેના અંતમાં દુનિયા અને દુનિયાવાળા (કિંવા અંગ્રેજી હુકૂમતને) ઉંચા અવાજે નીડરતાથી તે સમયની પ્રચલિત શૈલીમાં પડકારતા લખે છે.

"હવે, એ દુનિયા જો તુ તેને લશ્કરી તાકત ન હોવાને લઈ ડરાવશે તો અમો ભારતીય ભાઈઓ મુસલમાનોથી નિવેદન કરીશું કે જે લોકોના ચાર પુત્રો છે તેમાંથી બે પુત્રને વોલિન્ટિયર બનાવી પહોંચાડવામાં આવે. હવે તુ બોલ તુ શું કહેશે? તુ જેટલુ એડીચોટીનું જોર લગાવી ઉભારશે તેથી પહેલા ઈન્શાઅલ્લાહ લડાઈનો સામાન એકત્ર કરીને લડાઈના મેદાન સુધી પહોંચાડી દઈશું યા તો અમો પોતે લઈને જઈશું. તુ પોતાની આંખો વડે જોઈ રહી છે કે અહીં તો તેમને લડાઈ માટે તૈયાર કરી રહી છે અને બીજી તરફ અલ્લાહ તઆલા પોતાના તુર્કી ઝખ્મીઓ અને લડવૈયાઓ માટે છુપી રાહે લડાઈના સામાનનો બંદોબસ્ત કરી રહયો છે. જેમ કે તેના કેટલાક દ્રષ્ટાંતો આલેખું છું કે મદ્રસા આલીયા દેવબંદવાળાઓએ કેવી તનતોડ મેહનત કરી અને અલીગઢવાસીઓએ કેવી કોશિશો કરી તેવી જ રીતે અમારા મદ્રસા તાલીમુદ્દીન સિમલકના સંસ્થાપક અને આચાર્ય જનાબ મૌલાના અહમદ હસન સાહબ (પ્રથમ મુદર્રિસ, વફાતઃ હી.સ.૧૩૩૪) પોતાના છટાદાર ભાષણ વડે એક ઘડીમાં લોકોને તુર્કી શાસનના દીલદાદહ બનાવી દીધા. એવીજ રીતે અમારા દોસ્ત મરગુબુત્તલબા જનાબ મૌલના મરગૂબ અહમદ સા. લાજપુરીએ

(વફાતઃ હી.સ.૧૩૮૨, જે લાજપોર મદ્રસાના મોહતમીમ છે.) કેવી મહેનતથી ચંદો ભેગો કરી તુર્કી હુકૂમત સુધી પહોંચાડયો અને કેટલાય મુસલમાન ભારતવાસીઓ ચંદો પહોંચાડી રહયા છે અને આ તો મારો પ્રત્યક્ષ જોયેલ પ્રસંગ છે કે ડાભેલના ઉંચા મહોલ્લાની મસ્જિદમાં જનાબ મૌલાના અહમદ હસન ભામે બયાન કર્યુ અને મેં તુટી ફુટી નઝમ રજૂ કરી જેમાં મારો અને મોલ્વી સાહેબનો વિષય એકજ હતો; તેમાં તુર્કી ફંડ માટે ચંદો જમાં કરવાની પ્રેરણાં આપવામાં આવી, એ જ પ્રકારે ઈદના અવસરે ડાભેલ ઈદગાહમાં પણ.

હવે બોલ એ ઈન્ડિયા(બ્રિટીશ સરકાર), આ સિવાય જે કાંઈ બકવું હોય તે બકી દે.

હવે અગર ભાર દઈને કહેશે તો પણ શું કહેશે? બસ એ જ બોલશે કે તુર્કી હુકૂમત અન્યોની મોહતાજ છે તો તેનો જવાબ એ છે કે એક દોસ્ત ભલે માલદાર છે અને કઈક કષ્ટ વેઠી રહયો છે એ સંજોગે જો તેનો દોસ્ત તેની વહારે આવે તો તેમાં શું ખોટું છે?

ઈદગાહમાં જે નઝમ પઢવામાં આવી હતી તે ઈન્શાઅલ્લાહ અન્ય કોઈ પત્રિકામાં સરળતા રહી તો તેનો પણ ઉલ્લેખ કરીશું. (અબુસઈદ નાઝીમ મુહમ્મદ ઈસ્હાક મુદર્રિસ, મદ્રસા તાલીમુદ્દીન. અદ્દીનઃ જમાદીઉલ ઉલા–વસ્સાની ૧૩૩૧ હી. મુતાબિક એપ્રિલ–મે ૧૯૧૩ ઈ.સ. અંક ૫–૬)

નોટઃ હઝરત શૈખુલહિન્દ રહ.ની ચળવળમાં ગુજરાતીઓનો ફાળો વિષય પર અહકરનો અસલ લેખ ઉર્દૂ ભાષામાં છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતરિત કરવાની ખિદમત દારૂલ ઈફતાના સહાયક મુફતી મહમૂદ મેમી સલ્લમહૂએ

અંજામ આપી. અલ્લાહ તઆલા તેમના ઈલ્મ અને અમલમાં બરકત અતા ફરમાવે અને વધુને વધુ ઈલ્મી અને દીની ખિદમત માટે તૌફીકથી નવાઝે. આમીન...

(મુફતી) અબ્દુલ કૈયુમ રાજકોટી
ઈતિહાસકાર અને મુઈન મુફતી
જામિઅહ ઈસ્લામિયહ તાલીમુદ્દીન ડાભેલ

## કોમી એકતા વડે આઝાદીની લડાઈમાં નવો પ્રાણ

હઝરત શૈખુલહિન્દ રહ. જયારે માલટાનો કારાવાસ ભોગવી

ભારત આવ્યા, તો માલટામાં જગતભરના વિવિધ દેશના રાજકારણીઓ લશ્કરી કમાન્ડરો અને અન્ય લીડરો (જેઓ અંગ્રેજોના રાજકીય કેદીઓ હતા) સાથે વિચાર વિમર્શ કરી આવ્યા હતા, સાથે જ કુર્આને પાક અને હદીષ શરીફ (હઝરત મુહમ્મદ પયગમ્બર સાહેબના પવિત્ર કથનો)માં આપને ઉંડુ જ્ઞાન હતું, જેથી ખુદાદાદ સમજબુજથી હઝરત શૈખુલહિન્દ રહ. એ નક્કી કર્યુ કે ભારતમાં આઝાદીની લડતમાં મોટે ભાગે મુસ્લિમો જ આગળ છે. હવે તેને વધુ અસરકારક બનાવવા માટે જરૂરત એ છે કે અન્ય કોમના દેશવાસી ભાઈઓને પણ તેમાં જોડવામાં આવે.

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના ઈ.સ. ૧૮૮૫માં થઈ ચુકી હતી, પરંતુ તેનું કામ હિન્દુસ્તાન અને બ્રિટન વચ્ચે મેળ–મેળાપ પૈદા કરવાનું હતું, કોંગ્રેસ અંગ્રેજો સામે હજુ સુધી ખુલ્લી લડત આપી ન હતી. જેથી હઝરત શૈખુલહિન્દ રહ. એ આ વિચારધારા અમલમાં મુકી કે બધા મળીને આઝાદીની લડાઈને આગળ વધારવામાં આવે. આ વિચારધારાને ઘણો જ સારો આવકાર મળ્યો.

દરેક ધર્મના લોકોએ એમાં સંપૂર્ણ સહકાર આપ્યો અને આઝાદીની પ્રાપ્તિ સરળ થઈ.

(૧)આજે પણ રાષ્ટ્રની પ્રગતિ માટે આ વિચારધારા પર અમલ થાય અને બંધારણ મુજબ દરેક કોમના લોકોને તેઓના હક્કો પુરા મળે.

(૨)કોમી ફસાદાતથી દેશને બચાવવામાં આવે તો ભારત દેશને દુનિયાની 'મહાસત્તા' બનવાથી કોઈ રોકી નહીં શકે.

(૩)દરેક ધર્મવાળાઓને પ્રગતિ કરવામાં આઝાદી આપવામાં આવે.

(૪)ધાર્મિક બાબતોમાં દખલગીરી ન કરવામાં આવે.

## કોમી એકતા વિશે શૈખુલહિન્દની એક ખાસ નસીહત

હિંદુ અને મુસ્લિમ બન્નેવ કોમોનું એક થવું ઘણુંજ ફાયદાકારક છે, એને હું ઘણુંજ જરૂરી સમજુ છું અને જો સાથે શીખોને પણ આપણે જોડી લઈએ અને હિંદુ, મુસ્લિમ, શીખ વગેરે સુલેહ અને કોમી એકતા સાથે રહીએ તો દુનિયાની કોઈપણ કોમ અને તાકત આપણને હરાવી શકશે નહીં.

## કોંગ્રેસ અને મુસ્લિમો

દારૂલઉલૂમ દેવબંદની સ્થાપનાના ૧૮ વર્ષ બાદ ઈ.સ. ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થઈ હતી. ત્યારબાદ ૩૦૦ મુસ્લિમ મોલ્વીઓએ કોંગ્રેસમાં જોડાઈને આઝાદીની ચળવળની શરૂઆત કરાવી અને કોંગ્રેસના સાથે મળી આઝાદીની લડત આગળ વધારવાનો ફતવો આપવામાં આવ્યો. આ ફતવાને 'નુસરતુલ અબરાર'નું નામ આપી તેને પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

## શૈખુલહિન્દ રહ.ની કોમી એકતા વિશે અનોખી ફીકર

ઝિંદગીનું છેલ્લું પ્રમુખ પ્રવચન, જેના માત્ર ૯ દિવસ પછી દુનિયા છોડી ગયા, તેના અમુક અંશો:

"અને હું આ બન્નેવ કોમ (હિંદુ–મુસ્લિમ) ના મેળ–મેળાપને ઘણું ફાયદાકારક અને જરૂરી સમજું છું અને વખતની માંગ જોતા બન્નેવ કોમના નેતાઓએ જે કોશિશો કરી છે એની હું કદર કરૂં છુ કેમ કે હું જાણું છું કે અગર બન્નેવ પક્ષ એકતાની વિચારધારા પર સફળ ન થયા તો હિન્દુસ્તાનની આઝાદીને હંમેશા માટે અશકય બનાવી દેશે. અહીં બ્રિટીશ સરકારનો લોખંડી પંજો રોજે રોજ પોતાની પકડને મજબૂત કરતો રહેશે, એટલે હિન્દુસ્તાનની વસ્તીના બે પાયાની કોમ (હિંદુ–મુસ્લિમ) બલ્કે શીખોને મેળવીને ત્રણેવ કોમ અગર સુલેહસંપ સાથે રહેશે તો હું વિચારૂં છું કે ચોથી કોઈ કોમ (અંગ્રેજ) તે ગમે તેટલી તાકતવર કેમ ન હોય? આ કોમોના સંયુકત હેતુઓ (કોમી એકતા વડે આઝાદી અને દેશની પ્રગતિ)ને ફકત પોતાના જોર ઝૂલ્મથી હરાવી શકશે નહીં"

## કોમી એકતા એટલે શું?

હઝરત શૈખુલહિન્દની વાત:

(૧)ધાર્મિક બાબતોમાં કોઈએ કોઈના ધર્મ બાબતે દખલગીરી કરવી નહીં.

(૨)ધાર્મિક બાબતો વગર બીજી બધી બાબતોમાં અન્ય ધર્મવાળાઓના કોમના દીલ દુખે અને લાગણીઓ દુભાય એવી કોઈપણ પદ્ધતિ ન અપનાવવી અને ન કોઈ એવા કામ કરવા.

(૩)વિવિધ ધર્મના માનવાવાળાઓ કયારેય એવી હરિફાઈમાં ન

ઉતરે જેનો હેતુ બીજાને નુકસાન પહોંચાડવાનું હોય અથવા બીજી કોમ માટે નીચે જોવુ પડે એવી શરમજનક સ્થિતી ઉભી ન થાય એનો ખ્યાલ રાખવો, આજે અંગ્રેજો બન્નેવ કોમોમાં આવી ખોટી હરિફાઈઓ ઉભી કરવાની નાપાક કોશિશો કરે છે અને હિંદુ–મુસ્લિમ કોમી એકતા માટે આવી ખોટી કોશિશોને હું ઝેર(વિષ) સમજુ છું.

બન્નેવ કોમોના મેળ–મેળાપમાં બે વાતો ખુબ જ અગત્યની છે.

## મોહનદાસ કરમચંદથી મહાત્મા ગાંધી સુધી

૮ જૂન ઈ.સ. ૧૯૨૦ના માલટાથી પરત ફરતા જયારે આપ સાથીઓ સહિત હિન્દુસ્તાન પહોંચ્યા ત્યારે આપના જઝબા આપની ફિકરોને લઈ ૧૯૧૯ ઈસ્વીમાં "જમીઅત"ની સ્થાપના થઈ ચૂકી હતી. ભારત પરત ફરી આપે જમીઅત સાથે સંકળાયેલ રહી આઝાદીની લડતમાં મહામુલી ફાળો આપ્યો, જયારે આપ સ્ટીમર મારફતે મુંબઈ પહોચ્યા તો આપને લેવા માટે આપના સ્વાગતમાં ખિલાફત કમિટીના મૌલાના શૌકતઅલી અને અન્ય સભ્યો તથા લખનૌથી મૌલાના અ.બારી ફિરંગી મહલ્લી, અમદાવાદથી મોહનદાસ કરમચંદ ગાંધી(ગાંધીજી) આવ્યા હતા, તે વખતે હઝરત શૈખુલહિન્દ(રહ.)ના મશ્વેરાથી 'અસહકાર આંદોલન'નો ફતવો બહાર પાડવામાં આવ્યો અને આ ફતવા એ સમગ્ર ભારતમાં અંગ્રેજો વિરૂધ્ધ તોફાન મચાવી દીધું.

ઉપર લખવા મુજબ કોમી એકતા વડે આઝાદીની લડત આગળ વધારવાની હઝરત શૈખુલહિન્દે હાંકલ કરી અને નક્કી કરવામાં આવ્યું કે હિંદુ સમાજમાંથી કોઈને "લીડર" તરીકે આગળ કરવામાં આવે, તો હઝરત શૈખુલહિન્દ રહ. એ પોતે ગાંધીજીને પસંદ કર્યા. હઝરતના વિશ્વાસુ એવા મૌલાના અબ્દુલબારી ફિરંગીએ આપને "મહાત્મા"નો લકબ આપ્યો. હકીમ અજમલખાં મર્હુમે એક અધિવેશનમાં પોતાની ટોપી ગાંધીજીને માથે પહેરાવી, ત્યારથી હકીમ સાહેબની ટોપી 'ગાંધી ટોપી' તરીકે પ્રખ્યાત બની. એમ 'મહાત્મા ગાંધીજી' જેવા નેતાની ભેટ રાષ્ટ્રને હઝરત શૈખુલહિન્દ રહ. વડે મળી.

ગાંધીજીને જમીઅતે ઉલમાના ફંડથી દેશભરમાં પ્રવાસો કરાવવામાં આવ્યા, તેઓની લીડરશીપ લોકોને બતાવવામાં આવી, જેથી ગાંધીજી હંમેશા હઝરત શૈખુલહિન્દથી વિચાર વિમર્શ કરીને જ

કામો કરતા હતા.

૨૨/ડીસેમ્બર ૧૯૨૧માં અમદાવાદ ખાતે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનો એક ભવ્ય જલસો થયો, જેમાં માલટાથી જેલની સજા ભોગવીને પાછા આવેલા હઝરત શૈખુલહિન્દ રહ.ના એક વિશ્વાસુ મૌલાના ઉઝૈર ગુલ પણ આવ્યા હતા, મૌલાના ઉઝૈર ગુલે આ સભ્યોને સંબોધન કરતા કહયું કે દેશની આઝાદીના ખાતર અમોએ ગાંધીજીને અમારા લીડર માની લીધા છે, જો ગાંધીજી આગળ જવાનું કહેશે તો આગળ જઈશું,પરંતુ ગાંધીજીએ આ વાત યાદ રાખવી જોઈએ કે અમો મુસલમાનોની આદત એવી છે કે પોતાના ખલીફા (તે સમયના મુસ્લિમોના જગતના સૌથી મોટા લીડર) જયારે પણ સત્યના માર્ગથી હટીને કોઈ વાત કહે તો અમો તેઓની પણ વાત માનતા નથી તો પછી ગાંધીજી જયાં સુધી સત્યના માર્ગ પર રહેશે ત્યાં સુધી જ અમે તેઓને અમારા લીડર માનીશું.

## માલટાની જેલની એક અજીબ કહાની

મશહૂર સુફીસંત પીર ઝુલફીકાર અહમદ સાહબ નકશબંદી દા.બ. પોતે વર્ણન કરે છે કે "જયારે હઝરત શૈખુલહિન્દ રહ.ની વફાત(મરણ) થઈ તો અંતિમ ગુસલ(સ્નાન) આપનારે પુછયું કે હઝરત શૈખુલહિન્દ રહ.ની કમર ઉપર અમુક નિશાન જોવા મળ્યા કે જે નિશાન સામાન્ય ન હતા, માટે આ વિશે ખબર કાઢવી જોઈએ જેથી ઘરવાળાઓને પુછવામાં આવ્યું તો તેઓને આ વિશે ખબર ન હતી, પછી હઝરત મૌલાના હુસૈનઅહમદ મદની રહ.ને પુછવામાં આવ્યું તો તેમની આંખોમાં આંસુ આવી ગયા અને કહેવા લાગ્યા આ તો મારા હઝરતનો એક રાઝ(ભેદ) હતો, મારા હઝરતે મને કહયું હતું કે મારી ઝિંદગીમાં આ વિશે કોઈને કહીશ નહીં, માટે આજ દિન સુધી મેં કોઈને કહયું નથી પરંતુ હવે જયારે હઝરતનો ઈન્તિકાલ(મરણ) થઈ ગયું છે તો હું જણાવુ છું કેઃ જયારે અમે માલટામાં જેલવાસો ભોગવી રહયા હતા ત્યારે એક વખતે અંગ્રેજોએ હઝરત શૈખુલહિન્દ રહ.ને બોલાવ્યા અને કહયું કેઃ એવું કહો કે "અમે તમારી સાથે છીએ."

આપે ફરમાવ્યું કેઃ "આવું તો હરગીઝ નથી કહી શકતો, હું સાચો ભારતીય નાગરિક અંગ્રેજો સાથે છું એવું કોઈ સંજોગોમાં કહી શકતો નથી."

તો અંગ્રેજોએ આગ સળગાવી, અંગારા ગરમ કરાવ્યા, અને જયારે અંગારા બરાબર સળગી ઉઠયા ત્યારે તેઓને ફરીથી આવું કહેવા મજબૂર કર્યા, પણ આપે ફરીથી ઈન્કાર કરી દેતા, ઓર્ડર કર્યો કે શૈખુલહિન્દને આ અંગારાઓ પર સુવડાવી દો, અને આપની પીઠ પર સળગતા અંગારાઓના લીધે ઉંડા ઘા અને ઝખમ થઈ ગયા, જયારે આપને રાત્રે પોતાની કોટડીમાં લાવ્યા તો આ ઝખ્મોની તકલીફના લીધે આપ સુઈ શકતા ન હતા. આપ બેસી રહયા હતા અને અમો સાથીઓ પણ આપની પાસે હતા, અમારાથી હઝરતની આ દર્દભરી તકલીફ જોઈ શકાતી ન હતી જેથી અમોએ અરજ કરી કે:

હઝરત આ દર્દનાક હાલત કયાં સુધી? અમારાથી તો જોઈ શકાતું નથી, ઈસ્લામ ધર્મના કાયદામાં આવા કપરા સંજોગોમાં જીવ બચાવવા હીલો(તરકીબ) કરી જાન બચાવવાની છૂટ છે જ ને, માટે આપ એવો કોઈ ભળતો શબ્દ જ કહી દો કે જેથી આ ઝાલિમો પાછા હટી જાય અને આવા સંગીન ત્રાસથી છુટકારો મળી જાય.

હઝરત મદની રહ. ફરમાવે છે કે મેં જયારે આ કહયું તો હઝરત શૈખુલહિન્દ રહ. એ ફરમાવ્યું કે હુસૈનઅહમદ તમે મને શું સમજો છો?

હું આધ્યાત્મિક પુત્ર છું હઝરત બિલાલ રદી. નો.

હું આધ્યાત્મિક પુત્ર છું હઝરત ખુબૈબ રદી. નો.

હું આધ્યાત્મિક પુત્ર છું ઈમામ આઝમ હઝરત અબુહનીફા રહ. નો.

હું આધ્યાત્મિક પુત્ર છું ઈમામ માલિક રહ. નો.

હું આધ્યાત્મિક પુત્ર છું ઈમામ અહમદ બિન હમ્બલ રહ. નો.

હુસૈનઅહમદ આ લોકો મારા બદનથી મારી જાન તો કાઢી શકે છે પણ મારા દીલથી ઈમાન કાઢી શકતા નથી. (કે પોતાનું ધાર્યું મારાથી કરાવી લે કે બોલાવી લે) (ખુત્બાતે હિન્દ:૧/૨૫૨)

## અસહકાર આંદોલન (નોન–કો–ઓપરેશન)

માલટાથી આવ્યા બાદ 'સપ્ટેમ્બર ૧૯૨૦માં' માં કલકત્તા ખાતે જમીઅતે ઉલમાનું અધિવેશન થયું, જેના વડે હઝરત શૈખુલહિન્દે અસહકાર આંદોલનનો પાયો નાંખ્યો જેના માટે દેશભરથી ૪૮૪ મોલ્વીઓ–મુફતીઓ પાસે ફતવો (ધાર્મિક હુકમ) લખાવવામાં આવી પ્રસિદ્ધ કરવામાં આવે, આનાથી બ્રિટિશ સરકારે ગભરાઈને

ફતવાને કબ્જે કર્યો અને ફતવો આપનારાઓને પકડી પકડીને જેલમાં નાખવામાં આવ્યા. ૧૯/જુલાઈ ૧૯૨૦ના પ્રથમ ફતવો હઝરત શૈખુલહિન્દ રહ.એ લખ્યો હતો અને આ ચળવળને મજબૂત રીતે ચલાવવાનો પ્લાન ઘડયો. અસહકાર આંદોલન ૫/ફબ્રુઆરી ૧૯ ૨૨ સુધી પ્રથમ ચરણમાં બરાબર ચાલ્યુ, જેમાં ૩૦,૦૦૦ મુસ્લિમ મોલ્વીઓ અને નવયુવાનો જેલમાં ધકેલવામાં આવ્યા.

## અસહકાર આંદોલન એટલે શું?

અંગ્રેજોએ પોતાની સત્તાને વધુ મજબૂત કરવા અને 'ભારતીયતા'નો ખાત્મો કરવા અંગ્રેજી રીતભાત, અંગ્રેજી પહેરવેશ, અંગ્રેજી સામાનને ભારતના નાગરિકોમાં ફેલાવવાનું શરૂ કર્યુ અને અંગ્રેજી ભાષાના શિક્ષણનો બહોળો પ્રચાર કરવામાં આવ્યો.

અંગ્રેજોના આ મિશનને નિષ્ફળ બનાવવા સ્વદેશી અપનાવો, વિદેશી માલનો બહિષ્કાર કરો, ની ચળવળ ચલાવવામાં આવી. જેથી દેશી ઉદ્યોગો મજબૂત થાય અને અંગ્રેજોની આર્થિક નીતિને જોરદાર ફટકો પડયો. નવેમ્બર ઈ.સ. ૧૯૨૧માં ફરી લાહોર ખાતે જમીઅતના અધિવેશનમાં આ ચળવળને વેગીલી બનાવવાની નીતિ ઘડવામાં આવી. આ ચળવળને લઈ ભારતીયો અંગ્રેજી પહેરવેશ વિલાયતી વસ્તુઓ છોડવા માંગ્યા, બ્રિટિશરોની નોકરીએથી રાજીનામા આપ્યા. મળેલા એવોર્ડ પરત કર્યા. અહીંયા સુધી કે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી જે તે સમયે અંગ્રેજી શિક્ષણથી પ્રભાવિત થઈ ગઈ હતી, તેનાથી પણ હઝરત શૈખુલહિન્દ રહ.એ વિરોધ કર્યો અને સંપૂર્ણ સ્વદેશી એવી સંસ્થા જામિયા મિલિયાની ૨૬ ઓકટોબર ઈ.સ. ૧૯ ૨૦ના દિલ્હીમાં સ્થાપના કરી.

"જમીઅત" ના બીજા વાર્ષિક ઈજલાસમાં (જે ૧૯/૨૦/૨૧ નવેમ્બર ઈ.સ. ૧૯૨૦ ના રોજ દિલ્હી ખાતે યોજાયો હતો.) આપે પ્રમુખપદ શોભાવ્યું હતું અને તેમાં આપે બ્રિટન દ્વારા મુસ્લિમ દેશો ઈરાક, સિરીયા, અરબ, તુર્કી પર અત્યાચારોની દર્દભરી હાલત સંભળાવી અને અંગ્રેજોની પોલિસીનો ઉલ્લેખ કરી બ્રિટનની અંગ્રેજ સરકાર સામે સંપૂર્ણ પણે અસહકાર આંદોલનને વેગ આપવાની હાંકલ કરી.

## શું આજના સંજોગોમાં આવી દેશદાઝની જરૂરત નથી કે આપણે સંપૂર્ણ સ્વદેશી અપનાવીને દેશની પ્રગતિમાં સાથ આપીએ?

"અસહકાર ચળવળ"ની એવી આગ લાગી હતી કે વિદ્યાર્થીઓએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી જે તે સમયે બ્રિટીશ સરકારના અસર હેઠળ ચાલતી હતી, વિદ્યાર્થીઓએ તેને છોડી દીધી અને તેની જગ્યાએ સંપૂર્ણ સ્વદેશી યુનિવર્સિટી "જામિયા મિલિયા" દિલ્હીની સ્થાપના કરાવી હતી.

## "અસહકાર ચળવળ" વેળા હઝરત શૈખુલહિન્દ રહ.એ આપેલ ફતવાના અમુક અંશો

(૧)બધા દેશવાસીઓ ખાસ કરી મુસ્લિમો દેશના દુશ્મન અંગ્રેજોની કોઈપણ પ્રકારની મદદ ન કરે.

(૨)અંગ્રેજ સરકાર તરફથી આપવામાં આવતા એવોર્ડ, પ્રમાણપત્રો અને સર્ટીફિકેટ પાછા આપી દેવા.

(૩)ભારતીય બનાવટની વસ્તુઓ જ વાપરવી.

(૪)અંગ્રેજ સરકારની કાઉન્સીલોનું કોઈપણ પ્રકારનું સભ્યપદ ન લેવું.

(૫)અંગ્રેજોની સરકારી સ્કૂલો અને કોલેજોમાં પોતાના બાળકોને દાખલ ન કરવા, અને જે બાળકો પહેલાથી છે તેને ઉઠાવી લેવા, અને અભ્યાસ માટેની કોઈપણ અંગ્રેજી સરકારની સ્કોલરશીપ ન લેવી.

(૬)અંગ્રેજ ફોજમાં ભરતી થવું નહીં અને ફોજની કોઈપણ મદદ કરવી નહીં.

(૭)અંગ્રેજી અદાલતોમાં કેસ લઈ જવો નહીં.

## હઝરત શૈખુલહિન્દ રહ.ની એક કિંમતી નસીહત(બોધવચન)

આ વેળા હઝરત શૈખુલહિન્દ રહ.એ કહેલી એક વાત યાદ રાખવા જેવી છે, હઝરતે ભારતવાસીઓને ખાસ કરી મુસ્લિમોને ઈતિહાસ યાદ અપાવતા લલકાર કરી હતી કે: "હમ અપની કોલેજો સે બહોત સસ્તે દામો(કીમત) પર (અંગ્રેજો કે) ગુલામ પૈદા કરતે રહે હેં, અબ હમારી કોલેજેં બગદાદ, કુરતુબા(ઉન્દુલુસ, સ્પેન) કી યુનિવર્સિટીઓ કા

નમૂના બનના ચાહિએ, જિસને યુરોપીયનોં કો અપના શાગિર્દ (વિદ્યાર્થી) બના લિયા થા."

શું આજના યુગની શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણના લઈ જે પશ્ચિમી સંસ્કૃતિ આપણાંમાં આવી રહી છે ત્યારે હઝરતની આ વાત કરી અમલમાં મુકવાની જરૂરત નથી લાગતી?

## દેશપ્રેમ અને આઝાદીની અંતિમ શ્વાસ સુધી ફીકર

હઝરત શૈખુલહિન્દ જયારે મુંબઈ પહોંચ્યા, હજુ તો બંદર પર પગ પણ મુકયો ન હતો કે, સર રહીમ બખ્શે અરજ કરી, "હઝરત તમોએ જીવનભર અંગ્રેજોનો વિરોધ કર્યો, પરંતુ અંગ્રેજોની હુકૂમત તો આજે પણ છે. અલ્બત્તા અમારૂં નુકસાન થઈ ગયું, તમારા માલટા જેલ ચાલ્યા જવાથી દારૂલઉલૂમ દેવબંદની મસનદે હદીષ સુની પડી ગઈ, શૈખુલહિન્દ રહ. હઝરત ગંગોહીની જગ્યા પર હતા, તેમના જેલ જવાથી કેટલાયે જ્ઞાન તરસ્યા તેમના જ્ઞાન ભંડારના લાભથી વંચિત થઈ ગયા, હવે અમારી ઈચ્છા છે કે તમો આવીને ખાનકાહમાં બેસો, જેથી અમો તમારાથી લાભ ઉઠાવી શકીએ."

શૈખુલહિન્દ જેમનું શરીર માલટાના કારાવાસની અસહય પીડા અને તકલીફોથી નિર્બળ થઈ ગયું હતું, ઘડપણ છવાઈ ગયું હતું, આ સાંભળી આવેગ(જોશ)માં આવી ગયા અને જવાનોને શરમાવે એવા જોશથી બોલ્યા:

"સર રહીમ બખ્શ! હિન્દુસ્તાનમાં અંગ્રેજોનું રાજ છે, જે દેશમાં અંગ્રેજોનું રાજ હોય ત્યાં મહમૂદહસનને શ્વાસ લેવું તો દૂર રહયું, મરવું પણ પસંદ નથી."

"હું અહીં એટલા માટે નથી આવ્યો કે મારે અહીં જીવવું છે, હું તો એટલા માટે આવ્યો છું કે જયાં સુધી મારી અવાજ પહોંચી શકતી હોય અને જયાં સુધી હું જઈ શકતો હોઉ, ત્યાં સુધી જઈ હું એલાન કરીશ કે અંગ્રેજોની ગુલામી હરામ છે."

આગળ કહયું "હું અશકત થઈ ગયો છું, હવે મારા અંદર ચાલવાની તાકત નથી રહી, અગર મારા ઘુંટણોએ મારો સાથ ન આપ્યો અને હું હિન્દુસ્તાનના ખુણે ખુણે ન પહોંચી શકયો તો હું એક ખાટલી પર સુઈ જઈશ અને મારા શિષ્યો(શાગિર્દો) ને કહીશ કે મારી ખાટલીને

પોતાના ખભાઓ પર ઉંચકી જયાં સુધી જઈ શકતા હોય મને લઈ જાય અને હું બધી જગ્યાએ એલાન કરતો ફરૂં કે અંગ્રેજોની ગુલામી હરામ છે."

## અહિંસા ચળવળનો પાયો

દેશવાસીઓ જયારે આઝાદીની પ્રાપ્તિ માટે પોતાના લોહીની નદીઓ વહેવડાવી ચુકયા, તેઓની લાશોથી ગંગા અને જમના પર પુલ બન્યો, આ સમયે દેશભરના અગ્રણીઓ આ વિચારમાં હતા કે અંગ્રેજોની ઝાલિમ તાકત સામે સશસ્ત્ર જંગ લડવાની સાથે કોઈ બીજો ઉપાય પણ શોધવો જોઈએ, જે ફાયદાકારક હોય, હઝરત શૈખુલહિન્દ રહ. એ પોતાની ધાર્મિક સમજ અને પયગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જીવનચરિત્રના આધારે એક વિચાર રજૂ કર્યો, તેનો સાર એ હતો કે "મક્કાની ૧૩ વર્ષની ઝિંદગીમાં પયગમ્બર સાહેબ પર દુશ્મનો તરફથી બહુજ તકલીફો પહોંચાડવામાં આવી હતી. આપ પોતાના સાથીઓ સાથે કષ્ઠ વેઠીને પણ તેને ચુપચાપ સહન કરતા રહયા, શસ્ત્રો વડે સામનો ન કર્યો, અને પોતાની તૌહીદ(એકેશ્વરવાદ) ની ચળવળ ચાલુ રાખી. જેને શાંત વિરોધ એટલે બીજા શબ્દોમાં અહિંસા ચળવળ કહી શકાય. "તો ખરેખર અહિંસા ચળવળના પ્રણેતા હઝરત શૈખુલહિન્દ રહ. હતા અને આ ચળવળને ગાંધીજી સહિત દેશના તેમજ જગતના અન્ય નેતાઓએ પણ અપનાવી અને આ લડતનો ભારતની આઝાદીમાં મહત્વપૂર્ણ ભાગ છે."

## વિશ્વશાંતિ મિશન

હઝરત શૈખુલહિન્દ રહ. ભારતની આઝાદી માટે સતત મહેનત કરતા રહયા સાથે જ વિશ્વભરના વિવિધ દેશોમાંથી અંગ્રેજોનું ઝૂલ્મી શાસન ખતમ થાય અને ઈન્સાફવાળી સરકારોની સ્થાપના થાય એ માટે સતત પ્રયત્ન કરતા રહયા.ઈ.સ. ૧૯૧૧માં બલ્કાન અને તરબિલસની આઝાદીની ચળવળ તુર્કી ખિલાફતને બચાવવા માટેની ચળવળમાં આપે મદદ કરી. આ માટે દારૂલઉલૂમ દેવબંદમાં છુટ્ટીઓ અપાવી અને વિદ્યાર્થીઓને ગામડે—ગામડે મોકલાવી ફાળો એકત્ર કરી મઝલૂમોની મદદનું કામ કરવામાં આવ્યું, પોતાની અને અન્ય સ્ટાફના સાથી આલિમોનો પગાર ફાળામાં અપાવ્યો અને એ માટે

અંજુમને હિલાલે અહમર નામી વૈશ્વિક સંસ્થાની એક શાખા દિલ્લીમાં ખોલાવી. આજે સમગ્ર જગતમાંથી અંગ્રેજોનો ન ડુબવાવાળો સૂરજ આથમી ગયો તેના પાછળ આપની મહેનતનો મોટો ફાળો છે.

## વિશ્વશાંતિ માટેના ખાસ પ્રયાસો

વિશ્વશાંતિ માટે હઝરત શૈખુલહિન્દ રહ.ને અજીબ ફીકરો હતી, તેઓના સમયગાળામાં આજના જેવી ટી.વી. ચેનલો કે સમાચારના અન્ય માધ્યમો ન હતા, જેના લઈ સવારની સુર્યોદય પહેલાની (ફજરની) નમાઝ પઢીને પેપરોની વાર જોઈ બેસી રહેતા, કોઈક સેવક દોડીને પોસ્ટ ઓફીસ જતો અને પેપર લઈ આવતો, જયારે પેપરમાં દુશ્મનો (અંગ્રેજો) ની આગેકૂચ વિશે વાંચતા અને ભારતથી દૂર દૂર વિદેશમાં મુસ્લિમો (મઝલૂમો) પર અત્યાચારની ખબરો વાંચતા તો આંખમાંથી આંસુ વહેવા લાગી જતા, આંસુઓથી દાઢી ભિંજાઈ જતી અને ઘણાં જ દૂર હોવાના લઈ બીજી મદદ તો શું કરે, પરંતુ એક અત્યંત જરૂરી કામ કરવા તરત જ લાગી જતા, જે આજે સમગ્ર મુસ્લિમ સમાજે પણ કરવાની સખત જરૂરત છે.

(૧)બુખારી શરીફ જેવી પવિત્ર કિતાબનો ખતમ કરવામાં આવતો.

(૨)હદીષમાં આવેલ દુઆઓ પઢવા લાગી જતા.

(૩)નેક અને સારા લોકોને એકત્ર (ભેગા) કરી સાચા દીલથી દુઆ કરતા.

(૪)રાત્રીના અંધારામાં ખુદા આગળ સજદો કરી સતત દુઆઓમાં લાગી જતા. અંધારી રાત્રીઓ દુઆઓના નૂર(રોશની)થી ચમકી ઉઠતી.

## આપના અંતિમ દિવસો

જયારે આપ માલટાના સખત કારાવાસમાં હતા, ત્યારથી અંગ્રેજોના જોર ઝૂલ્મને લઈ શારીરિક બિમારીઓ આપને લાગી ગઈ હતી, જયારે માલટાથી રવાના થઈ મુંબઈ પાછા ફર્યા ત્યારથી જ બિમારીઓ શારીરિક કમઝોરીઓ, ઘડપણ આપના ઉપર દેખાઈ રહયા હતા. છતાં ધર્મ અને માનવતાની સેવાનું કામ બરાબર કરતા રહયા અને ઝિંદગીના અંતિમ શ્વાસ સુધી આઝાદી મેળવવાની

ફીકરમાં લાગેલા રહયા પણ જયારે માંદગીએ ચારેય બાજુથી બરાબર ઘેરી લીધા તો આપ ડો.મુખ્તાર અહમદ અન્સારીને ત્યાં ઈલાજ માટે દિલ્હી પધાર્યા હકીમ અજમલખાન સાહેબ પણ ઈલાજમાં સામેલ હતા પણ આ હિન્દુસ્તાનના ચમકતા સૂરજને હિન્દુસ્તાનના આસમાન પરથી આથમવાનો સમય નજીક આવી ગયો હતો અને ૧૮ રબીઉલ અવ્વલ ૧૩૩૯ હિજરી મુતાબિક ઈસ્વી ૧૯૨૧ના આપ ફાની દુનિયા છોડી આખિરત તરફ પધારી ગયા જનાઝહને દેવબંદ લાવી હઝરત મૌલાના કાસીમ સાહેબ નાનોત્વી(રહ.) નજીકમાં આ મહામુલી અમૂલ્ય ખઝાનાને દફનાવવામાં આવ્યા.

પરંતુ આપની વિચારધારા આપનું આઝાદીનું મિશન આગળ વધતું રહયું, આપના નામાંકિત શિષ્યો મૌલાના હુસૈનઅહમદ મદની, મુફતી કિફાયતુલ્લાહ દહેલ્વી રહ., મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી વગેરેએ આપની પ્રાણ પ્રિય સંસ્થા જમીઅતે ઉલમાએ હિન્દના નેજા હેઠળ આઝાદીના મહત્વના ધ્યેયને મેળવ્યો અને આપના આ તે જ નામાંકિત શિષ્યો છે જેઓએ છેલ્લી ઘડી સુધી દેશના ભાગલાનો વિરોધ કર્યો હતો. અહીંયા આપની સેવામાં તેઓના જીવનની ખુબ જ ટૂંકી સત્યતા રજૂ કરવામાં આવી છે. લંડન ખાતે બ્રિટિશ લાયબ્રેરીમાં અંગ્રેજોના રેકોર્ડમાં ઘણું બધું લખાયેલું છે.

યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના ઈતિહાસકાર ડો.બાર્બરા મેટકોફે પોતાના પુસ્તક Islamic Rivival in British India: Deoband (ઈ.સ.1860-1900) માં ઉલમાની આ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓની વિસ્તૃત નોંધ લીધી છે.

## હઝરત શૈખુલહિન્દ રહ. વિશે અમુક ખાસ–ખાસ વાતો

### (૧)હઝરત શૈખુલહિન્દ માટે ખુદ અંગ્રેજોના શબ્દો

બ્રિટીશ સરકારના એક ઉંચા દરજાના જવાબદાર હોદ્દેદાર તે સમયના ઉત્તર પ્રદેશના ગવર્નર મિસ્ટર જોમ્સ મીશ્ટને કહયું હતું કે જો મહમૂદહસન (શૈખુલહિન્દ)ને અમો બાળીને રાખ પણ કરી દઈશું તો તેની રાખ પણ અંગ્રેજોથી નફરત કરતી દૂર–દૂર થઈને ઉડશે,અને તેની રાખમાંથી પણ અંગ્રેજ દુશ્મનીની વાસ આવતી હશે.

ભારતના એક પ્રખ્યાત ઈતિહાસકાર લખે છે કે સમગ્ર

ભારતવાસીઓ પર હઝરત શૈખુલહિન્દનો સૌથી મોટો એહસાન (ઉપકાર) એ છે કે આઝાદીના બધા ચાહકોને તેઓએ એક પ્લેટફોર્મ પર લાવીને ઉભા કરી દીધા અને કોમી એકતા સાથે આઝાદીની લડતને આગળ વધારી.

**(૨)**

૨૯/ઓકટોબર ૧૯૨૦ના અલીગઢ યુનિવર્સિટીની મસ્જિદમાં એક જાહેર સભામાં આપ પ્રમુખ હતા તે વેળા હઝરત શૈખુલહિન્દ રહ. એ જલસા(સભા)માં હાજર રહેલ લોકોને જે વાતો કહી, જેનો ખુલાસો એ છે કે હું સમજુ છું મારી કોમને આજે ઉંચી–ઉંચી શાનદાર તકરીરો અને ભાષણોની કોઈ ભૂખ નથી બલ્કે એ માટે જરૂરત છે એક હમેશા બાકી રહેતા જોશ ની.

સબર અને સહનશકિત સાથે સમજ અને અક્કલ હોશિયારીથી કામ કરવાની અને પોતાના નફસ (આત્મા) પર કાબુ રાખવાની અને ઉંચી વિચારધારા સાથે સતત મહેનત કરી સાચા અર્થમાં મુહમ્મદ પયગમ્બર સાહેબના સાચા અનુયાયી બનવાની.

## (૩)હઝરત શૈખુલહિન્દ વિશે ગાંધીજીના શબ્દો

આ લેખકે પોતાના પીર મુર્શિદ (ધાર્મિક ગુરૂ) પાછલા દિવસોના સૌથી મોટા ઈસ્લામિક કાયદા શાસ્ત્રી મુફતી મહમૂદહસન ગંગોહી રહ. થી સાંભળ્યું છે કે ઈ.સ. ૧૯૪૭ના આઝાદી વેળા મહાત્મા ગાં ધીજી ઓલ ઈન્ડિયા રેડીયો પર વારંવાર ભાષણ કરતા અને તેમા એમ કહેતા કે મને દબાણ કરવામાં આવે છે કે હું મુસ્લિમો ને એવું કહી દઉં કે તમો ભારત છોડી પાકિસ્તાન ચાલ્યા જાઓ, પરંતુ હું કયા મોઢે મુસ્લિમોને આ વાત કહી શકું, એટલા માટે કે સમગ્ર ભારતવાસીઓ મીઠી ઉંઘમાં સુતા હતા અને અંગ્રેજો ભારત દેશને લૂંટી રહયા હતા તેવા સમયે હઝરત શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન દેવબં દી રહ. પોતાના શિષ્યો (શાગિર્દો)ને લઈ ઉભા થયા અને આખા દેશમાં આઝાદીની લડાઈ માટે હિંદુ–મુસ્લિમ બધાને ઉભા કર્યા અને આઝાદીની લડત માટે આખા દેશમાં ચળવળો ચલાવી.

## ભારતના રાષ્ટ્રપતિશ્રીના શબ્દો

ભારત સરકારે અત્યારે હઝરત શૈખુલહિન્દ રહ.ની પ્રખ્યાત

ચળવળ 'રેશમી રૂમાલ'ના ૧૦૦ વર્ષ પુરા થવા પર તેઓના માનમાં એક ટપાલ ટિકીટ બહાર પાડી. ટિકીટનું વિમોચન માનનીય રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી સાહેબે કર્યુ.

**તેઓના શબ્દો: "હમકો ફખ્ર (ગર્વ) ઔર ખુશી હે કે મૌલાના મહમૂદહસન જૈસે ઈન્સાન ભારત કી ઝમીન પર પૈદા હુએ."**

**Invitation**

2300

H. MUFTI MAHMOOD SB.
MADARSA TALIMUddin
DHABHEL.

Mahmood A. Madani (Ex. MP)
Chairman
Sheikhul-Hind Educational Charitable Trust
1, Bahadur Shah Zafar Marg, New Delhi-110 002

**Sheikhul-Hind Educational Charitable Trust**
in association with
**Universal Association of Spiritual Awareness**
cordially invite you to attend the
release of Commemorative Postage Stamp on Shaikhul Hind's
**"Silk Letter Movement"**
by
His Excellency Shri **Parnab Mukherjee**
*President of India*

Guest of Honor
Shri **Kapil Sibal**
*Hon'ble MOC& IT, Govt. Of India*
&
6oth Session of Shaikhul Hind's Silk Letter Movement Centenary
Presided by
Maulana Qari **Syed Mohammad Usman**
*President, Jamiat Ulama-i-Hind*

On Friday the 11th January 2013 at 2:30 pm to 6:00 pm
at Plenary Hall, Vigyan Bhawan, Maulana Azad Road, New Delhi 110 001

**Mahmood A. Madani**
Chairman,
Sheikhul-Hind Educational Charitable Trust
1, Bahadur Shah Zafar Marg, New Delhi-110 002

**RSVP**
*Cell: 8826163786, 9810027786*
*Tel: 23311455,23311786 Fax: 23316173*
*ma.madani64@gmail.com*

تحریک شیخ الہند ریشمی رومال کے ۶۰ ویں اجلاس
و
اجراڈاک ٹکٹ بیادگار تحریک ریشمی رومال
کے موقع پر
**شیخ الھند ایجوکیشنل چیریٹیبل ٹرسٹ**
و
**یونیورسل ایسوسی ایشن آف اسپریچویل اویئرنیس**
کے اشتراک سے منعقد پروگرام میں آپ بصد احترام مدعو ہیں۔
ٹکٹ اجرا بدست: عالی جناب پرنب مکھرجی صاحب، صدر جمہوریہ ہند
صدارت: مولانا قاری سید محمد عثمان منصور پوری، صدر جمعیۃ علماء ہند
خصوصی مہمان ذی وقار: عالی جناب کپل سبل صاحب، وزیر مواصلات، حکومت ہند
بمقام: پلینری ہال، وگیان بھون، مولانا آزاد روڈ، نئی دہلی ۱۔
بتاریخ: ۱۱رجنوری ۲۰۱۳ء بروز جمعہ، ڈھائی بجے دن تا ۶ بجے شام

برائے رابطہ
موبائل: 8826163786, 9810027786
فون : 23311455 فیکس:23316173
ای میل: ma.madani64@gmail.com

محمود اسعد مدنی
جنرل سکریٹری، جمعیۃ علماء ہند
چیئرمین، شیخ الہند ایجوکیشنل چیریٹیبل ٹرسٹ
۱۔ بہادر شاہ ظفر مارگ، نئی دہلی ۲۔

મોહતરમ ઇકબાલભાઇ ઉસ્માની(નવસારી) કે સાથ બંદેને ઈસ પ્રોગ્રામ મેં હાઝરી દી થી.

## અનોખો દેશપ્રેમ

મૌલાના હુસૈનઅહમદ મદની લખે છે કે ઝિંદગીના છેલ્લા દિવસોમાં હઝરત શૈખુલહિન્દ રહ. વારંવાર એમ કહેતા હતા કે મેં પાક્કો વિચાર કરી લીધો છે કે આ બિમારીથી સારો થઈને સમગ્ર ભારતમાં, શહેરો અને ગામડે ગામડે હું જઈશ, અને સમગ્ર ભારતવાસીઓને અને ખાસ કરી મુસ્લિમોને સંપૂર્ણ આઝાદીની સંપૂર્ણ ચળવળ માટે તૈયાર કરવાની મહેનત કરીશ.

## અનોખી દેખદાઝ

ઝિંદગીની છેલ્લી બિમારીની બાબતે મૌલાના હુસૈનઅહમદ મદની રહ. લખે છે કે મૌલાના શબ્બીર અહમદ સાહબ મર્હુમ કહેતા હતા, અને આ વાત તેઓ મૌલાના મુહમ્મદ જલીલ સાહબથી નકલ કરતા હતા કે બિમારીની અંતિમ ઘડીઓમાં હઝરત શૈખુલહિન્દ રહ. એ થોડીવાર માટે આંખો ખોલી અને જે રૂમમાં હતા તેના છાપરા તરફ જોયું અને કહેવા લાગ્યા કે મરવાનો તો કોઈ અફસોસ નથી પરંતુ અફસોસ એ છે કે આજે હું બિસ્તર પર મરી રહયો છું મારી તમન્ના એવી હતી કે (દેશના દુશ્મન) અંગ્રેજો સામે લડાઈના મેદાનમાં હું હોવ અને સચ્ચાઈના ખાતર મારા ટુકડા – ટુકડા કરી દેવામાં આવતા.

## (૪)

હઝરત શૈખુલહિન્દ રહ. એ ઝિંદગીમાં જે છેલ્લું ભાષણ આપ્યું તે લેખિત હતું જેના શબ્દો પોતાની બિમારીના લઈને પોતે વાંચી ન શકયા અને પોતાના શાગિર્દ (શિષ્ય) મૌલાના શબ્બીર અહમદ ઉસ્માની રહ. પાસે તેનું વાંચન કરાવ્યું અને અમુક શબ્દો પોતે બોલ્યા જેની અમુક વાતો નીચે મુજબ છે:

જો આપણે ભાષણો(બયાનો) થી થોડીવાર માટે પોતાના જલસાઓને ગરમ કરી દઈએ અને થોડાક ઠરાવો પાસ કરી દઈએ અને એને જ મકસદ સમજીને આપણે વિખેરાઈને ઘરે ચાલ્યા જઈએ તો આપણે તે બિમાર માણસ જેવા બની જઈશું જે પોતાની તંદુરસ્તી માટે દવાઓના નામો વારંવાર બોલતો હોય પરંતુ દવા એકવાર પણ

તે પીતો ન હોય, આપણે બધાએ સાથે મળીને અલ્લાહ તઆલા પર ભરોસો કરીને જે વાતો નક્કી કરવામાં આવી અને જે ઠરાવો પાસ થયા તેના પર અમલ કરવાના અને કરાવવાના કીમતી કામમાં લાગી જવું જોઈએ.

## (૫)ભારત દેશ વિશે મૌલાના આઝાદની એક વાત

ભારતના પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના આઝાદ લખે છે કે "હિન્દુસ્તાન કે લિયે કુદરત કા યે ફેસ્લા હો ચુકા થા કે ઈસ દેશ કી ઝમીન ઈન્સાન કી મુખ્તલિફ નસલોં (અલગ–અલગ પેઢી, વંશ) મુખ્તલિફ તહઝીબો (વિવિધ સંસ્કૃતિઓ) ઔર મુખ્તલિફ મઝહબો (વિવિધ ધર્મો) કી મંઝીલ(રહેઠાણ) બને."

મૌલાના આઝાદ આગળ લખે છે જેનો ભાવાર્થ એ છે કે ભારતની જમીને બધા માટે જગ્યા કરી આપી, વિવિધ કોમો અહીંયા આવતી રહી, જેમાં અમો મુસ્લિમો પણ અહીંયા પહોંચ્યા અને આવીને હંમેશા માટે વસી ગયા અને મુસ્લિમોએ આવીને ભારત અને ભારતવાસીઓને સૌથી કીમતી ભેટ આપી જે ભેટની અહીંયાના લોકોને સખત જરૂરત હતી અને તે ભેટ તૌહીદ(એકેશ્વરવાદ) અને અંતિમ નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો પવિત્ર સંદેશ આપ્યો, સાથેજ ઈન્સાનોમાં આપસમાં બરાબરી અને લોકશાહીની ભેટ પણ અમોએ આપી.

## મુસ્લિમો પણ સાચા ભારતીય

ભારતના અત્યારના મુસ્લિમો બાબતે ભારતની સ્વતંત્રતાના લડવૈયા અને દેશપ્રમી મૌલાના હુસૈનઅહમદ મદની રહ. ના લાયક પૌત્ર અને રાજયસભાના સાંસદ હાલના જમીઅતે ઉલમાએ હિન્દના જનરલ સેક્રેટરી (હવે પ્રમુખ) મૌલાના સૈયદ મહમૂદ મદની સાહબ મુસ્લિમોના દેશપ્રેમ વિશે એક વાત વારંવાર કહે છે કે **અન્ય ધર્મના લોકો બાય ચાન્સ ભારતીય છે. જયારે કે અહીંયાના મુસ્લિમો બાય ચોઈસ (પોતાની પસંદગી) થી ભારતીય છે.** ઈ.સ. ૧૯૪૭માં જમીઅતે ઉલમાએ હિન્દ અને તેના વડીલોએ દેશના ભાગલાનો સખત વિરોધ કરેલો, જેના લઈ ઘણું બધુ વેઠવું પણ પડેલુ, તે સમયે અમુક મુસ્લિમો પાકિસ્તાન તરફ હિજરત કરી રહયા હતા પરંતુ જમીઅતે ઉલમાએ

હિન્દની વિચારસરણીને માન આપનારા દેશપ્રમી મુસ્લિમોએ હંમેશા માટે ભારતમાં જ રહેવાનું નક્કી કર્યુ અને તેઓના આ મક્કમ ફેસલાને ઈન્શાઅલ્લાહ કોઈ નાકામ નહીં બનાવી શકશે.

## મુસ્લિમો દેશના સાચા વફાદાર

દર વર્ષે હજયાત્રા મક્કામાં થાય છે જેનુ જીવન પ્રસારણ ટી.વી. પર કરવામાં આવે છે. જેમાં જગતભર થી મુસ્લિમોના સમૂહમાં ભારતીય મુસ્લિમો ત્રિરંગા ઝંડા સાથે રહીને આખી દુનિયાના મુસ્લિમો સામે ગર્વભેર પોતાની ભારતીય ઓળખ જાહેર કરે છે. અને હજ જેવી ધાર્મિક પવિત્ર ઈબાદતમાં પણ પોતાના દેશને ભૂલતા નથી. દેશવાસી હિંદુભાઈઓને આહવાન કરૂ છું કે આવતા વર્ષોમાં હજના સમયે મક્કા મદીનામાં દેશપ્રેમના આવા દ્રશ્યો જોવાની તક ચુકશો નહીં. અંગ્રેજોઈ.સ. ૧૮૫૭–૧૯૪૭ સુધીનાં ગાળા દરમિયાન આપણાં દેશમાંથી બધુજ લઈ ગયા અને સોનાની જગ્યાએ પીળો કલર લગાવી ગયા, અને કોહીનૂર જેવો કીમતી હીરો લઈ જઈને લંડનમાં મુકી દીધો, જયારે કે મુસ્લિમ સત્તાધિશોએ ૮૦૦ થી ૧૦૦૦ વર્ષના શાસનકાળ દરમિયાન દેશમાંથી એકપણ કીમતી વસ્તુ ચોરી જઈને મક્કા–મદીના લઈ જઈને મુકી દીધી હોય એનો એકપણ પુરાવો કોઈપણ આપી શકતું નથી. બલ્કે તાજમહલ, કુતુબમિનાર અને લાલકિલ્લા જેવી કેટલી ભેટો મુસ્લિમોએ દેશને આપી અને આજ સુધી આપી રહયા છે. અને હિંદુ ભાઈઓને અને હિંદુ સંસ્કૃતિને પોતાના લાંબા શાસન કાળમાં સંપૂર્ણ આઝાદીના સાથે ચાલવા દીધા. અને હિંદુઓ સહીત અન્ય ધર્મના નાગરીકોને બાકી રાખ્યા અને સત્તામાં સંપૂર્ણ સહભાગી બનાવીને રાખ્યા, આજે પણ દેશના મુસ્લિમો મૃત્યુ પામ્યા પછી પણ દેશની મટોડીમાં દફન થઈ દેશનો એક ભાગ બની જાય છે. આ તો કેવી અનોખી દેશ સાથેની મોહબ્બત અને વફાદારી.

## આજના દેશવાસી ભાઈઓને એક સંદેશ

આપણો ભારત દેશ ફુલદાની જેવો છે. જેમાં વિવિધ રંગ અને વિવિધ ખુશ્બુના ફુલો હોય. જો ફુલદાનીના દરેક ફુલ ખિલેલા હશે તોજ ફુલદાની ખુબસુરત દેખાશે. જો ભારત ફુલદાની છે તો એમાં વિવિધ ધર્મ પણ ફુલદાનીના ફુલો સમાન છે. જો એમાંનું એક પણ

ફુલ કરમાઈ જાય તો સમગ્ર જગતમાં ભારત દેશની આ ખુબસુરત ફુલદાનીની ખુબસુરતી ખતમ થઈ જશે, જો આપણે આટલી જ વાત સમજી લઈએ કે કોમી હુલ્લડો વડે કે બોમ્બ ધડાકાઓ વડે કોઈ પણ ધર્મના લોકોની જાન જતી હોય કે માલનું નુકસાન થતું હોય તો તે છેલ્લે ભારત દેશનું જ નુકસાન છે. આટલી ફીલોસોફી સમજીને અપનાવી લઈએ તો કોઈપણ ધર્મ કે કોઈપણ કોમના દરેક વ્યક્તિને આપણે માન સમ્માન આપતા થઈ જઈશું અને એજ આપણાં ભારત દેશની પ્રગતિની ચાવી છે. જો આપણે કોમી એકતાની કીંમતને સમજી લઈશું તો આવતા થોડાક જ વર્ષોમાં આપણાં ભારતને વિશ્વની મહાશક્તિ બનવાથી દુનિયાની કોઈ તાકત રોકી શકતી નથી. ચાલો આપણે બધા ભેગા મળીને સંકલ્પ કરીએ કે જે સત્તાઓને પોતાનો મોભો બાકી ન રહેવાનો ડર છે અને તેઓ આપણાં દેશમાં હિંદુ અને મુસ્લિમ વચ્ચે દુશ્મનાવટ ઉભી કરે છે, તેઓના કોઈપણ પ્રયત્નને સફળ થવા ન દઈએ અને ગંગા જમનાની જેમ હિંદુ મુસ્લિમ સાથે મળીને આખા દેશની પ્રગતિમાં લાગી જઈએ તો જ ઈકબાલ સાહબની આ પંક્તિઓ સાચી પડશે.

## તરાના–એ–હિન્દ (અલ્લામા ઈકબાલ)

સારે જહાંસે અચ્છા, હિન્દોસ્તાં હમારા
હમ બુલબુલેં હેં ઈસકી, યે ગુલિસ્તાં હમારા
મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના
હિન્દી હેં હમ, વતન હે હિન્દુસ્તાં હમારા
પરબત વો સબસે ઉંચા, હમસાયા આસમાં કા
વો સંતરી હમારા, વો પાસબાં હમારા
ગોદીમેં ખેલતી હેં ઈસકી હઝારોં નદીયાં
ગુલશન હે જિનકે દમસે, રશકે જિનાં હમારા
એ આબે રૂદે ગંગા, વો દિન હે યાદ તુજકો
ઉતરા તેરે કિનારે જબ કારવાં હમારા
યુનાનો મિસ્રો રૂમા, સબ મિટ ગયે જહાં સે
અબ તક મગર હે બાકી નામો નિશાં હમારા

કુછ બાત હે કે હસ્તી મિટતી નહીં હમારી
સદીયોં રહા હે દુશ્મન દૌરે જમાં હમારા
ઈકબાલ કોઈ મહરમ અપના નહીં જહાં મેં
માલૂમ કયા કિસી કો દર્દે નિહાં હમારા

## આઝાદી માટે કડોદ(બારડોલી)ના મુસ્લિમ મુજાહીદ

અલ્હમ્દુલિલ્લાહ! મારા દાદા અહમદમિયાં અમીરમિયાં શેખ (મુન્શી) જન્મ:૦૧/૦૬/૧૯૧૮, વફાત:૨૫/૧૨/૧૯૯૯, રહેવાસી: કડોદ, કોટવાલ ફળીયું, આઝાદીની લડતમાં એક સાચા શિક્ષક તરીકે વિદ્યાર્થીઓનું ઝહન(મિઝાજ) આઝાદીની લડતમાં ભાગ લેવાનું બનાવી પોતે પણ ભૂગર્ભમાં રહી આઝાદીની લડતમાં ખુબ જ સક્રિય ભાગ લીધો હતો. ગાંધીજીના સાથ સહકાર હેઠળ બારડોલી સ્વરાજ આશ્રમની સુચનાઓ મુજબ કામ પાર પાડતા હતા.

અંગ્રેજોને પરેશાન કરવા મઢી(કહેર) રેલ્વે પટરીના પાટાઓ ઉખેડયા હતા. તેમાં એમનું નામ જાહેર થઈ જતા એમની બદલી તડકેશ્વર, તાલુકા: માંડવીથી વલસાડ જિલ્લાના પારડી મુકામે થઈ હતી. એટલે કે તાપી થી વાપી સુધીની સજા મળી હતી. એની કદરરૂપે ગુજરાતના માજી મુખ્યમંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝા તરફથી સન્માન પત્ર મળેલ છે. તેમજ સુરત જિલ્લા પંચાયત હસ્તક "આઝાદીના ઘડવૈયા" નામી ગ્રંથ નંબર: ૨, ઈશ્વરલાલ ઈ. દેસાઈ લિખીત ઈતિહાસ પુસ્તકમાં એક ફકરામાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમજ મર્હુમ મોહતમીમ જનાબ મૌલાના ઈસ્માઈલ અહમદ મનોબરી રહ. સાહબે એમની સંશોધનવૃત્તિની જાંખીરૂપે "અવલિયા એ ગુજરાત" નામનું પુસ્તક છપાવ્યુ હતું તેમાં પણ એક મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાની તરીકે એમનો ઉલ્લેખ કર્યો છે. આ વાતથી આપણો સમાજ બેખબર છે.

૦૧/૦૬/૧૯૧૮માં સુરત જિલ્લાના કડોદ ગામમાં જન્મ થયો. પ્રાથમિક શાળાના શિક્ષક હતા. વિદ્યાર્થીકાળમાં કડોદમાં થાણાના મેદાનમાં સત્યાગ્રહીઓને ઘેરો ઘાલીને બેસાડતા ત્યારે તેમની સાથે તેઓ પણ જોડાતા અને રાષ્ટ્રીય ગીતો ગાતા. ના કરની લડત વખતે આજુબાજુના ગામોમાં ફરી, બારડોલી આશ્રમની સુચના પ્રમાણે,

તપાસ કરીને અહેવાલો મોકલતા હતા. ઈ.સ. ૧૯૪૨માં પત્રિકા વહેંચવાનું અને પોસ્ટરો ચોંટાડવાની સેવા બજાવતા હતા આથી આપની બદલી તડકેશ્વરના માંડવીથી કિલ્લા પારડી થઈ હતી. વળી રેલ્વેના પાટા કોણે ઉખેડયા તે જાણવા આપને ઘણી હેરાનગતિ કરી હતી. જનાબ અહમદમિયાં અમીરમિયાં શેખે આમ આઝાદીની લડતમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. (અવલિયાએ ગુજરાતઃ પેજ–૧૭૨, આઝાદીના ઘડવૈયાઃ લેખકઃ ઈશ્વરલાલ ઈ.દેસાઈ પેજ–૩૦૬, ગુજરાતમિત્રઃ તા. ૩૧ જાન્યુઆરી ૧૯૭૩, અભિવાદનપત્રઃ મુખ્યમંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝા તા.૨૭ સપ્ટેમ્બર ૧૯૭૨)

તાલીબે દુઆઃ પૌત્રી અહમદમિયાં શેખ(મુન્શી)
મુબશ્શીરાબાનું મો.અમીન શેખ.
માલીબા કોલેજ, ઉકા તરસાડીયા યુનિવર્સિટી,બારડોલી.

## ખંભાતની જામા મસ્જિદ બાબતે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહનું ફરમાન

ભારતમાં ઔપચારિક રીતે મુસ્લિમ શાસનની શરૂઆત થઈ તે પહેલાની વાત છે. ગુજરાતના પાટણમાં સિદ્ધરાજ જયસિંહ શાસનના સિંહાસને બિરાજમાન હતા. એક દિવસ રાજા ચિત્તાના શિકાર માટે નિકળ્યા. બપોરે એક ઝાડ નીચે રોકાયા હતા. અચાનક લુંગી પહેરેલ, માથે કપડું બાંધેલ એક દાઢીધારી તેમની પાછળ ચુપકેથી આવ્યો અને કહયું કે હું ખંભાતથી આવ્યો છું. દરબારીઓ મને આપની મુલાકાતની પરવાનગી આપતા ન હતા. આજે મેં તક શોધી કાઢી. મારૂં નામ કુતુબઅલી છે અને હું ખંભાતની જામા મસ્જિદનો ઉપદેશક (ખતીબ) છું. હું તમારા દરબારમાં આજીજીપૂર્વક એક અરજ કરવા આવ્યો છું કે ખંભાતના એક પરામાં અમારી જામા મસ્જિદ છે. મામૂલી વાતે ઝઘડો થતા ત્યાંના હિંદુઓએ અમારા ૮૦ માણસોને મારી નાખ્યા, અમારા ઘર સળગાવી દીધાં અને મસ્જિદ પણ તોડી નાંખી. આમ કહીને કુતુબઅલીએ ઘટનાનું વર્ણન કરતું કાવ્ય લખ્યું હતું તે ચુપકેથી રાજાને આપી દીધું. રાજાના અંગરક્ષકો તે સમયે દૂર હતા. રાજા અત્યાચારની આ ઘટના સાંભળી દંગ રહી ગયા અને પોતે તપાસ કરવાનો નિર્ણય કર્યો. રાજાએ પોતાના ખાસ અંગરક્ષક શિવસિંહને કહયું કે કુતુબઅલીને મહેમાનખાનામાં રાખે.

રાજાએ મહેલમાં પહોંચીને પોતાના અંગરક્ષક શિવસિંહને આદેશ આપ્યો કે હું બહું થાકયો છું. ત્રણ દિવસ એકાંતમાં અંતઃ પુર (જનાનખાના) માં રહીશ, મહામંત્રીને જાણ કરી દો કે કોઈ મને મળવા ન આવે.

એ જ રાત્રે સિદ્ધરાજ જયસિંહ વેશ બદલીને ઉંટ પર સવાર થયા અને ખંભાતનો માર્ગ પકડયો. બીજા દિવસે સાંજે ખંભાત પહોંચ્યા. અંધારામાં શહેરમાં પ્રવેશ્યા વિવિધ વિસ્તારો અને જ્ઞાતિઓના લોકોને મળીને તમામ હકીકતો જાણી. તે સમયે ખંભાતના સૂબા ઉદા મહેતા હતા. રાજાને ખાતરી થઈ કે મુસલમાનો નિર્દોષ માર્યા ગયા છે. અને મસ્જિદ પણ તોડવામાં આવી છે. પછી દરિયાકિનારેથી માટલીમાં પાણી ભર્યુ અને ફરી પાટણ તરફ રવાના થયા. ત્રીજા દિવસે રાત્રે મહેલમાં પહોંચી ગયા. સવારે દરબારમાં બધાને બોલાવ્યા અને પ્રજાના હાલચાલ પુછયા તો દરબારીઓએ કહયું કે આપના રાજમાં સૌ સુખી છે. પછી ખંભાતના ખબર–અંતર પૂછયા, દરબારીઓએ વાત છુપાવી અને કહયું કે ઉદા મહેતાના રાજમાં તો બધુ હેમખેમ જ હોય ને! રાજાએ દરબારમાં કુતુબઅલીને બોલાવ્યા અને આખી ઘટના સંભળાવી. દરબારીઓના મોં પડી ગયા. પછી માટલીમાનું પાણી મંગાવ્યું અને સૌને ચખાડયું. સૌએ કહયું કે ખુબ ખારૂં છે. સિદ્ધરાજે પોતે તપાસ કર્યાની હકીકત સંભળાવી. સૌ દંગ રહી ગયા, રાજાએ કહયું કે ખંભાતના બ્રાહમણો અને પારસીઓએ મુસ્લિમો પર અત્યાચાર ગુજાર્યો છે. હું મારા રાજયમાં કોઈને પણ અન્યાય થાય તે સાખી ન શકું. રાજાએ દોષિતોને સજા કરવાનો હુકમ કર્યો અને મસ્જિદ તથા મકાનો ફરી બાંધી આપવાનું ફરમાન જારી કર્યુ પછી તેમણે કુતુબઅલીને માનભેર વિદાય આપી.

નોંધઃ સિદ્ધરાજ જયસિંહ (૧૦૯૪–૧૧૪૩)ના ન્યાયની આ ઘટના ઈલ્તુતમિશના શાસનકાળના ઈતિહાસકાર સદીદુદ્દીન મુહમ્મદ ઔફી (૧૧૭૨–૧૨૪૨)એ પોતાના પુસ્તક 'જવામિઉલ હિકાયાત'ના પ્રથમ ભાગમાં વર્ણવી છે. આઝમગઢના ઈતિહાસકાર મૌલાના સૈયદ સબાહુદ્દીન અબ્દુલરહમાને (ઈ.સ.૧૯૧૧–૧૯૮૭) હિન્દુસ્તાન કી બઝમે રફતા કી સચ્ચી કહાનિયાંમાં ઉપરોકત સંદર્ભથી ઉર્દૂમાં ભાષાંતર કર્યુ છે. ગુજરાતી સાહિત્યકાર બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ'

(ઈ.સ.૧૯૦૮– ૧૯૬૯)એ પોતાની ઐતિહાસિક નવલકથા 'સિદ્ધરાજ જયસિંહ'ના પ્રકરણ ૧૭માં ન્યાયની આ સત્ય ઘટના વર્ણવી છે. (તબ્લીગ આણંદ : ઓક્ટોબર–૨૦૨૧)

## આઝાદીના ઈતિહાસ બાબતે મુસ્લિમ વિદ્વાનોની એક પુકાર

ભારતીય તહેવારો સાથે વણાઈ ગયેલી જલેબી પણ પર્શિયન વાનગી છે. તો ભારતની દરેક શેરી તેમજ નુક્કડનું આ વિભાજ્ય અંગ બનેલ સમોસા પણ ઈરાની મૂળ ધરાવે છે. આવી સેંકડો વાનગીઓ અને તેમના માટે વપરાતા શબ્દો પણ અરબી કે ફારસી પરથી ઉતરી આવ્યા છે.

શું દેશવાસીઓને કોમી એકતાનો એ ઈતિહાસ જાણવાનો અધિકાર નથી કે શિવાજીના પિતા શાહજી ભોંસલે (ઈ.સ.૧૫૯૪–૧૬૬૪)એ અહમદનગર અને મુગલ સલ્તનતમાં એક અધિકારી તરીકે સેવા બજાવી હતી? શિવાજીના દાદા માલોજી ભોંસલે (ઈ.સ.૧૫૫૨–૧૬૦૬)ને અહમદનગર સલ્તનતમાં પ્રસિદ્ધ લશ્કરી વડા મલિક અંબરના વડપણ હેઠળની ફોજમાં ઉચ્ચ હોદ્દા પર હતા, માલોજીને અહમદનગરના શાસક બહાદુર નિઝામ શાહે 'રાજા'ના ઈલકાબથી નવાજ્યા હતા. અને તેમને પુણે તેમજ સોપાની જાગીર અર્પણ કરી હતી. શિવાજીના દાદા માલોજીએ પોતાના આસ્થાના સ્થળે અહમદનગરમાં આવેલી હઝરત પીરશાહ શરીફની દરગાહ પર પુત્રની પ્રાપ્તિ માટે દુઆ કરી હતી. આથી તેમને ત્યાં પુત્રનો જન્મ થતાં પીરશાહ શરીફની યાદમાં તેમનું નામ શાહજી રાખ્યું હતું ભારતનો ઈતિહાસ કોમી સૌહાર્દના આવા ઉદાહરણોથી સમૃદ્ધ છે. તેને દેશવાસીઓ સમક્ષ લાવવો એ તમામ શિક્ષિતોની સહિયારી જવાબદારી છે.

શું આપણે પોતાના પ્રિય દેશવાસીઓને એ ભવ્ય ભૂતકાળ જણાવવા સક્ષમ નથી કે ભગતસિંહનો કેસ ચલાવનાર ત્રણ જજોની પેનલમાંથી જસ્ટિસ આગા હૈદરે પોતાની નોકરીમાંથી રાજીનામું આપી દીધું પણ ભગતસિંહ અને તેમના સાથીઓના ફાંસીના ફેસલા પર સહી ન કરી. અંગ્રેજ સરકારનો રોષ વહોર્યો, પણ જજમેન્ટ પર સહી કરવાનો મક્કમ ઈન્કાર કરી દીધો.

ભગતસિંહના વકીલ તરીકે સેવા બજાવનાર આસફઅલી વિશે સંશોધન કરી સૌહાર્દઅને ગૌરવથી છલકાતો ઇતિહાસ બહાર લાવવાની જવાબદારી આપણી નથી?

રંગુનમાં આઝાદ હિન્દ ફોજ માટે ૧ કરોડ રૂપિયાનું દાન આપનાર ધોરાજીના અબ્દુલહબીબ મારફાની વિશે કોણ સંશોધન કરશે? પોતાનો વિદેશ અભ્યાસ છોડી દઈને જર્મનીથી બર્મા સુધીના ગુપ્ત પ્રવાસમાં નેતાજીના સેક્રેટરી તરીકેની સેવા બજાવનાર તેમજ 'જય હિન્દ' નો લોકપ્રિય કર્નલ આબિદ હસન સફરાનીનો સંદર્ભ સહિત ઈતિહાસ રજૂ કરીને આપણે નવી પેઢીને પ્રેરણા ન આપી શકીએ?

મીઠાના સત્યાગ્રહમાં ગાંધીજી સાથે ચાલનારા આઝાદીના લડવૈયા મૌલાના અતીકુર્રહમાન ઉસ્માની તથા મૌલાના હિફઝુર્રહમાન સ્યોહારવી વિશે રાષ્ટ્રને જાણકારી આપવી એ આઝાદીના અમૃત મહોત્સવ પર્વના વર્ષે આપણી જવાબદારી નથી? મીઠાના સત્યાગ્રહના સમર્થનમાં પુસ્તક લખનાર મૌલાના અનવરશાહ કાશ્મીરી વિશે દેશને સાચા સંદર્ભોસહ માહિતગાર કરવાની પહેલ કોણ કરશે? ભારતની આઝાદી વખતે છેક દૂરના ટાપુઓ પર દેશનિકાલ અને જેલની ભારે યાતનાઓ વેઠનાર શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન, મૌલાના હુસૈનઅહમદ મદની કે મૌલાના ફઝલેહક્ક ખૈરાબાદી જેવા આગેવાનોના બલિદાનો દેશની નવી પેઢી સામે લાવવા જરૂરી છે.

અંદામાન પર અત્યાચારી અંગ્રેજ વાઈસરોય લોર્ડ મેયોને મોતને ઘાટ ઉતારી ઈ.સ. ૧૮૭૩માં દેશ માટે ફાંસીની સજા વહોરનાર શેરઅલી આફિદીનું બલિદાન કે કાબુલમાં રાજા મહેન્દ્ર પ્રતાપ સાથે મળીને અંગ્રેજો વિરૂદ્ધ સરકાર બનાવનાર મૌલાના બરકતુલ્લાહ ભોપાલી (ઈ.સ.૧૮૫૪–૧૯૨૭) તથા મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી (ઈ.સ.૧૮૭૨– ૧૯૪૪)ની કુરબાનીઓ યાદ રાખવી જરૂરી નથી? અમેરિકન લેખિકા કેથેરીન મેયોએ ભારતીયોના અપમાનના હેતુથી લખેલ પુસ્તક 'મધર ઈન્ડિયા' નો સણસણતો જવાબ 'ગદ્ય'ભ્િ કઝબ?' પુસ્તક લખીને આપનાર અને આઝાદી વખતે પાકિસ્તાન છોડીને મુંબઈ હિજરત કરનાર ધારાશાસ્ત્રી ખાલિદ લતીફ ગાબા (ઈ.સ.૧૮૯૯–૧૯૮૧)ની સિદ્ધીઓનો ઇતિહાસ દેશવાસીઓ જાણે એ સમયની

માંગ છે. ઉપરોક્ત તથ્યો દેશના આલીશાન ભૂતકાળના છલોછલ સમુદ્રમાંથી નમૂનારૂપે એક ટીપા સમાન છે.

આ શાનદાર ઈતિહાસની જાણકારી નવી પેઢીમાં આત્મવિશ્વાસના પ્રાણ ફુંકશે. તેમને દેશમાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવશે અને તેમની અંદર નવેસરથી આ ભવ્ય ભૂતકાળના પ્રકાશમાં પ્રગતિના પંથે આગળ વધવાનો જુસ્સો જગાડશે. સાચા ઈતિહાસનો પ્રસાર દેશમાં ગેરસમજો દૂર કરવાનો મજબૂત પાયો રચશે.

રાજયમાં ઈસ્લામી વિદ્યાઓના અનેક બરકતવંત ધામો આવેલા છે. તે પૈકી અમુક મદ્રસાઓ ઈતિહાસના સંશોધન કેન્દ્રોની સ્થાપના કરે અને આલિમની સનદ મેળવનારાઓ માટે ઈતિહાસના વિષયમાં વિશેષ અભ્યાસક્રમ (સ્પેશિયાલિસ્ટ)ના વિભાગ શરૂ કરીને અરબી, ફારસી, અંગ્રેજી, ઉર્દૂ, સંસ્કૃત અને દેશની પ્રાદેશિક ભાષાઓના સમૃદ્ધ વારસામાં છુપાયેલા તેમજ ઐતિહાસિક ધરોહરમાં ધરબાયેલા આ ઈતિહાસને બહાર લાવીને વિશાળ પાયે તેનો પ્રસાર કરે એ સમયની માંગ છે.

ગફલતને ફગાવી દો, બેદાર થઈને જીવો
છોડો આ હતાશાને, ખુદ્દાર થઈને જીવો
બેસી રહો કિનારે તો મોતી કયાંથી મળશે?
ઝંપલાવી દો જિગરથી મઝધાર થઈને જીવો.

(આણંદ તબ્લીગઃ ઓકટોબર–૨૦૨૧)

## રાષ્ટ્રધ્વજને સલામી આપવી શરીઅતની નઝરમાં

રાષ્ટ્રધ્વજને સલામી આપવી શરીઅતની નઝરમાં ઉલમા એ કિરામ દ્વારા જાઈઝ બતાવવામાં આવેલ છે.(કિફાયતુલ મુફતીઃ ૩/૨૦૭)

### (મુસ્તર ખૈરાબાદીની હૃદયસ્પર્શી શાયરીઓ)

ન કિસીકી આંખ કા નૂર હું ન કિસીકે દીલ કા કરાર હું
જો કિસીકે કામ ન આ સકે મેં વો એક મુશ્તે ગુબાર હું
મેરા રંગરૂપ બિગડ ગયા, મેરા યાર મુજસે બિછડ ગયા
જો ચમન ખિઝાં સે ઉજડ ગયા મેં ઉસી કી ફસ્લે બહાર હું
પિએ ફાતિહા કોઈ આયે કયૂં, કોઈ ચાર ફુલ ચળહાએ કયૂં
કોઈ આકે શમ્અ જલાએ કયૂં મેં વો બેકસી કા મઝાર હું

મેં નહીં હું નગ્મએ જાંફીઝાં મુજે સુનકે કોઈ કરેગા કયા
મેં બડે બિરૂગ કી હું સદા, મેં બડે દુખી કી પુકાર હું

## ભારત પર વિદેશીઓના આક્રમણ અને તેની એક ઝાંખી

(૧)ઈ.સ.૧૪૯૮માં પોર્ટુગલથી વાસ્કો–દ–ગામા પોતાનું વહાણ લઈને ભારત તરફ આવે છે અને કાલિકટના બંદરે તે ઉતરે છે, પોર્ટુગીઝ લોકોએ ભારતમાં વેપાર, લૂંટ અને ઝૂલ્મના કામો કર્યા, પાદરીઓનો કોર્ટો પાસે ફેસલાઓ કરાવીને અત્યાચાર પણ કર્યા.

(૨)ઈ.સ.૧૬૦૦માં ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના: જેઓએ ભારત સાથે વેપારના હેતુથી આ કંપનીની સ્થાપના કરી, પ્રથમ ૧૦૧ વેપારી આમાં જોડાયા અને ૩૦,૦૦૦ પાઉંડની મૂડી એકત્ર કરી ભારત સાથે વેપાર શરૂ કર્યો, વેપારની આડમાં ભારતમાં પોતાનું લશ્કર લાવી લશ્કરી થાણાઓ પણ તેઓએ સ્થાપવાનું શરૂ કર્યુ.

(૩)ઈ.સ.૧૭૦૭ સુધી ઓરંગઝેબ આલમગીર રહ. જિવીત હતા જેના લઈ મુગલ સલ્તનત ખુબજ મજબૂત હતું જેને લઈ અંગ્રેજોને એક ધાક અને ડર હતો. ઈ.સ.૧૭૦૭માં ઓરંગઝૈબના મૃત્યુ પામવા પછી મુગલ સલ્તનતમાં ધીમે–ધીમે કમજોરી(નબળાઈ) આવવાની શરૂઆત થઈ.

(૪)ઈ.સ.૧૭૫૭માં પ્લાસીના મેદાનમાં નવાબ સીરાજુદ્દોલા ની ફોજો પોતાના ગદ્દારોના લઈને હારી ગઈ, આમ ભારતના અંદર ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રથમ સરકારની સ્થાપનાની શરૂઆત થઈ, ઈસ્ટ ઈન્ડિયા કંપનીના લશ્કરોએ બંગાલના અંદર ખુબજ ઝૂલ્મ કર્યા.

(૫)ઈ.સ.૧૭૯૯માં ટીપુ સુલતાન શહીદ થયા, તે દિવસે અંગ્રેજ લોર્ડ હોર્સે કહયું કે હવે ભારત અમારૂં છે.

(૬)ઈ.સ.૧૮૦૦માં જનરલ લોર્ડ લીકની આગેવાની હેઠળ અંગ્રેજ લશ્કર દિલ્હી તરફ આગળ વધે છે.

(૭)ઈ.સ.૧૮૦૩ના અંદર અંગ્રેજ દિલ્હીમાં દાખલ થાય છે અને એવી જાહેરાત કરે છે "ખલ્ક ખુદા કી, મુલ્ક બાદશાહ(મુગલ) કા, હુકમ કંપની બહાદૂર કા" એટલે કે મુગલ સરકાર નામ માત્ર પુરતી જ રહેશે અને અંગ્રેજોનો ઓર્ડર ચાલશે. તે જ વખતે હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દીસ સાહબ દેહલ્વી રહ. સમજી ગયા કે હવે

અંગ્રેજોએ કબ્જો કરી લીધો છે, અને ભારત ગુલામ થઈ ગયુ છે અને આઝાદી મેળવવી દરેક માટે જરૂરી છે એવો ફતવો બહાર પાડયો. જે તેઓના ફતાવા સંગ્રહમાં પેજ નં.૧૭ પર છે.

(૮)ઈ.સ.૧૮૦૮માં નવાબ અમીરખાન અને જસવંતરાવ હોલ્કર અંગ્રેજોના વિરૂદ્ધ ઉભા થયા, એવી જ રીતે હઝરત સૈયદ અહમદ શહીદ, હઝરત ઈસ્માઈલ શહીદ પણ અંગ્રેજોના વિરૂદ્ધ ઉભા થયા.

(૯)ઈ.સ.૧૮૧૬માં સૈયદ અહમદ શહીદ રહ. પોતાની ચળવળ અલગથી ચાલુ કરી.

(૧૦)ઈ.સ.૧૮૨૧માં સૈયદ અહમદ શહીદ રહ.ની આઝાદીની ચળવળ અલગથી આગળ વધે છે. ઈ.સ.૧૮૨૨માં અહમદ શહીદ હજ માટે જાય છે અને પરત આવી અંગ્રેજો વિરૂદ્ધ પોતાની ચળવળ અને બળવો સતત ચાલુ રાખે છે. ૭/મે ઈ.સ.૧૮૩૧ જુમ્આના દિવસે સવારે ૧૧ વાગ્યે સૈયદ અહમદ શહીદ પોતાના સાથી ૩૦૦ મુજાહીદો સાથે લડતા–લડતા શહીદ થાય છે.

(૧૧)ઈ.સ.૧૮૩૫માં હઝરત શાહ ઈસ્હાક સાહબ દેહલ્વીના જમાઈ મૌલાના સૈયદ નસીરૂદ્દીન સાહબ અંગ્રેજો વિરૂદ્ધ જિહાદની આ ચળવળને આગળ વધારે છે અને ઈ.સ. ૧૮૪૦માં તેઓનું મૃત્યુ થાય છે.

(૧૨)ઈ.સ.૧૮૪૪માં શાહ અબ્દુલગની સાહબ દેહલ્વી રહ.ના પ્રમુખપદે આ ચળવળને આગળ વધારવામાં આવે છે.

(૧૩)ઈ.સ.૧૮૩૧ થી ૧૮૪૬ સુધી પટનાના સાદિકપુરના ઉલમાએ કિરામ જેમાં ઘણા બધા હઝરત સૈયદ અહમદ શહીદના અનુયાયીઓ હતા તેઓએ અને હઝરત મૌલાના વિલાયતઅલી સાહબે પટના, મુંબઈ, હૈદરાબાદ, બુરહાનપુર, જબલપુર નર્સીંગપુરમાં અંગ્રેજો વિરૂદ્ધ ચળવળો ચલાવી. નિસારઅલી ઉર્ફ ટીટુમિયાં અને ૮૦ હજાર મુજાહીદોએ અને તેઓના ભાઈ મૌલાના ઈનાયતઅલી અને મૌલાના મુહમ્મદઅલી રામપુરી, મૌલાના ઈનાયતઅલીએ બંગાલમાં અને મૌલાના મુહમ્મદઅલી રામપુરીએ મદ્રાસમાં

અંગ્રેજો વિરૂદ્ધ જિહાદી ચળવળો ચાલુ રાખી, તેઓએ પોતાના ઘરનો દરેક સામાન અને અવલાદ દેશના માટે આપી દીધી.

## ભારતીય લોકોએ અંગ્રેજો સામે એક સશસ્ત્ર સાથે ભેગા મળીને બગાવત(વિપ્લવ) કર્યો તેનું કારણ

(૧)ભારતના વિવિધ ભાગો પર કબ્જો કરી અંગ્રેજો તરફથી સતત દરેક પ્રકારના અત્યાચારો અને ઝૂલ્મો.

(૨)ગાય અને સુવ્વર(ડુક્કર)ના હાડકાઓનો પાવડર લોટમાં મેળવીને ભારતીયોને ખાવા પર મજબૂર કરવા. મુસ્લિમો ડુક્કરને નાપાક અને ગંદુ ગણે છે અને હિંદુઓ ગાયને પવિત્ર ગણે છે જેથી કરીને બન્નેવ કોમની લાગણીઓ દુભાય તેવી મહેનત અંગ્રેજોએ કરી.

(૩)ઘી ના અંદર નાપાક ગંદી ચરબીનું મેળવવું.

(૪)પાણીના કુંવાઓમાં ગાય અને ડુક્કરના ગોશ્ત નાખવું.

(૫)કારતુસ પર ગાય અને ડુક્કરની ચરબી લગાવી તેને તોડવા પર ભારતીયોને મજબૂર કરવું.

(૬)ઈ.સ.૧૮૫૭ એપ્રિલના મહીનામાં મંગલ પાંડે અને તેના એક સાથીને ફાંસી. આવા કારણોને લઈઃ–

(૭)૧/મે ૧૮૫૭ શાહજહાંપુરમાં મુફતી મઝહર કરીમ દરિયા-બાદીના મકાન પર હિંદુ–મુસ્લિમની એકતાનો જલસો અને તેમાં મૌલાના સરફરાઝઅલી સાહેબની પુરજોશ તકરીર (ભાષણ) અંગ્રેજો સામે લડત માટે ૩૧/મેના બળવો કરવાની તારીખ નક્કી કરવામાં આવી.

(૮)મેરઠના અંદર જયાં મજબૂત તોપખાનું હતું તેની પરેડમાં ૪૯ મુસલમાન અને ૩૬ હિંદુ સૈનિકોએ અંગ્રેજનો ઓર્ડર માનવાથી ઈન્કાર કરી દીધો, જેથી તેઓને ૧૦ વર્ષની મુસીબતોભરી જેલની સજા થઈ.

અંગ્રેજોના આવા ઝૂલ્મની ખબર બંગાલ પહોંચે છે, ૧૦મે ના રોજ બળવો શરૂ થાય છે અને ૧૧મે ના રોજ દિલ્હીમાં સશસ્ત્ર સ્વતંત્ર સેનાનીઓ પહોંચી ગયા અને બહાદુરશાહથી મુલાકાત કરી. અને ૩૧ મુફતીઓએ તેઓને ફતવા વડે ટેકો જાહેર કર્યો, ૧૫ સપ્ટેમ્બરના રોજ અંગ્રેજી ફોજ આગળ વધી. ૨૦ સપ્ટેમ્બરના રોજ અંગ્રેજોએ ભારતીયોને હરાવીને લાલકિલ્લા પર સંપૂર્ણ કબ્જો કરી લીધો અને ભારતનો ઝંડો ઉતારીને અંગ્રેજોનો યુનિયન ઝંડો(જેક) લહેરાવવામાં

આવ્યો. ૧૯ સપ્ટેમ્બરના રોજ બહાદુરશાહને પકડીને લાલકિલ્લાથી હુમાયુના મકબરામાં લઈ જવામાં આવ્યા. નાશ્તામાં બહાદુરશાહના છોકરાઓના જ માથાઓ થાળમાં મૂકીને કપડું ઢાંકીને આપવામાં આવ્યા, બહાદુરશાહ પોતાના છોકરાઓના લોહીવાળા માથા જોઈને બોલી ઉઠયા કેઃ "તૈમૂરી શાહઝાદાઓ સુપૂત્રો પોતાના વડીલોના સામે લાલ મોઢું કરીને જ આવે છે" એવા બહાદૂરીભર્યા શબ્દો કહયા અને પછી અંતિમ મુગલ સમ્રાટને રંગૂન મોકલી આપવામાં આવ્યા અને અંગ્રેજોએ દરેક ચાર રસ્તાઓ પર અને ચાંદની ચોકમાં ફાંસીના માંચડા લટકાવી દીધા. સ્વતંત્ર સેનાનીઓને હાથી પર બેસાડવામાં આવતા અને ગળામાં ફાંસીનો ફંદો નાખવામાં આવતો અને હાથીને આગળ ચલાવી દેતા, આંખ બહાર નિકળી આવતી, જીભ પણ બહાર આવી જતી અને જયાં સુધી તેઓ બિડૂ વળીને અંગ્રેજીના "8" જેવા ન થઈ જાય ત્યાં સુધી તેઓને ફાંસીના માંચડા ઉપર લટકાવી દેવામાં આવતા. ઘણાં બધા સ્વતંત્ર સેનાનીઓને તોપના મોઢા ઉપર બાંધીને ફુરચા–ફુરચા ઉડાવી દેવામાં આવ્યા. પંડિત મેવારામ ગુપ્તાના લખવા મુજબ પાંચ લાખ મુસલમાન અને ૨૭ અથવા ૫૫ હજાર આલિમોને ફાંસી આપવામાં આવી.

## ભારતના ખૂબ મોટા સ્વતંત્ર સેનાની હઝરત શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન દેવબંદી રહ.

જયારે માલટાની જેલથી છૂટીને આવ્યા તો તેઓએ ઈ.સ. ૧૯૨૦ નવેમ્બરના મહીનામાં જમીઅતે ઉલમાએ હિન્દના એક અધિવેશનનું પ્રમુખપદ શોભાવ્યું તે વેળાએ તેમણે જે પ્રમુખીય ભાષણ આપ્યું તેના અમુક અંશો રજૂ કરવામાં આવે છે.

(૧)તમે જાણો જ છો કે ભારતના આલિમોની એક મોટી જમાઅત (સમૂહે) આ ફેસલો કરી લીધો છે કે ભારતના મુસલમાનો પાસે દુશ્મનો (અંગ્રેજો) નો ડિફેન્સ કરવા માટે કોઈ હથિયારો નથી, તોપ નથી, યુધ્ધવિમાનો નથી, બંદૂક નથી એટલે આપણે શસ્ત્રો(હથિયારો) વડે લડી શકે એમ નથી, એટલે આપણે તેઓની સાથે અસહકાર વડે અને તેઓની વસ્તુઓના બાયકોટ વડે લડાઈ લડવી પડશે. આપે પોતાના આ ભાષણમાં ફરમાવ્યું કે મુસલમાનો માટે દુશ્મનો સાથે

સંબંધ રાખવો હરામ છે એવા સંબંધો જેનાથી દુશ્મનો (અંગ્રેજો)ની વિરોધી અને દુશ્મની ભરેલી તાકત(શકિત)ને મદદ પહોંચે અને તેઓનો નશો (ઘમંડ, તકબ્બુર) વધી જાય, મુસલમાનોનો પ્રથમ ફર્ઝ એ છે કે તેઓ ઈસ્લામના દુશ્મનોને દુશ્મન સમજે અને તેઓ સાથે સંબંધ દોસ્તી, મોહબ્બત પ્રેમ બિલકુલ છોડી દે, આ પ્રમાણેની અખ્લાકી લડાઈ એનું નામ છે 'તરકે મુવાલાત' એટલે કે 'અસહકાર આંદોલન' જેમાં કુર્આને મજીદમાં કહેવામાં આવ્યું છે કે:

يَآأَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّىْ وَعَدُوَّكُمْ أَوْلِيَاءَ

આ આયતમાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને અલ્લાહ તઆલાના દુશ્મન, ઈસ્લામ અને મુસલમાનોના દુશ્મનની સાથે (દીલમાં પ્રેમ ભરેલા) સંબંધ રાખવાથી રોકી દીધા છે.

(૨)એવા બધાજ મુઆમલા(વ્યવહારો) જેને લઈ દુશ્મનો સાથે સંબંધો અને એકતા વધે, સાથે જ અંગ્રેજોની ફોજમાં નોકરી, એવી જ રીતે એવા સંબંધો જેનાથી એવું જાહેર થતું હોય કે મુસલમાનો અંગ્રેજોથી ખુશ છે એવી બધી જ બાબતો છોડી દેવી જોઈએ.

(૩)અલ્લાહ તઆલાના દુશ્મનો હંમેશા(સદાય) ઈસ્લામ અને મુસલમાનોને આ જગતથી ખતમ કરવાની કોશિશ કરી રહયા છે પરંતુ અલ્લાહ તઆલાની મદદ અને અલ્લાહ તઆલાની તૌફીકથી મુસલમાનો પોતાની ઈમાની શકિત અને દીન માટે અડગ રહીને હંમેશા દુશ્મનોની દરેક પ્રકારની મહેનતોના સામે દીવાર બની ગયા છે. ઈસ્લામ અલ્લાહ તઆલાનું નૂર (દિવ્ય પ્રકાશ) છે. જે આંધળા દુશ્મનોની દુશ્મની ભરેલી ફુંકથી કયારેય બુજાય(ઓલવાય) જવાનું નથી.

(૪)એ તૌહીદ(એકેશ્વરવાદ)ના માનવાવાળાઓ આજે તમારા ઈમાન અને ઈખ્લાસનું ઈમ્તિહાન(પરીક્ષા) છે. અલ્લાહ તઆલા જોઈ રહયા છે કે કોણ આ અંગ્રેજ દુશ્મનના સામે પોતાનું માથું ઝુકાવી દે છે. કોણ છે જે દુનિયામાં ખતમ થઈ જનારા હસ્તીઓના ડરથી અલ્લાહ તઆલાની અમાનતમાં ખયાનત કરે છે. અગર જો તમારા દીલના અંદર અલ્લાહ તઆલાના સામે કયામતના દિવસે રજૂ થવાનો ડર હોય અને તમારા અંદર નબીએ પાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જેવી ઈસ્તિકામત (અડગતા) સાથે દુનિયામાં રહેવાની

આરઝુ અને ઉમ્મીદ હોય તો પાક દીનની હિફાઝત કરો, અલ્લાહ તઆલાના હુકમોની ઈતાઅત (પાલન) કરો. તૌહીદની જે અમાનત મળી છે એને બરબાદ ન કરો અને તૌહીદને ઈઝઝત મળે એમાં તમારી ઈઝઝત સમજો.

(૫)ઈસ્લામ માત્ર ઈબાદત અને બંદગીનું નામ નથી, બલ્કે તે બધા જ મઝહબી (ધાર્મિક), અખ્લાકી (સાંસ્કૃતિક) અને રાજકીય જરૂરતોના બાબત એક સંપૂર્ણ નિઝામ અને વ્યવસ્થા રાખે છે, જે લોકો આજના યુગમાં થતી કશ્મકશ(સંઘર્ષો)માં ભાગ લેવાથી દૂર રહે છે અને માત્ર પોતાના રૂમોમાં ખુણાઓમાં બેસી રહેવાને ઈસ્લામી ફરીઝાઓની અદાયગીના માટે પૂરતું સમજે છે એવા લોકો ઈસ્લામના પાક અને સાફ દામન (કપડા) પર એક ધબ્બો લગાવી રહયા છે.

(૬)ઈસ્લામના ફરીઝાઓ માત્ર નમાઝ અને રોઝામાં નથી બલ્કે ઈસ્લામની ઈઝઝત બાકી રાખવા અને ઈસ્લામની શાન–શોકતની હિફાઝતની જવાબદારી પણ મુસલમાનો પર છે.

(૭)દેશમાં વસતા દેશવાસીઓ હિંદુઓ શીખો અને વિવિધ ધર્મના લોકો સાથે કોમી એકતાનું વાતાવરણ ઉભું કરો; પરંતુ સમજો કે એહસાન કોને કહેવાય છે? તમે તમારી કોઈ વસ્તુ બીજાને આપી દો એને એહસાન(ઉપકાર) કહેવાય છે. બીજાની કોઈ વસ્તુ ઉપાડી લઈ આપી દેવાને એહસાન કે ઉપકાર કહી શકાય નહીં એટલે દેશવાસી અન્ય ધર્મના લોકો સાથે એહસાન અને ઉપકાર તમારા બસ મુજબ તમે કરો. પરંતુ અલ્લાહ તઆલાના હુકમો, ઈસ્લામના કાનૂનો તમારા માટે અલ્લાહ તઆલા તરફથી એક અમાનત છે તેમાં તમોને કોઈપણ ઈખ્તિયાર આપવામાં આવ્યો નથી એટલે કોમી એકતા અને અન્ય દેશવાસીઓ સાથે ઉપકાર ધર્મના અને કાનૂનના વર્તુળમાં રહીને જ કરો. તમે બન્નેવ કોમો હિંદુ–મુસ્લિમ મળીને એવા ઝબરદસ્ત દુશ્મનના મુકાબલા માટે ઉભા થઈ જાઓ જે તમારા દેશ અને તમારી આઝાદીને પામાલ (વેરવિખેર) અને બરબાદ કરી રહયા છે.

(૮)આજે રેલીઓ કાઢવી, સરઘસ કાઢવા, વિરોધના નારાઓ લગાવવા, વિરોધ સંમેલાનો યોજવા એ બધું દુશ્મનોના વિરોધ કરવાના પ્લેટફોર્મ છે.

એકાંતમાં રહેવું અને ખુણામાં બેસી રહેવું અને એમાં રાત્રીઓ

વિતાવવી એ પુરતું નથી. જો આજના સમયમાં તોપ, બંદૂક અને લડાકૂ વિમાનોને વાપરવું, દુશ્મનોના વિરૂદ્ધ જિહાદ ધર્મયુદ્ધ થઈ શકે છે જો કે આ બધી વસ્તુ પયગમ્બર સાહેબ અને સહાબાના સમયમાં ન હતી તો સાંભળી લ્યો અંગ્રેજો વિરૂદ્ધ રેલીઓ કાઢવી, એકતાનું પ્રદર્શન કરવું અને સમાન માંગણીઓ (હક્કો) માટે અંગ્રેજોથી રેલીઓ વડે માંગણી કરવી તેમાં કદી પણ પાછળ હટવું ન જોઈએ. જે લોકોના હાથમાં હથિયાર નથી તેઓ માટે આવી જ (શાંતિ ચળવળો) એ મોટું હથિયાર છે.

(૯)બ્રિટીશ સરકાર એમ કહે છે કે કોઈપણ દેશવાસીના ધાર્મિક બાબતોમાં તેઓ દખલગિરી કરશે નહીં, એવું માત્ર તમે સાંભળો જ છો પરંતુ બ્રિટીશ સરકાર શું દરેક વખતે આપણી ધાર્મિક બાબતોનું ગળું ઘોટવા માટે તૈયાર નથી?

(૧૦)હું મારૂં ભાષણ પુરૂ કરતા કરતા તમારાથી વિનંતી કરૂં છું કે દરેક હાલતમાં અલ્લાહ તઆલા પર ભરોસો રાખો, પોતાની પ્લાનિંગને પ્લાનિંગના દરજામાં સમજો, ઈસ્લામી કાનૂનો પર અમલ કરો, ધર્મના ફરીઝાઓ અદા કરવા મજબૂત બનો, અલ્લાહ તઆલાની રહમત નેક બંદાઓની સાથે હોય છે, કમઝોરો અને ખુદા પર ભરોસા કરવાવાળાઓને અલ્લાહ તઆલાની મદદ મળે છે.

## ટૂંકમાં જાણવા જેવી અગત્યની વાતો

૪/નવેમ્બર ઈ.સ.૧૯૧૭ના દિવસે હઝરત મુફતી કિફાયતુલ્લાહ સાહબ રહ., પ્રથમ પ્રમુખઃ જમીઅતે ઉલમાએ હિન્દ. હઝરત શૈખુલહિન્દ રહ.ને માલટાથી છોડાવવા માટે અંગ્રેજો વિરૂદ્ધ ચળવળ શરૂ કરી.

ઈ.સ.૧૯૧૯ નવેમ્બરના મહીનામાં મૌલાના ફઝલેહક્કના પ્રમુખ પદે ખિલાફત કોન્ફરન્સ થઈ, જેમાં ગાંધીજી અને શેઠ છોટાણીએ આ ચળવળમાં ભરપૂર મદદ કરવાનો વાયદો કર્યો.

૨૮/ડીસેમ્બર ૧૯૧૯ ઈસ્વીમાં અમૃતસરમાં જમીઅતે ઉલમાએ હિન્દની સ્થાપના કરવામાં આવી.

૦૯/જૂન ૧૯૨૦માં ખિલાફત કોન્ફરન્સ ઈલ્હાબાદમાં થઈ.

૧૫/ફેબ્રુઆરી ૧૯૨૩માં ચોરીચોળામાં ૨૩ અંગ્રેજોને મૌતના ઘાટે

ઉતારતા ૩૦ હજારને જેલની સજા કરવામાં આવી. જેમાં મોટેભાગે મુસ્લિમો અને આલિમો હતા.

૧૪/માર્ચ ૧૯૨૬ના દિવસે કલકત્તામાં પહેલી વખત જમીઅતે ઉલમાએ હિન્દના ભવ્ય સંમેલનમાં ભારતની સંપૂર્ણ આઝાદીનો ઠરાવ મંજૂર કરવામાં આવ્યો પછી તે જ વર્ષે પેશાવરમાં બે થી પાંચ ડીસેમ્બરમાં જમીઅતનું સંમેલન થયું જેમાં હઝરત મૌલાના અલ્લામા અનવરશાહ કશ્મીરી રહ. એ કહયું કેઃ આઝાદી આપવામાં આવતી નથી પરંતુ પોતાની મહેનતો અને અથાગ પ્રયત્નો વડે ખોંચવી લેવામાં આવે છે. આજ વર્ષે સાયમન કમિશનનો બાયકોટ કરવામાં આવ્યો.

સપ્ટેમ્બર ૧૯૩૯માં સિવીલ નાફરમાની વગેરે કરવામાં આવી.

## અસહકાર આંદોલન વેળા સંપૂર્ણ બાયકોટ એટલે શું?

(૧)અંગ્રેજોના એવોર્ડો પરત કરી દેવામાં આવે.

(૨)કાઉન્સીલોની મેમ્બર પદેથી રાજીનામું આપવામાં આવે.

(૩)અંગ્રેજોના પ્રોડકટસ નો વિરોધ કરીને એ લોકોને આર્થિક રીતે ફાયદો રોકવામાં આવે.

(૪)કોલેજ, યુનિવર્સિટીઓમાં સરકારી મદદ ગ્રાન્ટ કબૂલ કરવામાં ન આવે.

(૫)અંગ્રેજની ફોજમાં નોકરી ન કરે અને મદદ ન કરે.

(૬)અંગ્રેજી અદાલતોમાં પોતાનો કેસ ન લઈ જાય.

## આપણાં બુઝુર્ગો, આલિમોએ જે અંગ્રેજો સામે સફળ જંગ લડી તેના અંદર મુખ્ય પાયાની તાકતો

(૧)ઈખ્લાસઃ માત્ર માલિક (અલ્લાહ તઆલા)ને રાજી કરવા માટે દુશ્મનો સાથે લડાઈ લડવી.

(૨)મિલ્લત(સમાજ)નું સારૂં વિચારવું.

(૩)અલ્લાહ તઆલા સાથે ગાઢ સંબંધ.

(૪)અલ્લાહ તઆલાનો ઝિક્ર, ધ્યાન વધુને વધુ કરવું.

(૫)દીનની હિફાઝત.

(૬)વતનની હિફાઝતનો જઝબો.

(૭)ઈમાન ઈસ્લામના સાથે ભારત દેશમાં ઈસ્લામ અને મુસલમાનોને બાકી રાખવાની મહેનત.

આપણાં બુઝુર્ગોએ અલ્લાહ તઆલાને રાઝી કરવા માટે આવા બધા સારા કામો કર્યા છે. જગત કોઈની કદર નથી કરતું. જેવી રીતે કે બિરયાનીમાં લવીંગ મુકવામાં આવે છે અને લવીંગની ખુશ્બુ બિરયાનીમાં આવી જાય કે પુલાવમાં આવી જાય છે પછી ખાતી વખતે લવીંગને કાઢીને ફેંકી દેવામાં આવે છે. એવીજ હાલત આ જગતના લોકોની છે. ચોક્કસ કદર તો માત્રને માત્ર અલ્લાહ તઆલાના ત્યાં જ થાય છે. એટલે આપણે માત્રને માત્ર અલ્લાહ તઆલાને રાઝી રાખવા માટે કામ કરવા જોઈએ.

હઝરત શૈખુલહિન્દ રહ.ને એક વખત કોઈએ પુછયું કે હઝરત અંગ્રેજની કોઈ એક વાત તો સારી હશે? તો કહેવા લાગ્યા કેઃ અંગ્રેજો કે કબાબ બહોત અચ્છે હોંગે.

અંગ્રેજ એમ કહેતા હતા કે આ મૌલાના મહમૂદહસનને કોઈ સળગાવી પણ નાંખે તો તેની રાખમાંથી પણ અંગ્રેજોની દુશ્મનીની વાંસ (ખુશ્બુ) નિકળતી હશે.

## આઝાદીની ચળવળથી હેડગેવાર દૂર રહ્યા

સંઘના બ્રાહ્મણ સ્વયંસેવક ના. હ.પાલકરે હેડગેવારનું જીવન ચરિત્ર 'ડો.હેડગેવાર' શિર્ષક સાથે લખ્યું છે. જેનો ગુજરાતી અનુવાદ 'અનિકેત' ઉપનામધારીએ કર્યો છે. સંઘના ''સાધના પુસ્તક પ્રકાશન'' દ્વારા ૨૦૦૨માં પ્રથમ આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

જીવનચરિત્રના ૫૩૪ પાનાઓમાંથી ૩૨૪ પાનાઓમાં ઈ.સ. ૧૯૨૫થી ઈ.સ.૧૯૪૦ સુધી ડો.હેડગેવારના જીવન વિષે જે જાણકારી પ્રાપ્ત થાય છે તેમાં દેશની આઝાદીની ચળવળ વિષે સંઘ તથા ડો.હેડગેવારની નીતિની જાણકારી પણ મળી રહે છે.

૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ પોતાના ૭૯ સત્યાગ્રહીઓ સાથે અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડીના સમુદ્રકિનારા તરફ જતી કૂચ શરૂ કરી. તા. ૫ એપ્રિલના રોજ કૂચ પૂર્ણ થતા તા. ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ મીઠાનો સત્યાગ્રહ કરતા ગાંધી સહિત દેશભરના સત્યાગ્રહીઓની સરકારે ધરપકડ કરેલી, 'ડો.હેડગેવાર' જીવનચરિત્રના પાના નં.૨૭૦માં દાંડીકૂચ સત્યાગ્રહ બાબતે નીચેની નોંધ છે.

આંદોલન શરૂ થતાં જ એમાં સહકાર્યકરો દ્વારા સત્યાગ્રહ બાબતે

સંઘની નીતિના વિષયમાં પ્રશ્નો પૂછાવા લાગયા. (હેડગેવાર) એક પત્ર પ્રગટ કરી સૌને કહ્યું કે સંઘે ચાલુ આંદોલનમાં ભાગ લેવાનો નિર્ણય હજી કર્યો નથી. વ્યકિતગત રીતે કોઈને ભાગ લેવો હોય તો તે પોતાના સંચાલકની અનુમતિથી લઈ શકે એમાં કોઈ વાંધો નથી. સંઘના કાર્ય માટે જે રીતે પોષક હોય તેવી રીતિથી જ તે કાર્ય કરે.

સત્યાગ્રહમાં જોડાવા માટે સંઘના બ્રાહ્મણ સ્વંયસેવકો કહેતા ત્યારે ડો.હેડગેવારના વલણને સ્પષ્ટ કરતી નીચેની વિગતો પાના નં. ૨૭૧–૭૨માં પ્રાપ્ત થાય છે.

અધિકારી શિક્ષણવર્ગ સમાપ્ત થતા કેટલાક લોકોએ ડોકટરજી પાસે સત્યાગ્રહમાં વ્યકિતગત રીતે જવાની અનુમતિ માંગી. હેડગેવારની નીતિ આંદોલનમાં જવા ઉત્સુક વ્યકિતને ઈન્કાર કરવાની ન હતી. પરંતુ એ પણ જરૂરી હતું કે કેટલાક તરુણ સંઘના કાર્યની દ્રષ્ટિએ જેલની બહાર જ રહે. આથી એ પૈકી કોઈ અનુમતિ માંગવા આવતું ત્યારે હેડગેવાર એને પૂછતા: કેટલા દિવસની તૈયારી કરીને ઘરેથી નીકળ્યા છો? સામેથી જવાબ મળતો, છ મહીનાની સામાન્ય રીતે આવો જ જવાબ મળતો હતો. તે સાંભળીને હેડગેવાર એમને કહેતા કે માની લો તમને સજા થઈ ગઈ. આ સમય સંઘકાર્ય માટે કેમ નથી આપતા?

આ પ્રશ્નનો આશય સમજીને અનેક સમજદાર તરુણોએ એમ જ કર્યુ. જોકે એમની સંખ્યા ગણતરીની જ હતી. સેંકડો તરુણોને હેડગેવાર સત્યાગ્રહમાં જવાની અનુમતિ આપી હતી, પણ એ અનુમતિ દેતી વખતે એમને એ જોઈને દુઃખ થતુ હતું કે તરુણોમાં પોતાના કાર્ય તથા ધ્યેય પ્રત્યે ઉત્કટતાના સ્થાને અમે પણ કંઈક કર્યુ છે એવો દેખાડાનો ભાવ જ પ્રબળ હતો, તેવા સમયે ડોકટર સાહેબ સલાહ આપતા કે ભાવાવેશમાં આવી આંદોલનમાં કૂદી પડવાને બદલે વિચારપૂર્વક જ એમાં જોડાજો. મધ્યપ્રાંતના વિદર્ભનો જંગલ સત્યાગ્રહ દાંડી સત્યાગ્રહના અનુસંધાનમાં શરૂ કરવા બ્રાહ્મણ નેતા માધવરાવ અણેએ તૈયારી કરી. અણે ટિળકપંથી હોવાથી ડો.હેડગવાર તથા અપ્પાજી જોશીએ પણ એ સત્યાગ્રહમાં જોડાવાનું નક્કી કર્યુ. તેમણે આ નિર્ણય શા માટે કર્યો તેની સ્પષ્ટતા જીવનચરિત્રના પાના નં. ૨૭૪માં નીચે મુજબ કરાઈ છે.

આ નિર્ણય પાછળ મુખ્ય બે કારણો હતા. લોકનાયક અણેએ વિદ્યાર્થી દશામાં હેડગેવારને દરેક રીતે સહાયતા બક્ષી હતી. હવે તેના નેતૃત્વમાં સત્યાગ્રહ સંગ્રામમાં ભાગ લેવાનો અવસર મળી રહ્યો હતો એ એમના માટે એક સંતોષની વાત હતી. એ સિવાય વિદર્ભમાં હમણાં સુધી સંઘનું કાર્ય પહોંચ્યુ ન હતું. એમને લાગ્યું કે કારાગ્રહમાં આવનારા લોકોની સાથે રહીને સંઘના વિસ્તારની ભૂમિકાને વધુ બળકટ બનાવી શકાશે.

ડો. હેડગેવારે સત્યાગ્રહમાં જોડાતા પહેલા સંઘના બ્રાહ્મણ સ્વયંસેવક ડો. પરાંજપેને સરસંઘચાલક નિયુકત કર્યા. ૧૨ જુલાઈ, ૧૯૩૦ના ગુરુદક્ષિણા મહોત્સવ દરમિયાન ડો.હેડગેવારે સત્યાગ્રહમાં જોડાવાની પોતાની ભૂમિકાને સ્પષ્ટ કરતા જે શબ્દો કહ્યા તે જીવનચરિત્રના પાના નં. ૨૭૫–૭૬માં નીચે મુજબ છે. જેમાં હેડગેવારે કહ્યું છે કે:

"જેલમાં જવું આજે દેશભકિતનું લક્ષણ બની ગયું છે, પણ જે મનુષ્ય બે વર્ષ માટે જેલમાં રહેવા તૈયાર છે એમને કદાચ બે વર્ષ માટે ઘર બહાર રહેવાની રજા લઈને સ્વાતંત્ર્યોન્મુખ સંગઠનનું કામ કરવાનું કહેવામાં આવે તો કોઈ તૈયાર થતા નથી. એવું કેમ બને છે? એવું લાગે છે કે લોકો આ વાત સમજવા તૈયાર નથી કે દેશની સ્વતંત્રતા બાર–છ મહીના કામ કરવાથી નહીં, પરંતુ વર્ષો સુધી સંગઠન કરવાથી જ મળશે. આવી મોસમી દેશભકિત છોડયા વિના તથા એથીય અધિક દેશની સ્વતંત્રતા માટે સંગઠનનું કાર્ય કરીને જ જીવવાનો નિશ્ચય કર્યા વિના દેશનું ભાગ્ય પલટાશે નહી. આ વૃત્તિ યુવાનોમાં સચેત કરવી તથા એમનું સંગઠન કરવું એ જ સંઘનો ધ્યેય છે."

૨૧ જુલાઈ ૧૯૩૦ના રોજ યવતમાળના જંગલ સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ડો.હેડગેવારની ધરપકડ કરીને તેમને અકોલાની જેલમાં મોકલી દેવાયા. અકોલા જેલમાં રહીને બ્રાહ્મણ સત્યાગ્રહીઓને સંઘના સંગઠનમાં જોડવાની પ્રવૃત્તિ આરંભી. જીવનચરિત્રના પાના નં. ૩૦૦માં લેખકે લખ્યું છે કે:

અકોલા જેલમાં હવે સંઘના વિચારોનું એક પ્રભાવી જુથ બન્યું હતું. જેલમાંથી છૂટયા પછી કેવી રીતે કામ કરવું એ સંદર્ભમાં ચર્ચા

આરંભાઈ હતી. કારાગૃહમાંથી મુકત થઈને જનાર કાર્યકર્તાઓને ડો.ઠોસરના નેતૃત્વમાં બધા લોકો પ્રણામ કરતા અને આ પ્રકારે એમને વિદાય આપવામાં આવતી હતી. બુલઢાણા, અકોલા તથા યવતમાળ ના કાર્યકર્તા હેડગેવારને નિમંત્રણ આપવા ગયા કે જેલમાંથી છૂટયા પછી અમારે ત્યાં આવો. અમે સંઘ શરૂ કરીશું.

વિદર્ભમાં સંઘકાર્યનો પ્રચાર–પ્રસાર કરવા માટે હેડગેવાર નાગપુર છોડીને યવતમાળમાં સત્યાગ્રહ કર્યો હતો. આ દ્રષ્ટિથી એમણે કારાગૃહમાં વિદર્ભમાં અનેક લોકોને સંઘની વિચારસરણીની દિક્ષા આપી કાર્યના પ્રારંભ માટે તેમની હૈયાધારણા મેળવી હતી.

ઉપરની વિગતો જોતા સ્પષ્ટ થાય છે કે ડો.હેડગેવાર ઈ.સ. ૧૯૨૫થી ઈ.સ. ૧૯૪૦ સુધીના પોતાના સંઘકાર્યના ૧૫ વર્ષ દરમિયાન આઝાદીની ચળવળમાં વ્યકિતગત રીતે એકવાર જ જંગલ સત્યાગ્રહમાં ભાગ લીધો. સંઘને આઝાદીની ચળવળથી દૂર રાખ્યો અને મહારાષ્ટ્રના કેટલાય બ્રાહ્મણ યુવાનોને આઝાદીની ચળવળમાંથી અલિપ્ત રાખીને તેઓને સંઘના સંગઠનમાં જોડયા હતા. (પડકાર ન્યૂઝ: પેજ–૩, તા.૨૮/૧૨/૨૦૧૫, (Reg.GUJGUJ/2009/33741))

## હઝરત શૈખુલહિન્દ (ઉસ્તાદઃ દારૂલઉલૂમ દેવબંદ)

**પ્રથમ ઉસ્તાદઃ** મહમૂદ.

**પ્રથમ તાલીબે ઈલ્મઃ** મહમૂદ.

**કામઃ** મહમૂદ. (વખાણવા લાયક)

**જગ્યાઃ** મહમૂદ. (જેની તારીફ અને વખાણ કરવામાં આવ્યા હોય).

ઈ.સ.૧૮૭૩માં હઝરત શૈખુલહિન્દ આલિમ બન્યા. પછી ઈ.સ.૧૮૮૭માં ઉસ્તાદ બન્યા. અને ઈ.સ.૧૮૮૭માં સમરતુત્તરબિયત નામની અંજુમનની સ્થાપના કરી.

હઝરત મૌલાના હુસૈનઅહમદ મદની, હઝરત મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી, હઝરત મુફતી કિફાયતુલ્લાહ સા., મૌલાના અલ્લામા અનવરશાહ કશમીરી, મૌલાના અહમદઅલી લાહોરી, મૌલાના ઉઝૈર ગુલ સા., અલ્લામા શબ્બીર અહમદ ઉસ્માની, હઝરત મૌલાના અશરફઅલી થાનવી, હઝરતજી મૌલાના ઈલ્યાસ સા.(દઅવત વ તબ્લીગ) આ બધાએ જિહાદના બારામાં હઝરત

શૈખુલહિન્દ રહ.ના હાથ ઉપર બયઅત કરી હતી.

મૌલાના સૈયદ મુહમ્મદમિયાં સાહબ રહ. લખે છે કે હઝરત શૈખુલહિન્દ રહ., હઝરત મૌલાના મુહમ્મદકાસીમ સાહબ રહ.ના ખાસ શાગિર્દ (વિદ્યાર્થી) હતા અને આપના ભેદો(રાઝ)ના જાણકાર હતા. દારૂલઉલૂમ દેવબંદની સ્થાપના શા માટે કરવામાં આવી તેણે તેઓ સારી રીતે જાણતા હતા. એટલે જ આપનું પઢાવવાની સાથે આપે તાલીમ, તરબિયત, કેળવણી શિક્ષણના સાથે ભારતની આઝાદીના શૂરવીરો પણ તૈયાર કર્યા.

હઝરત શૈખુલહિન્દ રહ. એ એક ખાસ કામ એ કર્યુ કે જે લોકો મોડર્ન ઝમાનાનું શિક્ષણ લે છે એટલે કે આજના યુગનું એજયુકેશન લે છે એ લોકોની કેવી રીતે ઈસ્લામિક કેળવણી કરવામાં આવે તે લોકોના અંદર ઈસ્લામી અખ્લાક અને ઈસ્લામી અકીદા(માન્યતા), ઈસ્લામી શિક્ષણનું ઘડતર કરવામાં આવે તેની આપે ખાસ ફીકર ફરમાવી.

હઝરત શૈખુલહિન્દ રહ. એ તુર્કીમાં ખિલાફતને બચાવવા માટે દેશભરમાં ચંદો કરાવ્યો. દારૂલઉલૂમ દેવબંદમાં છુટ્ટી કરી અને તે ઝમાનાના અંદર લગભગ દોઢ લાખ રૂપિયા ચંદો મોકલ્યો જેને લઈને તુર્કીની ખિલાફતે ખુબ જ ખુશ થઈને તુર્કીમાં જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો જુબ્બો(કુર્તો) છે એને જે કપડામાં રાખવામાં આવે છે તે કપડું બરકતના તૌર પર દારૂલઉલૂમ દેવબંદને હદિયા તરીકે મોકલ્યું જે આજે પણ દારૂલઉલૂમ દેવબંદમાં જ છે.

વધુ વિગત માટે જુઓ અમારી કિતાબ "દેખી હુઈ દુનિયા ભાગ–૫".

જે સફરમાં આપની ધરપકડ થઈ રેશમી ખુતૂત સાઝિશ કેસ તે આપના ઉપર કરવામાં આવ્યો થઈ તેમાં શવ્વાલ–૧૩૩૩ હિજરી મુતાબિક, સપ્ટેમ્બર–૧૯૧૫માં આપ હઝરત શૈખુલહિન્દ રહ. હિજાઝ (આજના સાઉદી)માં તશરીફ લઈ ગયા.

## હઝરત શૈખુલહિન્દ રહ.ની ફીકરો બાબત ચોખવટ

(૧)શરૂ–શરૂમાં આપ અંગ્રેજો વિરૂદ્ધ સશસ્ત્ર બળવો અને જંગ લડવામાં માનતા હતા, તે માટે તેઓએ મહેનત પણ કરી પરંતુ માલટાથી આવવા પછી એવું લાગે છે કે લાંબા વિચાર વિમર્શ પછી આપ અદમે તશદ્દુદ એટલે કે અહિંસા વડે લડત ચાલુ રાખવાનું નક્કી

કર્યુ, એટલા માટે અસહકાર આંદોલનને આપે આગળ વધાર્યુ.

(૨)માલટાથી આવીને આપે એક વખત દેવબંદમાં ઈશાની નમાઝ પછી તકરીર(ભાષણ) કરતા ફરમાવ્યું કેઃ "હમને માલટા કી ઝિંદગી મેં દો સબક સીખે હૈં"

જેલના એકાંતમાં ધ્યાન કર્યુ કે દુનિયામાં મુસલમાન દીની અને દુન્યવી દરેક રીતે બરબાદ થઈ રહયા છે તેના બે કારણ છેઃ

(૧)કુર્આનને છોડવું.

(૨)આપસના મતભેદો અને આપસની લડાઈઓ.

એટલે હું એ નક્કી કરીને આવ્યો છું બાકી ઝિંદગી કુર્આને કરીમના શબ્દો, કુર્આનના માયના મતલબને આમ(પ્રચલિત) કરવામાં આવે, બાળકોને કુર્આનના શબ્દોની તાલીમ આપવા માટે દરેક વસ્તીમાં નાના મકતબ ખોલવામાં આવે, મોટા લોકોના માટે દર્સે કુર્આન માટે વસ્તીમાં તફસીરની મજલીસ કાયમ કરવામાં આવે અને કુર્આનના શિક્ષણ પર અમલ કરવા માટે તેઓને તૈયાર કરવામાં આવે અને મુસલમાનોની આપસની લડાઈને કોઈપણ રીતે સહન કરવામાં ન આવે એટલે કે સુલહ કરવાની કોશિશ કરવામાં આવે.

## હઝરત શૈખુલહિન્દ રહ.ના આજના શિક્ષણ બાબતે ખાસ નઝરીયાત(વિચારધારા)

આપ મેં સે જો હઝરાત તહકીક(રિસર્ચ) કરનેવાલે ઔર બાખબર (જાણકાર) હૈં વો જાનતે હોંગે કે મેરે અકાબિર(વડીલો)ને કિસી વકત ભી કિસી અજનબી ઝબાન(વિવિધ ભાષાઓ) કે શીખને યા દૂસરી કોમોં કે ઉલૂમો ફુનૂન(જ્ઞાન, શિક્ષણ) હાસિલ કરને પર કુફ્ર કા ફતવા નહીં દિયા, હાં! યે બેશક કહા ગયા અગર અંગ્રેજી તાલીમ કા આખરી અસર યહી હે જો ઉમૂમન (આમ તૌર પર) દેખા ગયા હે કે લોગ નસરાનિયત કે રંગ મેં રંગે જાએ યા મુલ્હીદાના ગુસ્તાખિયોં સે અપને મઝહબ વાલોં કા મઝાક ઉડાએ યા હુકૂમતે વકત કી પરસ્તીશ(પૂજા) કરને લગે તો ઐસી તાલીમ પાને સે એક મુસલમાન કે લિયે જાહીલ રેહના હી અચ્છા હે. અબ આપ હી ઈન્સાફ કીજિયે કે યે તાલીમ સે રોકના થા યા ઉસકે બુરે અસર સે રોકના હે.

(૧)આજના યુગના શિક્ષણ બાબતે ચોખવટઃ આજના યુગનું શિક્ષણ મુસલમાનોના હાથમાં હોય અને બીજાઓના દરેક પ્રકારના

અસર અને દખલગીરીથી આઝાદ હોય.

(૨)અકાઈદ અને વિચારધારા પણ ઈસ્લામી અને મુસ્લિમ હોય.

(૩)અખ્લાક(સંસ્કાર) અને આમાલ કામો પણ ઈસ્લામી હોય.

(૪)પહેરવેશ, શારીરિક દેખાવ એ બધું પણ ઈસ્લામિક હોય એ રીતે કરવામાં આવે.

## હઝરત શૈખુલહિન્દ રહ. વિશે સોનેરી વાક્યો

(૧)હઝરત શૈખુલહિન્દ રહ. જેમ એક મઝહબી ધાર્મિક લીડર હતા તેમ દેશની આઝાદી માટે પણ રેહનુમા અને લીડર હતા.

(૨)અખંડ ભારતના બે મોટા ઈસ્લામી શિક્ષણકેન્દ્રોની આપ રૂહ (આત્મા) હતા. (૧)દારૂલઉલૂમ દેવબંદ (૨)જામિયા મિલિયા અને અલીગઢ.

(૩)દેવબંદનો એટલે કે શૈખુલહિન્દ રહ.નો ખુબ જ મોટો ઉપકાર અને એહસાન છે અલીગઢના ઉપર,જામિયા મિલિયા પર કે દેવબંદના શૈખુલહદીષે એની સ્થાપના અને એને આગળ ધપાવવામાં જોરદાર હિમાયત અને મદદ કરી.

(૪)પોતાના સમયની જગતભરની સુપરપાવર મહાસત્તા બ્રિટીશની સામે ઝિંદગીની છેલ્લી ઘડી સુધી આપ સતત જંગ અને યુદ્ધમાં પિરોવાયેલા રહયા.

(૫)પોતાની ફીકર અને પોતાની વિચારધારાને સામે લાવવા માટે ફતવો પણ આપ્યો, પોતાના ભાષણો વડે સપોર્ટ(ટેકો) પણ કર્યો અને પ્રેક્ટિકલી તૌર પર એટલે કે અમલી રીતે પણ મેદાનમાં રહયા.

(૬)રેશમી રૂમાલ ચળવળ અંગ્રેજોથી છુટકારો પામવા માટે આપે કાયમ કરી તો જામિયા મિલિયા દિલ્હીમાં સ્થાપીને જહાલતથી છુટકારો મેળવવા માટે એની સ્થાપના કરી.

(૭)કપિલ સિબ્બલ સાહેબના આ શબ્દો પણ હતા કે અલ્લાહ તઆલાનું શુક્ર છે કે જેણે આ દેશના અંદર આવા ઈન્સાન શૈખુલહિન્દ રહ. જેવા પૈદા કર્યા.

(૮)હઝરત શૈખુલહિન્દ રહ.ના નામ પર પોસ્ટ ટિકીટ બહાર પાડવું તેઓની કુરબાનીઓના માટે એક નાનકડો ઈન્સાફ છે.

(૯)સમગ્ર જગતના મુસ્લિમોની સેવા માટે માનવતાની સેવા માટે

અને દેશની આઝાદી માટે અવું લાગે છે કે અલ્લાહ તઆલાએ તેઓને કબૂલ કરી લીધા હતા.

(૧૦)સેકયુલર ડેમોક્રેસીના સ્થાપક આપણે હઝરત શૈખુલહિન્દને કહી શકીએ.

ગરદીશે દૌરાં કી સંગીની સે ટકરાતા રહા,
માલટા મેં નગ્મએ મહરો વફા ગાતા રહા.

## સ્વતંત્રતા સંગ્રામમાં વિસરાયેલા નાયકો(હીરાઓ)

ભારતમાં મુસ્લિમોના ઈતિહાસ પર અનેક પુસ્તકો લખનારા અગ્રણી સૈયદ ઉબૈદુર્રહમાન સાહેબે સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાનનો વ્યાપક અહેવાલ આપ્યો, તેમણે ૧૮૧૯ના ફરાઝી ચળવળને પ્રથમ સ્વતંત્રતા ચળવળ તરીકે પ્રકાશિત કરી જે ૧૮૫૭ના વ્યાપકપણે સ્વીકૃત બળવાનું પુર્વાનુમાન કરે છે. તેમણે કહ્યું કે, "૧૮૧૯માં હાજી શરિયતુલ્લાહ દ્વારા શરૂ કરાયેલ ફરાઝી ચળવળ માત્ર એક ધાર્મિક સુધારણા ચળવળ ન હતી પરંતુ બ્રિટિશ વસાહતીઓ દ્વારા આશ્રય આપતા દમનકારી જમીનદારો સામેનો બળવો હતો." તેમણે કહ્યું કે છેલ્લા ૫૦ થી ૬૦ વર્ષ સુધી ચાલેલી ચળવળે નોંધપાત્ર બલિદાન અને અસર છોડી હતી. સૈયદ ઉબેદે ૧૮૫૭ના વિદ્રોહમાં છેલ્લા મુગલ સમ્રાટ બહાદુરશાહ ઝફરની ભૂમિકા પર પણ પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું "ઝફર પાસે ગુમાવવાનું કંઈ નહોતું, કારણ કે મુગલ શાસન સત્તા સંભાળતા પહેલા જ સૌથી ખરાબ સ્તરે બગડયું હતું. પરંતુ સ્વતંત્રતા ખાતર તેમણે બ્રિટિશ રાજ સામે બળવો કર્યો, તેમણે પોતાના વૈભવી જીવન અને શકિતને પાછળ રાખી હતી. લેખકે ઈમામ બખ્શ સાહબાઈ, મુફતી સદરૂદ્દીન ખાન અઝૂરદા, મૌલાના આઝાદ સુભાની અને મૌલાના અબ્દુલ્લાહ શાહ સહિત મહત્વની કુરબાનીઓ આપનારા અસંખ્ય અગ્રણી સ્વતંત્રતા સેનાનીઓની યાદી આપી હતી. તેમણે મૌલાના અબ્દુલ્લાહ શાહ અને અઝીમુલ્લાહ ખાન સહિત અનેક નાયકો ઉપરાંત ઈમામ બખ્શ સાહબાઈ, મૌલાના જાફર થાનેસ્રી અને મૌલાના લિયાકત અલી જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનની યાદ અપાવી હતી. તેમણે દેવબંદી વિદ્વાન શૈખુલહિન્દ મૌલાના મહમૂદુલ હસનના નેતૃત્વમાં

રેશમી રૂમાલ ચળવળની મુખ્ય ભૂમિકા પર પણ પ્રકાશ પાડયો હતો. આ ક્રાંતિકારી ચળવળ બ્રિટિશ શાસન માટે નોંધપાત્ર ખતરા તરીકે બ્રિટિશ રોલેટ કમિટી દ્વારા ઉસ્માન ખિલાફત નોંધવામાં આવી હતી, બ્રિટિશ ભારતને અસ્થિર કરવાની તેની શોધમાં ઓટ્ટોમન સામ્રાજય, જર્મની, રશિયા અને અફઘાનિસ્તાન તરફથી નોંધપાત્ર સમર્થન મેળવ્યું હતું. મૌલાના હસને બ્રિટિશ સરકાર સામે લશ્કરી મદદ મેળવવા માટે મક્કાની યાત્રા પણ કરી હતી જો કે પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નિકળવાથી તેમની યોજનાઓનો પર્દાફાશ થયો હતો જેના પરિણામે ક્રાંતિકારીઓને જેલમાં કેદ કરાયા જેઓ પછીથી ખરાબ સ્વાસ્થ્યને કારણે માલટા જેલમાંથી મુકત થયા હતા. તેમણે તુરાંગઝાઈના હાજી સાહેબ જેમણે ૧૮૯૭ના સરહદી બળવા દરમિયાન બહાદુરીપૂર્વક બ્રિટિશ દળો સામે લડયા.

ઈ.સ.૧૯૧૫માં અફઘાનિસ્તાનમાં ભારતની પ્રથમ કામચલાઉ સરકારના વડાપ્રધાન તરીકે ફરજ બજાવતા મૌલાના બરકતુલ્લાહ ભોપાલી જેવી મહત્વની વ્યક્તિઓને પણ યાદ કરી. તેમણે મુ હમ્મદ ઈકબાલ શેદાઈ પર વધુ પ્રકાશ પાડયો જેમણે ૧૯૪૧માં રોમમાં દેશનિકાલમાં આઝાદ હિન્દ સરકારની સ્થાપના કરી અને ૧૮૫૭ના બળવા પછી અંગ્રેજો દ્વારા તેમના પરિવારના સભ્યો સાથે ફાંસી આપવામાં આવેલ વિદ્વાન અને કવિ ઈમામ બખ્શ સાહબાઈનું દુ:ખદ મોત અંગે જણાવ્યું હતું. સૈયદ ઉબૈદે સ્વાતંત્ર્ય સંગ્રામના આ વિસરાયેલા નાયકો વિશે દસ્તાવેજીકરણ અને જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો જેનાથી ઘણા લોકો અજાણ છે. (ગુજરાત ટુડેઃ ૧૫/૦૮/૨૦૨૪)


India Postage Stamp

## આઝાદીની લડતમાં મુસ્લિમોના યોગદાન વિશે જાણો

**સ.૧:** અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવા માટે ઈ.સ.૧૯૧૫માં કાબુલ ખાતે આરઝી હુકૂમત બનાવવામાં આવી, ત્યારે વડાપ્રધાન તરીકે કોને નિયુકત કરવામાં આવ્યા?

**જ.૧:** બ્રિટનના વિરોધી દેશો જર્મની, રશિયા, જાપાન, તુર્કી અને અફઘાનિસ્તાનની મદદથી ઈ.સ.૧૯૧૫માં પ્રથમ કામચલાઉ સરકાર બનાવવામાં આવી, ત્યારે રાષ્ટ્રપતિ તરીકે રાજા મહેન્દ્ર પ્રતાપ (ઈ.સ.૧૮૮૬–૧૯૭૯) અને વડાપ્રધાન તરીકે મૌલાના બરકતુલ્લાહ ભોપાલી (ઈ.સ.૧૮૫૪–૧૯૨૭) ને નિયુકત કરવામાં આવ્યા. કોમી એકતાના પ્રખર હિમાયતી અને પ્રથમ હરોળના આઝાદીના લડવૈયા મૌલાના બરકતુલ્લાહ ભોપાલી વિવિધ બ્રિટન વિરોધી દેશોની મદદથી ભારતમાંથી અંગ્રજોનું શાસન નાબૂદ કરવાની તરફેણમાં હતા. બ્રિટન અને જાપાન જેવા દેશોમાં શિક્ષણ આપનારા ઉચ્ચ અભ્યાસુ મૌલાના બરકતુલ્લાહ પોતાના સાથીઓ મૌલાના ઉબૈદુલ્લાહ સિંધી અને રાજા મહેન્દ્ર પ્રતાપ સાથે રહીને રશિયામાં લેનિન અને જર્મનીમાં હિટલર ઉપરાંત અફઘાનિસ્તાનના અમીર અમાનુલ્લાહ ખાનને મળ્યા અને ભારતની આઝાદી માટે મદદ કરવા અપીલ કરી. અમેરિકાના સાન્ફ્રાન્સિસ્કોમાં તેમણે લાલા હરદયાલ, રાસબિહારી બોઝ જેવા સભ્યો સાથે મળીને 'ગદર પાર્ટી' ની સ્થાપના કરી અને ભારતની આઝાદીનો શંખ ફુકયો. બ્રિટન શાસિત દેશોમાં તેમના પુસ્તકો પર પાબંદી મૂકવામાં આવી.ઈ.સ. ૧૯૧૫માં કાબુલમાં રહીને અંગ્રેજ સરકાર વિરૂધ્ધ કામચલાઉ સરકાર બનાવવામાં આવી ત્યારે વડાપ્રધાન તરીકે પ્રબુદ્ધ ક્રાંતિકારી નેતા મૌલાના બરકતુલ્લાહને નિયુકત કરવામાં આવ્યા.

મૌલાના ખૂબ અસરકારક પ્રવચન કરતા હતા. ઈ.સ. ૧૯૨૭માં જયારે બ્રુસેલ્સમાં સામ્રાજયવાદ વિરૂધ્ધ ૧૭૫ દેશોના પ્રતિનિધિઓનું આંતરરાષ્ટ્રીય અધિવેશન યોજાયું તો જવાહર નહેરૂની સાથે ભારતના પ્રવકતા તરીકે મૌલાના બરકતુલ્લાહે અંગ્રેજ સામ્રાજય વિરૂધ્ધ તેજાબી ભાષણ આપ્યું. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૨૭ના રોજ જર્મનીમાં આઝાદીના આ મહાન લડવૈયાનું અવસાન થયું. જવાહર લાલ નહેરૂએ પોતાના પુસ્તક 'An Autobiography' માં અને મહેન્દ્ર પ્રતાપે

તેમની આત્મકથા 'My Life Story of Fifty Five Years' માં મૌલાના બરકતુલ્લાહે દેશ કાજે આપેલા બલિદાનનો વિશેષ ઉલ્લેખ કર્યો છે. મધ્યપ્રદેશ સરકારે ભોપાલ યુનિવર્સિટીનું નામ બદલીને ૧૯૮૮માં આઝાદીની લડતના આ પ્રણેતાની યાદને જીવંત કરવા બરકતુલ્લાહ યુનિવર્સિટી રાખ્યું છે. (સંદર્ભ:(૧) આબિદઅલી વજદી: મૌલાના બરકતુલ્લાહ ભોપાલી (૨) Dictionary of National Biograph Vol-1)

**સ.૨:** ભારત દેશ આઝાદ થયો ત્યારે કયા પ્રસિદ્ધ પત્રકાર ભાગલાના વિરોધમાં પાકિસ્તાન છોડીને ભારતમાં આવી ગયા હતા?

**જ.૨:** આઝાદીની પ્રભાત બાદ તરત જયારે આખા દેશમાં અરાજકતા અને હિંસા વ્યાપેલી હતી, ત્યારે ભાગલાના વિરોધ કરવા માટે લાહોરથી હિજરત કરીને દિલ્હી આગમન કરનાર પત્રકાર મૌલાના મુહમ્મદ ઉસ્માન ફારકલીત (ઈ.સ.૧૮૯૭–૧૯૭૪) હતા. આઝાદી પછી તેઓ જમીઅતે ઉલમાના મુખપત્ર 'અલ–જમીઅત' દૈનિકના ૨૫ વર્ષ સુધી તંત્રી રહયા. હાલમાં જ દિલ્હીના યુવાન પત્રકાર સુહૈલ અંજુમે મૌલાનાના જીવનવૃતાંત અને તેમની સેવાઓ પર આધારિત ઉર્દુ પુસ્તક 'મૌલાના મુહમ્મદ ઉસ્માન ફારકલીત હયાત વ ખિદમાત' લખીને મૌલાનાની યાદને જીવંત કરી છે. તેવી જ રીતે તેમણે 'મુન્તખબ ઈદારીયે' શીર્ષક હેઠળ મૌલાના ફારકલીતના કેટલાક ચુનંદા તંત્રી લેખો સંકલિત કરીને પ્રસિદ્ધ કર્યા છે.

**સ.3:** ચંપારણ સત્યાગ્રહ વખતે અંગ્રેજ અફસરે ગાંધીજીની હત્યાની યોજના બનાવી, ત્યારે કોણે ગાંધીજીને ચેતવી દીધા હતા?

**જ.3:** ચંપારણ સત્યાગ્રહ વખતે અંગ્રેજ અફસર ઈરવીને ગાંધીજીની હત્યાની યોજના ઘડી હતી. તેણે ગાંધીજીને ભોજન માટે આમંત્રિત કર્યા દૂધમાં ઝેર ભેળવીને પોતાના રસોઈયા બતકમીયાં અન્સારી (ઈ.સ.૧૮૬૭–૧૯૫૭)ને ભોજન પછી આ દૂધ મહાત્માને આપવા કહયું. બતકમિયાંએ આપવાના સમયે ઈરવીનની સામે જ ગાંધીજીને ચેતવીને તેમનો જીવ બચાવ્યો. ઈરવીને તેમણે નોકરીમાંથી કાઢી મૂકીને કડક સજા કરી. બાદમાં તેમની જમીન ખાલસા કરી લીધી. ડો.રાજેન્દ્ર પ્રસાદ આ ઘટનાના નજરે જોનાર સાક્ષી હતા. આથી તેઓ રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમણે આ ઘટનાને યાદ કરીને ચંપારણમાં એક જાહેર સભામાં બરકતમિયાંનું સન્માન

કર્યુ અને ખાલસા કરેલી જમીન માટે આપેલા બલિદાન બદલ તેમના કુટુંબને ૫૦ એકર જમીન આપવા જિલ્લા મેજિસ્ટ્રેટને આદેશ કર્યો. પરંતુ છેક ઈ.સ. ૧૯૯૦ સુધી આ જમીન ફાળવવામાં ન આવતા રાજય લઘુમતિ આયોગે હસ્તક્ષેપ કર્યો. પરિણામે વિધાન પરિષદ સામે મામલો રજૂ થતાં બરકતમિયાં અન્સારીના ગામમા તેમનું સ્મારક અને સંગ્રહાલય બનાવવામાં આવ્યું. (સંદર્ભ:(૧) Syed Naseer Ahmed The Immortals p.172)

**સ.૪:** આઝાદીની લડતના વીર એવા ભગતસિંહનો કેસ લડવામાં કયા પ્રસિદ્ધ મુસ્લિમ વકીલે વિશેષ ભૂમિકા નિભાવી હતી?

**જ.૪:** અંગ્રેજ સરકારે ઓકટોબર, ૧૯૩૦માં વીર ભગતસિંહને ફાંસીની સજા સંભળાવી. આ ચુકાદા વિરૂઘ્ધ લાહોર હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો. પ્રસિદ્ધ મુસ્લિમ વકીલ આસીફઅલી (૧૮૮૮–૧૯૫૩) ભગતસિંહના ડિફેન્સ કાઉન્સિલ તરીકે આ કેસ લડયા હતા.

આસીફઅલીએ આઝાદીની લડતમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. 'હિન્દ છોડો'ની લડત દરમિયાન અહમદનગરની જેલમાં તેમને જવાહરલાલ નેહરૂની સાથે કેદ કરવામાં આવ્યા હતા. ઈ.સ.૧૯૫૩થી ૨૦ વર્ષ સુધી તેઓ દિલ્હી કોર્પોરેશનના સભ્ય રહયા. ૧૯૪૬ની અંતરિમ સરકારમાં તેમને રેલ્વે મંત્રી બનાવવામાં આવ્યા. આઝાદી પછી તેઓ અમેરિકામાં ભારતના પ્રથમ એમ્બેસેડર તરીકે અને ત્યારબાદ ઈ.સ.૧૯૪૮થી ૧૯૫૨ સુધી ઓરિસ્સાના ગવર્નર તરીકે રહયા.ઈ.સ. ૧૯૫૨માં તેમને સ્વિટઝરલેન્ડમાં ભારતીય એમ્બેસેડર નિયુકત કરવામાં આવ્યા. અહીં બીજી એપ્રિલ, ૧૯૫૩ને શુક્રવારે તેમની વફાત થઈ. તેમને હઝરત નિઝામુદ્દીન ઔલિયાની દરગાહ નજીક આવેલા તેમના કૌટુંબિક કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા. (સદર્ભ:(૧) The Trial of Bhagat singh by A.G. Nooran (૨)તેહરીકે આઝાદી કે નુમાઈન્દા મુસ્લિમ મુજાહિદીન: ડો.મુખ્તાર અહમદ મક્કી)

**સ.૫:** આઝાદીની લડત દરમિયાન સૌથી મોટું નાણાંકીય દાન કોણે આપ્યું હતું?

**જ.૫:** નેતાજી સુભાષચંદ્ર બોઝે અંગ્રેજો વિરૂઘ્ધ લડત ચલાવવા માટે ઈ.સ.૧૯૪૨માં આઝાદ હિન્દ ફોજની રચના કરવાની જાહેરાત

કરી. તેમણે ઓગષ્ટ, ૧૯૪૨માં રંગૂનમાં બહાદૂરશાહ ઝફરના મઝાર પાસે ભારતીય વેપારીઓને ભેગા કરીને લડત માટે ફાળો આપવા અપીલ કરી, ત્યારે મૂળ ધોરાજીના અબ્દુલહબીબ યુસુફ મારફાનીએ ફોજ માટે એક કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. આઝાદીની લડતના જ્ઞાત ઈતિહાસમાં આ સૌથી મોટું નાણાંકીય દાન ગણાય છે.૧૯૯૭માં નેતાજીના જન્મની શતાબ્દી ઉજવવામાં આવી ત્યારે નવી દિલ્હીમાં કેન્દ્ર સરકાર દ્વારા અબ્દુલહબીબના પૌત્ર હબીબ મારફાનીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. (સંદર્ભઃ ગુજરાતના વહાણવટીઓ, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ લેખકઃ ડો.મકરન્દ મહેતા પાન ૨૦૬ Netaji, Azad Hind Fauj and After by Rajmal Kasl:Wal)

**સ.૬:** પોતાનું રાજય અંગ્રેજોએ ખાલસા કર્યા પછી છેક ઈંગ્લેન્ડની સંસદમાં જઈને કંપની સરકાર વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી કરીને કેસ જીતનાર એકમાત્ર ભારતીય રાજવી કોણ હતા?

**જ.૬:** છેક લંડનની સંસદમાં કંપની સરકાર વિરૂધ્ધ કેસ કરીને ૧૪ વર્ષના સંઘર્ષ પછી કેસ જીતીને પોતાનું રાજય પાછું મેળવનાર સુરતના નવાબ મીર જાફરઅલી ખાન હતા. સુરતના નવાબ અફઝલુદ્દીન ખાનને કોઈ દિકરો ન હતો. તેમની દિકરી બખ્તિયારની શાદી ગોંડલ પાસે આવેલા કમઢિયાના સુફી વિચારો ધરાવતા સૈયદ મીર સરફરાઝઅલીના પુત્ર જાફર સાથે થઈ હતી. ૧૮૨૯માં મુંબઈ ના ગવર્નર માલ્કમે બખ્તિયારને દત્તક લઈને મીર જાફરઅલી ખાનને ગાદીના વારસદાર તરીકે માન્યતા આપી. પરંતુ ૧૮૪૨માં નવાબ અફઝલુદ્દીનની વફાત બાદ અંગ્રેજ હુકૂમતે કરાર ભંગ કરીને મીર જાફરઅલીને ગાદીના વારસદાર તરીકે માન્યતા ન આપી અને તમામ મિલકતો ખાલસા કરી દીધી. જાફરઅલીએ લંડન જઈને ભારે સંઘર્ષ પછી કંપની સરકાર વિરૂધ્ધ સંસદમાં અપીલ દાખલ કરી. કંપનીએ વાર્ષિક ૧૫૦૦ પાઉન્ડનું પેન્શન વધારીને ૯૦૦૦૦ કરી આપવા પ્રસ્તાવ મૂકયો, પરંતુ તેઓએ ઈન્કાર કર્યો. અંતે સતત ૧૪ વર્ષની કાનૂની લડત બાદ બ્રિટિશ સંસદે ૨૧૩ વિરૂધ્ધ ૨૮ મતથી કાયદો પસાર કરીને કંપનીએ સંધિ મુજબ કરવા આદેશ જારી કર્યો. મીર જાફરઅલી ખાન ૧૮૫૬માં કેસ જીતીને ભારત પરત ફર્યા. (સંદર્ભઃ Surat, fall of port, raise of a prince by Moin Mir)

# હિંદુસ્તાન કી આઝાદી મેં મુસલમાનોં કા કિરદાર

ગુલામ અલી આઝાદ બેલગ્રામી (વફાતઃ૧૭૮૬)
(કિતાબઃ સબ્હતુલ મરજાન ફી આસારી હિન્દુસ્તાન)

ઈમામ ગઝાલી કી કિતાબ (બદઉલ ખલ્ક) ઔર અલ્લામા સુયૂતી કી કિતાબ (અદુર્રુલ મન્ષુર) કા હવાલા દેકર ઈસ બાત કા તઝકિરહ કરતે હેં કે હઝરત આદમ અલ. હિન્દુસ્તાન કી ઝમીન પર રહે, યહીં પર ઉન્હોંને ઝિંદગી ગુઝારી ઔર યહી સે ૪૦ મરતબા પૈદલ હજ ભી કિયા ઔર આગે ઐતિહાસિક ઔર તફસીરી કિતાબોં કા હવાલા દેકર લિખતે હેં કે એક મરતબા હઝરત આદમ અલ. એક મરતબા હજ મેં ગયે હુએ થે ઔર અચાનક તબિયત ખરાબ હો ગઈ ઔર ખયાલ આયા કે અબ મુજે વાપસ પ્યારે વતન હિન્દુસ્તાન મેં લૌટના હે.

બોમ્બે ગેઝેટીયર મેં અબુલ ફિદાઅ કે હવાલે સે લિખ્ખા ગયા કેહિન્દુસ્તાન કે બહોત સે ઈલાકો મેં જૈસા કે થાના, સોપારા કે અંદર ઈસ્લામ કી આમદ સે પેહલે અરબોં કી બસ્તીયાં મૌજૂદ થી.

કાઝી અતહર મુબારકપુરી રહ. (વફાતઃ ૧૯૯૬) (કિતાબઃ મુહમ્મદ સ.અ.વ. કે ઝમાને મેં હિન્દુસ્તાન, અરબોં કી હુકૂમતેં હિન્દુસ્તાનમેં, અરબો હિન્દ એહલે રિસાલત મેં, ખિલાફતે રાશિદા ઔર હિન્દુસ્તાન, ખિલાફતે અબ્બાસીયા ઔર હિન્દુસ્તાન વગૈરહ) ઈન તમામ કિતાબોં સે મિલતા હે કે ભારત કો આઝાદ કરાને મેં મુસલમાનોં કા અહમ કિરદાર રહા હે.

કેરલ કે કોડન ગલ્લૂર મેં એક મસ્જીદ હે જિસકા નામ ચેરામન મલિક મસ્જીદ હે યે સન ઈસ્વી ૬૨૯ મેં બનાઈ ગઈ ઔર આપ સ.અ.વ. ઈસ દુનિયા સે તશરીફ લે ગએ ૬૩૨ મેં, મતલબ કે આપ સ.અ.વ. કે ઝમાને મેં બની હુઈ મસ્જીદ હે.

ઈસસે પતા ચલતા હે કે ઈસ્લામ બહોત હી પુરાના મઝહબ હે ઔર હિન્દુસ્તાન મેં મુસલમાન પેહલે હી સે થે.

પંડીત સુંદરલાલ (કિતાબઃ ભારત મેં અંગ્રેજી રાજ) યે પુસ્તક પંડીત સુંદરલાલ ને લિખ્ખી ઔર અંગ્રેજ ને ઉનકી ઈસ કિતાબ પર પાબંદી લગા દી થી, ઉનકી કિતાબ મેં ભી ચેરામન મલિક મસ્જીદ કા તઝકિરહ હે.

મલ્બાર કા રાજા ચેરામન પેરૂમલ થા ઉસકી રાજધાની કોડન ગલ્લૂર થી ઉસને ઈસ્લામ કબૂલ કિયા ઔર ઉસને અપના નામ અ.રહમાન રખ્ખા, ફીર બાદ મેં જબ અરબ ગયે તો રાસ્તે મેં હી ઉનકા ઈન્તિકાલ હો ગયા, ઔર ઉનકે માનનેવાલોં ને ઉનકે પુરાને નામ ચેરામન મલિક કે નામ સે મસ્જીદ બનવાઈ, ૨૦૧૬ મેં હમારે દેશ કે વડાપ્રધાન ઈસ મસ્જીદ કા સોને સે બના હુવા છોટા સા મોડેલ લેકર સઉદી અરબ ગયે ઔર શાહ સલમાન કો દિયા થા.

તમીલનાડુ કા બંદરગાહ કિલાકરાઈ હે, ઉસમેં મસ્જીદ હે પાલૈયા પલ્લી જુમ્આ મસ્જીદ, ઈસકે બારે મેં આતા હે કે યે ૬૩૦ મેં બની યાની યે ભી આપ સ.અ.વ. કે ઝમાને મેં હિન્દુસ્તાન મેં બની.

તમીલનાડુ સ્ટેટ ડિપાર્ટમેન્ટ મ્યૂઝિયમ કે ૩૦ સાલ તક ઓફીસર રેહને વાલે રાજા મહમૂદ હે, ઉનકી કિતાબ હે (આર્કી ટેકચર ઈન તમીલનાડુ), ઈસ કિતાબ મેં પાલૈયા પલ્લી જુમ્આ મસ્જીદ કી પૂરી તારીખ મિલતી હે.

પંડીત સુંદરલાલ કા કેહના હે કે દક્ષિણ ભારત મેં ૧૧ મસ્જીદેં હેં જો મુહમ્મદ સ.અ.વ. કે ઝમાને મેં બની હુઈ હે.

ગુજરાત મેં ભાવનગર કે પાસ ઘોઘા બંદરગાહ મેં એક બહોત પુરાની મસ્જીદ ભી મિલતી હે. (મસ્જીદ કા નામઃ બારવાડા મસ્જીદ), ઈસ મસ્જીદ કી તારીખ તો નહીં મિલતી લેકિન ઈતની પુરાની હે કે ઉસકા કિબ્લા બય્તુલ મુકદ્દસ કી તરફ હે.

હઝરત મૌલાના સૈયદ હુસૈન અહમદ મદની રહ. કે બારે મેં ડી.આર. ગોયલ ને એક કિતાબ લિખ્ખી હે (કિતાબઃ હુસૈન અહમદ મદની અ બાયોગ્રાફી) મેં પેજઃ૨૪૨ પર લિખ્ખા હે કે એક મરતબા દારૂલ ઉલૂમ દેવબંદ મેં રેલ્વે મિનીસ્ટર ઔર મહાવીર ત્યાગી ઔર યુ.પી. કે સી.એમ. ગોવિંદ વલ્લભ પંથ આયે, હઝરત કી મજલીસ મેં નીચે બેઠકર બાતેં સુની, યે હમારી તારીખ રહી હે કોમી એકતા કી. લોગ એક દૂસરે કા માન સન્માન કરતે થે.

જેમ્સ મીલ ને બહોત સારી ગલત બાતેં ફેલાઈ હે. ઔર ઉસીને તારીખ કો ૩ હિસ્સો મેં તકસીમ કિયા. હાલાં કે વો કભી હિન્દુસ્તાન આયા નહીં ઔર હિન્દુસ્તાન કી ઝબાન ભી નહીં જાનતા થા ઉસી ને લિખ્ખા, જેમ્સ મીલ ને તારીખી કિતાબ મેં હિન્દુસ્તાન કે ઈતિહાસ

કો ૩ હિસ્સો મેં તકસીમ કિયા. (૧. હિન્દુ એજ, ૨. મુસ્લીમ એજ, ૩. બ્રિટીશ એજ). ઈસ તરહ હિન્દુસ્તાન કી તારીખ કો બાંટને કી પોલિસી કી શરૂઆત કી.

શિવાજી ઔર ઓરંગઝૈબ કે બીચ મેં મઝહબી ઈખ્તિલાફ બિલ્કુલ નહીં થા. સિયાસી એતબાર સે થા.

ઉનકા જો કામ વો એહલે સિયાસત જાને
મેરા પૈગામ મોહબ્બત હે જહાં તક પહોંચે

ઝમાને કો શાયદ બતાના પડેગા ... યે અંદાઝ અપના દિખાના પડેગા
જો તારીકીયોં કો મિટા દે જહાં સે ... દિયા કોઈ ઐસા જલાના પડેગા

જંગે આઝાદી મેં મુસલમાનોં કા કિરદાર રહા હૈં ઉસકે બારે મેં સહીહ તારીખ કો ઢૂંઢ કર કે લોગો કે સામને પેશ કરને કી જરૂરત હે.

ભારત કી ઝિયાદહતર મુસ્લીમ આબાદી તકસીમ કી મુખાલિફ થી.

જબ તકસીમ હુવા તો તબ જુનાગઢ કે બારે મેં આતા હે કે ઉસકો પાકિસ્તાન કે સાથ જોડ દિયા જાએ, ઈસ બારે મેં વહાં કે મુસલમાનોં ને ઉસકા વિરોધ કિયા તો વોટીંગ કરવાઈ ગઈ, જિસમેં લગભગ દો લાખ વોટર મેં સે સિર્ફ ૩૧ વોટ પાકિસ્તાન કે ફેવર મેં આયે.

મુસ્લીમ આબાદી રખનેવાલા માંગરોલ મેં જબ વોટીંગ કી ગઈ તો ૧૨૯૯૭ વોટર મેં સે સિર્ફ ૮ વોટ પાકિસ્તાન કી ફેવર મેં આયે.

ઈસ બાત સે પતા ચલતા હે કે મુસલમાન તકસીમ કે બિલકુલ મુખાલિફ થે.

દીલ્હી કે પ્રોફેસર હે જિનકા નામ હે શમ્સુલ ઈસ્લામ (કિતાબઃ તકસીમ કે મુખાલિફ મુસલમાન) ઈસ કિતાબ કો ભી પઢની ચાહિએ.

ભગતસિંહ કા કેસ લડનેવાલા મુસલમાન આસફઅલી થા.

અંગ્રેજ શાસન મેં ભગતસિંહ કો ગિરફતાર કીયા ગયા ઔર ભગતસિંહ કો ફાંસી કી સજા દેને કે લિયે ૩ જજો કી બેઠક હુઈ જિસમેં એક મુસલમાન આગા હૈદર નામી જજ થા ઉસને સહી નહીં કી. ઔર આખિરકાર ઉનકો ઈસરાર કરને પર રાજીનામા દે દિયા.

મૌલાના ફઝલેહક ખૈરાબાદી ૧૮૫૭ કી લડાઈ મેં આગે આગે થે. ઔર અંગ્રેજો કે ખિલાફ ફતવા દિયા થા.

હઝરત કા મઝાર આજ ભી મૌજૂદ હે ઔર વહાં સિર્ફ મુસલમાન

હી નહીં બલ્કે હમારે હિન્દુ ભાઈ ભી જાતે હેં.

જિનસેથીદીલકીબસ્તીયાંઆબાદ     અબ કહાં હે વો હસ્તીયાં આબાદ

અશોક કુમાર પાંડે કી કિતાબ હે (ઉસને ગાંધી કો ક્યૂં મારા)

એચ.એમ. સિરવાઈ કી કિતાબ (પાર્ટીશન ઓફ ઈન્ડીયા)

ગાંધીજી કો મહાત્મા કિસને બનાયા? હમારે મુસ્લીમોને હી બનાયા.

ભારત કો આઝાદી દિલાને કે લિયે ઔર ભારત કો આગે બઢાને કે લિયે મુસલમાનો કા બડા કિરદાર રહા હે.

ગાંધીજી કી આપબીતી હે જિસકા નામ હે (સત્યના પ્રયોગો) ઉસમેં ભી મુસલમાનોં કે સેંકડો નામ મિલતે હેં કે ગાંધીજી કો મુસલમાનોં કા કિતના ઝિયાદહ તઆવુન મિલા હે.

ગાંધીજી કા કેહના હે કે હિન્દુસ્તાન મેં અગર કિસીને મેરી પેહચાન કરવાઈ હો તો વો મૌલાના મુહમ્મદ અલી જોહર હે.

ઈસ્લામ ઔર ભારત દેશ કી તારીખી બાતોં કો હમારી નસ્લોં મેં ઝિંદા રખને કે લિયે હમારે યહાં સહીહ ઈતિહાસ ઔર તારીખ કા શોઅબા (વિભાગ) ખોલના ચાહિએ.

## હિન્દુસ્તાનીઓની ઇમાની તાકાત

આમાં કોઇ શંકા નથી કે હિન્દુસ્તાનની આઝાદીમાં મુસલમાનોએ પોતાના લોહી વહાવ્યા છે, જાન આપી છે, ફાંસીના માંચડે ચડયા છે; ત્યારે જઈને આ હિન્દુસ્તાન આઝાદ થયું છે. પરંતુ આજે આ કોમવાદીઓ (ફિરકાપરસ્ત) મુસલમાનોની કુરબાનીઓની કોઈ કદર નથી કરી રહ્યા અને તેમને ઇતિહાસના પાનાઓ પરથી ભૂંસી નાખવા માંગે છે. ટૂંકમાં, જો ઈમાનની મજબૂતી ન હોત તો આ દેશ આઝાદ ન થયો હોત. તે સમયે લોકોને ખ્રિસ્તી ધર્મ અપનાવવાની દાવત આપવામાં આવતી હતી કે જો ખ્રિસ્તી બની જશો તો જીવ બચી જશે; પણ કોઇએ ઇસ્લામ છોડ્યો નહીં.

આઝાદીની લડતના અગ્રણી મુજાહિદ શૈખુલ હિન્દ હઝરત મૌલાના મહમૂદ હસન દેવબંદી (રહ.) પોતાના શાાગિર્દ હઝરત મૌલાના આશિક ઈલાહી મેરઠી (રહ.)ને કહી રહ્યા હતા કે આપણે હિન્દુસ્તાનીઓનું ઈમાન એટલું મજબૂત હતું કે ફાંસીના સમયે પણ કોઇ ડરતું નહોતું.

એમના શબ્દોમાં જોઈએ:

ફાંસીનો માંચડો તૈયાર હતો અને તે નિર્દોષ મઝલૂમોની કતાર લાગેલી હતી જેમને ફાંસીનો હુકમ આપવામાં આવી ચૂકયો હતો. તે લોકો પોતાની આંખોથી જોઇ રહ્યા હતા કે એક લાશને નીચે ઉતારવામાં આવી રહી છે અને બીજા જીવતા માણસને ઉપર ચડાવવામાં આવી રહ્યો છે. આ રીતે મોત તેમની નજર સામે હતું અને તેમને પૂરેપૂરો વિશ્વાસ હતો કે થોડી જ મિનિટો પછી મારી ગણતરી પણ મૃતકોમાં થવાની છે; તેમ છતાં, કોઇ બાળકે પણ મોતથી ડરીને ઇસ્લામથી વિમુખ થવા અથવા ધર્મ પરિવર્તન કરવાનો વિચાર પણ કર્યો હોય એવું કોઈ કહી શકે એમ ન હતું. ઇલ્મ વધારે ન હતું, અમાલ પણ મજબૂત હશે પણ તેમનું ઈમાન એટલું પાકું હતું કે મરવાનું કબૂલ હતું; પરંતુ મઝહબ પર આંચ આવવી કબૂલ નહોતી. (તઝકિરાતુલ ખલીલ)

* * *

# દેશનું બંધારણ ઘડનાર ભારતની બંધારણ સભાના એકમાત્ર મહિલા મુસ્લિમ સભ્યઃ નારી રત્ન બેગમ કુદસિયા

બેગમ કુદસિયા એજાઝ રસૂલ (૨ એપ્રિલ ૧૯૦૯ - ૧ ઑગસ્ટ ૨૦01) ભારતના બંધારણનું મસૌદું તૈયાર કરનાર ભારતની બંધારણસભાની એકમાત્ર મુસ્લિમ મહિલા સભ્ય હતા.

પરિવારઃ

બેગમ રસૂલનો જન્મ ૨ એપ્રિલ ૧૯૦૯ના રોજ કુદસિયા બેગમ તરીકે થયો હતો. તેઓ સર ઝુલ્ફિકાર અલી ખાન અને તેમની પતી મહમૂદા સુલ્તાનાની પુત્રી હતા. તેમના પિતા સર ઝુલ્ફિકાર પંજાબના માલેરકોટલા રજવાડી રાજ્યના શાસક પરિવારની એક અનુશાખા સાથે સંબંધિત હતા. તેમની માતા મહમૂદા સુલ્તાના લોહારના નવાબ અલાઉદ્દીન અહમદ ખાનની પુત્રી હતા.

કુદસિયાના લગ્ન ૧૯૨૯માં નવાબ એજાઝ રસૂલ સાથે થયા હતા. નવાબ એજાઝ રસૂલ તે સમયના ઔધ (હાલ ઉત્તર પ્રદેશનો ભાગ)ના હાર્ડોઈ જિલ્લાના સાંડીલા વિસ્તારમાં તલુકદાર (જમીનદાર) હતા. આ લગ્ન સર મેલ્કમ હેલી દ્વારા ગોઠવવામાં આવ્યા હતા અને દાંપત્ય જીવન સંપૂર્ણપણે સુખદ અને સુમેળભર્યું રહ્યું. લગ્નના બે વર્ષ બાદ, ૧૯૩૧માં, તેમના પિતાનું અવસાન થયું. તેના થોડા સમય પછી તેમના સાસરી પક્ષે આવીને તેમને સાંડીલા લઈ ગયા, જે સ્થળ આગળ જઈને તેમના જીવનનું કાયમી નિવાસસ્થાન બન્યું અને જ્યાં તેમના અવસાન બાદ તેમને અંતિમ નિવાસ મળ્યો.

સાંડીલામાં, કુદસિયાને તેમના પતિના નામ પરથી બેગમ એજાઝ રસૂલ તરીકે ઓળખવામાં આવવા લાગ્યા. આ જ નામે તેઓ તમામ જાહેર દસ્તાવેજો અને ઐતિહાસિક નોંધોમાં જાણીતા રહ્યા.

* * *

## માંગરોળના દારુલ ઉલૂમ હસનિયાહમાં પ્રજાસત્તાક પર્વ ઊજવાયો દેશની આઝાદીમાં બલિદાન આપવામાં મુસ્લિમો મોખરે રહ્યાઃ મુફ્તી મહમુદ બારડોલી

ઓરંગઝેબ ન્યાયપ્રિય રાજા હતા, તેમણે દેશમાં મંદિરો, મઠ અને આશ્રમ માટે પોતાની જાગીરો વક્ફ કરી હતી

માંગરોળ, તા.૨૮ જિલ્લાના જૂનાગઢ માંગરોળ ખાતે મદ્રેસા દારૂલ ઉલુમ હસનિયાહમાં પ્રજાસત્તાક દિનની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના સંચાલક મૌલાના ઈકબાલ બેરાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. દારૂલ ઉલુમ તેમજ શહેરમાંથી અન્ય મદ્રેસાઓના તલબાઓએ પણ રાષ્ટ્રીય ગિત, દેશભક્તિની તકરીરો કરી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ તકે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત મુકતી મહેમુદ બારડોલીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી દેશની આઝાદીમા મુસ્લિમોની શસ્ત્ર લડાઈ વિર્શનો દિલધડક ઈતિહાસ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે હજારો લાખો લોકોના ખુનની નદીઓ વહેવડાવવા પછી આપણને આઝાદીની સવાર જોવા મળી હતી. આઝાદી પછી બંધારણની રચના કરવામાં આવી તેમા પણ મુસ્લિમોનું પ્રતિનિધિત્વ રહ્યું. આપણા એ બંધારણ થકી દરેક ધર્મના લોકોને પ્રગતિ કરવાના મુળભૂત હકો મળી શક્યા. દેશની આઝાદીમાં બલિદાન આપવામાં માટે મુસ્લિમો મોખરે રહ્યા. અંગ્રેજોની સામે શસ્ત્ર લડાઈની શરૂઆત મુસ્લિમોએ જ કરી હતી. ઈતિહાસના એ સોનેરી પન્નાઓને આજે ખતમ કરી દેવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં મુસ્લિમોએ દેશની આઝાદી માટે તેમનો ભવ્ય ઈતિહાસ જાણવો અત્યંત જરૂરી છે. ઓરંગઝેબ ન્યાયપ્રિય રાજા હતા ભારતમાં એમણે સેકડો મંદિરો, મઠ અને આશ્રમ માટે પોતાની જાગીરો વક્ક કરી દીધી હતી. ૧૭૯૯માં અંગ્રેજો સામે સુલતાન ટીપુ શહીદ થયા. જ્યાં સુધી સુલતાન ટીપૂ જીવીત હતા, ત્યાં સુધી અંગ્રેજોની હિમંત નહોતી કે તેઓ કહે આ દેશ અમારો છે. ૧૮૦૩ ઈસ્વીમા મૌલાના શાહ અબદુલઅઝીઝ દહેલવી સાહબે ફતવો

લખ્યો કે, આજથી ભારત અંગ્રેજોનો ગુલામ બની ચુક્યો છે. અને તેને આઝાદ કરાવવું દરેક મુસલમાનો માટે ફરજિયાત છે. એ પછી મુસ્લિમ ઉલ્માઓ એ એક પછી એક આઝાદીની અનેક ચળવળો ચાલવી. ૫ લાખ મુસલમાનોને શહીદ કરી દેવામાં આવ્યા, દિલ્હીથી મેરઠ સુધી દરેક ઝાડ પર મુસલમાનોને લટકાવીને ફાંસી આપવામાં આવી હતી, ૧૮૫૭થી ૧૯૪૭ સુધી જ્યારે આઝાદીની લડાઈ અંતિમ તબક્કામાં પહોંચી ત્યાં સુધી મૌલાના કાસિમ નાનોત્વી, મૌલાના રશીદએહમદ ગંગોહી, હાજી ઈમદાદુલ્લાહ મકકી, મૌલાના મહેમુદહુસૈન દેવબંદી, મૌલાના સૈયદ હુસૈન એહમદ મદની, મોલાના અબુલ કલામ આઝાદ, મૌલાના શોકત અલી જોહર અને જમિયત ઉલેમા-એ-હિંદ સહિત દરેક મુસ્લિમએ આઝાદી માટે સતત લડાઈ-લડીને મોટી કૂરબાની આપી હતી. આઝાદીનો સમય જ્યારે નજીક આવ્યો ત્યારે ભારતના ભાગલાની વાત આવી ત્યારે જ જમીયત ઉલેમા-એ-હિંદ, મૌલાના હુસૈન એહમદ મદની, મૌલાના અબુલકલામ આઝાદ છેલ્લી મિનિટ સુધી દેશના ભાગલાનો વિરોધ કર્યો હતો. આજની નવી પેઢીને હું આહ્વાન કરૂ છું કે આપણા આ સૌનેરી ઈતિહાસનું વાંચન કરો, મુફતી સોયબ ડાભેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામનું સંચાલન મૌલાના ઇબ્રાહિમ ઉદયાએ કર્યું હતું.

૪ ગુજરાત ટુડે મેઘધનુષ રવિવાર તા.૧૪-૮-૨૦૧૧

# હિન્દુસ્તાનની આઝાદી માટે મહત્ત્વની ભૂમિકા ભજવનાર મુસ્લિમોની ઝલક

સૈયદ મીર નિસારઅલી




યુસુફ મહેરઅલી




અબ્દુલમજીદ દરિયાબાદી




મગફુરઅહમદ અઝાઝી




અબ્દુલહાફિઝ મોહમ્મદ બરકતુલ્લાહ




મૌલાના મઝહરુલહક




હુસૈન અહમદ મદની




શાહનવાઝ ખાન




ઝાકિર હુસૈન




બહાદુરશાહ ઝફર




હકીમ અજમલખાન




અબાદીબાનો બેગમ




સર સૈયદ અહમદખાન





૪ ગુજરાત ટુડે મેઘધનુષ રવિવાર તા.૧૪-૮-૨૦૨૨

## હિન્દુસ્તાનની આઝાદી માટે મહત્ત્વની ભૂમિકા ભજવનાર મુસ્લિમોની ઝલક



| | |
|---|---|
| અસફઅલી | સૈફુદ્દીન કીચલુ |
| અરુણા આસફઅલી | ઈનાયતુલ્લાહ ખાન |
| મૌલાના શૌકતઅલી | અશફાક ઉલ્લાખાન |
| અબ્દુલ ગફ્ફારખાન | મૌલવી અલાઉદ્દીન |
| મોહમ્મદ અબ્દુરરહમાન | મૌલાના મોહમ્મદઅલી જોહર |
| અલ્લાહબખ્શ સુમરો | પીરઅલી |




ભારતના રાષ્ટ્રપતિશ્રીએ વિમોચન વેળા કહયું કે ભારતને ગર્વ છે કે આ સરઝમીન પર હઝરત શૈખુલહિન્દ જેવા માણસ પૈદા થયા, તે સમયના કેબિનેટ મિનિસ્ટર કપિલ સિબ્બલ સાહબે એવું કહયું કે હઝરત શૈખુલહિન્દ રહ. એ હિંદુ–મુસ્લિમ વિભાજનનું ન વિચાર્યુ પરંતુ દેશની પ્રગતિ થાય અને ભલું થાય તેવું વિચાર્યુ.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# આસપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાંની વાત...!

● મંગળવાર તા. ૨૦ નવેમ્બર, ૨૦૧૨

## ડાયરી

- સને ૧૮૫૨ની ૨૩મી એપ્રિલે સુરતના કલેક્ટર જેમી રોજર્સે સુરત સુધરાઇની સ્થાપના કરી હતી.
- તા.૩૧-૩-૧૯૭૬ના એક દિવસમાં ૨૯૨ માણસોની ધરપકડ કરી ગુજરાત સરકારે દાણચોરી સામે રાક્ષસી પગલું ભર્યું હતું.
- વડોદરા રાજ્યના મહારાણી સાહેબાએ 'શ્રી પદમાવતી દેવી સેનેટોરિયમ'નું તા.૧૭-૩-૧૯૪૩ના દિવસે વડોદરા ખાતે ઉદ્દઘાટન કર્યું હતું.
- સને ૧૯૭૪ના નવનિર્માણ આંદોલન દરમ્યાન પોલીસ ગોળીબારમાં શહીદ થયેલા નવસારીના યુવાનોની સ્મૃતિમાં કુંભારવાડ નજીક બનાવેલ શહીદ સ્મારક પરથી તે વિસ્તાર આજે પણ શહીદ ચોક તરીકે ઓળખાય છે.
- હિન્દને સંપૂર્ણ આઝાદી ન મળે ત્યાં સુધી કાળા વસ્ત્રો જ પહેરવાની પ્રતિજ્ઞા લેનારા સુરતના અહમદ સૈયદ મુસ્તુફા એડુસને ત્યારબાદ લોકો 'કાલાબાવા' તરીકે જ ઓળખતા હતા.
- ડાંગના આદિવાસીઓ ગાય કે બળદનું સીંગ બે વાંસળી અને દૂધીનું સુંદર એકીકરણ કરી ડાંગી પાવરી નામનું વાદ્ય બનાવે છે જેને હોઠથી વગાડવામાં આવે છે તેમાં વોલ્યુમનું કામ સીંગ કરે છે.
- ગુજરાતના રેવાથી ૧૫ કિ.મી. દૂર આવેલા લીલજી ડેમમાં તા.૨૨મી ઓગષ્ટ ૧૯૭૬ના દિને થયેલા બસ અકસ્માતમાં ૯૭ લોકો માર્યા ગયા હતા.
- ભારતને ઔદ્યોગિક યુગમાં લઇ જનાર શ્રી જમશેદજી ટાટાના વંશ જ શ્રી જે.આર.ડી. ટાટાને પણ ભારત ઉદ્યોગના પિતામહ કહી શકાય અને ભારત રત્નના ઇલ્કાબથી વિભુષિત જે.આર.ડી.ટાટાએ જમશેદજી ટાટાની જન્મભૂમિ નવસારીમાં એમણે અનેક ઉદાર સખાવતો કરી છે જેને આજે નવસારીવાસીઓ યાદ કરે છે.
- ૨૯મી ઓગષ્ટ ૧૮૪૪ના દિને મીઠા ઉપરનો નવો કરવેરો નાંખવાથી સુરત ખાતે પ્રજાએ હુલ્લડ કર્યું હતું. ત્યારબાદ સને ૧૯૩૦માં ગાંધીજીએ દાંડી નમક સત્યાગ્રહ કર્યો હતો.
- કામરેજ તા.ના ધોરણપારડી ગામથી બે કિલોમીટર અંતરે ગાય પગલા શંખેશ્વર તીર્થધામ આવેલ છે અને ગાયના પગલા દર્શનાર્થે શ્રધ્ધાપૂર્વક મોટી સંખ્યામાં ભક્તો આવે છે.
- અંકલેશ્વરથી ૧૫ કિ.મી. દૂર આવેલા પારડીમાં આ ગામમાં પીર સુલતાનશા થઇ ગયા, જેની યાદગીરીમાં ગામ પર પીર પારડી તરીકે પણ ઓળખાય છે. તેમની યાદમાં મસ્જિદ તથા દરગાહ આવેલી છે અને અહી ઉર્સ પણ ભરાઇ છે.

### આજે ત્રેવીસમી જાન્યુઆરી, શનિવાર, પોષ સુદ દસમ, સામાન્ય દિવસ છે.

# ચેતનાનો મહા ધોધ એટલે નેતાજી સુભાષચંદ્ર બોઝ



એ સમયમાં જન્મ લેવો, એ સદ્ભાગ્ય ગણાતું અને એ સમયમાં યુવાન હોવું એ સુવર્ણકાળ ગણાતું શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામિ વિવેકાનંદની અસર તળે એ સમયે યુવામાનસ ઉછરતું. એ પછીથી રાષ્ટ્રપિતા ગાંધીજી, તિલક, ગોખલે, રવીન્દ્રનાથ, ચિત્તરંજનબાબુ - એ સૌએ રાષ્ટ્રના યુવાનોનું ચારિત્ર્યનિર્માણ કર્યું. ગાંધીજી એટલે ધીમું પણ મક્કમ દીર્ઘકાલીન બળ, અને સુભાષબાબુ એટલે શક્તિ અને ચેતનાનો ઘૂઘવતો, ઉછળતો, ઘસડી જતો ચેતનાનો મહાધોધ.

આજના દિને એટલે કે તા. ૨૩-૧-૧૮૯૭માં બંગાળના કોંડિલીયા ગામે તેમનો જન્મ થયો. આ જ સમયે બંગાળના ભાગલા પડ્યા. ખુદીરામ બોઝ અને મદનલાલ ઢીંગરાને ફાંસી અપાઈ. આ બધાની તેમના મન પર ભારે અસર પડી. માંડ મેટ્રીક થયા અને હિમાલય ઘૂમી વળ્યા. સાધુ સંન્યાસીઓને પૂછ્યું, '''મોક્ષની સિધ્ધિ આપે એવો ધર્મ નહિં પણ માતૃભાષાની સેવા શીખવે, દેશવાસીઓના ખપમાં આવીએ સામાન્ય માણસને મદદરૂપ થાય એવો નાગરિક ધર્મ શીખવશો?'' પણ સાધુ સંન્યાસીઓ તો આત્મચિંતનમાં ડૂબેલા હતા.

પછી થાકીને પાછા ફર્યા. પિતાના આગ્રહથી વિલાયત જઈ સનદી-સરકારી અધિકારી-થવાની પરીક્ષા આપી. એ સમયે કલેક્ટર મોન્ટેગ્યુએ બહુ સમજાવ્યા કે સરકારી નોકરી કરતાં કરતાં યે દેશસેવા થઈ શકે, પણ સુભાષ તે સુભાષ. ગાંધીજી-ચિત્તરંજન બાબુ પાસે આવીને ઠર્યા. દેશબન્ધુએ તેમને બંગાળ રાષ્ટ્રિય વિદ્યાપીઠના આચાર્ય બનાવ્યા.

પછી તો અનેક જેલવાસનો સિલસિલો ચાલ્યો. 'ફોરવર્ડ'ના તંત્રી બન્યા. સુભાષબાબુ, જવાહરલાલ, સરદાર વલ્લભભાઈ, મૌલાના, અન્સારી, સૌએ સાથે દેશકાર્ય કર્યું. ઈ.સ. ૧૯૩૭માં હરિપુરા કોંગ્રેસના પ્રમુખ બન્યા. કોંગ્રેસ પણ છોડી. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ગુપ્તવેશે પેશાવર, કાબુલ, રશિયા, ઈટાલી, બર્લિન, જાપાન એમ ઘૂમી વળ્યા. આઝાદ હિન્દ ફોજની સ્થાપના કરી. યુવાનોને પડકાર ફેંક્યો, ''તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા,'' તેઓ એમ માનતા કે લશ્કરી તાકાતથી જ ભારતની આઝાદી શક્ય બનશે.

સુભાષચન્દ્ર બોઝની જીવનકથા એ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની આંધીની કથા છે. જાપાને જીતેલા આંદામાન નિકોબાર ટાપુઓ એમને સોંપાયા. આઝાદ હિન્દ ફોજની પરેડ થઈ. એમના પડકારથી જ ભારતીય ભૂમિસેના, નૌસેના અને વાયુદળ એરફોર્સનો વિદ્રોહ થયો.

સુભાષબાબુએ જ 'જય હિન્દ'નો નારો ગૂંજતો કર્યો. એ રાષ્ટ્રધ્વનિ ચિહ્ન બન્યો. ૧૯-૮-૧૯૪૫ના રોજ ટોકિયો જતાં વિમાની અકસ્માતમાં તેમનું અવસાન થયું. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના એ વીજળી જેવા તેજસ્વી નેતા સુભાષચંદ્ર બોઝનું આપણે આજે સ્મરણ કરીએ.

**સુભાષબાબુની વાણી**

ભારતનું છેલ્લું સ્વાતંત્ર્ય યુધ્ધ શરૂ થયું છે. આઝાદ હિન્દ ફોજની ટૂકડીઓ ભારે મુશ્કેલીઓ સહીને પણ ભારતની ભૂમિ પર ધીમા પણ મક્કમ પગલે આગળ વધી રહી છે. વાઈસરૉયના પેલેસ ભવન પર તિરંગો ઝંડો ફરકશે. બ્રિટીશરોને હાંકી કાઢશે. ત્યાં સુધી સશસ્ત્ર યુધ્ધ ખેલાશે. ભારતના હે રાષ્ટ્રપિતા, આપની શુભેચ્છાઓ-શુભાશિષો પ્રાર્થીએ છીએ. જય હિન્દ. (રંગૂન રેડિયો ૪-૮-૧૯૪૪)

**- ધનરાજ પંડિત**

# સુભાષચંદ્ર બોઝની સુરતમાં પ્રથમ મુલાકાત વેળા ઝવેરાતના તોરણો લગાવાયા હતા

(પ્રતિનિધિ દ્વારા) સુરત,શુક્રવાર

આજથી ૮૨ વર્ષ પહેલા નેતાજી સુભાષચંદ્ર બોઝ જાણીતા કવિના આમંત્રણને પગલે પ્રથમવાર સુરત આવ્યા હતા. તેઓ જ્યાં આવ્યા હતા તે ગોપીપુરા વિસ્તારને બાદમાં સુભાષચોક નામ અપાયું હતું. નેતાજીની મુલાકાત ટાણે સભાના મંડપની કમાનો પર તોરણ બાંધવા લાખો રૂપિયાના ઝવેરાત અને મોતીની કંઠીઓ લાવવામાં આવી હતી.

## ૧૯૩૯માં કવિ ગની દહીંવાલાના આમંત્રણને સ્વીકારી નેતાજી ગોપીપુરામાં આવ્યા હતા તે આજે સુભાષચોક નામથી જાણીતો છે

નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિવસ ૨૩ જાન્યુઆરીને પરાક્રમ દિવસ તરીકે મનાવાશે. દેશ આ વર્ષે સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જયંતિ મનાવવા જઇ રહ્યું છે ત્યારે સુરતના ગોપીપુરા વિસ્તારમાં આવેલ સુભાષ ચોક સાથે નેતાજીનો યાદગાર પ્રસંગ જોડાયેલો છે. વિસ્મરણીય ગઝલ લખનાર ગની દહીંવાલાના નિમંત્રણને સહર્ષ સ્વીકારેને નેતાજી સુભાષચંદ્ર બોઝ ઈ.સ ૧૯૩૯માં પ્રથમવાર સુરત આવ્યા હતા. અને તે પણ ગોપીપુરા વિસ્તારમાં.

તેમના સ્વાગતની તૈયારીમાં ગનીચાચા ખુદ વાંસને ફાડી ખોદકામ કરવા લાગ્યા હતા. નેતાજી સુરત આવવાના હોવાની જાણ થતા તે સમયના ધનાઢ્ય શેઠોએ આનંદીત થઈને મોટું ભંડોળ એકત્ર કર્યું હતું. મંડપની કમાનો ઉપર તોરણ બાંધવા લાખો રૂપિયાના ઝવેરાત, દાગીના અને મોતીની કંઠીઓ લવાઈ હતી. આ જોઈને ખુદ સુભાષબાબુ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

ઈતિહાસકાર સંજય ચોક્સીએ કહ્યું કે, નેતાજીની ગોપીપુરાની મુલાકાત બાદ આ વિસ્તારનું નામ સુભાષચંદ્ર બોઝ કરવા ગનીચાચ અને તેમના સાથીઓએ સુધરાઈમાં રજૂઆત કરી હતી. અને તે પ્રસ્તાવ મંજુર કરાયો હતો. તેમજ ઝવેરી બજારનું નામકરણ સુભાષચોક કરાયું હતું. આજે પણ આ વિસ્તાર સુભાષચોક નામે જાણીતો છે. અને ગણીચાચાના વંશજો બખેડા ચકલા નજીક રહે છે. મ્યુનિસિપલ કોર્પોરેશને આ માર્ગને ગનીભાઈ દહીંવાલા માર્ગ નામ આપ્યું છે.

23 જાન્યુઆરી, 2011 શનિવાર-ગુજરાત સમાચાર, સુરત

## ખુરશીની લાલચ

જયારે હું બોલવા માટે આવી રહયો હતો ત્યારે મને એક ભાઈએ કહયું કે તમે ખુરશી પર બેસીને જ કંઈક બોલી દો ને... ત્યારે મેં કહયું કે આ જ ખુરશીની લાલચે તો આપણાં દેશની હાલત બગાડી છે, આજે દરેકને ખુરશીની લાલચ છે, દરેકે ચેરમેન જ બનવું છે.

## કોમી ભાઈચારાથી જ આઝાદી મળી હતી

કુર્આનમાં જે પહેલા વ્યક્તિને આદમ અને વૈદમાં પહેલા વ્યક્તિને મનુ કહેવામાં આવ્યું છે તેઓને અલ્લાહ તઆલાએ(પરમેશ્વરે) ભારતની જ સરજમીન પર ઉતાર્યા હતા. કોમી ભાઈચારાથી આ દેશને આઝાદ કર્યોહતો.દેશની પ્રગતિ અને સલામતી માટે કોમી એકતા ખુબ જ મહત્વના છે.

(દિવ્ય ભાસ્કર સુરત, તારીખઃ ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૦, મંગળવાળ, પેજ નં.૫)

મુફ્તી મહમૂદ બારડોલીવાલા સાહબ



દિવ્ય ભાસ્કર | સુરત | સુરત | મંગળવાર | ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૦

**કોમી ભાઇચારાથી જ આઝાદી મળી હતી**

જ્યારે હું બોલવા માટે આવી રહ્યો હતો ત્યારે મને એક ભાઈએ કહ્યું કે તમે ખુરશી પર બેસીને જ કંઈક બોલી દો ને... ત્યારે મેં કહ્યું કે આ જ ખુરશીએ તો આપણા દેશની હાલત બગાડી છે. કુરાનમાં જે પહેલા વ્યકિતને આદમ અને વેદમાં જે પહેલા વ્યકિતને મનુ કહેવામાં આવ્યું છે તે બંનેને પરમેશ્વરે ભારતની જ સરજમીન પર જન્મ આપ્યો છે. કોમી ભાઇચારાથી જ આ દેશને આઝાદ કર્યો હતો.

**મુફ્તી મેહમુદ બારડોલીવાલા સાહબ**

❋ ❋ ❋

## શાંતિ ફેલાવવા સાથે તેને કાયમ રાખવાની સામુહિક જવાબદારી

ઈસ્લામનો અર્થ જ શાંતિ અને અમન છે જયાં અશાંતિ અને દુષ્ટતા છે ત્યાં ઈસ્લામ, કુર્આન હોય જ શકે નહીં, આખી દુનિયામાં આપણો હિન્દુસ્તાન જ એવો દેશ છે જયાં ભાઈચારાની અતિદુર્લભ શ્વાસ પસરાયેલી છે. અંગ્રેજો આપણને લડાવી ગયા છે તે ખાઈ(ખાડા)ને પૂરી દેવાની છે. હઝરત મુહમ્મદ પયગમ્બરને મક્કાવાસીઓએ પારાવાર દુઃખ આપ્યું પણ તેમણે પાછા મક્કામાં પ્રવેશતા સહુને માફ કર્યા. આમ શાંતિ ફેલાવવી અને શાંતિને કાયમ રાખવાની સામુહિક જવાબદારી છે.

ઉપરોકત શબ્દો મુસ્લિમ આગેવાન વકતા મુફતી મહમૂદ સાહેબ બારડોલીવાળા એ નવસારી સ્ટેશનના પશ્ચિમ ભાગે નવા રચાયેલા શ્રધ્ધા પરીવારના શહીદોને શ્રંધ્ધાજલિ, દેશભકત ગીતોની રમઝટ અને આતંકવાદની ઝાટકણી કરતા ઉચ્ચાર્યા હતા, તેમણે વધુમાં જણાવ્યું કે કોમી એકતા અને આઝાદી સંગ્રામ માટે અનેક મુસ્લિમો શહીદ થઈ ગયા અને જેલવાસ વેઠયું છે. અને આજે શ્રધ્ધા પરીવાર નવસારી હિન્દુ–મુસ્લિમ વચ્ચે શ્રધ્ધા ભાઈચારાનો સેતુ બાંધી રહી છે. ત્યારે આતંકવાદ સામે સહુએ ખભે–ખભા મિલાવી લોખંડી મનોબર વિકસાવી એકતાને બુલંદ કરી હિન્દુસ્તાનને જગતનો શ્રેષ્ઠ દેશ બનાવવાનો છે. વિવિધ રંગની પુષ્પમાળામાં એકપણ પુષ્પ કરમાયેલું હોય તો આખો હાર સારો દેખાતો નથી તેમજ દેશમાં બધા ધર્મોજાતિના ફુલો ખુબ ખીલે તો જ રાષ્ટ્ર સમગ્ર જગતમાં સારો દેખાશે. રાષ્ટ્રપ્રેમના તાંતણમાં બધા પુષ્પો ગુંથી આ માતૃભૂમિને આપણે વિશ્વમાં ઉંચુ નામ અપાવીએ. (ગુજરાત સમાચાર, સંદેશ, ગુજરાત મિત્ર તથા ગુજરાતદર્પણ, સુરતઃ તારીખઃ૩૦/જાન્યુઆરી–૨૦૦૯, શુક્રવાર)

શુક્રવાર, તા. ૩૦, જાન્યુઆરી, ૨૦૦૯

ગુજરાત સમાચાર

# શાંતિ ફેલાવવા સાથે તેને કાયમ રાખવાની જવાબદારી મુસ્લિમોની

નવસારી, ગુરૂવાર

ઈસ્લામનો અર્થ જ શાંતિ અને અમન છે. જયાં અશાંતિ અને દુષ્ટતા છે ત્યાં ઈસ્લામ- કુરાન હોય જ શકે નહીં. આખી દુનિયામાં આપણો હિન્દુસ્તાન જ એવો દેશ છે જયાં ભાઈચારાની અતિદુર્લભ સુવાસ પ્રસરાયેલી છે. અંગ્રેજો લડાવી ગયા પછી આપણે એ ખાઈને પુરી દેવાની છે. હજરત મહમંદ પયગંબરને મક્કાવાસીઓએ પારાવાર દુઃખ આપ્યું પણ તેમણે પાછા મક્કામાં પ્રવેશતા સહુને માફ કર્યા. આમ શાંતિ ફેલાવવી અને શાંતિને કાયમ રાખવાની જવાબદારી મુસ્લિમોની છે.

## નવસારીમાં શહીદોને શ્રધ્ધાંજલિ અર્પવાના કાર્યક્રમમાં મુફતી મહેમુદ બારડોલીવાલાએ આતંકવાદની ઝાટકણી કાઢી

ઉપરોકત શબ્દો મુસ્લિમ આગેવાન વકતા મુફતી મહેમુદસાહેબ બારડોલીવાળાએ નવસારી સ્ટેશનના પશ્ચિમ ભાગે નવા રચાયેલા શ્રધ્ધા પરિવારના શહીદોને શ્રધ્ધાંજલિ, દેશભકિત ગીતોની રમઝટ અને આતંકવાદની ઝાટકણી કરતા ઉચ્ચાર્યા હતા.તેમણે વધુમાં જણાવ્યું કે કોમી એકતા અને આઝાદી સંગ્રામ માટે અનેક મુસ્લિમોએ શહાદત વહોરી, જેલવાસ વેઠયો છે અને આજે શ્રધ્ધા પરિવાર નવસારી હિંદુ મુસ્લિમ વચ્ચે શ્રધ્ધા ભાઈચારાનો સેતુ બાંધી રહી છે ત્યારે આતંકવાદ સામે સહુએ ખભેખભા મિલાવી લોખંડી મનોબળ વિકસાવી એકતાને બુલંદ કરી હિન્દુસ્તાનને જગતનો શ્રેષ્ઠ દેશ બનાવવાનો છે. વિવિધ રંગની પુષ્પમાળામાં એકપણ પુષ્પ કરમાયેલું હોય તો આખો હાર નકામો તેમ દેશમાં બધા ધર્મો- જાતિના ફુલો ખુબ ખીલે, રાષ્ટ્રપ્રેમના તાંતણામાં બધા પુષ્પો ગુંથી આ માતૃભૂમિની વંદના કરીએ.

મહામંડલેશ્વર પ.પૂ. મનિષાનંદજીએ જણાવ્યું કે, શ્રધ્ધા પરિવારના યુવાનોનો આ જોમ અને થનગનાટ પ્રત્યેગ જગ્યાએ પ્રસરે તો ભારત અતિ ઝડપથી ફરીથી વિશ્વનું જગદગુરુ બનશે. આકાશ, ધરતી પંચમહાભૂત તત્વો વડે દેહ એક ત્યારે પરસ્પરના લેબલો, જાતપાત ભેદભાવ, ધ્વેષ, હિંસાથી ઉપર ઉઠી પ્રત્યેકમાં પોતાનું સ્વરૂપ જોવાની ઉંચાઈએ જવું પડશે. વેદ અને વિજ્ઞાનનો સમન્વય થાય તો ધર્મો, સંતો અને પંથોનો સમન્વય કેમ નહીં? એમ સોંસરવું ઉમેરી રાષ્ટ્રના પ્રહરી બનવા સહુને હાકલ કરવા સાથે મારક નહીં પૂરક બનો એમ જણાવી શ્રધ્ધા પરિવારને અભિનંદન આપ્યા હતા.

નવસારીના ૩૦ હિંદુ રીક્ષાચાલક તથા ૩૦ મુસ્લિમ રીક્ષાચાલકોએ મશાલ સાથે રેલી કાઢી હતી.

સંદેશ

શુક્રવાર તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૦૯ | પાન નં. ૭





નવસારી ખાતે શ્રદ્ધા પરિવાર દ્વારા દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ યોજી વિશિષ્ટ શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ પ્રસંગે સ્વામી મનિષાનંદજી અને સુફી સંત જનાબ મુફતી મહંમદ બારડોલીવાલાએ સમારંભનો પ્રારંભ કરાવ્યો હતો. (દર્શન મિસ્ત્રી)

# નવસારીમાં દેશભકિત ગીતો દ્વારા શહીદોને વિશિષ્ઠ શ્રધ્ધાંજલિ અપાઈ

- **સ્વામી મનિષાનંદજી અને સુફી સંત જનાબ મુફતી મહમદ બારડોલીવાલા મંચ પર ઉપસ્થિત રહ્યા**
- **હિન્દુ મુસ્લિમ રિક્ષા ચાલકોએ મશાલ સરઘસ કાઢી એકતાના દર્શન કરાવ્યા**

નવસારી તા.૨૯

ઈસ્લામનો અર્થ શાંતિ અમન થાય છે. હજરત મહમદ પયગંમ્બરને મક્કાવાસીઓએ અનેક કષ્ટો આપ્યા છતા માફી આપી છે. શાંતિ ફેલાવી અને કાયમીકરવી મુસ્લિમોની જવાબદારી છે. ભાઈ ચારાના ગઠન ભારતમાં છે તે બીજા કોઈ દેશમાં નથી. કોમી એકતાના અનેક દષ્ટાંતો સ્વાતંત્ર્ય સંગ્રામમાં છે. તે આપણે ભુલવાના નથી.ધર્મગ્રંથ કુરાનના એકમત પ્રમાણે શહીદોનું સ્થાન સ્વર્ગમાં છે. શ્રધ્ધા પરિવાર નવસારીના શ્રધ્ધાનો સેંતુ બાંધી રહ્યા છે. ત્યારે તેને અભિનંદન હોઈ શકે,

ઉપરોકત શબ્દો મુબઈની આતંકવાદી ઘટનામાં મૃતકોને શ્રધ્ધા સુમન અર્પિત કરવા અને ૬૦માં પ્રજાકસત્તાક પર્વને વધાવવા નવસારી - જલાલપોર પશ્ચિમ રેલવે વિસ્તારના યુવાનોએ રચેલા શ્રધ્ધા પરિવારના ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રપ્રેમ- દેશભકિતના ગીતોના અનોખા કાર્યક્રમને સંબોધતા સુફી સંત જનાબ મુફતી મહમદ સાહેબે ઉચ્ચાર્યા હતા.આ કાર્યક્રમમાં તેમની સાથે ઉપસ્થિત રહેલા સ્વામી મનિષાનંદજીએ પણ જણાવ્યુ હતુ કે , બધાને તેમના હોવાનું ગૌરવ હોય તે સ્વાભાવિક છે. પણ એકબીજાના પુરક થાવનું છે વેદ અને વિજ્ઞાનનો સમન્વય ભારતમાં થાય તો બધા ધર્મો ,સંતો, પંથોનો સમન્વય ભારતમાં શકય છે.

વધુમાં રાષ્ટ્રધ્વજ તથા બીજા હાથમાં મશાલ આ બંન્ને સંતોએ પકડી કોમી એકતાનો સંદેશો આ બંન્ને સંતોએ આપ્યો હતો. ઉપરોકત સંતો સાથે નવસારી -વિજલપોરના શ્રધ્ધા સંસ્થાના અગ્રણીઓ, રાજકીયપક્ષોના પદાધિકારીઓ તેમજ જનમેદની મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રધ્ધા સુમનના દીપ પ્રગટાવ્યા હતા. હિન્દુ મુસ્લિમ રિક્ષા ચાલકો મશાલ સરઘસ કાઢી સભામાં રોશની ફેલાવી હતી. સુત્રોચારથી વાતાવરણને ગજાવી મુક્યુ હતુ. મોડીરાત સુધી કલાકારોએ સંગીતને સથવારે દેશભકિતના ગીતો રજૂ કર્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સુરત
શુક્રવાર તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૦૯

# નવસારી શ્રદ્ધા પરિવારનો દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ: કોમી એકતાનો સંદેશ

નવસારીઃ ઈસ્લામનો અર્થ શાંતિ અમન થાય છે. હજરત મહંમદ પયંગમ્બરને મક્કાવાસીઓએ અનેક કષ્ટ આપ્યું છતાં માફી આપી છે. શાંતિ ફાલવવી અને કાયમી કરવી મુસ્લીમોની જવાબદારી છે. ભાઈચારાના ગઠન ભારતમાં છે તે બીજા કોઈ દેશમાં નથી. કોમી એકતાના અનેક દૃષ્ટાંતો સ્વાતંત્રતા સંગ્રામમાં છે તે આપણે ભુલવાના નથી. ધર્મગ્રંથ કુરાનના એક મત પ્રમાણે શહીદોનું સ્થાન સ્વર્ગમાં છે.

## હિન્દુ-મુસ્લિમ રીક્ષાચાલકોનું મશાલ સરઘસ

શ્રદ્ધાપરિવાર નવસારીના યુવાનો શ્રદ્ધાનો સેતુ બાંધી રહ્યા છે ત્યારે તેને અભિનંદન જ હોય શકે. ઉપરોક્ત શબ્દો મુંબઈની આતંકવાદ ઘટનાને દ્વિમાસિક શ્રદ્ધાસુમન અર્પિત કરવા અને ૬૦મા પ્રજાસત્તાક પર્વને વધાવવા નવસારી-જલાલપોર પશ્ચિમ રેલ્વે વિસ્તારના યુવાનોએ રચેલ શ્રદ્ધા પરિવારના ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રપ્રેમ-દેશભક્તિના ગીતોના અનોખા કાર્યક્રમને સંબોધતા સૂફીસંત જનાબ મુફતી અહમદ સાહેબે જણાવ્યા હતા.

રાષ્ટ્રધ્વજ તથા બીજા હાથમાં મશાલ આ બંને સંતોએ પકડી કોમી એકતાનો સંદેશો આપ્યો હતો. સ્વામી મનિષાનંદજીએ જણાવ્યું હતું કે, વેદ અને વિજ્ઞાનનો સમન્વય ભારતમાં થાય તો બધા ધર્મો, સંતો, પંથોનો સમન્ય ભારતમાં શક્ય છે.

ઉપરોક્ત સંતો સાથે નવસારી-વિજલપોરના વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, રાજકીય પક્ષોના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી. શ્રદ્ધા સુમનના દીવડા પ્રગટાવ્યા હતા. હિન્દુ-મુસ્લીમ રીક્ષા ચાલક મશાલ સરઘસે આવી સભામાં રોશની ફેલાવી હતી. સૂત્રોચ્ચરથી વાતાવરણને ગજવી મુક્યું હતું. મોડીરાત સુધી કલાકારોએ સંગીતને સથવારે દેશભક્તિનાં ગીતો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.જશુભાઈ નાયકે કર્યું હતું.

## શેરીમાળમાં ચૂંટણીના

ધરમપુર, તા.૨૯ : ધરમપુર તાલુકામાં તાજેતરમાં જ સાત જેટલી ગ્રામ પંચાયતની ચૂંટણી થઈ હતી તેનું પરિણામ જાહેર થતા વિજેતા ઉમેદવારો તેમજ સમર્થકોએ ભારે ઉત્સાહથી સરઘસો કાઢી ચૂંટણીનો આનંદ માણ્યો હતો. ધરમપુર શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં આનંદોત્સવ જોવા મળ્યો હતો.

શેરીમાળની ચૂંટણીમાં આગેવાન સરપંચ તરીકે માણેકભાઈ ચૂંટાઈ આવતા તેમને વધાવવા નગરમાં રેલી વિજયયાત્રા નિકળી હતી. સમગ્ર નગર-ગામમાં આનંદ ઉમંગનો માહોલ હતો. પરંતુ આ જ ગામમાં રાત્રિના અંધકારના વાતાવરણમાં ઉશ્કેરાટ પ્રસર્યો

# ઈન્ડિયન મુસ્લિમ બાય ચોઈસ ઈન્ડિયન છે

નવસારી બજારના રાજશ્રી હોલ ખાતે જમીઅત ઉલમાએ હિન્દ દ્વારા યોજાયેલા હુસુલે ઈન્સાફ અને કોમી એકતા વિષય પર યોજાયેલા સંમેલનમાં મુફતી મહમૂદ બારડોલીવાળાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે આ જ મહીનામાં ઈસ્લામના મહાન પયગમ્બર સાહેબનો જન્મ થયો હતો. અને વિદાય પણ આ જ મહીનામાં લીધી હતી. તેઓનો જન્મ એ ઈન્સાફનો પ્રતિક છે. તેઓ કહેતા કે અગર મારી દીકરી પણ ચોરી કરતા પકડાશે તો તેના હાથ કપાવી નાંખીશ.

(સંદેશઃ સુરત, ૬/ફેબ્રુઆરી–૨૦૧૧, રવીવાર, પેજ નં.૩)



SANDESH : SURAT | SUNDAY, 6 FEBRUARY 2011 3

ભારત અમારું માદરે વતન છે. અમે નહીં જઈએ ક્યાંય. "ન બુલાયે આપ કે આયે હૈ, ન નિકાલે આપકે જાયેંગે..."

ઈન્ડિયન મુસ્લિમ બાય ચોઈસ ઈન્ડિયન છે

નવસારી બજારના રાજેશ્રી હોલ ખાતે જમીઅત ઉલમાએ હિંદ દ્વારા યોજાયેલા હુસુલે ઈન્સાફ અને કોમી એક્તા વિષય પર યોજાયેલા સંમેલનમાં ઉપસ્થિત મૌલવીઓ અને સંતો તેમજ શ્રોતાઓ નજરે પડે છે. (નિર્ભય કાપડિયા)

મુફતી મહેમુદ બારડોલીવાલાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આ જ મહિનામાં ઈસ્લામના મહાન પયગંબર સાહેબનો જન્મ થયો હતો અને વિદાય પણ આ જ મહિનામાં લીધી હતી. તેમનો જન્મ એ ઈન્સાફનું પ્રતીક છે. તેઓ કહેતા કે અગર મારી દીકરી પણ ચોરી કરતા પકડાશે તો તેના હાથ કપાવી નાંખીશ!

# બારડોલીમાં "જમના બા" હોસ્પિટલનું રાજયપાલ કમલાજીના હસ્તે ઉદ્‌ઘાટનઃ રક્તદાન શિબીર

બારડોલી 'જમના બા' હોસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે મુફતી મહમૂદ સાહેબે જણાવ્યું કે આ પ્રસંગે બે(૨) ભેટ મળી છે. દુઃખી અને બિમાર લોકોની સેવા માટે હોસ્પિટલ બનાવી છે. હોસ્પિટલ હિન્દુ–મુસ્લિમ એકતાનો નેશનલ સેન્ટર છે. રમેશકાકાએ જમીન આપી અને મુસ્લિમોએ લોકસેવા માટે હોસ્પિટલ બનાવી છે. દેશની આઝાદી માટે લડાઈ થઈ રહી હતી ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલીથી નાકરની લડત ઉપાડી તે સમયે ડાભેલ મદ્રસામાંથી મુફતીઓએ ફતવા લખીને સરદાર સાહેબની ચળવળમાં ટેકો કર્યો હતો. એમ વલ્લભભાઈ પટેલની ચળવળ પણ કોમી એકતાથી આગળ વધી હતી. (ગુજરાત સમાચાર, સંદેશ, ગુજરાત મિત્ર તથા ગુજરાતદર્પણ, સુરતઃ તારીખઃ૨૨/ફેબ્રુઆરી–૨૦૧૧, મંગળવાર)

૫૧ | મંગળવાર, તા. ૨૨ ફેબ્રુઆરી,૨૦૧૧

ગુજરાતમિત્ર ... સમાચાર



બારડોલીની 'જમના બા' સાર્વજનિક હોસ્પિટલનું ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. કમલાદેવી બેનીવાળના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. (તસ્વીરઃ તુષાર ચૌધરી, બારડોલી)

# બારડોલીમાં 'જમના બા' હોસ્પિટલનું રાજ્યપાલ કમલાજીના હસ્તે ઉદ્દઘાટનઃ રકતદાન શિબિર

બારડોલી, તા.૨૧ઃ ધી મુસ્લિમ વેલ્ફેર સોસાયટી બારડોલી અને બારડોલી સુન્ની મુસ્લિમ વ્હોરા જમાત સંચાલિત નવનિર્મિત 'જમના બા' હોસ્પિટલનું ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલ ટ્રસ્ટ દ્વારા રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## તુષાર ચૌધરીની ગ્રાંટમાંથી પાંચ લાખ અને ધારાસભ્ય કુંવરજી હળપતિની ગ્રાંટમાંથી છ લાખ દાનની જાહેરાત

'જમના બા' હોસ્પિટલનું લોકાર્પણ કરતા ડૉ. કમલા બેનીવાલે જણાવ્યું હતું કે બારડોલીની પવિત્ર ભૂમિ પર પગ મુકવાનો અવસર મારા માટે ખૂબજ આનંદદાયક બની રહ્યો. આજે બારડોલી જેવી પાવન ભૂમિ પર ફરી એકવાર ઈતિહાસ રચાયો છે. જે ભાવનાથી આ હોસ્પિટલનું નિર્માણ થયું તે ખૂબજ આશ્ચર્યજનક છે. જમીનનું દાન એક હિન્દુભાઈ કરે અને તેના પર હોસ્પિટલનું બાંધકામ મુસ્લિમ ભાઈઓ કરે એ જ બતાવે છે કે ભારત એ અનેકતામાં એકતા ધરાવતો દેશ છે. બારડોલીમાં આજે જે કામ થયું તે ખૂબજ પ્રસંશનીય છે. આવી કોમી એખલાસનું વાતાવરણ જ ભવિષ્યની પેઢી માટે પ્રેરણારૂપ બનશે વધુમાં તેમણે જણાવ્યું હતું કે સંસ્કૃતિમાં સેવા ત્યાગ અને સમર્પણને મહત્વ આપવામાં આવ્યું છે. પરંતુ તેમાં સૌથી મોટુ મહત્વ સેવાનું છે. બીજાની ભલાઈથી મોટુ અન્ય કોઈ કાર્ય નથી. તેમણે બારડોલીની ભૂમિને આઝાદીનું ઉદગમસ્થાન ગણાવી હતી. અને હોસ્પિટલ માટે જમીનના દાતા રમેશભાઈ માળીનો આભાર માન્યો હતો. કેન્દ્ર સરકારના પરિવન મંત્રી તુષાર ચૌધરીએ અનેકતામાં એકતા એ ભારતની મિશાલ હોવાનું જણાવતા કહ્યું હતું કે બારડોલીની જમનાબા હોસ્પિટલ આ માટે શ્રેષ્ઠ ઉદાહરણ રૂપ છે. તેમણે પોતાની ગ્રાંટમાંથી હોસ્પિટલને રૂ. ૫ લાખ આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વિરોધ પક્ષના નેતા શકિતસિંહ ગોહિલે વિનમ્રતા ગુજરાતનું આભુષણ ગણાવ્યુ હતું.

બારડોલીના ધારાસભ્ય કુંવરજી હળપતિએ પણ પોતાની ગ્રાંટમાંથી રૂ. ૫ લાખની જાહેરાત કરી હતી. કેન્દ્રના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. દિનેશ ત્રિવેદીએ જણાવ્યુ હતું કે બારડોલીનું નામ પડે એટલે રૂંવાટા ઉભા થઈ જાય છે. તેમણે બારડોલીની ભૂમિને કોટીકોટી વંદન કરતાં જણાવ્યું હતું કે બારડોલીની જમનાબા હોસ્પિટલએ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે.

### પાંડોર-તરાજીયા વીંગ માટે દાન તમામ લોકોને રાહત દરે સેવા અપાશે

*બારડોલીઃ બારડોલીમાં જમના બા હોસ્પિટલ અનેકતમાં એકતાનું પ્રતિક સમાન બની રહેશે. હોસ્પિટલ માટે જમીન હિન્દુની અને બિલ્ડીંગ મુસ્લિમની અને તેમાં વિસ્તારના તમામ લોકોને રાહત દરે સેવા પુરી પાડવામાં આવશે. કરોડોની કિંમતની ૯૦૦૦ ચો.ફૂટ જમીન રમેશભાઇ માળીએ દાન કરી છે. જમીનનું દાન કરનાર રમેશભાઇ માળીએ જણાવ્યું હતું કે મેં જમીન આપી કોઇ મોટું કામકર્યું નથી. આ તો જે કંઇ થયું છે તે બધુ મારા મિત્રો અને પરિવારના સાથ સહકારથી જ થયુ છે. તમારા ભાવ, પ્રેમને લીધે જ આ શકય બન્યું છે. રાજ્યપાલ ડૉ. કમલાબેન બેનીવાળની ઉદ્દેશીને તેમણે જણાવ્યુ હતું કે મારી 'બા'ના નામથી હોસ્પિટલનું ઉદ્દઘાટન પણ 'બા' સમાન કમલાબા જ કરી રહ્યા છે તેનાથી મોટો પ્રસંગ કયો હોઇ શકે! જમના બા હોસ્પિટલની પાંડોર વીંગ માટે યુસુફભાઇ મુસા પાંડોરે તથા તરાજીયા વીંગ માટે ઇસ્માઇલ તરાજીયાએ માતબર દાન આપ્યું હતું.*

પ્રાસંગિક પ્રવચન જામિયા ડાભેલનાં મુફતી મહમદ હાફેજસીએ કહ્યું હતું જયારે સ્વાગત પ્રવચન સઈદ પટેલેઅને આભાર વિધિ ફરીદ ગજીયાએ કરી હતી. આ પ્રસંગે બારડોલી સુગર ફેકટરીનાં ચેરમેન રમણભાઈ પટેલ, બારડોલી સુન્ની વ્હોરા જમાતના પ્રમુખ મોલીન ઈસ્માઈલ હકીમ, બારડોલી મુસ્લિમ વેલ્ફેર સોસાયટી (યુ.કે.)નાં પ્રમુખ મહમદ પીરભાઈ, મહમદ ગજીયા દુબઈની ઈમામ મસ્જીદનાં ફરી યાકુબ મામલા, જી.પી.સી.સી.નાં ઉપપ્રમુખ કદીર પીરઝાદા, બારડોલી નગરપાલિકાનાં અધ્યક્ષ મયુરિકાબેન જાધવ, બારડોલી તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ કિરણભાઈ પટેલ, બારડોલી નગરપાલિકા નગરસેવકો સોએબ ભામા, યુસુફ એકતા, તથા મુસ્લિમ અગ્રણી મહેમુદ કતરિયા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન અને આયોજન હાસીમ ભામે કર્યું હતું.

# સુરત જિ. સહકારી સંઘની ચૂંટણીમાં મહુવા તાલુકાની બે બેઠકો બિનહરીફ

મહુવાઃ સુરત જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની તાજેતરની ચૂંટણીમાં બે બેઠકોની ચૂંટણી તોળાઈ રહી હતી.

## સહકારીઆગેવાનોદિલીપભકતઅનેભીખા પટેલની સમજાવટ ચૂંટણીમાં રંગ લાવી

મહુવા તાલુકાના ફાળે આવતી બે બેઠકો માટે ચાર ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. તેમાં મહુવા વ્યક્તિ ડિરેકટરોમાં (૧) અનુપમ છગન નાયક રે. રાણત તેમજ (૨) અશ્વિન મણીભાઈ પટેલ રે. ... અશ્વિનભાઈ મણીભાઈ પટેલ રે. દેડવાસણ તેમજ સુભાષભાઈ મોહનભાઈ પટેલ સરપંચે ઉમેદવારી ફોર્મ મહુવા તાલુકાની ખેંચી લેતા બંને બેઠકો બિનહરીફ થતા આગેવાનોની મહેનત રંગ લાવી છે.

મંગળવાર, તા.૨૨,ફેબ્રુઆરી, ૨૦૧૧

ગુજરાત સમાચાર | સુરત-ત

## બારડોલીમાં સાર્વજનિક હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરતા રાજ્યપાલ

# મનુષ્યની કમજોરીથી સમાજને સંકોચ થાય તેવી ઘટના બનવી જોઈએ નહીં

બારડોલી, સોમવાર

બારડોલી નગરમાં હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતિક સમાન જમનાબા સાર્વજનિક હોસ્પિટલના ઉદ્ઘાટનને ગુજરાતના રાજ્યપાલ શ્રીમતિ કમલાદેવીએ બારડોલીની ભૂમિ પર ત્રીજી ઐતિહાસિક ઘટના ગણાવી જણાવ્યું હતું કે માનવ કલ્યાણ એ જ મોટી સેવા છે. સેવાનું સ્થાન સર્વોપરિ છે. પ્રકૃતિની પ્રેરણાથી સેવા કરવી જોઈએ.

બારડોલીના સુરતી ઝાંપા ખાતે રમેશભાઈ માળીએ પોતાની જમીન હોસ્પિટલ બનાવવા માટે બારડોલી વ્હોરા જમાત અને મુસ્લિમ વેલફેર સોસાયટીને દાન આપી હતી. આ જમીન પર અદ્યતન સુવિધા સભર જમનાબા સાર્વજનિક હોસ્પિટલનું નિર્માણ થયા બાદ આજે ગુજરાતના રાજ્યપાલ શ્રીમતિ ડૉ. કમલાદેવીના હસ્તે ઉદ્ઘાટન કરી લોકસેવા માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આ પ્રસંગે મુફતી મહોમદ [redacted] જણાવ્યું કે આ પ્રસંગે બે ભેટ મળી છે. દુઃખી અને બિમાર લોકોની સેવા માટે હોસ્પિટલ બનાવી છે. હોસ્પિટલ હિન્દુ-મુસ્લિમ એકતાનું નેશનલ સેન્ટર છે. રમેશકાકાએ જમીન આપી અને મુસ્લિમોએ લોકસેવા માટે હોસ્પિટલ બનાવી છે. દેશની આઝાદી માટે લડાઈ થઈ રહી હતી ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલીથી નાકરની લડત ઉપાડી તે સમયે ડાભેલ મદ્રેસામાંથી મુફતીઓએ ફતવા લખીને સરદાર સાહેબની ચળવળમાં ટેકો કર્યો હતો. ચળવળ પણ કોમી એકતાથી આગળ વધી હતી. ગુજરાત સરકારના વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે



મુઠ્ઠીભર લોકો જ મુઠ્ઠીઉચેરા હોય છે. બારડોલીએ હિન્દુ-મુસ્લિમ ભાઈ-ભાઈ છે એ સિધ્ધ કર્યું છે.

રાજ્યપાલ શ્રીમતી ડૉ.કમલાદેવીએ જણાવ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. જે ભાવના, વિચાર અને ઉદ્દેશ સાથે જમીન આપવામાં આવી અને જમનાબા સાર્વજનિક હોસ્પિટલનું નિર્માણ થયું તે સંસ્કાર કાયમ બની રહે. કેટલીક ઘટનાઓ ગેરસમજથી બને છે અને આવું તો બને તેમ કહેવું આપણી કમજોરી છે. આપણે આપણી કમજોરીને જીતવી પડશે અને ગેરસમજથી બનતી ઘટના અટકાવવી પડશે. મનુષ્યની કમજોરીથી સમાજને સંકોચ થાય તેવી ઘટના ન બનવી જોઈએ. જે ભાવનાથી હોસ્પિટલ બની છે તે ભાવના ચરિતાર્થ થાય. બારડોલીમાં ત્રણ ઐતિહાસિક ઘટના બની છે. કિસાન આંદોલન, વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ મળ્યું અને આજે હોસ્પિટલનું નિર્માણ થયું છે. મુસ્લિમ વેલફેર સોસાયટી અને દાતાઓ માનવતા અને કોમી એકતાનું અનોખું ઉદાહરણ છે. નવનિર્મિત હોસ્પિટલમાં સ્ત્રી અને બાળો માટે ચિકિત્સા, પ્રસુતિ અને આંખની સારવાર મળશે જે માનવ સેવા છે અને માનવ સેવા એ જ મોટી સેવા છે. ભાવિ પેઢી માટે હોસ્પિલ યાદગાર બની રહેશે. નદી સ્વાર્થ વિના પાણી આપે, વૃક્ષ સ્વાર્થ વિના ફળ આપે, આ પ્રકૃતિની પ્રેરણા લઈ સેવા કરવી જોઈએ. સેવાથી પ્રગતિ કરવી જોઈએ. આ પ્રસંગે મુસ્લિમ અગ્રણી સઈદ પટેલે આવકાર પ્રવચન કરી જણાવ્યું કે મુસ્લિમ સમાજે શિક્ષણ ક્ષેત્રે ૨૫ વિદ્યાર્થીઓ સાથે મદ્રેસા હાઈસ્કુલ શરૂ કરી હતી.

જેમાં આજે અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં ૨૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

## હિન્દુએ દાનમાં આપેલી જમીનમાં મુસ્લિમોએ અદ્યતન હોસ્પિટલ બનાવી: આવું તો બને તેમ કહેવું આપણી કમજોરી છે: શ્રીમતિ કમલાદેવી

SANDESH : SURAT | TUESDAY, 22 FEBRUARY 2011 11

# સરદાર પટેલની કર્મભૂમિ બારડોલીમાં બિનસાંપ્રદાયિકતાના દર્શન : રાજ્યપાલ

(જગદીશ હળપતિ)



બારડોલી તા.૨૧

સરદારની ક્રાંતિકારી ભૂમિ બારડોલી ખાતે ઘી મુસ્લિમ વેલ્ફેર સોસાયટી બારડોલી દ્વારા બનાવવામાં આવેલી જમનાબા સાર્વજનિક હોસ્પિટલનું ઉદઘાટન કરતાં ગુજરાતનાં રાજ્યપાલ ડૉ.કમલા બેનીવાલએ જણાવ્યું હતું, કે ભારત બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે તેનો પુરાવો બારડોલીનો આ પ્રસંગ છે. ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યની તાતી જરૂરિયાતને પહોંચી વળવામાં હિન્દુ-મુસ્લિમ દાતાઓનાં દાનથી નિર્માણ થયેલી આ હોસ્પિટલ ખુબ ઉપયોગી બનશે. તેમણે દાતાઓની પણ સરાહના કરી હતી.

આજે બપોરે બારડોલી ખાતે જમનાબા સાર્વજનિક હોસ્પિટલનું ઉદઘાટન પ્રસંગે રાજ્યપાલે નગરજનોને સંબોધતા જણાવ્યું કે, અહીં જે ભાવનાઓથી હિન્દુ-મુસ્લિમ ભાઈઓએ ભેગા મળી હોસ્પિટલનું નિર્માણ કર્યું છે, એ ઘટના આપણા દેશના મૂળ સંસ્કારો સાબિત કરે છે. તેમણે એમ પણ કહ્યું કે, સરદારની ક્રાંતિકારી ભૂમિ પર આવવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે. જમીનનાં દાતા રમેશભાઈ માળીને પણ તેમણે આવા મિશાલરૂપ કામ માટે જાહેર મંચ પરથી ધન્યાવાદ આપ્યા હતાં.

આ પ્રસંગે કેન્દ્રીયમંત્રી ડૉ.તુષાર ચૌધરીએ જણાવ્યું કે અનેકતામાં એકતાં એ ભારતદેશની મિશાલ છે. આઝાદીની ક્રાંતિભૂમિ બારડોલીએ ફરી એકવાર આ હોસ્પિટલનાં નિર્માણ થકી એકતાની મિશાલ ખડી કરી છે. તેમણે પોતાના એમ.પી.ફંડમાંથી પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટ હોસ્પિટલ માંટે ફાળવવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે કેન્દ્ર સરકારનાં આરોગ્યમંત્રી ડૉ.દિનેશ ત્રિવેદીએ જણાવ્યું કે, હિન્દુસ્તાનની અસલી પહેચાન મેળવવું હોય તો સરદારની ભૂમિ બારડોલીમાં આવવું પડે. એક સમયે અગ્રેજોના ગુલામી કાળમાં બારડોલીનો ખેડૂત ઝુકયો ન હતો, બ્રિટીશ સાશકોએ ઝુકવુ પડ્યું હતુ. તેવી ભૂમિ પર બિનસાંપ્રદાયિકતાનો પુરાવો એટલે જમનાબા હોસ્પિટલ છે. આ પ્રસંગ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષનાં નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, સમાજમાં મુઠ્ઠીભર લોકો જ એવા હોય છે, જે અનેરૂ દાખલારૂપ કામ કરી જતા હોય છે. આ કાર્યક્રમમાં પ્રસંગોને અનુરૂપ પાલિકા ચેરમેન મયુરિકાબેન જાદવ, મુક્તિમહમંદ હાફેજી બારડોલીવાલા, ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, જમીનનાં દાતા રમેશ માળી, સઈદ પટેલ અને બારડોલી પાલિકા સભ્ય ફરીદ ગજીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જમીનનાં દાતા રમેશભાઈ માળી અને હોસ્પિટલ નિર્માણનાં મુખ્યદાતા યુસુફભાઈ મુસા પાંડોર અને ઈસ્માઈલભાઈ તરાજીયાનું સન્માન કરાયું હતુ. આ હોસ્પિટલ માટે રાજયપાલની હાજરીમાં જયકેસરકુંજ ડેવલોપર્સનાં માલિક નિતિનભાઈ રાણા પરિવાર તરફથી રૂા.૧૦ લાખ, અને તેમના સહયોગી મિત્રો તરફથી વધુ રૂાપિયા ૧૦ લાખ મળી કુલ્લે રૂા.૨૦ લાખનું દાન જાહેર થયુ હતું તેમજ જી.એચ.ભકતા ફાઉન્ડેશન તરફથી રૂા.૫ લાખ સહીત આ સિવય પણ લાખ્ખો રૂપિયાની જાહેરાત કરવામાં આવી હતી.

### હિન્દુ દાતાએ દાન કરેલી જમીન પર મુસ્લિમ સમાજ દ્વારા અદ્યતન હોસ્પિટલનું નિર્માણ

## બારડોલી મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત પ્રથમ સમુહલગ્નમાં ૧૬ યુગલોએ નિકાહ કર્યા કોમી તોફાનો તેમજ ભ્રષ્ટાચાર બંધ થાય તો આપણો દેશ મહાસત્તા બનેઃ મુફતી મહમૂદ સાહેબ બારડોલી

બારડોલીના અમન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવીવારના રોજ મુસ્લિમ સમાજના સમુહલગ્નમાં ૧૬ યુગલોએ મુફતી મહમૂદ હાફેઝજીની અધ્યક્ષતામાં નિકાહ કર્યા હતા.

આ પ્રસંગે અમન ચેરીટેબલ ટ્રસ્ટના આ સભારંભના પ્રમુખ મુફતી ઈબ્રાહીમ ગજીયાએ મુસ્લિમ ધર્મમાં પતિ–પત્નીની એકબીજા પ્રત્યે ફરજ અને હક્કો શું છે તે બાબતની સમજ આપી હતી. અને પતિ–પત્ની એકબીજાની ભૂલો માફ કરે તો લગ્ન જીવન સદાસુખી સંપન્ન રહેતા હોવાનું જણાવ્યું હતું. વધુમાં મુફતી મહમુદ સાહબે જણાવ્યું હતું કે દેશની એકતા, અખંડિતતા બાબતે સજાગ રહેવાનું છે. એકબીજા સમાજ અને ધરમ ના લોકો સાથે ભાઈચારા અને પ્રેમથી રહેવું જોઈએ. (ગુજરાત ગાર્ડિયન, ગુજરાત મિત્ર, સંદેશઃ તારીખઃ ૨૮/૧૦/૨૦૧૪)

નોંધઃ આ પ્રોગ્રામની સફળતામાં હાજી શાહીદહુસેન ભીમલા, હાજી હનીફ ભીમલા અને હાજી બિલાલ કારીયા સાહેબે ઘણી જેહમત ઉઠાવી હતી.

# કોમી તોફાનો તેમજ ભ્રષ્ટાચાર બંધ થાય તો આપણો દેશ મહાસત્તા બને

૨૮-૧૦-૧૪

બારડોલી, તા. ૨૮

બારડોલીના ક્યુબાપાર્ક ખાતે અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મુસ્લિમ સમાજના સમૂહ લગ્નમાં ૧૬ જોડાઓએ ભાગ લીધો હતો. મુફતી મહંમદ હાફેજીની અધ્યક્ષતામાં લગ્ન સંપન્ન થયા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, કોમી તોફાનો અને ભ્રષ્ટાચાર બંધ થાય તો આપણો દેશ વિશ્વની મહાસત્તા હાંસલ કરશે. સમૂહ લગ્નના સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સમૂહ લગ્નની ટ્રસ્ટીની પહેલને બિરદાવી હતી. ટ્રસ્ટ દ્વારા નવદંપતીઓને-પર નંગ ઘરવખરીનો સમાન ભેટ પણ અર્પણ કરી હતી.

આ પ્રસંગે પ્રથમ બારડોલીના મુસ્લિમ આગેવાન સઈદભાઈ પટેલે સમાજના ભણતર અને સાથે સ્વચ્છતા બાબતે વિશેષ ભાર મૂક્યો હતો. બારડોલીના પોલીસ ઈન્સ્પેક્ટર સુબોધસિંહ સગરે લગ્ન સાદગીપૂર્વક ખોટા ખર્ચ અટકાવવા જણાવ્યું હતું. સાથે કન્યા કેળવણી અંગે પણ સમજ આપી સમૂહ લગ્નના અતિથિવિશેષ મુફતી ઈબ્રાહીમ ગજીયાએ મુસ્લિમ ધર્મમાં પતિ પત્નીની એક બીજા પ્રત્યે હક અને ફરજ શું છે તેની સમજ આપી હતી . અમન ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હનીફ ભીમલાએ સમૂહ લગ્ન પ્રસંગે આવનારા દર વર્ષે મુસ્લિમ સમાજના સમૂહ લગ્નનું આયોજન કરવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટી સઈદભાઈ ભીમલા અને બીલાલ કારીયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. બારડોલી ખાતે મુસ્લિમ સમાજમાં સમૂહ લગ્નમાં ૧૬ જોડાઓએ ભાગ લીધો હતો. જેમાં એક જોડું સુખી સંપન્ન પરિવારનું હોવા છતાં સમૂહ લગ્નમાં ભાગ લઈ સાદગી પૂર્વક લગ્ન કરી સમાજ માટે પ્રેરણારૂપ કિસ્સો બેસાડ્યો હતો. જોકે ટ્રસ્ટ દ્વારા લગ્ન પ્રસંગે આપવામાં આવેલ ભેટ પણ લીધી ન હતી. મુસ્લિમ સમાજના સમૂહ લગ્નમાં ભાગ લીધેલ નવદંપતીને ટ્રસ્ટી દ્વારા પર વસ્તુ ઘરવખરીનો સામાન અંદાજિત ૩૦ હજારનો આપવામાં આવ્યો હતો અને સાથે એક હજાર રોકડા પણ આપવામાં આવ્યા હતા.




**બારડોલીમાં અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મુસ્લિમ સમાજના સમૂહ લગ્નમાં ૧૬ યુગલોએ પ્રભૂતામાં પગલાં માંડ્યાઃમુફતી મહંમદ હાફેજીનું સંબોધન**

# બારડોલી મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત પ્રથમ સમૂહલગ્નમાં ૧૬ યુગલોએ નિકાહ કર્યા

**બારડોલી, તા. ૨૮**

બારડોલીના અમન ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા રવિવારના રોજ મુસ્લિમ સમાજના સમૂહ લગ્નમાં ૧૬ યુગલોએ ટ્રસ્ટના પ્રમુખ મુફ્તી મહંમદ હાફેજીની અધ્યક્ષતામાં નિકાહ કર્યા હતા.

બારડોલીમાં મુસ્લિમ સમાજમાં નિકાહ દરમિયાન થતાં ખોટા ખર્ચાઓને બાદ કરવાના હેતુથી અમન ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા બારડોલીના કૂબાપાર્ક ખાતે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. મુસ્લિમ સમાજમાં પ્રથમ વખત યોજાયેલા સમૂહલગ્નમાં ૧૬ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમૂહલગ્નમાં સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા નવદંપતીઓને ૫૨ નંગ ઘરવખરીનો સામાન ભેટરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો.

## અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા સમૂહલગ્નમાં નવદંપતીઓને ૫૨ નંગ ઘરવખરીનો સામાન આપવામાં આવી



(તસવીર : પ્રિતેશ માલવી)

આ પ્રસંગે અમન ચેરીટિબલ ટ્રસ્ટના પ્રમુખ મુફ્તી ઈબ્રાહીમ ગજીયાએ મુસ્લિમ ધર્મમાં પતિ-પત્નીની એકબીજા પ્રત્યે ફરજ અને હક શું છે તે બાબતની સમજ આપી હતી અને પતિ-પત્ની એકબીજાની ભૂલો માફ કરે તો લગ્નજીવન સદા સુખી સંપન્ન રહેતા હોવાનું જણાવ્યું હતું. વધુમાં દેશની એકતા અખંડિતતા બાબતે જણાવતા કહ્યું કે, એકબીજા સમાજ સાથે ભાઈચારા અને પ્રેમથી રહેવું જોઈએ.

અમન ચેરીટિબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હનીફ ભીમલાએ સમૂહલગ્ન પ્રસંગે આવનારા દર વર્ષે મુસ્લિમ સમાજના સમૂહલગ્નનું આયોજન કરવાની જાહેરાત કરી હતી અને સમાજમાં લગ્નપ્રસંગે થતા ખોટા ખર્ચાને અટકાવવા માટે હંમેશા પ્રયાસ કરવા અંગે જણાવ્યું હતું. આ પ્રસંગે મુસ્લિમ સમાજના આગેવાન આશીફ ખાન, બારડોલી પીઆઈ એસ. એમ. સગર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ગાર્ડિયન ૨૮-૧૦-૯૭

# બારડોલીના અમન ચેરીટેબલ ટ્રસ્ટ મુસ્લિમ સમાજનો સમુહ લગ્નોત્સવ સમારોહ યોજાયો

ગુજરાત મિત્ર - 29-10-97

**બારડોલીઃ** અમન ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા મુસ્લિમ સમાજનો સમુહ લગ્ન બારડોલી કુબા પાર્ક ખાતે મુફતી મહમદ હાફેસ્જી સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સમુહ લગ્નમાં ૧૬ જોડાએ નિકાહ કર્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન તરીકે મુફતી ઈબ્રાહીમ ગજીયા સાહેબ તથા બારડોલીના પો. ઈ. સગર સાહેબ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મુફતી મહમદ સાહેબ તથા મુફતી ઈબ્રાહીમ ગજીયા સાહેબ દ્વારા ૧૬ યુગલોના નીકાહ પઢાવ્યા હતા. અને જણાવ્યું હતું કે અમન ચેરીટેબલ ટ્રસ્ટ આજદિન સુધી મેડીકલ શિક્ષણ તેમજ બેવાઓને આર્થિક મદદ કરતું આવ્યું છે પરંતુ તેમણે સમાજમાં થતા ખોટા ખર્ચ નાબુદ કરવાના નેક ઈરાદાથી તેમણે પ્રથમ પગલું સમાન સમુહ લગ્નનું આયોજન કર્યું છે ને બીરદાવાને લાયક છે.

આ પ્રસંગે સાનદાર પ્રવચન પો.ઈ. સગર સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું તેમણે સમાજ શું છે સમાજ માટે આપણી ફરમશું છે તે અંગે સમજ આપી હતી સગર સાહેબે ઉદાહરણ આપી જણાવ્યું હતું કે મુગલ અને રાજપૂત રાજાઓના સમયમાં પણ બહેન દીકરીઓને માન સન્માન આપવામાં આવતું હતું આજે પણ લાજ તેમજ બુરખા પ્રથા ઘણા સમાજ છે તેનો હું વિરોધ નથી બાદ રાખવામાં આવે છે





તે તે બરાબર નથી? દીકરી અને દીકરાને એક સમાન રાખો? બાળકની જેમ દીકરીને એક સમાન રાખો? બાળકની જેમ દીકરીને પણ સારુ ભણતર આપો ભણતર હમેશા સમાજને સુધારવાનું કામ કરે છે.

આ પ્રસંગે તેમણે અભ્યાસ સાથે આરોગ્ય તેમજ મકાની આજુબાજુ ગંદકી ના હોવી જોઈએ તે બાબતે ભાર મૂકયો હતો અને શેરીઓમાં તથા ઘરમાં થતા નાના મોટા ઝઘડાઓથી દૂર રહી ઘર તેમજ શેરીઓમાં પણ પવિત્ર વાતાવરણ ઉભુ થાય તે દીશામાં કામ કરવા હાકલ કરી હતી.

આ પ્રસંગે મુસ્લિમ સમાજના અગ્રણી તેમજ સહકારી અને રાજકીય આગેવાન સઈદ પટેલ દ્વારા પણ મુસ્લિમ સમાજનો શિક્ષણ ક્ષેત્રે રેસીયો ઘણો ઓછો હોવા અંગે દુખ વ્યકત કર્યુ હતું.

બાળક જન્મે ત્યારે તેની પંચાયતમાં નોંધણી તથા કુવરબાઈનું મામેરુ જેવી સરકારી યોજનાઓનો પણ લાભ લેવા સમજ આપી હતી આ પ્રસંગે સમુહ લગ્ન નું આયોજન કરનાર અમન ચેરીટેબલ ટ્રસ્ટના શાહીદ ભીમલા, હનીફ ભીમલા, આસીફ ખાન, બીલાલ કારીયા જેવા આગેવાનોનો પણ આ ઉમદા કાર્ય ઊઠાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

# અમન ચેરિટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સમૂહલગ્ન યોજાયા






## મનુષ્ય જીવનમાં સમાજથી જ ઓળખાય છે : પીઆઈ સગર

બારડોલી,

સામાન્ય રીતે બદલાતા સમયની સાથે સાથે અનેક સમાજ અને જ્ઞાતિઓમાં સમૂહલગ્નો શરૂ થયેલા છે તેમ છતાંયે આજે પણ મુસ્લિમ પરિવારોમાં સમૂહલગ્નની માત્રા આજે પણ ઓછી છે તેવી હકીકત વચ્ચે બારડોલી ખાતે અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબ મુસ્લિમ પરિવારો માટે સમૂહલગ્નનું આયોજન કરીને એક ઉમદા ઉદાહરણ પુરું પાડ્યું છે.

ખાસ કરીને મુસ્લિમ પરિવારો જેઓમાં સમગ્ર વિશ્વની તમામ જ્ઞાતિઓ અને ધર્મો કરતા આજે પણ શિક્ષણ પ્રમાણ ઓછું છે. આવકના સાધનો નબળા છે તેવા પરિવારો તેમની લાખ ઈચ્છા હોવા છતાં સ્વમાનભેર લગ્ન પ્રસંગ ઉજવી શકતા નથી અન ક્યાંય નબળા હોય તેમ છતાં તગડા હોવાનો ડોળ કરવામાં દેવા કરીને લગ્ન કરીને લગ્ન યોજવામાં આવે છે ત્યારે અનેક મુશ્કેલીઓ સાથે આવે છે. આવી હકીકત વચ્ચે ૨૦૦૭માં સ્થાપના થયેલ અન ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હનીફભાઈ ભીમલા તેમના ટ્રસ્ટી મંડળના સભ્યો બીલાભાઈ કારીયા અને આશીફભાઈ ખાનને સમાજ સેવાનો વિચાર આવ્યો જેને તેઓએ ૧૬ સમુહલગ્નનું આયોજન કરીને મૂર્તિમંત કરેલ છે.

બારડોલીના કૂબા પાર્ક ખાતે હાથ ધરાયેલ આ આયોજનમાં સ્વાગત પ્રવચન કરતા જાણીતા સમાજસેવક સઈદભાઈ પટેલે જણાવ્યું કે જીવનમાં સફાઈ અને શિક્ષણને મહત્ત્વ આપવું જોઈએ જેથી આરોગ્ય જળવાઈ રહે અને શિક્ષણ થકી જીવન વિકાસના તમામ માર્ગો પર જઈ શકાય.આ સમુહલગ્નના ઉદ્દઘાટક તરીકે બારડોલીના નાયબ જિલ્લા પોલીસ વડા ગડીયા પધારવાના હતા પણ તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેઓએ શુભેચ્છા સંદેશ મોકલાવ્યો હતો. તેમની જવાબદારી હોંશીલા અને ખંતીલા એવા બારડોલીના પીઆઈ સગરે હાજર રહી નિભાવી હતી. તેઓએ જણાવ્યું હતું કે અત્યંત સોનેરી અને તંદુરસ્ત વિચારો સાથે માનવી પોતાના સમાજથી જ ઓળખાય છે. કોઈપણ માનવી જ્યારે ઉંમર અને આર્થિક રીતે મોટો થાય છે ત્યારે સમાજને ભૂલી જાય છે, તેઓએ પ્રત્યેક પરિવારને બચત કરવાની શીખ આપી, વધતી જતી મોંઘવારીમાં સાદગીથી પ્રસંગે ઉજવવા અને દેવા ન કરવા અનુરોધ કર્યો. તેઓએ ખાસ કરીને કન્યા કેળવણ પર ભાર મુકી પ્રત્યેક પરિવારને તેમની દિકરીઓને વધુમાંવધુ શિક્ષણ આફવા અનુરોધ કર્યો. પ્રત્યેક કન્યા બે પરિવારોને ઉજાગર કરી છે. પ્રત્યેક પરિવારમાં એકરાગીતા પર ભાર મુકી નાની - મોટી બાબતોને કંકાશનું રૂપ ન આપી એકબીજાને સમજવા અનુરોધ કર્યો જેથી દામ્પત્ય જીવનમાં મધુરતા બની રહે.

**પતિ-પત્નીને એકબીજાને સમજવા અને દરગુજર કરવાથી શ્રેષ્ઠ પરિવાર બને : મુફતી ઈબ્રાહીમ ગજીયા**

**સફાઈ અડધું ઈમાન છે - જીવનમાં જરૂરી : મુફતી મહમુદ હાફેજી**

અતિથિવિશેષ પદે હાજર રહેલા મુફતી ઈબ્રાહીમ ગજીયાએ જણાવ્યું કે પતિ-પત્ની બંનેના હકક અને ફરજો એક સમાન છે તેની નોંધ કાળજી લઈ તેનું પાલન કરવા અનુરોધ કર્યો છે. એકબીજાને સમજવા અને દરગુજર કરવાની ભાવનાથી પરિવાર મજબૂત બને છે.

સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતા મુફતી મહમુદ હાફેજીએ જણાવ્યું કે મા-બાપની મરજી અને સહમતીવાળા પાત્ર સાથે લગ્ન કરો અને ત્યાર પછી તેવા પાત્ર સાથે પ્રેમ કરો આજકાલ જમાનો બદલાયો છે, લવમેરેજના જમાનામાં મા-બાપને અંધારામાં રાખી પ્રેમલગ્ન કરવામાં આવે છે. તેનાથી બચવું જોઈએ. સફાઈ પર ભાર મુકતા કહ્યું કે સફાઈ અડધું ઈમાન છે, જીવન છે જે પ્રત્યેક પળે જરૂરી છે, પ્રત્યેક વ્યક્તિ પરસ્પર એકતા કેળવે તે જરૂરી છે. દેશમાં નાના-મોટા કોમી તોફાનો અને ભ્રષ્ટાચાર અટકે તો ભારત ૧૦ વર્ષમાં વિશ્વસત્તા બની શકે તેમ છે. પ્રત્યેક સમાજ સાથે પ્રેમ-ભાઈચારાથી રહેવા અનુરોધ કર્યો તેઓએ અમન ચેરિટ-બલ ટ્રસ્ટની ઉમદા કામગીરીને ભારોભાર બિરદાવી હતી.

ટ્રસ્ટ તેની સ્થાપનાથી લગભગ પ્રત્યેક વર્ષે ૩૦૦ ગરીબ પરિવારોને મફત અનાજ વિતરણ કરે છે. મહિલાઓના સંસ્કાર માટે મદ્રેસાઓ ચલાવે છે, કુબા પાર્કમાં મસ્જિદોનું નિર્વાહન કરી નાના-કૂમળા બાળકોના શિક્ષણ અને સંસ્કાર માટે મદ્રેસા ચલાવે છે, તેમાં પરીક્ષા લેવાય છે, ભેટ અપાય છે, અને ખાસ કરીને ૧૦૦ ટકા હાજરી ધરાવતા ભૂલકાઓને ખાસ ભેટ અપાય છે, જેથી પ્રત્યેક બાળક શિક્ષણ અને સંસ્કાર માટે આતુર રહે. કુદરતી આફતના સમયે રિલીફ કેમ્પ

અનુસંધાન પાના નં. ૩

# બારડોલીમાં ૧૪ નવયુગલોએ નિકાહ પઢ્યાં

■ **ટ્રસ્ટને જિલ્લા પંચાયત બજેટમાંથી ૫૧ હજાર આપવાની જિલ્લા પંચાયત પ્રમુખે જાહેરાત કરી**

બારડોલી, તા. ૯




બારડોલીમાં અમન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મુફતી મહમુદ હાફેસજીની અધ્યક્ષતામાં યોજાયેલા મુસ્લિમ સમાજના સમૂહલગ્નમાં ૧૪ યુગલોએ નિકાહ પઢ્યા હતા.

આ અવસરે મુફતી મહમુદ હાફેસજીએ સાદગીને જીવનમાં ઉતારવા પર ભાર મૂકીને જણાવ્યું કે, સાદગીથી જીવનમાં ઘણા બધા ફાયદા થાય છે. તેમણે કહ્યુ કે, દેશમાં એકતા અને ભાઈચારા સાથે સૌએ આગળ વધવાનું છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સાદગી લાવશે તો ચોક્કસ સુખી થશે. આ અવસરે જિલ્લા ભાજપ અને જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પટેલે ગુરુકુળસુપા પાસે થયેલા બસ અકસ્માતમાં કોમી એકતાનું ઉદાહરણ આપીને લોકોને એકબીજાને સહકાર આપવાની વાત કરી હતી. સમૂહલગ્ન કરાવનાર અમન ચેરિટેબલ ટ્રસ્ટને જિલ્લા પંચાયતના બજેટમાંથી ૫૧,૦૦૦ રૂપિયા આપવાની વાત કરી હતી.

અમન ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી હનીફભાઈ ભીમલાએ નાણાં, સમય અને સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગને ખૂબ જ ઉપયોગી થાય તેવા હેતુથી સમૂહલગ્નનું આયોજન કર્યાનું જણાવી આવતા વર્ષે ૫ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ બીજો સમૂહલગ્નમાં ૫૦ યુગલોના નિકાહ કરાવી આપવાની જાહેરાત કરી હતી.

કાર્યક્રમમાં શાહીદભાઈ ભીમલા, સઈદભાઈ પટેલ, આસિફભાઈ ખાન અને બીલાલભાઈ કારીયા સહિતના લોકોએ સમાજના હિતમાં કોઈપણ કાર્યમાં જોડાઈ જવા તત્પરતા દાખવી હતી.

# વકફબોર્ડ ટેકસ વસુલ કરશે તો લોકો મિલકતોનું દાન કરશે નહીં: મુફતી મહમૂદ બારડોલી

વકફબોર્ડ તરફથી વસુલવામાં આવતા ટેકસ અંગે જાહેર મંચ પરથી મુફતી મહમૂદ બારડોલીવાળા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વકફબોર્ડની મિલકતોના માધ્યમથી થતી આવકમાંથી બોર્ડ બે થી સાથ ટકા જેટલી રકમ વસુલ કરે છે. દાનમાં મળેલી મિલકતોની આવકમાં થી બોર્ડ કેવી રીતે ટેકસ વસુલ કરી શકે? જો આ રીતે ટેકસ વસુલ કરવામાં આવશે તો લોકો દાનમાં મિલકત આપશે નહીં. વકફની જે કમિટી બનાવવામાં આવે છે તેમાં લઘુમતિ સમાજના તમામ વર્ગના લોકોને સ્થાન આપવામાં આવે. કમિટીમાં એક જ વર્ગના લોકોનો સમાવેશ કરાતા અન્ય વર્ગના લોકોને ન્યાય મળતો નથી.

(ગુજરાત ગાર્ડિયન, સંદેશ: તારીખ:૧૩/૪/૨૦૧૫ સોમવાર)

આપ્રોગ્રામમાંકેન્દ્રસરકારનાલઘુમતીબાબતોનાતત્કાલીનમંત્રીશ્રી મુખ્તાર અબ્બાસ નકવી સાહેબ પણ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત હતા અને ગુજરાત રાજય વકફ ટ્રીબ્યુનલના બધા પદ અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

સોમવાર તા. ૧૩ એપ્રિલ ૨૦૧૫ ગુજરાત ગાર્ડિયન

**વકફ બોર્ડ ટેક્સ વસુલ કરશે તો લોકો મિલકતોનું દાન કરશે નહીં: મહેબુબ**

સુરત, તા.૧૨

વકફ બોર્ડ તરફથી વસુલવામાં આવતા ટેક્ષ અંગે જાહેર મંચ પરથી મુફતી મહેબુબ બારડોલીવાલા દ્વારા જણાવામાં આવ્યું હતું કે, વકફ બોર્ડની મિલકતોના માધ્યમથી થતી આવકમાંથી બોર્ડ ૨થી ૭ ટકા જેટલી રકમ વસુલ કરે છે. દાનમાં મળેલી મિલકતોની આવક માથી બોર્ડ કેવી રીતે ટેક્ષ વસુલ કરી શકે. જો આ રીતે ટેક્ષ વસુલ કરવામાં આવશે તો લોકો દાનમાં મિલકત આપશે નહી. વકફની જે કમીટી બનાવામાં આવે છે, તેમા લઘુમતિ સમાજના તમામ વર્ગના લોકોને સ્થાન આપવામાં આવે. કમીટીમાં એક જ વર્ગના લોકોનો સમાવેશ કરાતા અન્ય વર્ગના લોકોને ન્યાય મળતો નથી.

SURAT SANDESH 13•04•2015

**કાર્યક્રમના ભગવાકરણના વિરોધમાં દેખાવ**

વકફ બોર્ડ અને મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત સમારોહમાં વકતા તરીકે ભાજપના તમામ ધારાસભ્યોને તક આપવામાં આવી હતી જેમણે સમય બગાડવા સિવાય કોઇ કામ કર્યું નહોતું જ્યારે એક મુસ્લિમ આગેવાન અનેક મહત્ત્વના મુદ્દા રજૂ કરતા હોવા છતાં તેમને વારંવાર ટોકી ભાષણ ટૂંકાવવા જણાવવામાં આવ્યું. કોંગ્રેસના કદીર પીરઝાદા, માજી વિપક્ષી નેતા બાબુ કાપડિયા, ગિરીશ પટેલ હાજર હોવા છતાં તેમને બોલવાની તક અપાઇ નહોતી. પર કોર્પોરેટર અસદ કલ્યાણી તથા અન્યોએ ભાજપની હાય હાય બોલાવી હતી. પોલીસે તેમની અટકાયત કરી હતી.

## ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

પાટણ શહેરમાં તમામ કોમના ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવો કોમી એખલાસભર્યામા હોલમાં ઉજવવામાં આવતા હોય છે. ત્યારે ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી જમીઅતે ઉલમાએ હિન્દ પાટણ જિલ્લા દ્વારા શહેરના પનાગરવાડા ચોક ખાતે હઝરત મુફ્તી મહમૂદ સાહબ બારડોલીવાળાની ઉપસ્થિતી વચ્ચે કરવામાં આવી હતી. (નોબલ મિત્ર, ડેઈલી ડિટેક્ટર, નિભાવ, હમલોગઃ તારીખઃ ૨૮/૦૧/૨૦૧૫, બુધવાર)

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન મુફ્તી મહમૂદ સાહબ બારડોલી વાળાએ આઝાદીની લડતથી લઈ આઝાદી સુધી મુસલમાનોનો શું–શું બલિદાન આપ્યા હતા તે વિશે વિસ્તૃત સમજ આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે આઝાદી માટેની સૌપ્રથમ શસ્ત્ર જંગ ૧૭૫૭માં નવાબ સિરાજુદૌલાએ લડી હતી. અને ત્યારથી લઈ ૧૯૦ વર્ષ સુધી વિવિધ તબક્કે ૫,૫૦,૦૦૦ મુસ્લિમોએ આઝાદી માટે પોતાનું બલિદાન આપ્યું હતું તેમ પંડિત મેવારામ ગુપ્તાના પુસ્તકના હવાલાથી જણાવ્યું હતું. અને પુસ્તકના હવાલાથી મહાત્મા ગાંધીજી વિશે જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજી ને મહાત્માનો બિરૂદ ૧૯૨૦માં મૌલાના અબ્દુલબારી ફીરંગીએ આપ્યું હતું. મહાત્મા ગાંધીજી એ નવસારીમાં યોજાયેલી સભામાં ઉચ્ચારેલા શબ્દોને યાદ કરતા જણાવ્યું હતું કે દાંડીયાત્રાની સફળતા ડાભેલ મદ્રસાના મુફ્તી સાહેબોના ફતવાના કારણે મળી હતી. ૧૯૪૨માં ભારત છોડોની ચળવળ પણ જમીઅતે ઉલમાએ હિન્દ દ્વારા ઉપાડવામાં આવી હતી. તેઓએ વધુ જણાવ્યું હતું કે ભારત પાસે કુદરતી સંપત્તિ વિપુલ પ્રમાણમાં છે. ત્યાં માઈન્ડ પાવર તથા ટેકનોલોજી ક્ષેત્રે અગ્રેસર હોય દેશને મહાસત્તા તરફ લઈ જતા કોઈ રોકી શકે તેમ નથી. આ બાબતે દષ્ટાંત આપતા જણાવ્યું હતું કે આઝાદીની લડતમાં ૧૭૯૯માં રંગાપટ્ટનમના મેદાનમાં સુલતાન ટીપુ શહીદ દ્વારા સૌપ્રથમ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેથી

અંગ્રેજોને નવાઈ લાગી હતી કે અને આ મિસાઈલના ટુકડા લઈ જઈને તેના ઉપર રિસર્ચકરીને આધુનિક મિસાઈલ બનાવવામાં આવી હતી.

કોમી એકતા વિશે બોલતા તેઓએ જણાવ્યું હતું કે ભારત દેશથી ગભરાતા બીજા દેશો આપણાં દેશમાં કોમ–કોમ વચ્ચે ભાગલા પડાવી રહયા છે. જેનાથી સાવધ રહેવા આહ્વાન કર્યુ હતું. આમ તેઓએ આઝાદીમાં મુસ્લિમોની બલિદાન વિશે વિસ્તૃત સમજ આપી હતી. જેનાથી હાજર સૌ હિન્દુ–મુસ્લિમ બિરાદરો અચરજ પામી ગયા હતા.(પાટણની બોલબાલાઃ તારીખઃ૩૦/૦૧/૨૦૧૫, શુક્રવાર)

# નોબલ મિત્ર

દૈનિક

તંત્રી : નિમેષ આર.ગોલે | R.N.I. No.GUJ GUJ/2003/11952
P.R.No. G/PTN/93/2015-2017 Office of Posting = PATAN HPO.

૨૮ જાન્યુઆરી–૨૦૧૫ ★ મહા સુદ–૯★ સંવત : ૨૦૭૧ ★ ફોન : (ઓ.) ફેક્સ– ૨૨૧૨૭૨ ★ Email :



**પનાગરવાડા ચોક**

જમીયત ઉલ્મા એ હિંદ પાટણ જિલ્લા તરફથી ૬૬માં પ્રજાસત્તાક દિને દેશની આઝાદી માટે શહીદ થનાર વિરો, સ્વાતંત્ર સેનાનીઓ અને દેશને અંગ્રેજોની ગુલામીમાંથી કેવી રીતે આઝાદ કરાયો તેને યાદ કરવાનો કાર્યક્રમ પાટણના પનાગરવાડા ચોકમાં યોજાયો હતો. દેશદુલારા ત્રિરંગાને સલામી આપ્યા બાદ મુફતી મહમુદ સાહબએ આઝાદીમાં મુસ્લિમોનું યોગદાન એ વિષય ઉપર પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે પાટણ ઉપરાંત આજુબાજુના ગામોના મુસ્લિમો ઉપસ્થિત રહયા હતા.

Publication : B-1/2, Raliyat Chambers, PATAN. (N.G.) 384265

વર્ષ-૧૭ • અંક-૪૩ • બુધવાર • તા. ૨૮-૦૧-૨૦૧૫ • મહા સુદ- આઠમ • સંવત ૨૦૭૧ • મેનેજીંગ તંત્રી- ફારૂક મનસુરી •

પાટણથી પ્રસિધ્ધ થતું
ઉત્તર ગુજરાતનું બહોળો ફેલાવો ધરાવતું રાષ્ટ્રીય દૈનિક

# નિભાવ

POST REGD.NO. G / PATAN/091 / 2015 to 2017
PATAN HPO E-mail: nibhav_daily@yahoo.co.in

તંત્રી : અશ્વિન કે. જોષી રૂા. ૧-૦૦, પાના : ૪

RNI. No.70925/99 • ફોન: ૨૩૪૮૭૦, ફેક્સ: ૨૩૩૯૦૧ Place of publication:B-1/2, Raliyat Chambers, Bus station Road, PATAN (N.G.) 384265



## શહેરના પનાગરવાડા ચોક ખાતે મુસ્લીમ બિરાદરો દ્વારા ધ્વજવંદન સમારોહ યોજાયો

(નો.ન્યુ.સ.) પાટણ ૬૬માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શહેરના નિલમ સિનેમા સામે આવેલ પનાગરવાડા ચોકમાં શહેરમાં વસતાં મુસ્લીમ બિરાદરો દ્વારા હજરત મુફ્તી મહુમદ સાહબ બારડોલીવાળાની ઉપસ્થિતિમાં પ્રથમ વખત ધ્વજવંદન સમારોહ યોજવામાં આવ્યો હતો. જમીયત ઉલ્મા પાટણ જિલ્લા દ્વારા પાટણ ખાતે યોજાયેલા આ ધ્વજવંદન સમારોહમાં મોટી સંખ્યામાં મુસ્લીમ બિરાદરો અને આગેવાનો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે જમીયત ઉલ્માના મુખ્ય મહેમાન બનીને આવેલા હઝરત મુફતી મહુમદ સાંહબ બારડોલીવાળાઓએ હિન્દુસ્તાનમાં વસતા મુસ્લીમો ભાઈચારા ની ભાવના સાથે વસી રહ્યા છે અને હિન્દુ-મુસ્લીમ વચ્ચે ભાગલા પડાવનાર તત્વોનો ખુલેઆમ તેઓએ વિરોધ દર્શાવ્યો હતો. આ પ્રસંગે હઝરત મુફ્તી મહુમદ સાહબે પોતાના પ્રવચનમાં ભારત દેશને આઝાદ થયા અગાઉના ૧૯૦ વર્ષમાં જુદા-જુદા મુસ્લીમ આગેવાનોએ દેશની આઝાદીમાં જુદી-જુદી ચળવળો દ્વારા પોતાની આહુતી આપી શહીદ થયા છેઅને ભારતના

(અનુ.પાન-૩ઉપર)

હેમતાજી ઝાલા રહે.સુણસર તા. ચાણસ્મા (૩) મહેશકુમાર શંકુભા ઝાલા રહે. ગુંજાલા તા. દેત્રોજ (૪) મદારજી ધુળાજી ઝાલા રહે. સુણસર તા.ચાણસ્મા (૫) પૃથ્વીરાજ ઉર્ફે પથુભા શંકુજી ઝાલા રહે. સુણસર તા.ચાણસ્મા (૬) ભગવાનજી ઉર્ફે સુખાજી અદીતજી ઝાલા રહે. સુણસર તા.ચાણસ્મા અને (૭) હીરુજી નાગરજી ઝાલા રહે. સુણસર તા.ચાણસ્મા નાઓ ઝડપાઈ ગયા હતા. આ તમામની અટકાયત કરી ચાણસ્મા પોલીસ મથકે લાવી તેમની સામે હર્ષદભારથી કાળુભારથી નાઓએ ફરીયાદ આપતાં ચાણસ્મા પોલીસે ફ.ગુ.ર.નં. ૧૩/૧૫ કલમ ૩૯૯, ૪૦૨ મુજબ ગુનો દાખલ કર્યો છે.

**(અનુ.પાન-૧નું ચાલુ) ધરમોડા-રામગઢ**

કે.એસ.જયસ્વાલ ચલાવી રહ્યા છે.જ્યારે ચાણસ્માના સુણસર ગામે રહેતાં ઝાલા પ્રહલાદસિંહ અને તેમના પત્ની હસુબા બાઈક લઈ તા.૨૫-૧-૧૫ના રોજ બપોરના સુમારે રુપપુર પાસેથી પસા થતા હતા ત્યારે બેફામ ગતીએ દોડી રહેલી એસન્ટ ગાડી નં. જીજે-૧કેડી-૮૩૫૪ના ચાલકે ગફલતભર્યું ડ્રાઈવીંગ કરી ઉપરોક્ત બાઈક સવાર દંપત્તિને હડફેટે લઈ ટકકર મારતાં હસુબાને ડાબા કાંડા ઉપરફેક્ચર કર્યું હતુ જ્યારે તેમના પતિ એવા પ્રહલાદસિંહને જીવલેણ ઈજાઓ પહોંચાડતા તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે હસુબાએ આપેલી ફરીયાદ આધારે ચાણસ્મા પોલીસે ગુનો નોંધ્યો છે જેની વધુ તપાસ પો.સ.ઈ. કે.એસ.જયસ્વાલ ચલાવી રહ્યા છે.

**(અનુ.પાન-૧નું ચાલુ) શહેરના પનાગરવાડા**

આઝાદ થવાના ઈતિહાસમાં તેઓનો પણ મહત્વનો ફાળો રહેલો છે તેમ જણાવ્યું હતું.આ પ્રસંગે તેઓએ સર્વે મુસ્લીમ બિરાદરોને હિન્દુ-મુસ્લીમ એકજ છીએ તેવી સદભાવના સાથે રહેવા માટે અપીલ કરી હતી અને આગામી દિવસોમાં પણ ભારત સામે આંખ ઉઠાવનાર નો અમે પણ પડકાર કરીશું તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે પાટણ નગરપાલિકા પ્રમુખ હેમંતભાઈ તન્ના, પાટણ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ બાબુભાઈ દેસાઈ સહિત પાટણ નગરપાલિકાના સદસ્યો અને શહેરના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં મુસ્લીમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

**(અનુ.પાન-૧નું ચાલુ) પ્રજાસત્તાક દિવસની**

ગઇ હતી. પાટનગર દિલ્હીમાં રાજપથ ખાતે ત્રણે સેના, અર્ધલશ્કરીદળો, પોલીસ દળ, બાળકોની પરેડ શાનદાર રહી હતી. આ વખતે અગ્નિ અને પૃથ્વી મિસાઈલો રજૂ કરવામાં આવી ન હતી પરંતુ ભારતીય સૈનાએ પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. રંગબેરંગી ઝાકી અને બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વખતે જુદી જુદી ઝાંકીઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજનાઓને રજૂ કરવામાં આવી હતી. જેમાં મેક ઇન ઇન્ડિયા, સ્વચ્છ ભારત અને પ્રધાનમંત્રી જન ધન યોજનાનો સમાવેશ થાય છે. ઉપરાંત ઝાંકીઓમાં બુલેટ ટ્રેનની રજૂઆત કરવામાં આવી હતી. આ વખતે મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલાઓએ પણ પરેડમાં ભાગ લીધો હતો. ત્રણ સેનામાં મહિલા ટુકડીમાં પરેડમાં નજરે પડી હતી.

રાત્રે ડીનર, સવારે ડીટેકટર......

# DAILY ડિટેક્ટર

સત્યને કરે સાર્થક

Website: www.dailydetector.com R.N.I. No. GUJGUJ/2012/48359

વર્ષ - ૩ અંક - ૬૦ બુધવાર, જાન્યુઆરી ૨૮, ૨૦૧૫ કિંમત - ૧.૦૦ પાના - ૪





પાટણ શહેરમાં તમામ કોમના ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવો કોમી-એખલાસભર્યા માહોલમાં ઉજવવામાં આવતા હોય છે ત્યારે ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી જમીયત ઉલ્મા એ હિંદ પાટણ જીલ્લા દ્વારા શહેરના પનાગરવાડા ચોક ખાતે હઝરત મુફતી મહમુદ સાહબ, બારડોલીવાળાની ઉપસ્થિતિ વચ્ચે કરવામાં આવી હતી. ૬૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીને અનુલક્ષી આયોજીત કરાયેલા કાર્યક્રમમાં દેશની આઝાદી માટે શહીદ થનારા વિરો તેમજ સ્વતંત્ર સેનાનીઓ સહિત દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવનારા વિર જવાનોને યાદ કરી જમીયત ઉલ્મા એ હિંદ પાટણ જીલ્લાના પ્રમુખ-મંત્રી સહિતના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા મુસ્લિમ બિરાદરોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

પાટણથી પ્રસિધ્ધ થતું ઉત્તર ગુજરાતનું એકમાત્ર રાષ્ટ્રીય દૈનિક

# હમલોગ

સંસ્થાપક તંત્રી : સ્વ. મહેન્દ્ર પી. ખમાર

R.N.I. Regd.

વર્ષ-૨૪ ★ અંક-૨ ★ ૨૮ જાન્યુઆરી-૨૦૧૫ ★ બુધવાર ★ મહા સુદ નોમ ★ સંવત - ૨૦૭૧

P.R.No. G/PT

Office Of Pos

30477/230478 ★ FAX - (02766) 231552 ★ Place of Publication : "HAMLOG" BHAVAN 3/1

### દેશમાં કોમી એકતા હશે તો કોઈની તાકાત નથી કે, તે નફરતનું ઝેર પ્રસરાવી શકે

## દેશની તમામ કોમોમાં એકતા હશે તો દેશની પ્રગતિના પંથે જઈ શકશે : ભાગલાવાદી તાકાતોનો એકજૂટતાથી સામનો કરો

(હમન્યુઝ) પાટણ

"ભારત એ ખૂબસુરત અને બહેતરીન ફુલદાની અને ગુલદસ્તા જેવો છે. આ ફુલદાનીમાં અને કોમના ફુલોની વિવિધતા સમાયેલી છે. જે તમામ ફુલો આજે દેશની પ્રગતિ અને વિકાસ, તરકકીની મહેંક પ્રસરાવી રહયા છે. અને સારી રીતે એક ફુલદાનીમાં એક સાથે રહીને ખીલીને શોભી રહયા છે. પરંતુ જયારે આ ફુલદાનીનું એક પણ ફુલ વિલાઈ જાય ત્યારે તો તેની સાથેનાં અન્ય ફુલો પણ કયારેય સુગંધ નહીં આપી શકે. એજ રીતે દેશની તમામ કોમોમાં ભાઈચારો અને એકતાની એકજુટતા હશે તો જ દેશ પ્રગતિના માર્ગે અગ્રેસર બનશે. અને જો તેમ થશે તો જ લોકોનું સ્વપ્ન પુરું થશે. આજના સમયમાં દાખલારુપ એવી કોમી એકતાની તાતી જરુર છે. જો તેમ થશે તો કોઈની તાકાત નથી. કે, દેશમાં કોમો કોમો વચ્ચે નફરતનું ઝહેર પ્રસરાવી શકે."

### પાટણ ખાતે પ્રજાસત્તાકદિને પાટણ જિલ્લા જમીયતે ઉલેમા એ હિન્દ અને મુસ્લિમ બિરાદરો દ્વારા પ્રથમવાર જાહેરમાં ધ્વજવંદન : મૌલાના દાઉદ કાસમીએ રાષ્ટ્રભક્તિનો રંગ જમાવ્યો



(રવિ રામી)

પાટણ શહેરના પનાગરવાડા ચોકમાં સોમવારે મુસ્લિમ બિરાદરોએ પ્રથમવાર જ જાહેરમાં દેશ દુલારા તિરંગાને ફરકાવીને રાષ્ટ્રધ્વજને સલામી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેંકડો બિરાદરો રાષ્ટ્રધ્વજની નીચે એકત્ર થઈને ભારત દેશ પ્રત્યે પોતાની વફાદારી અને કોમી એકતાની મશાલ જીવંત રાખવાના જોમનાં દર્શન કરાવ્યા હતા.

પાટણ જિલ્લા જમિયતે ઉલ્મા એ હિન્દ અને શહેર શાખા દવારા આયોજિત ધ્વજવંદન અને પ્રવચનના અનોખા કાર્યક્રમ અંતર્ગત જમિયતે ઉલ્માના પાટણ જિલ્લા પ્રમુખ મૌલાન દાઉદ સાહેબ કાસમીએ ધ્વજારોહણ કરીને સલામી આપી હતી. તેની સાથે ઉપસ્થિત સૌ બિરાદારો એ પણ સલામી આપી હતી.

આ પ્રસંગે મદ્રેસા જામીઅહ ઈસ્લામીયહ તાલીમુદિન દાભેલના ઉસ્તાદે તફસીર અને શેખુલહદીષ હઝરત મુફતી મહમુંદ સાહબ બારડોલી વાળાએ ઉપસ્થિત બિરાદરોને રાષ્ટ્રભકિત સભર

(પાન ર ઉપર)

પાટણ વિભાગના પ્રાણ પ્રશ્નોને વાચા આપતુ સાપ્તાહિક

R.N.I. No. 64868/96
GOVT OF INDIA

# પાટણના ભાલબાલા

• તંત્રી : મો. ઇકબાલ આર. મેમણ

વર્ષ : ૧૯ તા. ૩૦-૧-૨૦૧૫ શુક્રવાર અંક : ૪૫ મેનેજીંગ તંત્રી : સલમાબાનુ એમ. મેમણ સહતંત્રી : મુકેશ જે. દેસાઈ

કિંમત ૧-૦૦ રૂપિયો વાર્ષિક લવાજમ ૫૦-૦૦ રૂપિયા ફોન : ૨૩૦૪૨૯ Post Regd. G/PTN/74/2006 VALID/UP TO/31-12-2014

## પાટણ ખાતે જમીયત ઉલમા-એ-હિંદ દ્વારા ૬૬ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી



પાટણ ખાતે જમીયત ઉલમા-એ-હિંદ, પાટણ જિલ્લાના ઉપક્રમે ૬૬-માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પાટણ નગરપાલિકાના પ્રમુખ હેમંત તન્નાએ જણાવ્યુ હતુ કે આ દેશ ભારત દેશમાં વસતા તમામ લોકોનો છે. અને તમામ કોમના લોકોના બલિદાનના પરિણામે દેશ આઝાદ બન્યો છે. આ ઉપરાંત પાટણ જિલ્લા કોંગેસના પ્રમુખ બાબુભાઈ દેસાઈએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે આ દેશને આઝાદ કરવામાં મુસ્લિમો અગ્રેસર રહયા છે. અને આવનાર સમયમાં ભારત દેશની પ્રગતિમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હ.મુફ્તી મહમુદ સાહબ, બારડોલીવાળા (દા.બ.) એ આઝાદીની લડતથી લઈ આઝાદી સુધી મુસલમાનોનો શુ રોલ રહયો હતો તે વિશે વિસ્તૃત સમજ આપી હતી. આજે તેઓએ જણાવ્યુ હતુ કે આઝાદી માટેની સૌ પ્રથમ શસ્ત્ર જંગ ૧૭૫૭ માં નવાબ સિરાજુદૌલાએ લડી હતી. અને ત્યારથી લઈ ૧૯૦ વર્ષ સુધી વિવિધ તબક્કે ૫,૫૦,૦૦૦ મુસ્લિમોએ આઝાદી માટે પોતાનું બલિદાન આપ્યુ હતું તેમ મેવારામ ગુપ્તાના પુસ્તકના હવાલેથી જણાવ્યુ હતું. અને આજ પુસ્તકના હવાલાથી મહાત્માગાંધી વિશે જણાવ્યુ હતુ કે મહાત્મા ગાંધીને મહાત્માનું બિરુધ્ધ ૧૯૨૦ માં મૌલાના અબ્દુલબારી ફિરંગી (ર.અ.) એ આપ્યુ હતું.

મહાત્મા ગાંધીએ નવસારીમાં યોજાયેલી સભામાં ઉચ્ચારેલા શબ્દોને યાદ કરતાં જણાવ્યું હતુ કે દાંડીયાત્રાની સફળતાં ડાભેલ મદ્રેસાના મુફ્તી સાહેબોના ફતવાના કારણે મળી હતી.

૧૯૪૨ માં ભારત છોડોની ચળવળ પણ જમીયતે ઉલમા-એ-હિંદ દ્વારા ઉપાડવામાં આવી હતી. તેઓએ વધુમાં જણાવ્યુ હતું કે ભારત પાસે કુદરતી સંપત્તિ વિપુલ પ્રમાણમાં છે. તથા માઈન્ડ પાવર તથા ટેકનોલો ક્ષેત્રે અગ્રેસર હોઈ દેશને મહાસત્તા તરફ લઈ જતાં કોઈ રોકી શકે તેમ નથી. આ બાબતે દષ્ટાંત આપતાં જણાવ્યુ હતું કે આઝાદીની લડતમાં ૧૭૯૯ માં રંગાપટ્ટનમના મેદાનમાં મુસલતાન ટીપુ શહીદ દ્વારા સૌ પ્રથમ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેથી અંગ્રેજોને નવાઈ લાગી હતી અને આ મિસાઈલના ટુકડા લઈ જઈને તેના ઉપર રિસર્ચ કરીને આધુન્કિ મિસાઈલ બનાવવામાં આવી હતી.

કોમી એકતા વિશે બોલતાં તેઓએ જણાવ્યુ હતુ કે ભારત દેશથી ગભરાતા બીજા દેશો આપણા દેશમાં કોમ-કોમ વચ્ચે ભાગલા પડાવી રહયા છે. જેનાથી સાવધ રહેવા આહવાન કર્યુ હતું.

આમ તેઓએ આઝાદીમાં મુસ્લિમોની બલિદાન વિશે વિસ્તૃત સમજ આપી હતી. જેનાથી હાજર સૌ હિન્દુ-મુસ્લિમ બિરાદરો અચરજ પામી ગયા હતા.

આ પ્રસંગે જમીયત ઉલમા-એ-હિંદ, પાટણ જિલ્લાના પ્રમુખ મૌલાના દાઉદ સાહબ કાસમી, વદાણીવાળા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યુ હતું.

જમીયત ઉલમા-એ-હિંદના વિવિધ તાલુકાના પ્રમુખ સહિત જમીયત ઉલમા-એ-હિંદની ટીમ હાજર રહી હતી. કાર્યક્રમનું સંચાલન મૌલાના ઈમરાન સુપરવાળાએ કર્યુ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા મૌલાના ઈમરાન સાહબ સુપર અને જમીયત ઉલમા-એ-હિંદ, પાટણ શહેરના તમામ કાર્યકરોએ તેમજ અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

ભારત દેશમાં તમામ કોમો વચ્ચે જોઈએ તેવી કોમી એકતા થઈ જાય તો અગીયારમાં વર્ષે ભારત મહાસત્તા દેશ બની જશે.

# નાની નરોલી ગામે સર્વધર્મયુવાવર્ગ અને વડીલો દ્વારા એકતા સંમેલન યોજાયું

માંગરોળ તાલુકાના નાની નરોલી ગામે યોજાયેલ એકતા સંમેલનમાં ડાભેલ જામિઆ ઈસ્લામિયાના ઉસ્તાદે હદીષ હઝરત મૌલાના મુફતી મહમૂદે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે દરેક સમાજને એજયુકેશન મળશે, એટલે આપોઆપ એકતા યુનિટી આવી જશે. ૧૮૫૭ પેહલા સમગ્ર ભારતદેશમાં કોઈપણ કોમી હુલ્લડ થયા ન હતા. ૧૮૫૭માં આપણો ધ્વજ ઉતારી લઈ અંગ્રેજોનો ધ્વજ લહેરાવ્યો ત્યારબાદ દેશમાં કોમી હુલ્લડ શરૂ થયા હતા. ભારતને કોમી એકતાથી જ આઝાદી મળી છે.કોમી એકતા અને દેશમાં કોઈપણ કોમી હુલ્લડ ન થાય અને દરેક ધર્મના લોકોને બંધારણ મુજબ પ્રગતિ કરવાનો મોકો(તક) આપવામાં આવે તો આવનારા ૧૦ વર્ષમાં ભારત મહાસત્તા બનશે. એમણે કોઈપણ ધર્મની ધાર્મિક બાબતમાં કોઈએ પણ દખલગિરી કરવી ન જોઈએ તેમ જણાવ્યું હતું.

(ન્યુઝ પેપરઃ તારીખઃ૦૪/ઓકટોબર–૨૦૧૫, રવિવાર)

રવિવાર, ૪ ઓક્ટોબર, ૨૦૧૫

## નાનીનરોલી ગામે સર્વધર્મ યુવા વર્ગ અને વડીલો દ્વારા એકતા સંમેલન યોજાયું

**એક મુસ્લિમ આતંકવાદી હોય એટલે તમામ મુસ્લિમોને આતંકવાદી માની લેવાની જરૂર નથીઃ મહામંડલેશ્વર સીતારામદાસ**

**એજયુકેશન મેળવવાથી આપોઆપ એકતા- યુનીટી આવી જશેઃ હ. મૌલાના મુફતી મેહમુદ**

મોસાલીઃ માંગરોળ તાલુકાના નાનીનરોલી ગામે સર્વધર્મ યુવા વર્ગ અને વકીલો દ્વારા નાનીનરોલી વેલ્ફેર હાઈસ્કૂલના પટાંગણમાં સુરતની પ્રાણનાથ હોસ્પિટલના અધ્યક્ષ શ્રી સ્વામી લક્ષ્મણ જયોતિજીના અધ્યક્ષસ્થાને એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંમેલનના ઉપસ્થિત, ભારતીય સાધુ સમાજના ઉપાધ્યક્ષ મહામંડલેશ્વર શ્રી સીતારામદાસે ઉપસ્થિત માનવમેદનીને સંબોધન કરતા જણાવ્યું કે એક મુસ્લિમ આતંકવાદી હોય એટલે તમામ મુસ્લિમોને આતંકવાદી માનવાએ જરૂરી નથી. પરમાત્માએ જયારે માનવીની રચના કરી ત્યારે કોઈ ભેદભાવ રાખ્યા નથી એમણે હિન્દુસ્તાનને બચાવવા માટે પોતાના દ્વારા તન- મન- ધનની મદદ માટે ખાતરી આપી હતી.

ડાભેલ, જામિઅહ- ઈલ્લામિયહના ઉસ્તાદે હદીષ હઝરત મૌલાના મુફતી મહમુદે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે દરેક સમાજને એજયુકેશન મળશે એટલે આપો-આપ એકતા- યુનીટી આવી જશે. ૧૮૫૭ પહેલા સમગ્ર ભારત દેશમાં પણ કોમી હુલ્લડ થયા ન હતા. ૧૮૫૭માં અંગ્રેજોએ આપણો ધ્વજ ઉતારી લઈ એમનો ધ્વજ લહેરાવ્યો ત્યાર બાદ દેશમાં કોમી હુલ્લડ શરૂ થયા હતા. ભારતને કોમી એકતાથી જ આઝાદી મળી છે અને કોમી એકતાને પગલે જ આવનારા દશ વર્ષમાં ભારત મહાસત્તા બનશે. એમણે કોઈ પણ ધર્મની ધાર્મિક બાબતમાં કોઈએ પણ દખલગીરી કરવી ન જોઈએ એમ જણાવ્યું હતું. નિવૃત્ત ડીવાયએસપી એમ. એસ. કારાએ જણાવ્યું કે સાચો ધર્મ પાડવા માટે પહેલા ધર્મ અંગે શિખવું પડશે. નાનીનરોલી વેલ્ફેર હાઈસ્કૂલના નવ યુવાન આચાર્ય નઝીર કાનુએ એક સુંદર એકતા ગઝલ રજૂ કરી હતી જેને ઉપસ્થિત મહાનુભાવો- માનવમેદનીએ તાડીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. સંમેલનના અધ્યક્ષ અને સુરત પ્રાણનાથ હોસ્પિટલના અધ્યક્ષ સ્વામી લક્ષ્મણ જયોતિજીએ પોતાના વકતવ્યમાં દરેક કોમના લોકોને એક મંચ ઉપર આવવા હાકલ કરી એક-બીજા વચ્ચે ભાઈ-ચારાનો સંબંધ વધુ ગાઢ બનાવવા અનુરોધ કર્યો હતો. પ્રારંભમાં તિલાવતે કુર્આન અને પ્રાર્થના રજૂ કરાઈ હતી. સંમેલનનું સંચાલન નઝીર કાનુએ કર્યું હતું જયારે આભારવિધિ હઝરત મૌલાના ઈસ્માઈલ સરકારે આટોપી હતી.

KINNARY MULTIPLEX
ઓનલાઈન બુકીંગ In.bookmyshow.com, www.ask4ticket.com અને www.fastticket.in ના ઈન્ટરનેટના સ્થળો પર ચાલુ છે.

# ભારતરૂપી ફુલદાનીમાં લઘુમતિઓને પણ ખીલવાની તક મળવી જોઈએઃ મુફતી મહમૂદ બારડોલી

સુરત મોટાવરાછામાં કોમી એકતા સંમેલન યોજાયું. આ સમારંભના મુખ્ય વકતા તરીકે મુફતી મહમૂદ સાહેબ બારડોલી વાળાએ રાષ્ટ્રપ્રેમ કોમીએકતા અને શિક્ષણ ઉપર ભાર મૂકયો હતો. તેમણે બહુમતિઓને વડીલોની જેમ લઘુમતિઓના હક્કો માટે પ્રયત્નો કરવા અનુરોધ કર્યોહતો. ફુલદાનીના બે–ચાર ફુલો કરમાઈ ગયેલા હોય તો એમાં ફુલદાનીની શોભા નથી એવું દ્રષ્ટાંત ટાંકીને લઘુમતિઓને ખીલવાની તક મળવી જોઈએ તોજ ભારતરૂપી ફુલદાનીની સાચી શોભા છે. એવું જણાવ્યું હતું. (ગુજરાત ટુડેઃ તારીખઃ૦૪/૧૧/૨૦૧૫, બુધવાર)

તારીખ :- ૦૪/૧૧/૨૦૧૫ , બુધવાર

ODAY ગુજરાત ટુડે AHM

## સુરતના મોટા વરાછામાં કોમી એકતા સંમેલન યોજાયું

## ભારતરૂપી ફૂલદાનીમાં લઘુમતીઓને પણ ખીલવાની તક મળવી જોઈએ : મુફતી મહેમુદ



સુરત, તા.૩

મદ્રેસા હાઈસ્કૂલ, મોટા વરાછાના હોલમાં ''સુમેળ-સમન્વય-સંવાદ'' નામના અનોખા પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મૂળ ધ્યેય કોમી એકતાને ઉજાગર કરવાનો હતો. કાર્યક્રમમાં લગભગ પાંચસોથી વધુ હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો અને શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા. આવકાર પ્રવચન જાવીદભાઈ અધાણિયાએ આપ્યો. મહેમાનોનું સન્માન શબ્બીરભાઈ પારખ અને હાફીઝ કાસીમ વોરાજીએ કર્યું હતું.

સમારંભના મુખ્ય વકતા તરીકે પ્રાધ્યાપક ડો.અશ્વિન દેસાઈ, સમાજ સેવક કાનાજીભાઈ ભાલાળા અને વ્યસન મુક્તિના પ્રણેતા કાળુભાઈ સેલડિયાએ હિન્દુ-મુસ્લિમ એકતા પર ભાર મૂકી પ્રેરક પ્રવચનો રજૂ કર્યા હતા. સમારંભના મુખ્ય વક્તા તરીકે મુફતી મહેમુદ સાહેબ બારડોલીવાળાએ રાષ્ટ્રપ્રેમ, કોમી એકતા અને શિક્ષણ પર ભાર મૂક્યો હતો. તેમણે બહુમતીઓને વડીલોની જેમ લઘુમતીઓના હક્કો માટે પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો. ફૂલદાનીના બે-ચાર ફૂલો મૂરઝાયેલા હોય તો એમાં ફૂલદાનીની શોભા નથી, એવું દષ્ટાંત ટાંકીને લઘુમતીઓને ખીલવાની તક મેળવી જોઈએ તો જ ભારતરૂપી ફૂલદાનીની સાચી શોભા છે એવું જણાવ્યું હતું. કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન જાવીદભાઈ કરોડિયાએ કર્યું હતું. અંતે મુફતી સાહેબે દુઆ કરી હતી. મહેમાનોએ આચાર્ય એસ.જી. અમલા અને ભાઈ વોરાજી સાહેબને બિરદાવ્યા હતા.

## મુસ્લિમ સમાજ કુરિવાજો અને ઈસ્લામ વિરૂધ્ધના કામોથી દૂર રહેઃ મુફતી મહમૂદ બારડોલી

આણંદમાં સામાજિક સુધારણા કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે મુખ્ય વકતા પદે ઉપસ્થિત હઝરત મૌલાના મુફતી મહમૂદ સાહેબ બારડોલીએ જણાવ્યું હતું કે મુસલમાન કયારેય કોઈના પર ઝુલ્મના કરે અને ઝુલ્મ કરનારને ઝુલ્મ કરતા રોકે. ઈસ્લામ કયારેય કોઈની ઉપર ઝુલ્મ કરવાની પરવાનગી આપતો નથી. ઈસ્લામે તો ન્યાય અને શાંતિપ્રેમ અને ભાઈચારાને મહત્વ આપ્યું છે. તેઓએ ન્યાય પણ નિષ્પક્ષ રીતે કરવા કહયું છે. મુફતી મહમૂદ સાહેબે વધુમાં કહયું હતું કે જો તમને કોઈનાથી નારાજગી થાય કોઈ કારણસર, દુશ્મની પણ થાય તો પણ દુશ્મન ઉપર કયારેય ઝુલ્મ ન કરવો. તમે સાચો ન્યાય આપનારા બનજો. સમુદાયને કુરિવાજો અને ઈસ્લામ વિરૂધ્ધના કાર્યો નહીં કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહયુ હતું કે હઝરત મુહમ્મદ મુસ્તફા પણ સમગ્ર માનવજાત માટે રહમત બનીને આવ્યા હતા. તેઓએ સમગ્ર માનવજાતને મોહબ્બત અને પ્રેમનો સંદેશ આપ્યો છે. સાચા ન્યાયનો સંદેશ આપ્યો છે. (ગુજરાત ટુડે, તારીખઃ૧૦/૦૧/૨૦૧૫,શનિવાર)

## કોઈને પણ કોમનો ખાદિમ(સેવક) બનવું જ નથી, દરેકને લીડર જ બનવું છેઃ મુફતી મહમૂદ બારડોલી

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના મદ્રસા હસનિયામાં ગણરાત્રીના સુમારે તાલીબે ઈલ્મ સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડાભેલના મુફતી મહમૂદ સાહેબ બારડોલીએ જણાવ્યું કે આ ખુરશીની લાલચની બિમારીએ આજે ઉમ્મતને બરબાદ કરી નાંખી છે. દુનિયામાં જયાં પણ જુઓ ત્યાં ઉપર થી નીચે સુધી લડાઈ છે. તો એ આ ખુરશીની જ લડાઈ છે. કોઈને પણ કોમનું ખાદિમ બનવું જ નથી. દરેકને કોમનો લીડર જ બનવું છે. અને દરેક એજ ઈચ્છે છે કે મારા હાથમાં હોદ્દો રહે અને હુકૂમત રહે.અને આ ખુરશીની બિમારી એવી બિમારી છે કે જે તેના પર એકવાર બેસે છે તો ઉભા થવાનું નામ જ નથી લેતા. ત્યાં સુધી કે તે કબ્રસ્તાન પહોંચી જાય.આ લાલચે જ ઉમ્મતને ફીત્નામાં ફસાવી છે. (ગુજરાત ટુડેઃ તારીખઃ૨૩/૦૧/૨૦૧૫, શુક્રવાર)

ગુજરાત ટુડે

AHMEDABAD શનિવાર તા.૧૦-૧-૨૦૧૫

૪ GUJARAT TODAY

## આણંદમાં સામાજિક સુધારણા કાર્યક્રમ યોજાયો

# મુસ્લિમ સમાજ કુરિવાજો અને ઈસ્લામ વિરૂધ્ધના કામોથી દૂર રહે : મુફતી બારડોલી



આણંદનાં ભાલેજ રોડ પર મદ્રસા હાઈસ્કૂલનાં પટાગંણમાં યોજાયેલા સમાજ સુધારણા કાર્યક્રમમાં વાયેજ ફરમાવતા મુફતી મહેમુદ સાહબ બારડોલી દ્રષ્યમાન થાય છે. (તસ્વીરઃ- બુરહાન પઠાણ,આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા. ૯ આણંદ શહેરમાં સામાજીક સુધારણા અને સમાજમાંથી કુરિવાજો દુર થાય તેવા અભિગમ સાથે જમીઅતે ઉલમાએ હિંદ આણંદ જિલ્લા અને ઈસ્લાહે મુઆસરા કમીટીનાં સંયુકત ઉપક્રમે સમાજ સુધારણા અભિયાન અંતર્ગત ગુરૂવારે રાત્રે આણંદ શહેરમાં ભાલેજ રોડ સ્થિત મદ્રસા હાઈસ્કૂલનાં પટાંગણમાં સામાજીક સુધારણા કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે મુખ્ય વકત પદે ઉપસ્થિત હજરત મૌલાનાં મુફતી મહમુદ સાહબ બારડોલી,એ જણાવ્યું હતું કે મુસલમાન કયારેય કોઈનાં પર જુલ્મ ના કરે અને જુલ્મ કરનારને જુલ્મ કરતા રોકે,ઈસ્લામ કયારેય કોઈની ઉપર જુલ્મ કરવાની પરવાનગી આપતું નથી,ઈસ્લામે તો ન્યાય અને શાંતી પ્રેમ અને ભાઈચારાને મહત્વ આપ્યું છે.તેઓએ ન્યાય પણ નિષ્પક્ષ રીતે કરવા કહ્યું છે.મુફતી મહમુદે વધુમાં કહ્યું હતું કે જો તમને કોઈનાંથી નારાજગી થાય કોઈ કારણોસર દુશ્મની પણ થાય તો પણ દુશ્મન ઉપર પણ કયારેય જુલ્મ ન કરો,તમે સાચો ન્યાય તોળનારા બનજો,સમુદાયને કુરિવાજો અને ઈસ્લામ વિરૂદ્ધનાં કાર્યો નહી કરવા અનુરોધ કર્યો હતો.તેમણે કહ્યું હતું કે હજરત મોંહમદ મુસ્તુફા પણ સમગ્ર માનવજાત માટે રહેમત બનીને આવ્યા હતા,તેઓએ સમગ્ર માનવજાતને મોહબ્બતનો સંદેશ આપ્યો છે,સાચા ન્યાયનો સંદેશ આપ્યો છે.

આ પ્રસંગે મૌલાનાં શમસુલહક્ક ચાંગવી,આણંદ જિલ્લા જમીઅતે ઉલેમાએ હિંદનાં અધ્યક્ષ મુફતી ઈલ્યાસ સોજીત્રા,દારૂલ ઉલુમ આણંદનાં મોહતમીમ મૌલાનાં અબ્દુલહક્ક,જમીઅતે ઉલેમાએ હિંદનાં જનરલ સેક્રેટરી અને આણંદ નગરપાલિકાનાં પૂર્વ ઉપપ્રમુખ એમ જી.ગુજરાતી,મૌલાનાં ઉવૈસ કણજરી,હાફેજ ઈકબાલ (મસ્જીદે ઈન્આમ),મુફતી ઈલ્યાસ સારસાવાળા ઉપસ્થિત રહ્યા હતા,તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મૌલાનાં સલમાને ભારે જહેમત ઉઠાવી હતી.

ગુજરાત ટુડે | AHMEDABAD | શુક્રવાર તા. ૨૩-૧-૨૦૧૫

# કોઈને પણ કૌમનો ખાદીમ બનવું જ નથી દરેકને લીડર જ બનવું છે : મુફતી મહમુદ

માંગરોળ, તા.૨૨

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના મદ્રેસા દારૂલ ઉલુમ હસનિયાહમાં ગણરાત્રીના સુમારે તાલીબે ઈલ્મોનો સન્માન સમારોહ યોજાયો હતો. વર્ષ ૨૦૧૪માં ફારીગ થયેલ તાલુકાના તમામ તાલીબે ઈલ્મોને પ્રોત્સાહિત ઈનામો આપી સન્માનિત કરાયા હતા. જેમાં મુફતી ૧૯-આલીમ અને ૨૨ હાફિઝે કુર્આનને કુલ ૧૫૦૦૦૦/-થી પણ વધુ રકમના ઈનામો આપવામાં આવ્યા હતા. આ સમારંભમાં માંગરોળ તાલુકાના મદ્રેસા દારૂલ ઉલુમ હસનિયાહ, મદ્રેસા ફૈઝુલકુર્આન કુવ્વતુલ ઈમાન, મદ્રેસા દારૂલ હીજાજયતામા મદ્રેસા કાશિફુલ ઉલૂમ મદ્રેસા રીયાઝુસસ્વાલીહીનના તાલીબ ઈલ્મોનેડાભેલના મુફિત મહમૂદ સા.બારડોલીના હસ્તે સન્માનિત કરાયાહતા.

આ સમારંભમા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડાભેલ મુતી મહમૂદ સાહબ બારડોલીએ જણાવેલ કે, આ ખુરશીની બીમારીએ આજે ઉમ્મતને બરબાદ કરી નાખી છે, દુનિયામાં જ્યાં પણ જુઓ ત્યાં ઉપરથી સુધી લડાઈ છે તો એ આ ખુરશીની જ લડાઈ છે. કોઈને પણ કૌમનો ખાદીમ બનવું જ નથી. દરેક કૌમનો લીડર જ બનવું છે. અને દરેક એજ ઈચ્છે છે કે, મારા હાથમાં હોદ્દ રહે હુકુમત રહે. અને આ ખુરશીની બીમારી એવી બીમારી છે કે, જે તેના પર એકવાર બેસેછે તો ઉભા થવાનું નામ જ નથી લેતા ત્યાં સુધી કે તે કબ્રસ્તાનના પહોંચી જાય...! આ લાલચે



(અહેવાલ અને તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

જ આજે ઉમ્મતને ફીતનામાં ફસાવી છે.

આજ મુસલમાન મુસલમાનની જાસૂસી કરે છે. જેટલું નુકસાન આપણાને આપણાઓથી પહોંચે છે, તેટલું નુકસાન શાયર ગૈરોથી પણ નથી પહોંચતું. આપસમાં એકબીજાની ભલાઈ કરવાવાળા બનો. ઈતિહાસ આપણા મુસ્લીમ હુકમરાનને જે નુકસાન ગદ્દારોથી થયું છે, તે નુકસાન ગેરોથી નથી થયું. કાન ખોલીનેસાંભળી લો અગ આજ સિલસિલો ચાલુ રહ્યો તો કાલ્ એમનો વાર, પરમદિવસે તમારો વારો....! દુનિયાની કોઈ તાકાત તમારા મુસ્તકબીલનેનથી બદલી શકતી તમારે ખુદ બલવું પડશે. ભાઈઓ જાગો ગફલતની ઉંઘ છોડો. અને અપસમાં એકબીજાની ટાંક ખેંચવાનું બંધ કરો. બીજાથી ઉમ્મીદ, બીજા પર ભરોસો છોડી અલ્લાહની જાતથી માંગો. દુનિયાના તમામ હાલાતનો હલ મુસલ્લામા છે. અહેશાનનો બદલો અહેશાનથી ચુકાદો. હુઝુરના અખલાકને અપનાવો દુનિયા આપણી મુઠીમાં આવી જશે.

# દુનિયામાં જે કોમને પોતાની ભાષા, કલ્ચર સંસ્કૃતિથી મોહબ્બત હોય છે તે દુનિયામાં તરક્કી(પ્રગતિ) કરે છેઃ મુફતી મહમૂદ બારડોલી

માંગરોળ તાલુકાના મદ્રેસા દારૂલઉલુમ હસનિયાહમાં એક ખાસ મજલીસ યોજાઈ હતી. આ મજલીસમાં ડાભેલના મુફતી સાહેબ બારડોલીએ આજની વર્તમાન પરિસ્થિતી વિશે દીલચસ્પ તકરીર કરી હતી.

આ મજલીસને સંબોધતા મુફતી મહમૂદે જણાવ્યું હતું કેઃ જીવનના જે ફીલ્ડમાં આપણે રહીએ, આપણો એ પ્રયત્ન હોવો જોઈએ કે લોકો સાચી રીતે ઈસ્લામને સમજે. આપણાં રીત રીવાજ અને વેપાર વ્યવહાર એવા હોવા જોઈએ કે બીજા ધર્મના લોકો ઈસ્લામ વિશે સારું વિચારે. પરંતુ આજે ઘણી દુઃખની વાત છે કે આપણે શરીઅત પર ચાલતા નથી.

આપણો પડોશી દેશ ચીન, જે આજે ઈકોનોમિકમાં ઘણો આગળ વધી રહયો છે. દુનિયાની માર્કેટમાં ચાઈના હાવી થઈ રહયું છે જેનાથી યુરોપ અને અમેરિકા પણ હેરાન છે. આજે બિનચીની લોકો ચીની લોકો પર આશ્ચર્યમાં છે. તેનું મુખ્ય કારણ તેઓને તેમની ચાઈનીસ ભાષા, ચીની કલ્ચર, સંસ્કૃતિ એટલી પ્યારી છે કે તેઓ એના બદલે દુનિયાની બીજી ભાષાને બોલવાનું પણ ભાગ્યે જ પસંદ કરે છે. દુનિયામાં જે કોમને પોતાની ભાષા કલ્ચર, સંસ્કૃતથી મોહબ્બત હોય છે તે કોમ દુનિયામાં તરક્કી(પ્રગતિ) કરે છે.

આજે આપણને અરબી ભાષા અને ઈસ્લામી કલ્ચરથી મોહબ્બત નથી રહી, આજે આપણાં બાળકોને અરબી આવડતું નથી પરંતુ અંગ્રેજી ફડફડાટ બોલે છે. સ્પેન ફ્રાન્સ ઈંગ્લેન્ડનું પડોશી દેશ હોવા છતાં તેઓ અંગ્રેજી ભાષાથી એવી નફરત કરે છે કે તેને સમજવા કે સાંભળવા પણ તૈયાર નથી, જયારે આપણે અંગ્રેજી શીખવું કે બોલવું અને અંગ્રેજી કલ્ચર મુજબ જીવન જીવવાને ગર્વ માનીએ છીએ.

આજે આપણાં કેટલાક લોકોએ સરકાર પાસે મહેનત કરીને અભ્યાસક્રમમાં અરબી સિલેબસ દાખલ કરાવ્યું પરંતુ આજે આપણી મુસ્લિમ મેનેજમેન્ટવાળી નોન ગ્રાન્ટેડ સ્કુલ/હાઈસ્કુલ કેટલી છે, જયાં અરબી એક વિષય તરીકે હોય અથવા ત્યાં અરબી સબજેકટ ચાલતા

હોય? આજે અંગ્રેજી ઓછું અને અંગ્રેજી કલ્ચર વધું આવી રહયું છે. હું અંગ્રેજી ભાષાનો વિરોધ નથી કરતો, અંગ્રેજી શીખવું જોઈએ, હું ખુદ શીખ્યો છું અને શિખવાડું પણ છું; પરંતુ આપણાં બાળકો, આપણી નવી જનરેશનને અંગ્રેજીના નામ પર ઈસાઈ કલ્ચર અને મુરતદ ના બનાવી દઈએ એનું ધ્યાન રાખવું જોઈએ. આપણને ઈઝઝત ઈસ્લામી જીવન થકી જ મળશે. આજે એક શીખ વ્યકિત પી.એમ.ના હોદ્દા પર પહોંચીને પણ પોતાનું કલ્ચર છોડતા નથી. જયારે એક મુસલમાન સામાન્ય હોદ્દા માટે ઈસ્લામી તરીકાને છોડી દે છે.

એક હજાર વર્ષ સુધી આ દેશની તકદીરના માલિક આપણે હતા. પરંતુ આજે પૂરા દેશની હુકૂમતની વાત તો દૂર પાલિકાનો એક વોર્ડ કે જયાં મુસ્લિમો જેને વોટ આપે તે જીતી જાય તેવો માહોલ હોય તેવી જગ્યાએ માત્ર સત્તા પ્રાપ્તિ માટે લાશો પડી જાય તેવું વાતાવરણ અને માહોલ બની જાય છે...! જીવિત કોમ કયારેય આવી ગાફેલ નથી હોતી. અત્યારે હિન્દુસ્તાનમાં મુસલમાન કોમ એક નાજુક વળાંક પર ઉભી છે. પરંતુ આજે પણ આ દેશમાં ભાઈચારો ધરાવતા લોકોની બહુમતી છે. તેની સાથે આપણે સારા અખ્લાકથી વર્તવું જોઈએ અને મુસલમાનો વિશેની ગેરસમજ દૂર કરવી જોઈએ.

(ગુજરાત ટુડેઃ તારીખઃ૨૪/૦૧/૨૦૧૫, શનિવાર)

શનિવાર તા. ૨૪-૧-૨૦૧૫ AHMEDABAD ગુજરાત ટુડે

## માંગરોળના મદ્રેસા દારૂલ ઉલુમમાં ખાસ મજલીસ યોજાઈ

# દુનિયામાં જે કોમને પોતાની ભાષા, કલ્ચર સંસ્કૃતિથી મોહબ્બત હોય છે તે દુનિયામાં તરક્કી કરે છે

## -મુફતી મહમુદ

માંગરોળ, તા.૨૩

માંગરોળ તાલુકાના મદ્રેસા દારૂલ ઉલૂમ હસનિયાહમાં એક ખાસ મજલીસ યોજાઈ હતી. આ મજલીસમાં ડાભેલના મુફતી મહમૂદ સાહબ બારડોલીએ આજની વર્તમાન પરિસ્થિતિ વિશે દીલચશ્પ તકરીર કરી હતી.

આ મજલીસને સંબોધતાં મુફતી મહમુદે જણાવ્યું હતું કે, જીવનના જે ફીલ્ડમાં આપણે રહીએ આપણો એ પ્રયત્ન હોવો જોઈએ કે લોકો સાચી રીતે ઈસ્લામને સમજે. આપણા રીત રીવાજં અને વેપાર-વ્યવહાર એવા હોવા જોઈએ કે બીજા ધર્મના લોકો ઈસ્લામ વિશે સારું વિચારે. પરંતુ આજે ઘણી દુઃખની વાત છે કે, આપણે શરીઅત પર ચાલતા નથી.

આપણો પડોશી દેશ ચીન, જે આજે ઈકોનોમીકમાં ઘણો આગળ વધી રહ્યો છે. દુનિયાની માર્કેટમાં ચાઈના હાવી થઈ રહ્યું છે. જેનાથી યુરોપ અને અમેરિકા પણ હેરાન છે. આજે ચીની લોકો પણ આશ્ચર્યમાં છે. તેનું મુખ્ય કારણ તેઓને તેમની ચાઈનીસ ભાષા, ચીની કલ્ચર, સંસ્કૃતિ એટલી પ્યારી છે કે, તેઓ એના બદલે દુનિયાની બીજી ભાષાને બોલવાનું પણ ભાગ્યે જ પસંદ કરે છે. દુનિયામાં જે કોમને પોતાની ભાષા કલ્ચર, સંસ્કૃતિથી મોહબ્બત હોય છે, તે કોમ દુનિયામાં તરક્કી કરે છે.

આજે આપણને આપણી અરબી ભાષા અને ઈસ્લામી કલ્ચરથી મહોબ્બત નથી રહી, આજે આપણા બાળકોને અરબી આવડતું નથી પરંતુ અંગ્રેજી કડકડાટ બોલે છે, સ્પેન ફ્રાન્સ ઈંગ્લેન્ડનું પડોશી દેશ હોવા છતાં તેઓ અંગ્રેજી ભાષાથી એવી નફરત કરે છે કે, તેને સમજવા કે સાંભળવા પણ તૈયાર નથી. જયારે આપણે અંગ્રેજી શીખવું, બોલવું અને અંગ્રેજી કલ્ચર મુજબ જીવન જીવવાનો ગર્વ માનીએ છીએ.

આજે આપણા કેટલાક લોકોએ સરકાર પાસે મહેનત કરીને અભ્યાસક્રમમાં અરબી સિલેબસ દાખલ કરાવ્યું, પરંતુ આજે આપણી મુસ્લિમ મેનેજમેન્ટ વાળી નોન ગ્રાન્ટેડ સ્કૂલ/હાઈસ્કૂલ કેટલી છે, જયાં સંપૂર્ણ અરબી હોય અથવા ત્યાં અરબી સબજેકટ ચાલતા હોય...? આજે અંગ્રેજી ઓછું અંગ્રેજી કલચર વધુ આવીરહ્યું છે. હું અંગ્રેજી ભાષાનો વિરોધ નથી કરતો, અંગ્રેજી શીખવું જોઈએ. હું ખુદ શીખ્યો છું અને શિખવાડું પણ છું; પરંતુ આપણા બાળકો, આપણી નવી જનરેશનને અંગ્રેજીના નામ પર ઈશાઈ કલ્ચર અને મુરતદ ના બનાવી દઈએ એનું ધ્યાન રાખવું જોઈએ. આપણને ઈજ્જત ઈસ્લામી જીવન થકી જ મળશે. આજે શીખ, પી.એમ.હોદ્દા સુધી પોતાનું કલ્ચર છોડતો નથી. જયારે એક મુસ્લમાન સામાન્ય હોદ્દા માટે ઈસ્લામી તરીકા છોડી દે છે.

એક હજાર વર્ષ સુધી આ દેશની તકદીરના માલિક આપણે હતા. પરંતુ આજે પૂરા દેશની હુકુમતની વાત તો દૂર પાલિકાનો એક વોર્ડ કે જયાં મુસ્લિમો જેને વોટ આપે તે જીતી જાય ત્યાં પણ લાશો પડે છે....! જીવિત કોમ કયારેય આવી ગાફેલ નથી હોતી. અત્યારે હિન્દુસ્તાનમાં મુસલમાન કોમ એક નાજુક વળાંક ઊભી છે. પરંતુ આજે પણ આ દેશમાં ભાઈચારો ધરાવતા લોકોની બહુમતી છે.તેની સાથે આપણે સારા અખલાકથી વર્તવું જોઈએ અને મુસલમાનો વિશેની ગેર સમજ દૂર કરવી જોઈએ.

## અમે હજ પઢવા જઈએ ત્યાં પણ તિરંગો લઈ જઈએ છીએઃ મુફ્તી મહમૂદ બારડોલી

ઈસ દેશમેં ગાય કા મસલા ઔર બાય(છોકરીઓ) કા મસલા ધૂમ મચાતા હે. તેમ મુફતી મહમૂદ બારડોલીએ જણાવ્યું હતું. તેમણે મુસ્લિમ યુવાનોને બીજા ધર્મની યુવતીઓ ઉપર બુરી(ખરાબ)નજર ન રાખવા અનુરોધ કર્યો હતો. સાથે જ મુસ્લિમ યુવતીઓએ મુસ્લિમ યુવકો સાથે જ શાદી કરવી જોઈએ અને સાથે–સાથે અન્ય કોમની યુવતીઓને પણ સલાહ આપી હતી કે તેઓ તેમની કોમ અને ધર્મના યુવકો સાથે લગ્ન કરે. તમે બીજી કોમના યુવાનો સાથે પ્રેમ ન કરો. આ બાબત લવ જિહાદના નામે મુસ્લિમોની બદનામી અને તેના પગલે જે તંગદીલી પ્રવર્તતી હોય છે તેના સંદર્ભમાં જણાવાઈ હતી.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ દેશમાં મુસ્લિમોને દેશની વફાદારી અંગે વારંવાર પુછાય છે. ત્યારે અમે જણાવીએ છીએ કે અમે હજ પઢવા જઈએ છીએ ત્યાં પણ ભારતનો તિરંગો સાથે લઈ જઈએ છીએ. આનાથી વધુ સારું વફાદારીનું ઉદાહરણ કયું હોઈ શકે?

(સંદેશઃ સુરતઃ તારીખઃ૨૮/૦૩/૨૦૧૬, સોમવાર)

સંદેશઃ સુરતઃ તારીખઃ૨૮/૦૩/૨૦૧૬, સોમવાર

વફાદારી અંગે મુસ્લિમોને વારંવાર પ્રશ્ન કેમ પૂછાય છે ?

### અમે હજ પઢવા જઈએ ત્યાં પણ તિરંગો લઈ જઈએ છીએ : મુફ્તી બારડોલી

વડોદરા : 'ઈશ દેશમેં ગાયકા મસલા ઓર બાઈ કા મસલા ધૂમ મચાતા હૈ' તેમ મુફતી મહેમુદ બારડોલીએ જણાવ્યું હતું. તેમણે મુસ્લિમ યુવાનોને બીજા ધર્મની યુવતીઓ ઉપર બુરી નજર ન રાખવા અનુરોધ કર્યો હતો. સાથે સાથે અન્ય કોમની યુવતીઓને પણ સલાહ આપી હતીકે, તેઓ તેમની કોમમાં જ લગ્ન કરે. તમે બીજી કોમના યુવાનો સાથે પ્રેમ ન કરો. આ બાબત લવ જેહાદના ચાલતા કિસ્સાઓ અને તેના પગલે જે તંગદીલી પ્રવર્તતી હોય છે તેના સંદર્ભમાં જણાવાઇ હતી.

તેમણે એમ પણ જણાવ્યું હતુંકે, આ દેશમાં મુસ્લિમોને દેશની વફાદારી અંગે વારંવાર પૂછાય છે, ત્યારે અમે જણાવીએ છીએ કે, અમે હજ પઢવા જઇએ છીએ ત્યાં પણ ભારતનો તિરંગો સાથે લઇ જઇએ છીએ આનાથી વધુ સારું વફાદારીનું ઉદાહરણ કયું હોઇ શકે ? ફાધર લોબોએ મુસ્લિમ અને ખ્રિસ્તીઓ વચ્ચે સદભાવના વધુ બળવત્તર બનાવવા ઉપર ભાર મુક્યો હતો. તાજેતરમાં નામદાર પોપે પણ મુસ્લિમ શરણાર્થીના પગ ધોયા હતા તેનાથી વધુ સારી બાબત કઈ હોઈ શકે તેમ પણ ઉમેર્યું હતું. આ અધિવેશનમાં સમગ્ર ગુજરાતમાંથી મુસ્લિમ બિરાદરો ઊમટી પડ્યા હતાં. આજે સવારથી જ ગોધરા નજીક આવેલા રહેમતનગરમાં અધિવેશન સ્થળે ભારે ચહલપહલ જોવા મળી હતી. વહીવટીતંત્ર અને પોલીસ તંત્રે કાર્યક્રમ ઉપર સતત નજર રાખી હતી.

#### રાજકીય બાબત હોવાથી ભારત માતા કી જયના મુદ્દે કોઇ ટિપ્પણી નહિ

મૌલાના મદનીએ 'સંદેશ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે, તેઓ ભારત માતા કી જયનો મુદ્દો રાજકીય હોવાથી કોઇ જ ટિપ્પણી કરવામાં માનતા નથી. મૌલાનાએ મુસ્લિમ ધર્મની સારી બાબતો અંગે પણ પ્રકાશ પાડ્યો હતો.

# મોટા વરાછા સ્કૂલમાં સુમેળ સમન્વય સંવાદ કાર્યક્રમ

મોટા વરાછા સ્કૂલમાં સુમેળ સમન્વય સંવાદ કાર્યક્રમમાં અરેબિક યુનિવર્સિટીના પ્રોફેસર મૌલાના મુફતી મહમૂદ બારડોલીવાળાએ રાષ્ટ્રની એકતા અખંડિતતા પર સારે જહાં સે અચ્છા–હિન્દુસ્તાં હમારાની પંક્તિ ઉચ્ચારતા જણાવ્યું કે હું પાકો દેશપ્રેમી રાષ્ટ્રપ્રેમી છું. રાષ્ટ્રમાં દેશપ્રેમ અને કોમી એખલાસભર્યા વાતાવરણનો નિર્માણ કરવા તમામ ધર્મના લોકો વચ્ચે ભાઈચારાની ભાવના એકમેકના સુખ દુઃખમાં સહભાગી થઈ રાષ્ટ્રની પ્રગતિ માટે ફીકર કરવી જોઈએ તેમજ શિક્ષણ પ્રત્યે સજાગ રહેવું જોઈએ.

(ગુજરાતમિત્ર દૈનિકઃ તારીખ:૦૬/૧૧/૨૦૧૫) (સંદેશઃ તારીખ:૦૭/૧૧/૨૦૧૫)

## મોટાવરાછા હાઈસ્કૂલમાં સુમેળ-સમન્વય- સંવાદ કાર્યક્રમ યોજાયો

### હું માણસ શોધું છું, પણ ક્યાં છે માણસઃ પ્રો. ડૉ. અશ્વિન દેસાઇ

સૂરતઃ મોટાવરાછાની લઘુમતિ શૈક્ષણિક સંસ્થા મદ્રેસા ઈસ્લામિયા હાઈસ્કૂલના શિરિન હોલમાં રાષ્ટ્રીય એકતા અને ભાઈચારાનો ઉજાગર કરતો સુમેળ-સમન્વય અને સંવાદ કાર્યક્રમ યોજાયો જેમાં એરોબીક યુનિવર્સિટીના પ્રો. મૌલાના મુફતી મહમુદ બારડોલીવાલાએ જણાવ્યું કે હું પાકો દેશપ્રેમી [redacted] છું. રાષ્ટ્રમાં દેશપ્રેમ અને કોમી એખલાસભર્યા વાતાવરણનું નિર્માણ કરવા તમામ ધર્મના લોકો વચ્ચે ભાઈચારાની ભાવના, એક-મેકના સુખ-દુઃખમાં સહભાગી સાથે શિક્ષણ પ્રત્યે સજાગ રહેવું જોઈએ. તેમણે સંસ્થાના પ્રમુખ કાસીમ ભૈયાત, સેક્રેટરી ભાઈ વોરાજી તથા હાઈસ્કૂલના પ્રિન્સીપાલ એસ. જી. અમલાને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે નવયુગ કોલેજના નિવૃત્ત પ્રો. ડૉ. અશ્વિન દેસાઈએ માણસ શોધું છું, પણ ક્યાં છે માણસ? વિષય પર વક્તવ્ય આપતા જણાવ્યું કે દેશની આઝાદી પૂર્વેની ૧૧૦ વર્ષ જૂની આ



સંસ્થા ૭૦ ટકા હિન્દુ અને માત્ર ૩૦ ટકા મુસ્લિમ બાળકોને શિક્ષણનું ભાથું પીરસે છે. જ્યારે આ સંસ્થા ગામના તમામ કોમના લોકોને પીવાના પાણી સહિત રાહત દરે દવાખાનું ચલાવી આરોગ્યલક્ષી સેવા પુરી પાડે છે. જે અભિનંદનને પાત્ર છે. આ પ્રસંગે વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા કાળુભાઈ શેલડીયાએ સમાજના લોકોમાં પેધું પડેલ વ્યસનોથી થતા ગેરલાભની સમજ આપી વ્યવસનોને તિલાંજલિ આપવા અપીલ કરી હતી. જ્યારે પ્રમુખ સ્થાનેથી વરાછા કો. ઓ. બેંકના એમ.ડી. કાનજીભાઈ ભાલાળાએ કોમી એકતાના પ્રતિક સમી આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.

શહેર સંક્ષિપ્ત

ગુજરાતમિત્ર દૈનિક
૦૬.૧૧.૨૦૧૫ (શુક્રવાર)

# મોટાવરાછા સ્કૂલમાં સુમેળ-સમન્વય-સંવાદ કાર્યક્રમ

By Sandesh, 07 Nov 2015 03:38 AM



**(7 Nov) સુરતઃ** સુરત શહેરના છેવાડે આવેલી સેવાભાવી લઘુમતી શૈક્ષણિક સંસ્થા મદ્રેસા ઇસ્લામિયા હાઇસ્કૂલના શિરિન હોલમાં રાષ્ટ્રીય એક્તા અને ભાઇચારાની ભાવનાને ઉજાગર કરતા સુમેળ-સમન્વય અને સંવાદ કાર્યક્રમમાં અરિબિક યુનિવર્સિટીના પ્રો.મૌલાના મુફતી મહમુદ બારડોલીવાલાએ રાષ્ટ્રની એક્તા-અખંડિતા પર સારે જહાં સે અચ્છા , હિન્દુસ્તા હમારાની પંક્તિ ઉચ્ચારતા જણાવ્યું કે હું પાકો દેશપ્રેમી રાષ્ટ્રભક્ત છું. રાષ્ટ્રમાં દેશપ્રેમ અને કોમી એખલાસભર્યા વાતાવરણનું નિર્માણ કરવા તમામ ધર્મના લોકો વચ્ચે ભાઇચારાની ભાવના, એકમેકના સુખ-દુઃખમાં સહભાગી સાથે શિક્ષણ પ્રત્યે સજાગ રહેવું જોઇએ. તેમણે કોમી એક્તાના પ્રતીક સમી આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી સંસ્થાના પ્રમુખ કાસીમ ભૈયાત, સેક્રેટરી ભાઇ વોરાજી તથા હાઇસ્કૂલના પ્રિન્સિપાલ એસ.જી.અમલાને અભિનંદન આપ્યા હતા. જ્યારે પ્રમુખસ્થાનેથી વરાછા કો.ઓ.બેંકના એમડી કાનજીભાઇ ભાલાળાએ કોમી એક્તાના પ્રતિક સમી આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી અભિનંદન આપ્યા હતા.

**Sandesh – Date : 07/11/2015**

# મલેકપોરમાં અંજુમને તાલીમુલ મુસ્લીમીનના સુવર્ણજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

આ કાર્યક્રમમાં મુફતી મહમૂદ બારડોલીએ શિક્ષણનું મહત્વ સમજાવી ગાણિતિક, ભૌગોલિક શિક્ષણનું મહત્વ સમજાવી ગણિત, ભૂગોળ, ખગોળ શાસ્ત્રમાં મહેનત કરી મુસ્લિમ વિદ્યાર્થીઓને આગળ વધવા માટે આહ્વાન કર્યુ હતું અને કહયું હતુ કે કુર્આનની ઘણી આયતો—પંકિતઓને સારી રીતે સમજવા માટે પણ આવા જ્ઞાનોની જરૂરત પડે છે. આજે મદ્રસાઓ વિશે જે ગેરસમજ ઉભી કરવામાં આવી છે તેનું પણ તેમણે ખંડન કર્યુ હતું.

(ગુજરાતમિત્રઃ તારીખઃ૩૦/૦૧/૨૦૧૮)

## 30-01-2018 ગુજરાતમિત્ર

# મલેકપોરમાં અંજુમને તાઅલીમુલ મુસ્લીમીનના સુવર્ણ જંયતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

**ગામના** શૈલેષભાઇ સુખાભાઇ ભક્તે પાંચ હજારથી વધુ લોકોનો જમણવાર પોતાના ખર્ચે યોજ્યો



પલસાણાઃ મલેકપોરમાં આવેલી સંસ્થા અંજુમને તાઅલીમુલ મુસ્લીમીનના ફળદાયી અસ્તિત્વના સ્થાપના વર્ષ ૧૯૬૮થી લઈ આજે ૨૦૧૮માં ૫૦ વર્ષ પુરા થતાં સુવર્ણ જયંતિનું આયોજન ભવ્ય રીતે કરવામાં આવ્યુ હતું. જેમાં અંજુમન હાઈસ્કૂલ મલેકપોરના ઉચ્ચ ક્રમાંકિત અને રાષ્ટ્રીય-રાજય કક્ષાએ વિવિધ સ્પર્ધામાં વિજેતા થનારા વિદ્યાર્થીઓ તથા ૨૦૧૭ના વર્ષમાં અભ્યાસમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનારા સમાજના હોનહાર સ્કોલરો અને દરેક સમાજના સેવાભાવી મહાનુભાવોની સેવાની કદર રૂપે સન્માન માટે બે દિવસથી શાળા સંકુલને શણગારી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંજુમનના જનરલ સેક્રેટરી અબ્દુલ રશીદ પટેલે સ્થાપનાકાળથી આજદિન સુધીનો ચિતાર આપી આ સંસ્થાને આજે આ સ્થાને પહોંચાડનારા ટ્રસ્ટીઓને યાદ કર્યા હતા. આ સંસ્થા ૨૫ બાળકોથી શરૂ કરી ૬૧૦ વિદ્યાર્થીઓ સુધી પહોચી છે અને અનેક ગરીબ બાળકોને દર વર્ષે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે.

કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી રાઠોડે સંસ્થાના વહીવટકર્તાઓની પ્રસંશા કરી, આ શાળા જિલ્લાની પ્રથમ શાળા છે કે જયાં મેથેમેટીક લેબ બનાવનાર પ્રથમ શાળાનું બહુમાન પ્રાપ્ત કર્યુ છે. અટલ લેબ માટે શાળાને સરકારે ૨૫ લાખની ગ્રાન્ટ આપી, ગરીબ બાળકોને શિક્ષણ આપવાનું ભગીરથ કામ સંસ્થા કરી રહી છે. મુફ્તી મેહમુદ બારડોલીએ શિક્ષણનું મહત્વ સમજાવી ગાણિતિક, ભૌગોલિક, ખગોળશાસ્ત્રમાં પારંગત થશે તો જ કુર્આનને સમજી શકાશે, મદ્રેસા વિશે આજે ગેરસમજ ઉભી કરવામાં આવે છે. જે મદ્રેસા થકી આજે કેટલાય બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. સ્વામી અગ્નીવેશ અધ્યક્ષ બંધુ મુક્તિ મોરચાએ જણાવ્યું હતું કે ગરીબ પછાતોની ઉન્નતિ માટેનું કાર્ય કરૂં છું. તમામ બાળકોને ઉચ-નીચના ભેદભાવ વિના શિક્ષણ મળવું જોઈએ. એક સમાન શિક્ષણની તરફેણ કરી, તેમણે મલેકપોર ગામની એકતાને બિરદાવી હતી. કારી અ.રશીદ અજમેરીએ જણાવ્યું હતું કે તમામને શિક્ષણનો હક મળવો જોઈએ. આજના દિવસે મલેકપોર ગામનો પ્રસંગ હોય ગામના શૈલેષભાઈ સુખાભાઇ ભકતે લગભગ પાંચ હજારથી વધુનો જમણવાર પોતાના ખર્ચે કરી એકતાની મિશાલ કાયમ કરી હતી.

## લગ્નના પાત્રની પસંદગી માટે ખાનદાન(કુટુંબ), સંપત્તિ કે અન્ય સુખ સુવિધાઓ જોવી ન જોઈએ. સમાજમાં લગ્નો ગરીબ હોય કે માલદાર હોય દરેકને ત્યાં સાદગીપૂર્વક થવા જોઈએઃ આઠમાં સમૂહલગ્નમાં મુફતી મહમૂદ બારડોલીવાળાનો અનુરાધ

આજે સવારે અત્રે જુની સિવીલ હોસ્પિટલ પાસે સુરત શહેર જમીઅતે ઉલમાએ હિન્દના ઉપક્રમે યોજાયેલા ૧૦૦ યુવાનોના સમૂહલગ્ન (ઈજતિમાઈ નિકાહ) પ્રસંગે બોલતા મુફતી મહમૂદ બારડોલીવાળા સાહેબે કહયું હતું કે આજકાલ યુવાનોમાં પ્રેમલગ્નોની હવા જામી છે પરંતુ એ યુવાનોને જાણી લેવું જોઈએ કે ઈસ્લામમમાં પ્રેમલગ્નોની કોઈ જોગવાઈ નથી. તેમણે વધુ કહયું કે ઈસ્લામ પ્રેમલગ્નની છુટ નથી આપતો પરંતુ લગ્ન પછી પતિ પત્નીમાં પ્રેમ બાબતે ભાર આપવામાં આવે છે અને યુવાનોને આંતર ધર્મિય લગ્નની મંજૂરી પણ ઈસ્લામ આપતો નથી. કોમના યુવાનો યુવતીઓએ બીજા ધર્મના યુવાન યુવતી સાથે લગ્નથી દૂર રહેવું જોઈએ. તેમણે ભારપૂર્વક કહયું હતું કે ખોટા આંતર ધર્મિય લગ્ન ને મોટું અને ખોટું સ્વરૂપ આપીને કોઈપણ સમાજને કે કોમને બદનામ કરવામાં ન આવે એમાં જ બધાની ભલાઈ છે. (ગુજરાતમિત્રઃ તારીખઃ ૦૭ મે/૨૦૦૭, સોમવાર)

## નવસારી મુસ્કાન એજયુકેશન ટ્રસ્ટ દ્વારા નોટ વિતરણઃ તારલાનું સન્માન

સુફીસંત મુફતી મહમૂદ બારડોલીવાળા સાહેબના પ્રેરણાદાયી પ્રવચનમાં તેઓએ રાષ્ટ્રની અસ્મિતા, ગૌરવ અને અખંડિતતા માટે કોમી એકતા ઉપર ભાર મૂકયો હતો. અલ્લાહ અને પરમેશ્વર–ઈશ્વર એક જ હોવાનું જણાવી કુર્આનના સંદેશાની છણાવટ કરી પઢાઈ એજયુકેશનના મહત્વને સમજાવ્યું હતું. આત્મવિશ્વાસ અને શ્રધ્ધાથી સિધ્ધી પ્રાપ્ત કરી શકાય છે. વિદ્યાર્થીઓને સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે પરીશ્રમ સાથે–સાથે ધર્મનું અનુકરણ કરશો તો તેમનામાં શ્રધ્ધા અને આત્મવિશ્વાસ વધશે. તેમ જણાવ્યું હતું. મુફતી સાહેબના અદ્‌ભુત વકતવ્યએ સેંકડો વિદ્યાર્થીઓમાં ચેતના પ્રગટાવી હતી. (મધ્યબિન્દુઃ તારીખઃ ૧૫ જૂન/૨૦૦૯) (ગુજરાતમિત્રઃ તારીખઃ૧૯ જૂન/૨૦૦૯, શુક્રવાર)

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી: સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા

તંત્રી: મુદ્રક: પ્રકાશક: ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

જરાતમિત્ર પ્રા.લિ. ● પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ ● e-mail :mitra@gujaratmitraonline.com ● ટે.નં.: જા.ખ. વિભાગ:૨૫૯૯૯૯૧, ફેક્સ:૨૫૯૯૯૯૦; વ્યવસ્થા/તંત્રી વિભાગ:૨૫૯૯

:૧૪૪ સંવત ૨૦૬૩ વૈશાખ વદ પાંચમ, સોમવાર તા. ૭ મે, ૨૦૦૭ અંક:




(તસવીર: દર્શન ...)

**કબુલ, કબુલ, કબુલ:** જમીઅતે ઉલેમાએ હિન્દ, સુરત શાખાના ઉપક્રમે આજે જુની સિવિલ હોસ્પિટલ પાસે અંદાજે એકસો - દુલ્હા - દુલ્હનના સાદગીસભર સમુહલગ્ન યોજાયા હતા તેની તસવીર. ખૂબ મોટી સંખ્યામાં લોકો ઈજતેમાઈ નિકાહમાં હાજર રહ્યા હતા

### આંતરધર્મિય લગ્ન અંગત બાબત છે: એમાં સમાજ કે કૌમને શિકાર ન બનાવો

# વર-કન્યાની પસંદગીમાં સદ્ચારિત્ર્ય અને આધ્યાત્મિકતાને પ્રાધાન્ય આપવું જોઈએ

**સુરત, રવિવાર:** આજે સવારે અત્રે જુની સિવિલ હોસ્પિટલ પાસે સુરત શહેર જમીઅતે ઉલ્માએ હિંદના ઉપક્રમે યોજાયેલા એકસો યુવાનોના સમુહલગ્ન - ઈજતેમાઈ નિકાહ પ્રસંગે બોલતાં મુફતી મહમૂદ બારડોલીવાલા સાહેબે કહ્યું હતું કે આજકાલ યુવાનોમાં પ્રેમલગ્નોની હવા જામી છે પરંતુ એ યુવાનોએ જાણી લેવું જોઈએ કે ઈસ્લામમાં પ્રેમલગ્નની કોઈ જોગવાઈ નથી.

## ખાનદાન, સંપત્તિ કે અન્ય સુખ સુવિધાઓ જોવી ન જોઈએ; સમાજમાં લગ્નો સાદગીપૂર્વક થવા જોઈએ: આઠમા ઈજતેમાઈ નિકાહમાં મુફતી મહમદ બારડોલીવાળાનો અનુરોધ

તેમણે વધુમાં કહ્યું કે જે ઈસ્લામ પ્રેમ લગ્નની ઈજાઝત નથી આપતો તે યુવાનોને ક્યાંથી આંતર ધર્મિય લગ્નની મંજૂરી આપી શકે? કૌમના યુવાનો-યુવતીઓએ બીજા ધર્મના યુવાન-યુવતી સાથે લગ્નથી દૂર રહેવું જોઈએ.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે આંતર ધર્મિય લગ્ન એ યુવાન હૈયાઓની અંગત બાબત છે કે એ યુવાનોના પરિવારોને લાગુ પડતી બાબત છે. મુફતી મહમૂદે કોઈ પણ વ્યક્તિ-સંસ્થાનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે આવા આંતર ધર્મિય લગ્ન પ્રસંગે સમગ્ર સમાજ કે કૌમને બદનામ કરવાથી દૂર રહેવામાં આવે તો સારું છે.

તેમણે કહ્યું કે શાદી માટે વડીલોની હાજરીમાં કન્યાઓને માત્ર જોવાની હોય છે અને પસંદગીની આ પ્રક્રિયા સિવાય બીજી કોઈ વિધિ કે પ્રક્રિયાની જોગવાઈ નથી. નિકાહ પૂર્વ 'લવ' નહીં 'લવ આફટર મેરેજ'ની રસમ અપનાવો.

લગ્ન બાદ પત્નિને ખૂબ પ્રેમ કરો અને તેની પાસેથી 'પ્રેમ' મેળવો. તેની તમામ જરૂરિયાત પૂરી કરવાની જવાબદારી ઉઠાવો અને સપરિવાર આનંદથી રહો. કેટલાક કિસ્સામાં એવું જોવા મળે છે લગ્ન પહેલા 'લવ' કરે છે. લગ્ન બાદ ઝઘડા. વર-કન્યાની પસંદગીમાં ખાનદાન સંપત્તિ કે અન્ય સુખ સુવિધાઓ જોવાને બદલે સદ્ચારિત્ર્ય અને આધ્યાત્મિકતાને પ્રાધાન્ય આપવું જોઈએ. આ બંને ગુણો લગ્નની પસંદગી પ્રક્રિયામાં અપનાવવા તેમણે અનુરોધ કર્યો હતો.

જંબુસરના મૌલાના અહમદ દેવલા સાહેબે કહ્યું હતું કે નિકાહ-લગ્ન એ ખૂબ સરળ બબત છે. કોઈ પણ પ્રકારના દંભ-આડંબર, દેખવ અને ભારે ખર્ચ વગર ખૂબ સાદગીથી લગ્નો થવા જોઈએ. નિકાહ પછી જે 'વલીમા' - જમણવાર કરવાનો હોય છે. તેમાં વધુ ખર્ચ કરવાને બદલે મર્યાદિત લોકો માટે તેનું આયોજન થવું જોઈએ.

તેમણે કહ્યું હતું કે કન્યાવાળા સામેથી વર પક્ષવાળાને શાદીનો પૈગામ મોકલે એ આપણે ત્યાં ખરાબ બાબત ગણવામાં આવે છે, જે બરાબર નથી.

તેમણે દિલ્હીના એક મહાન આલિમે પોતાની પુત્રીના લગ્નની દરખાસ્ત એક યુવાન આલિમનું પ્રવચન સાંભળી મૂકી હોવાના પ્રસંગનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે એ લગ્નને પરિણામ વર્ષો બાદ દેશને બે મહાન આલિમ-વિદ્વાનોની ભેટ મળી હતી.

નાનપુરા માર્કેટમાં તો જાણે ઉત્સવ જેવો માહોલ હતો અને સમગ્ર આયોજનમાં કાશ્મીરી મસ્જિદના મવલાના ફૈયાઝ લાતુરી અને તેમના સાથીઓની જહેમત દેખાઈ આવતી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ
શુક્રવાર તા. ૧૯ જૂન, ૨૦૦૯



નવસારી 'મુસ્કાન એજયુકેશન ટ્રસ્ટ' દ્વારા પાંચ વર્ષથી તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને નોટબુક વિતરણ કરે છે. આ કાર્યક્રમમાન જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભીમભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ પ્રેમચંદ લાલવાણી, મીનાબેન માંગલે, ઈસ્માઈલ ઉનવાલા, રમેશ હિરાણી સ્ટેન્ડીંગ ચેરમેન તસ્વીરમાં દ્દશ્યમાન છે. (તસવીર: ધનેશ પારેખ, નવસારી)

# નવસારી મુસ્કાન એજયુકેશન ટ્રસ્ટ દ્વારા નોટ વિતરણ: તારલાનું સન્માન

નવસારી: છેલ્લા પાંચ વર્ષથી મોઠવાડ મહોલ્લાનું 'મુસ્કાન એજયુકેશન ટ્રસ્ટ' વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકોનું વિતરણ કરે છે. અસ્તિત્ત્વનાં છઠ્ઠા વર્ષે પણ સુફી સંત મુફતી મોહંમદ બારડોલીવા઼ાની નિશ્રામાં વિવિધ ક્ષેત્રના તેજસ્વી તેમજ સમાજનાં ગરીબ અને હોંશિયાર વિદ્યાર્થીઓનું 'તેજસ્વિતા ચંદ્રક' સ્મૃતિ ભેટ અને નોટબુકના સેટ દ્વારા સન્માન કરાયું ત્યારે ઉપસ્થિત સેંકડો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આમંત્રિત મહેમાનોએ પ્રચંડ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. આ પ્રસંગે ૧૧૦૦ વિદ્યાર્થીઓને નોટબુકનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભીમભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ, નવસારી નગરપાલિકા પ્રમુખ પ્રેમચંદભાઈ લાલવાણી, વિજલપોર નગરપાલિકા પ્રમુખ મીનાબેન માંગલે, મુસ્કાન ટ્રસ્ટના પ્રમુખ ઈસ્માઈલભાઈ ઉનવાલા, નવસારી શહેર કોંગ્રેસ લઘુમતી મોરચાના પ્રમુખ ઈકબાલભાઈ મેમણ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રમેશભાઈ હિરાણી અને શિક્ષણ સમિતિના સદસ્યા પ્રોફેસર દિપ્તીબેન હરિયાણીના વરદહસ્તે ટોપટેન તારલાઓ જીતેન્દ્ર રાણા, સુનેરા શેખ, હિના અન્સારી, ઝીશાન ઝવેરી, કીરણ નાયકા, ગરીમા ધણીધારિયા, અસ્મા રંગરેજ, નાજ મૌલવી, ફારીયા મેમન અને હીર હરિયાણીનું અભિવાદન થયું હતું.

સુફીસંત મુફતી બારડોલીવાળા સાહેબના પ્રેરણાદાયી પ્રવચનમાં તેઓએ રાષ્ટ્રની અસ્મિતા, ગૌરવ અને અખંડિતતા માટે કોમી એકતા ઉપર ભાર મૂકયો હતો. અલ્લાહ અને ઈશ્વર એક જ હોવાનું જણાવી કુરાનના સંદેશાની છણાવટ કરી પઢાઈ-એજયુકેશનના મહત્ત્વને સમજાવ્યું હતું. આત્મવિશ્વાસ અને શ્રધ્ધાથી સિધ્ધિ પ્રાપ્ત કરી શકાય છે વિદ્યાર્થીઓને સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે પરિશ્રમની સાથે સાથે ધર્મનું અનુશિલન કરશો તે તેમનામાં શ્રધ્ધા અને આત્મવિશ્વાસ વધશે, તેમ જણાવ્યું હતું. મુફતી સાહેબનાં અદ્‌ભુત વકતવ્યે સેંકડો વિદ્યાર્થીઓમાં ચેતના પ્રગટાવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાત દર્પણ
વાપી : ૨૪૨૪૬૪૬ , ૯૩૭૫

# નવસારીમાં મુસ્કાન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે નોટ વિતરણ - તેજસ્વી તારલાઓનું સન્માન

નવસારી : છેલ્લા સાત વર્ષથી નવસારી અને વિજલપોર વિસ્તારના તેજસ્વી તારલાઓનું અભિવાદન કરતી અને કોઇપણ જાતના નાત-જાતના કે ધર્મના ભેદભાવ વિના ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરતી સંસ્થા તરફથી ચાલુ વર્ષે પણ મોઠવાડ મહોલ્લામાં હકડેઠઠ ૧૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકોનું વિતરણ સંપન્ન થયું હતું.

તેજસ્વી તારલાઓના સન્માનના સમારંભમાં તેજસ્વી સુફી સંત મુફતી મહેમુદ બારડોલીવાલાએ અધ્યક્ષસ્થાનેથી મુસ્કાન એજ્યુકેશન ટ્રસ્ટની કોમકોમ વચ્ચેની એકતાના પ્રતિક સમાન પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. સમારંભના મુખ્ય મહેમાન સામાજીક અગ્રણી અને રાષ્ટ્રપતિ એવોર્ડથી વિભૂષિત મહેશ કોઠારીએ મુસ્કાન એજ્યુકેશન ટ્રસ્ટની પ્રેરણાદાયી પ્રવૃત્તિથી પ્રભાવિત થઇ મુસ્કાન ટ્રસ્ટને રૂા. ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર)ના દાનની જાહેરાત કરી હતી. મહેશભાઇએ ઇસ્લામ ધર્મની ઉદાત્ત પરંપરાને સદૃષ્ટાંગ વર્ણવી હિન્દુ-મુસ્લીમ એકતા માટે સમાજે સહિયારો પુરુષાર્થ કરવાનો અનુરોધ કર્યો હતો. અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલાં મહાનુભાવો નવસારી નગરપાલિકાના પ્રમુખ પ્રેમચંદભાઇ લાલવાણી, હુસેનભાઇ માસ્ટર અને ઇલ્યાસભાઇ મૌલવીએ તેમના પ્રાસંગિક પ્રવચનોમાં તત્કાલિન અકળાવી મુકનારી પરિસ્થિતિમાં મુસ્કાન ટ્રસ્ટની પ્રવૃત્તિઓને અફાટ રણમાં મીઠી વીરડી સમાન ગણાવી, મુસ્કાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓને અભિનંદન પાઠવ્યા હતાં. પ્રારંભમાં અરબી ભાષામાં કુરાનની આયાતો દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. ટ્રસ્ટીઓએ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું.

તેજસ્વી તારલાઓ પ્રિયંકા દાણિધારિયા, મુનશી સમીના, કિરણ નાયકા, મુલતાની કરિશ્માબાનુ, ગરિમા દાણિધારિયા, ડૉ. આદિલ ઇસ્માઇલ, હીર હરિયાણી, મેમન મોહંમદઉબેદ, શેખ હફીમાબાનુ અને મકીયા ઇરફાન મેમણનું સન્માન તેજસ્વી ચંદ્રક, નોટબુકોનો સેટ, સ્મૃતિભેટ અને પ્રશંસ્ય પ્રમાણપત્ર આપી મહાનુભાવો અભિવાદન કર્યુ હતું. તેજસ્વી વિદ્યાર્થીઓનાં પ્રતિનિધિ તરીકે પ્રિયંકા જયેન્દ્રભાઇ દાણીધારિયાએ પ્રતિભાવ રજૂ કર્યો હતો. એક મુસ્લીમભાઇ તરફથી રૂા. ૧૦,૦૦૦ અને કર્ણ હરિયાણીએ રૂા. ૫૦૦૦નું દાન સંસ્થાને જાહેર કર્યુ હતું. આભારવિધિ ઇરફાનભાઇ મેમણે કરી હતી, મહેમાનોનું અભિવાદન ટ્રસ્ટના પ્રમુખ ઇસ્માઇલ ઉનવાલા ઉદઘોષણા ઇલ્યાસ શેખ અને યુનુસ કાપડીયાએ કરી હતી.

## મોઠવાડ મહોલ્લાના 'મુસ્કાન એજ્યુકેશન ટ્રસ્ટ'ની યુવા ઉત્કર્ષની કામગીરી

# સૂફી સંત મુફ્તી મોહમંદ સાહેબે રાષ્ટ્રની અસ્મિતા, ગૌરવ અને અખંડિતતા માટે કોમી એકતા ઉપર ભાર મૂક્યો

નવસારી

છેલ્લા પાંચ વર્ષથી મોઠવાડ મહોલ્લાનું 'મુસ્કાન એજ્યુકેશન ટ્રસ્ટ' વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકોનું વિતરણ કરે છે. અસ્તિત્વનાં છઠ્ઠા વર્ષે પણ સુફી સંત મુફતી મોહંમદ બારડોલીવાલા સાહેબની નિશ્રામાં વિવિધક્ષેત્રના તેજસ્વી તેમજ સમાજનાં ગરીબ અને હોશિયાર વિદ્યાર્થીઓનું 'તેજસ્વિતા ચંદ્રક' સ્મૃતિભેટ અને નોટબુકના સેટ દ્વારા સન્માન કરાયું ત્યારે ઉપસ્થિત સેંકડો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આમંત્રિત મહેમાનોએ પ્રચંડ તાળીઓના ગડગડાતથી તેમને વધાવી લીધા હતા. આ પ્રસંગે ૧૧૦૦ વિદ્યાર્થીઓને નોટબુકનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભીમભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ કનકભાઈ બારોટ, નવસારી નગરપાલિકા પ્રમુખ પ્રેમચંદભાઈ લાલવાણી, વિજલપોર નગરપાલિકા પ્રમુખ મીનાબેન માંગલે, મુસ્કાન ટ્રસ્ટના પ્રમુખ ઈસ્માઈલભાઈ ઉનવાલા, નવસારી શહેર કોંગ્રેસ લઘુમતિ મોરચાના પ્રમુખ ઈકબાલભાઈ મેમણ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રમેશભાઈ હિરાણી અને શિક્ષણ સમિતિના સદસ્યા પ્રોફેસર દિપ્તિબેન હરિયાણીનાં વરદહસ્તે ટોપટેન તારલાઓ જીતેન્દ્ર રાણા, સુનેરા શેખ, હિના અન્સારી, ઝીશાન ઝવેરી, કીરણ નાયકા, ગરીમા ધણીધારિયા, અસ્મા રંગરેજ, નાજ મૌલવી, ફારીયા મેમન અને હીર હરિયાણીનું અભિવાદન થયું હતું.

સુફીસંત મુફતી બારડોલીવાળા સાહેબના પ્રેરણાદાયી




પ્રવચનમાં તેઓએ રાષ્ટ્રની અસ્મિતા, ગૌરવ અને અખંડિતતા માટે કોમી એકતા ઉપર ભાર મૂક્યો હતો. અલ્લાહ અને ઈશ્વર એક જ હોવાનું જણાવી કુરાનના સંદેશાની છણાવટ કરી પઢાઈ-એજ્યુકેશનના મહત્વને સમજાવ્યું હતું. આત્મવિશ્વાસ અને શ્રધ્ધાથી સિધ્ધિ પ્રાપ્ત કરી શકાય છે વિદ્યાર્થીઓને સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે પરિશ્રમની સાથે-સાથે ધર્મનું અનુશિલન કરશો તે તેમનામાં શ્રધ્ધાં અને આત્મવિશ્વાસ વધશે તેમ જણાવ્યું હતું. મુફતી સાહેબનાં અદ્દભુત વક્તવ્યે સેંકડો વિદ્યાર્થીઓમાં ચેતના પ્રગટાવી હતી.

ભીમભાઈ પટેલ, પ્રેમચંદભાઈ લાલવાણી અને કનકભાઈ બારોટે મુસ્કાન ટ્રસ્ટની વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતી પ્રવૃત્તિને બિરદાવી હતી અને કોમી એક્તાનાં પ્રતિક સમાન આ કાર્યક્રમ યોજવા માટે રફીકભાઈ ઈંટવાલા અને મુસ્કાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સેવાની ભાવનાની પ્રશંસા કરી હતી.

મુસ્કાન ટ્રસ્ટના વિનામૂલ્યે નોટબુક વિતરણ કાર્યક્રમની આભારવિધિ ઈરફાનભાઈ મેમણે કરી હતી. જ્યારે સભા સંચાલન અરૂણભાઈ હરિયાણીએ કર્યું હતું. નોટબુક વિતરણ સમારંભ તથા તેજસ્વી તારલાઓના સન્માનના કાર્યક્રમને સફળ બનાવવા માટે મુસ્કાન ટ્રસ્ટના ટ્રસ્ટી રફીકભાઈ ઈંટવાલા, સતીષભાઈ શર્મા, ઈરફાન મેમણ, નિશાર મેમન, સોયેબભાઈ શેખ, ઐયુબભાઈ પઠાન, અલતાફ કુરેશી વિગેરે મહાનુભાવોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ મહેનત કરી હતી.

## મુસ્કાન ટ્રસ્ટ દ્વારા ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને નોટબુકનું વિનામૂલ્યે વિતરણઃ ૧૦ તેજસ્વી તારલાઓનું સન્માન

THE CENTER POINT મધ્યબિન્દુ તા.૧૫/૦૬/૨૦૦૯ (૪)
THE CENTER POINT મધ્યબિન્દુ GRAPHICS, SHRUSHTI APPARTMENT, LUNSIKUI ROAD, NAVASRI (GUJARAT).
...STR... EKARI, NAVSARI - 396 445 (GUJARAT.)

## બધા ધર્મના લોકો એક થશે તો ભારત મહાસત્તા બનશે, અંગ્રેજોએ રોપેલા સાંપ્રદાયિકતાના બીજને કોઈએ પણ પાણી પીવડાવવું ન જોઈએ
## દેશની પ્રગતિ એકતાના કારણે થાય છે,
## મુફતી મહમૂદ બારડોલી

નવાપુર ખાતે એન.પી.નગર ભજન ખાતે સ્વાતંત્ર્ય નિમિત્તે તમામ ધર્મોઅને તમામ રાજકીય પક્ષોની હાજરીમાં આઝાદી વિશે સરસ વાત કરી હતી. સાથે—સાથે એક મહત્વની વાત એ પણ કરી કે જગતમાં ઘણાં દેશોમાં મને જવાનું થાય છે પરંતુ ભારતદેશ જેવી કોમી એકતા કયાંય જોવા નથી મળી, તેમજ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઉલમાઓની મહત્વની ભૂમિકા વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી.

નોટઃ આ સભારંભમાં કેન્દ્ર સરકારના ગૃહરાજયમંત્રી શ્રી માણેકરાવ ગામિત સાહેબ તેમજ મહારાષ્ટ્ર સરકારના રોડમંત્રીશ્રી પણ ઉપસ્થિત હતા અને જુનેદભાઈ પાનવાલા સાહેબે આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે ઘણી મહેનત કરી હતી.

(દેશદૂત, નંદુરબાર—ધુલે મરાઠી ન્યૂઝ પેપરઃ તારીખઃ૧૯/૦૮/૨૦૦૯) (આપલા મહારાષ્ટ્રઃ મરાઠી ન્યૂઝ પેપરઃ તારીખઃ૧૮/૦૮/૨૦૦૯) (નંદુરબાર સાતપુડા પરિસર, આપલા મહારાષ્ટ્ર, નંદદર્શનઃ મરાઠી ન્યૂઝ પેપરઃ તારીખઃ૨૦/૦૮/૨૦૦૯) (ઓરંગાબાદ ટાઈમ્સ ઉર્દુડેઈલીઃ તારીખઃ૧૩/૦૮/૨૦૦૯) (લોક અદાલત સાપ્તાહિક, તારીખઃ૦૩/૦૯/૨૦૦૯ થી ૦૯/૦૯/૨૦૦૯)

(جمعرات)13-08-2009

THE LARGEST CIRCU
RNI Registration No.16872/68
-mail : aurangabadtimes@gmail.com
بانی : عزیز خسرو (مرحوم)
TRAL MAHARASHTRA
R. No. CR/RNP/AGD-24/2009
www.aurangabadtimes.net

# اورنگ آباد ٹائمز

AURANGABAD TIMES URDU DAILY

## مفتی محمود قاسمی بارڈولی کا ۱۵؍اگست بروز سنیچر ایم آر پیلس میں خواتین سے خطاب

اورنگ آباد ۱۲؍اگست (راست) دین اسلام ایک مکمل ضابطہ حیات کا نام ہے زندگی کے ہر شعبہ میں ہر فرد مرد عورت سے متعلق اسلام میں پوری رہنمائی موجود تھے۔ جو اللہ تعالیٰ سورہ انبیاء میں ارشاد ہے ہم تمہارے پاس ایسی کتاب بھیج چکے ہیں۔ کہ اسمیں تمہاری نصیحت موجود ہے۔ کیا پھر بھی نہیں سمجھتے۔ علم کا جاننا مردوں اور عورتوں دونوں کیلئے یکساں طور پر ضروری ہے۔ علم سے دوسری دین سے دوری ہے۔ اور مردوں سے زیادہ عورتوں کیلئے دینی علم حاصل کرنا ضروری ہے۔ تاکہ خواتین اپنی اولاد کی تعلیم و تربیت علم کی روشنی میں کر سکے۔ خواتین اسلام میں اسی شعور کر بیدار کرنے کیلئے مورخہ ۱۵؍اگست بروز سنیچر دوپہر ۰۰۔۳ بجے بمقام ایم آر پیلس عقب دربار ہوٹل رحمانیہ کالونی نزد حبیبہ مسجد رحیم نگر اورنگ آباد خواتین کیلئے ایک اہم جلسہ عالم زیر اہتمام فیض عالمگیر" مرکز مکاتب دینیات ضلع اورنگ آباد۔ منعقد کیا گیا ہے۔ اس خواتین کے اس اجتماع سے صوبہ گجرات کے مشہور عالم دین مفتی محمود قاسمی بارڈولی انشاء اللہ دینی و اصلاحی ودعوتی خطاب فرمائیں گے۔ برادران اسلام سے گذارش ہے کہ اپنی خواتین کو اس اجتماع میں پہونچا کر حضرت مفتی کے روحانی و دینی خطاب سے سفید ہونے کا موقع دیں۔ نیز حضرت مفتی محمود قاسمی ۱۵؍اگست بروز سنیچر بعد نماز مغرب ۳۰۔۷ بجے بمقام مولانا آزاد ریسرچ سینٹر مجنوں ہل ٹی وی سینٹر اورنگ آباد میں جمعۃ العلماء شہر اورنگ آباد کے زیر اہتمام منعقدہ اجلاس بعنوان تحریک آزادی میں عام عوام کا کردار سے خطاب فرمائیں گے۔ برادران اسلام سے پر خلوص گذارش ہے کہ مع دوست واحباب کثیر تعداد میں شرکت فرما کر اس تاریخی اجلاس سے مستفید ہوں اس طرح کی اطلاع الحاج خلیل خان صدر جمعیۃ علماء شہر اورنگ آباد و خدام فیض عالمگیر ٹاکلکر سینٹر ناکہ روڈ اورنگ آباد کی جانب سے مولانا محمد صادق جامعی ناظم مدرسہ عربیہ مظاہر حق معرواڑی نے پریس نوٹ کے ذریعہ دی۔

## دن دہاڑے تین مکانوں میں سرقہ

اورنگ آباد: ۱۲؍اگست (نامہ نگار) کل تین مقامات پر پیش آئیں سرقہ کی وارداتوں میں سارقوں نے ہزاروں روپے مالیت کے زیورات اور نقد رقم لوٹ لی۔ پولس نے بتایا کہ نندن ون کالونی میں صبح ۳۰:۸ تا ۱۲ بجے کے درمیان مکان مالک راجیشور مرلی دھر پاٹل ۳۸ [illegible] کارتک نگر میور پارک میں پیش آیا۔ یہاں سے سارقوں نے ۲۳ ہزار کے زیورات اور ۸ ہزار نقد سرقہ کر لئے۔ انیل دامودھر ساڑوے کی شکایت پر سڈکو پولس نے کیس درج کیا۔ آنند نگر میں اسی دن دوپہر ۲ بجے کے قریب قفل توڑ کر سارق اندر داخل ہوئے اور الماری سے ۹ [illegible]

देशदूत संमिश्र

नंदुरबार,धुळे आवृत्ती

बुधवार, दि. १९ ऑगस्ट २००९



नवापूर येथे सर्वपक्षीय व सर्वधर्मिय कौमी एकता कार्यक्रमात बोलतांना पालकमंत्री ना.सुरुपसिंग नाईक, समवेत हजरत मौलाना मुफ्ती महेमुद , माजी नगराध्यक्ष बिपीन चोखावाला, शिरीष नाईक, भरत गावीत, उद्योजक आरीफ बलेसरीया, शिवसेनेचे अमृत लोहार, हसमुख पाटील, हाजी अबुबकर बलेसरीया आदी.

# एकता झाल्यास भारत महासत्ता बनेल :हजरत मौलाना

**नवापूर** (ता.प्र.)- भारत देशातील सर्व धर्माचे एकत्रीत आले व कौमी एकता झाली तर हा देश महासत्ता होईल, या भितीने जगातील महासत्ताधीश देश आपल्या देशात काहीनाकाही निमित्ताने दोन धर्म समाज व राज्यामध्ये नेहमी दुरावा रहावा म्हणून खतपाणी घालीत आहेत, असे विचार हजरत मौलाना मुफ्ती महेमुद साहब (बारडोली) यांनी व्यक्त केले आहे.

नवापूर येथे न.पा. नगरभवन येथे स्वातंत्र्य दिनानिमित्त सर्वधर्मीय व सर्व राजकीय पक्षाच्य विद्यमाने आयोजित आझादी की विरासत को संभालकर देशकी प्रगती मे कौमी एकता का महत्व या व्याख्यान प्रसंगी मुस्लीम समाजामध्ये आदराचे स्थान असलेले व अभ्यास मौलाना मुफ्ती यांनी सांगितले की मी जगभराचा प्रवास कला आहे. परंतु भारतासारखी कौमी एकता कुठेच दिसून आली नाही. इतिहास साक्षी आहे की, आपसाच्या लढाईमुळेच आपला देश गुलाम झाला होता. इंग्रजांनीही दोन समाजामध्ये भांडणे लावू नये सत्ता मिळविली होती. आज परत काही देश व राजकीय नेते दोन समाजामध्ये भांडणे लावून वैमनस्य निर्माण करीत आहे. त्यासाठी सर्वधर्मानी एकत्रित येवून समस्यावर विचार करून तोडगा शोधल्यास आपला देश परत सोने की चिडीया होईल अशा विश्वास असल्याचे मौलाना यांनी सांगितले.

कार्यक्रमाच्या अध्यक्षानावरून बोलतांना पालकमंत्री ना.सुरूपसिंग नाईक यांनी सांगितले की, जातीय वाद हा विषय राजकारणी लोकांनीच आपल्या स्वार्थासाठी वाढविला आहे. गुंडगिरी करणाऱ्यांची जात नसते म्हणून देशाचा एकतेसाठी सर्व जाती, धर्माचा लोकांनी एकत्रित येवून समस्येवर विचार केल्यास जातीयवादी यांना संधीच मिळणार नाही. तसे प्रवास करावे व शासनास सहकार्य करावे असे आवाहन केले. याप्रसंगी खा.माणिकराव गावीत, नगराध्यक्ष गोविंदराव वसावे, पोलीस अधिक्षक निळकंठ म्हस्के, राष्ट्रवादीचे प्रदेश चिटणीस दिलीप नाईक यांनीही आपले विचार मांडले.

या कार्यक्रमाला माजी नगराध्यक्ष बिपीन चोखावाला, शिरीष नाईक, भरत गावीत, उद्योजक आरीफ बलेसरीया, शिवसेनेचे अमृत लोहार, हसमुख पाटील, हाजी अबुबकर बलेसरीया, पोलीस निरीक्षक शांताराम बोरसे, धर्मेश अग्रवाल, माजी नगराध्यक्ष गिरीष गावीत, नरेंद्र नगराळे, गुलाम व्होरा यांच्यासह सर्व राजकीय पक्षाचे पदाधिकारी, कार्यकर्ते व मुस्लीम समाज बांधव उपस्थित होते.

आपला महाराष्ट्र

नंदुरबार
सातपुडा परिसर

गुरुवार, दि.२० ऑगस्ट २००९



नवापूर येथे सर्वधर्मीय व पक्षीय समितीद्वारा 'देश की प्रगती में कौमी एकता का महत्त्व' या विषयावर आयोजित कार्यक्रमात मार्गदर्शन करताना पालकमंत्री सुरूपसिंग नाईक. सोबत उपस्थित मान्यवर. (छाया : प्रेमेंद्र पाटील)

# एकतेमुळेच देशाची प्रगती -मुफ्ती मेहमूद

**नवापूर, दि.१९ (वार्ताहर)-** 'आझादी की विरासत को संभालकर-देश की प्रगती में कौमी एकता का महत्त्व' या विषयावर येथे सर्वधर्मीय व पक्षीय समितीद्वारा ऑल इंडिया मुस्लीम पर्सनल लॉ बोर्डाचे सदस्य मौलाना मुफ्ती मेहमूद यांचे व्याख्यान झाले. देशाची प्रगती एकतेमुळेच होऊ शकते, असे त्यांनी विविध संदर्भ देत सांगितले.

स्वातंत्र्य दिनानिमित्त आयोजित हा कार्यक्रम परिवहनमंत्री सुरूपसिंग नाईक यांच्या अध्यक्षतेखाली झाला. खासदार माणिकराव गावीत यांच्या प्रमुख उपस्थितीत पालिकेच्या नगर भवनात हा कार्यक्रम झाला. अतिथी म्हणून जिल्हा पोलीस अधीक्षक नीळकंठ म्हस्के, नगराध्यक्ष गोविंदराव वसावे, साखर कारखान्याचे चेअरमन शिरीष नाईक, व्हाईस चेअरमन भरत गावीत, उद्योजक विपीनभाई चोखावाला, जामा मशीद ट्रस्टचे विश्वस्त हाजी मुसाजीभाई कासम मुल्ला, राष्ट्रवादी काँग्रेसचे प्रदेश सरचिटणीस दिलीप नाईक, समदभाई बलेसरिया, गफ्फारभाई मेमन यांच्यासह प्रतिष्ठित व्यापारी उपस्थित होते.

याप्रसंगी नगराध्यक्ष वसावे, दिलीप नाईक, खासदार गावीत, पोलीस अधीक्षक म्हस्के, पालकमंत्री नाईक यांनी कौमी एकतेचे महत्त्व स्पष्ट करून त्याचे फायदे कसे व किती याबद्दलची माहिती दिली. गुण्या-गोविंदाने आगामी काळात येणारे सर्व धार्मिक सण सर्व समाजबांधवांनी एकत्र येऊन साजरे करावे, असे आवाहन मान्यवरांनी केले.

स्वातंत्र्यकाळात सर्व समाजांमध्ये असलेले ऐक्य किती प्रभावशाली ठरले, स्वातंत्र्यकाळातील आंदोलनाचे टप्पे, जनतेचा सहभाग व नेत्यांची भूमिका अशा अनेक विषयांवर प्रकाश टाकून मौलाना मुफ्ती मेहमूद यांनी देशाच्या प्रगतीत सामाजिक एकोपा किती महत्त्वाचा आहे हे पटवून दिले. सामाजिक ऐक्याच्या धर्तीवर शहरात असा कार्यक्रम प्रथमच आयोजित करण्यात आल्याने शहरासह तालुक्यातील विविध भागातील सर्व पक्षाचे पदाधिकारी, कार्यकर्ते तथा सर्व समाजातील बांधवांचा कार्यक्रमास अभूतपूर्व प्रतिसाद लाभला.

प्रास्ताविक जामा मशीद ट्रस्टचे विश्वस्त गुलामभाई व्होरा यांनी केले. अतिथींचे स्वागत आरिफभाई बलेसरिया, मौलाना कारी हारून, सेनेचे हसमुख पाटील, अमृत लोहार, विजय सैन, गणेश वडनेरे, माजी नगरसेवक अयुब बलेसरिया, नगरसेवक हारून खाटीक, इलियास कुरैशी यांनी केले. अमृत लोहार यांनी आभार मानले.

## केळी लागवडीत वाढ

**ब्राह्मणपुरी, दि.१९ (वार्ताहर)-** येथे व परिसरासह शेतीच्या कामांना वेग आला आहे. मजुरांची टंचाई जाणवत आहे. पावसाच्या उघडीपने शेतीच्या मशागतीस वेग आला आहे. मागील दोन वर्षात उसाला योग्य भाव नसल्याने यंदा शेतकऱ्यांनी केळी लागवड, कापूस, सोयाबीनचा पेरा मोठ्या प्रमाणात केला आहे.

लेक्टर

गावित, उपअभियंता पी. एन. पवार यांच्या मार्गदर्शनाखाली शाखा अभियंता बबनराव जगदाळे, वेच्या गावित, अशोक गावित, नरपत गावित, प्रतापपूरचे पंचायत समिती सदस्य विनायक गावित, बाळकृष्ण गावित, धनजी गावित, मोहन गावित उपस्थित होते.

TODAY 3
सकाळ, नंदुरबार
शनिवार, २२ ऑगस्ट २००९

# मौलाना मेहमूद यांचे नवापूर येथे व्याख्यान

सर्वधर्मीय, पक्षीय समितीतर्फे उपक्रम

सकाळ वृत्तसेवा

नवापूर, ता. २१ : येथील सर्वधर्मीय व पक्षीय समितीतर्फे ऑल इंडिया मुस्लिम पर्सनल लॉ बोर्डाचे सदस्य मौलाना मुफ्ती मेहमूद यांचे व्याख्यान नुकतेच झाले. 'आझादी की विरासत को संभालकर देश की प्रगती मे कौमी एकता का महत्त्व' हा त्यांच्या व्याख्यानाचा विषय होता. परिवहनमंत्री सुरूपसिंग नाईक अध्यक्षस्थानी होते.

खासदार माणिकराव गावित, जिल्हा पोलिस अधीक्षक निळकंठ म्हस्के, नगराध्यक्ष गोविंदराव वसावे, शिरीष नाईक, भरत गावित, विपीनभाई चोखावाला, हाजी मुसाजीभाई कासम मुल्ला, दिलीप नाईक, समद बलेसरिया, गफार मेमन प्रमुख पाहुणे होते.

श्री. वसावे, श्री. नाईक, खासदार गावित, पोलिस अधीक्षक म्हस्के यांनी सामाजिक एकतेचे महत्त्व स्पष्ट केले. मौलाना मुफ्ती मेहमूद यांनी देशाच्या प्रगतीत सामाजिक एकोपा महत्त्वाचा आहे, असे स्पष्ट करून स्वातंत्र्यकाळात सर्व समाजांत असलेले ऐक्य किती प्रभावशाली ठरले, याची माहिती दिली. स्वातंत्र्य मिळविण्यासाठी प्रत्येक समाजातील नागरिकांनी आपल्या जिवाची पर्वा न करता लढा दिला. सामाजिक ऐक्याच्या पार्श्वभूमीवर शहरात असा कार्यक्रम प्रथमच झाला. जामा मशीद ट्रस्टचे विश्वस्त गुलाम व्होरा यांनी प्रास्ताविक केले. अमृत लोहार यांनी आभार मानले.

# देशाच्या प्रगतीत सामाजिक एकोपा महत्वाचा - मौलाना मुफ्ती मेहमुद

नवापूर (प्रतिनिधी)- आझादी की विरासत को संभालकर देश की प्रगती में कौमी एकता का महत्व या विषयावर नवापूरात सर्व धर्मिय व पक्षीय समितीद्वारा ऑल इंडिया मुस्लीम पर्सनल लॉ बोर्डाचे सदस्य मौलाना मुफ्ती मेहमुद यांचे व्याख्यान आयोजित करण्यात आले.

भारतीय स्वतंत्रता दिवसाचे औचित्य साधुन आयोजित हा कार्यक्रम परिवहन मंत्री ना. सुरुपसिंग नाईक यांच्या अध्यक्षतेखाली व विभागाचे खा. माणिकराव गावीत यांच्या प्रमुख उपस्थितीत पालिकेच्या नगर भवनात आयोजित करण्यात आला. या प्रसंगी अतिथी म्हणून जिल्हा पोलीस अधिक्षक निळकंठ म्हस्के, नगराध्यक्ष गोविंदराव वसावे, साखर कारखान्याचे चेअरमन शिरीष नाईक, व्हाईस चेअरमन भरत गावीत, उद्योजक विपीनभाई चोखावाला, जामा मशीद ट्रस्टचे विश्वस्त हाजी मुसाजीभाई कासम मुल्ला, राष्ट्रवादी काँग्रेस प्रदेश सरचिटणीस दिलीप नाईक, समदभाई बलेसरिया, गफ्फारभाई मेमण यांच्यासह प्रतिष्ठित व्यापारी उपस्थित होते.

या प्रसंगी नगराध्यक्ष गोविंदराव वसावे, दिलीप नाईक, खा. माणिकराव गावीत, जिल्हा पोलीस अधिक्षक निळकंठ म्हस्के, पालक मंत्री ना. सुरुपसिंग नाईक यांनी कौमी एकतेचे महत्व स्पष्ट करून त्याचे फायदे कसे व किती या बद्दलची माहिती दिली. गुण्या-गोविंदाने आगामी काळात येणारे सर्व धार्मिक सण सर्व समाज बांधवांनी एकत्र येऊन साजरे करावे असे आवाहन मान्यवरांनी केले. मौलाना मुफ्ती मेहमुद यांनी स्वातंत्र्यकाळात सर्व समाजामध्ये असलेले ऐक्य किती प्रभावशाली ठरले, स्वातंत्र्य काळातील आंदोलनाचे टप्पे, जनतेचा सहभाग व नेत्यांची भूमिका अश्या अनेक विषयांवर प्रकाश टाकुन देशाच्या प्रगतीत सामाजिक एकोपा किती महत्वाचा आहे हे पटवून दिले. सामाजिक ऐक्याच्या धर्तीवर शहरात असा कार्यक्रम प्रथमच आयोजित करण्यात आल्याने शहरासह तालुक्यातील विविध भागातील सर्व पक्षाचे पदाधिकारी, कार्यकर्ते तथा सर्व समाजातील बांधवांचा कार्यक्रमास अभुतपुर्व प्रतिसाद लाभला.

कार्यक्रमाचे प्रास्ताविक जामा मशिद ट्रस्टचे विश्वस्त गुलामभाई व्होरा यांनी केले. अतिथींचे स्वागत आरिफभाई बलेसरीया, मौलाना कारी हारुन, सेनेचे हसमुख पाटील, अमृत लोहार, विजय सैन, गणेश वडनेरे, माजी नगरसेवक अय्युब बलेसरीया, नगरसेवक हारुन खाटीक, ईलियास कुरेश यांनी केले. उपस्थितांचे आभार अमृत लोहार यांनी मानले.

० * शनिवार दि. २२ ऑगस्ट २००९ *
वाचा..... आदिवासी आवाज

साप्ताहिक ॥ सत्यमेव जयते ॥

# लोक अदालत

माननीय
पत्ता

☎ : (ऑ) २५१८५०
मो. ९४२१५३३४४०

पोस्ट परवाना A/R/DHL/47/09 TO 11 (R.N.I.) भारत सरकार नोंदणी क्रमांक : ६६८४४/९६

वर्ष १४ वे अंक ५ वा मुख्य संपादक : श्री. बालुरामजी शर्मा, नवापूर. गुरुवार, दि. ०३/०९/२००९ ते ०९/०९/२००९ पाने ४ किं.रु. २/-

## मक्काकी पवित्र हाज यात्रासेभी अधिक हिंदुस्थान के मुस्लिमोंने आजादी को समझा

## अँग्रेजोने ५ लाख मुसलमानों सहित २७ हजार मोलवीयोंको फाँसीपर लटकाया था

नवापूर (का.प्र.) :- अपना व्याख्यान सुरु करने से पहिले कुछ पवित्र कुरान की आयातें पढने के बाद कहा सबसे पहले मैं आज तमाम देशवासी भाईयों को नवापूर और नवापूरके अंतरात्म में रहनेवाले सभी धर्म के सभी पार्टीयोंने संबंध रखनेवालो को दिलसे मुबारकबाद देतू हूँ।

एक सच्ची बात बतला रहा हूँ आजका ये दिन नवापूर की जमीन के लिए यों समझलेकी ईद के दिनसे कम नहीं है।

इतनी शानदार कौमी एकता जो इसवक्त हमें नजर आ रही है अल्लाह इस कौमी इकताको महफूज रखे, (बुरी नजरसे बचाये०

एकबात मैं आपको धर्म पुस्तको से भी कहता हूँ कुरान में भी है, वेद में भी है, कुछ, कुछ वेद भी पढा हुआ हूँ, सबसे पहले मानव, सबसे पहले इन्सान जिसको हम कुरान की परिभाषा में आदम कहते है, और वेद की भाषा में मनु कहा गया है, मैं आपकी जानकारी के लिए बतलाना चाहता हूँ, अल्लाह ने परमेश्वरने जब आदम को मनु को इस पृथ्वीपर इस जगत में भेजने का फैसला किया तो अल्लाहने, परमेश्वर ने उसके लिए हिंदुस्थान की जमीन को पसंद फरमाया इसे आप अंदाजा लगा सकते है के अल्लाह के नजर के अंदर हमारे इस मुल्क की इस हिंदूस्थानकी व हिंदूस्थान की इस जमीन की, कितनी कदर होगी, कितनी अहेमियत होगी, इसे आप अंदाजा लगा सकते है।

और एकबात अपनी आँखो से देखी हुई है पुरे यकीन और इतराम से कहूँ मैं धार्मिक व्याख्यान के लिए दुनिया के चारों भागों में सफर कर चुका हूँ, अमेरिका से न्युझीलंड, युरोपसे थाईलंड से न्युयॉर्क से अफ्रिका तक सफर कर चुका हूँ मैं यकीन के साथ कहना चाहता हूँ की इतने सारे मुल्कों के सफर के बाद ऐतेमात से कहना चाहताहूँ जो कौमी एकता, हमनें हिंदुस्तान में देखी है वो दुनिया के किसी भी मुल्क में नही देखी।

और मैं आपसे क्या अर्ज करु अभी हमारे माणिकराव दादाजी इन्होंने सुरुपसिंग नाईक इन्होने बहोत खुबसुरत बात कही उनसे पहले एस.पी. साहेबने एक बात कही के वो दिल को लगनेवाली

हजरत मौलाना मुफ्ती महेमूद साहब



व आज के जमाने के ऐतबार से बहुत जरुरी बात थी, सभी दर्म के एक दुसरे से मिलें व एक दुसरे को समझने की कोशीश करें और एक दुसरे के बारें में गलत फैहमी (मिसअन्डर स्टेडींग) है उसे दुर करने की कोशीश करे, मैं नवापूर के सभी आयोजकों को जो इसका आयोजन किया है। आज के जमाने की बहोत अहम जरुरत पर प्रोग्राम रखा है, आपकी इस कोशीश को अल्लाह महफूज रखे, (बुरीनजर से बचाये)

मैं आपको एक हिस्ट्री का स्टुन्डंट होने की हैसियत के नाते एक दो बाते आपसे बतलांदू की, हमारा देश गुलामीं की जंजीरोमे कैसे गया ता, देश गुलाम कैसे बना था? मेरे सामने हिस्ट्री, इतिहास के लिहाजसे इसकदर रिफरेन्स है की मैं उनके बिना रुक भी नही सकता हूँ, हमारा देश गुलामीं की जंजीरों में जकडा गया था वो हमारे आपसके रहनसहन व आपसके कलह झगडों के वजह सें हमारा देश गलाम की जंजीरो में गया था।

ब्रिटीश गर्व्हमेंट की डिव्हाडेंट पॉलिसी है उस पॉलिसी से गंदा फायदा उठाकर के हमें गुलामी की जंजीरोंमें जकडके रखा और सोने की चिडीया जैसे हमारे इस मुल्क को लुट खसोट करके तबाह करने में कोई कमी नही छोडी।

लेकिन जिस दिन हमारी आँख खुली है उस दिन से हमने संभलकर इस गल्ती को दुरुस्त ठिक करने की कोशीश की है आजादी की मंजिल बहोत जल्द हमारे हाथ में आई है, आपकी जानकारी के लिए ये भी बतलादू की ब्रिटीश गर्व्हमेंट ने जो भी कुछ इस देश में किया है उसके सारे रेकॉर्ड ऑल रेकॉर्ड लंडन शहर के लायब्ररी में मौजूद है, और मैं ब्रिटीश लायब्ररी का सदस्य हूँ मेंबर हूँ मैने खुद वहाँ जाकर रिसर्च किया है।

आपसे ये बतलांदू की १८५७ के अंदर जब हमारे देशवासी जिसमें सभी धर्म के सिपाई थे जब आजादी की लढाई सुरु की थी तो आपको ये बात जानकर सुनकर ताजुब होगा की आजादी के सिपाई जब मेरठ से रवाना होकर दिल्ली के लालकिल्ले के अंदर पहुँचे तो खुद हिंदु सिपाईयोने खुद चलकर के बादशाह जफर से विनंती की के हमारी इस चळवळ के जनरल, कनरल, कमांडर, चीफ आप ही रहेंगे और हम आपको अबना बडा मानते है, डॉ. ई,सी. जोशी अपनी बुक के पेज नं. १८४ में लिखी की हिंदु सिपाईयों ने आगे चलकर बहादूर शाह जफर को फ्रिडम फाईट का हेड लिडर बनाया, उसका सबसे बडा बेनिफिट ये हुवा की, हिंदू मुसलमानों के बीच एकता हो गई और एकबात मैं आपसे कहूँ डॉ. बिपीनचंद्र अपनी बुक फ्रिडम के पेज नं. ४३ पर लिखते है के हिंदू और मुस्लिम आये १८५७ के बार (लढाई) के मोकेपर एक दुसरे की भावना की कदर करते थे, डॉ. बिपीनचंद्र लिखते है वो हम में से हर एक को सुनने के काबिल है के १८५८ से पहले देश के अंदर कौमोवाद का नामोनिशान नही था, इसमे थे बात खुद हमारे सामने आती है की, ब्रिटीशों ने आकर के देश में नापाक बीज लगाये और वो इसिलिए लगाये थे के वो हमारे मुल्क को तबाह और बरबाद करना चाहते थे, एक मर्तबा हम इसकी सजा भुगत चुके है, अब हम सब को मिल जुल करके आज के इस सैमीनार में प्रतिज्ञनां करके जाना है की, इस भूल को इन्शाअल्लाह कभी नही होने देंगे।

और मैं ये बात आपसे बहोत यकीन के साथ कर रहा हूँ की वीर सेनानी तात्या टोपे जब कानपूर से अँग्रेजों के सामने लडते हुये लखनवू पहुँचे तो उस जमाने में लखनऊ की मुस्लिम रानी हजरत महल थी वीर सैनानी तात्या टोपे का शानदार स्वागत किया, इस निस्बत से किया की ये कोई मुसलमान नही है, परंतु इसने देश के खातिर कितनी जबरदस्त कुर्बानी दी है तो रानी महल ने दरवाजे पर ११ ताफों के साथ वीर तात्या टोपे को सलामी दी और लखनऊ के आलेशान शीश महलने तात्या टोपे को रखा और वहाँ उन्होंने आलेशान इनाम और एजाज से नवाजा और रानी बेगम महल ने ये कहा के हम देश की आजादी के बारे में कोई हम मुस्लिम नही कोई हिंदू नही हम एके है, एके देशवासी है इसी लिए मैं आपका स्वागत करती हूँ। फिर नाना साहेब लखनऊ से कानपूर में अँग्रजों के खिलाफ आवाज उठाई और कानपूर के एक वीर समसुद्दीन के घर पर बैठकर गुप्त मंत्रणां किया करते थे ये वो हमारे इतिहास की सच्ची दास्ताने है, देश की आजादी के लिए हम एक थे, तो आजादी की मंजिल हमें बहोत आसानी से हासिल हुई।

और ऐकबात मैं आपसे बतलाऊ की राजा महारसी गो सांगली के राजाथे, सांगली मेरठ बापू में है उस जमाने में राजधानी थी आज एक शहर है, वहाँ एक अँग्रजने एडवर्डने गुरुखाओं के जीरये सांगली के उपर कब्जा जमाया राजा महारसी को सांगली की हुकुमत से हटा दिया गया, उस मौकेपर देवगन मदरशा जो की हिंदूस्थान के अंदर व ऐसीया के अंदर वो मदरसा है देश की आजादी भी खातिर १८६७ के अन्दर हमलोग ना काम हुये तब दश बरस के इसकी आजादी के महान हिंदू हेतु को प्राप्त किया, १८६७ के अंदर जो मदरशा बनाया गया उसके फाऊंडर स्थापक मौलाना मोहम्मद कासीम, मौलाना रसीद, मौलाना अब्दुल गनी और मौलाना याकुब साहब, और इन सबके गुरुजी थे हजरत हाजी

(पान २ वर पहा)



आपल्या देशासाठी शहीद होणारे सर्व फौजी जवान शहीदांना व सुरक्षा कर्मियांना, पोलिस अधिकाऱ्यांना व कर्मचाऱ्यांना कोटी-कोटी प्रणाम

....शुभेच्छूक....

हजरत मौलाना मुफ्ती महेमूद साहेब
बारडोली व
सा. लोकअदालत, परिवार

सा.लोकअदालत

दि. ०३/०९/२००९

# ‘‘आजादी की विरास को संभालकर देश की प्रगती में कौमी एकता का महत्त्व’’

नवापूर :- १६ अगस्ट के दिन **नवापूर के शहर वासियों ने ६२ वर्ष के बाद सुना भारत की आजादी का सही इतिहास स्वातंत्र्य दिन के अवसरपर सभी धर्म के व सभी राजकीय पक्ष के सुत्रधारों ने ‘‘आजादी की विरास को संभालकर देश की प्रगती में कौमी एकता का महत्त्व’’ इस विषयपर प्रवचन करने के लिए हजरत मौलाना मुफ्ती महंमद साहब (बार्डोली) जो मेंबर ऑफ ऑल संडिया मुस्लिम पर्सनल लॉ बोर्ड, मेंबर ऑफ ऑल इंडिया जमियते उलमाएँ हिंद के सदस्य भी है, इन जनाब को मुख्य वक्ता के तोरपर सुनने के लिए आमंत्रित किया गया।**

कार्यक्रम मंगलदास पार्क स्थित नगर भवन (टाऊन हॉल) में रखा गया, इस कार्यक्रम के अध्यक्षस्थानपर मंत्री सुरुपसिंग नाईक थे विशेष अतिथी के स्थानपर पुर्व गृहराज्यमंत्री भारत सरकार व इस जिले के एम.पी. माणिकरावजी गावीत थे, मुख्य अतिथी नंदुरबार जिले के पोलिस अधिक्षक निळकंठ म्हस्के साहब थे, उनके साथ शहर के नगराध्यक्ष गोविंदरावजी वसावे, साखर कारखाने के चेअरमन शिरीष नाईक, व्हाईस चेअरमन भरत गावीत, उद्योगपती विपीनभाई चोखावाला, राष्ट्रवादी काँग्रेसचे प्रदेश चिटणीस दिलीप नाईक, जामा मस्जिद के ट्रस्ट हाजी मुशाजी भाई कासम मुल्ला, समदभाई बलेसिरया, गफ्फारभाई मेमन, सखाराम गावीत आदी मान्यवर व्यासपीठ पर विराजमान तें, व्यासपीठ के मान्वयवरों का स्वागत किया आरीफभाई बलेसरिया, मौलाना कारी हारुन शिवसेनाके हसमुख पाटील, अमृत लोहार, विजय सैन, नगरसेवक गणेश वडनेरे, अय्युब बलेसरिया, नगरसेवक हारुण खाटीक, नगरसेवक इलियास कुरैशी

कार्यक्रम की शुरुवात बच्चोने पवित्र कुरान की अयाते पढकर की, कार्यक्रम का प्रस्ताविक महत्व जामा मस्जिद के ट्रस्ट गुलामभाई व्होराने की, देश के लिए कुछ सायरी, नग में सायर जाहेद मंजुरी ने कहे।

**नगराध्यक्ष- गोविंदराव वसावे :** इन्होने अपने वक्तव्य में कहा की भारत की भारत की बढती हुई ११० करोड आबादी से ज्यादा है, रोका कैसे जाय, कोमवाद का कायदा सबसे ज्यादा राजकीय पक्ष ही उठाते है।

**दिलीप नाईक :** अपने देश की आजादी के लिए जो शहीद हो गये उनका आजादी हासिल करना ही उद्देश, लक्ष था आजादी के दिवानों को अपने घरदार परिजनो की भी परवह नही थी, सभी कौम, एक ध्येय लेकर आजादी के मैदान में उतरी हुई थी। अनेक धर्म, पंथ, जाती के लोग होते हुये भी हिंदुस्तानी शहिदोंने हिंसा का मार्ग नही अपनाया, आज हमसब असांत है बेचैन है कारण की अपनें में शांती नही है, नवयुवकों में अराजकता नवयुवकों में अराजकता दिखती है कारण है बेरोजगारी आज देश को गरज है जातीय एकता बनाये रखने की।

**माणिकराव गावीत, एम.पी. :** इन्होने कहा आजादी की लढाई लढने वाला कौनसे धर्म का था, कोनसी जाती का था, बस यही मालुम था की वह भारत को आजादी दिलाने वाला शहीद था, यही हिंदुस्तान में उनकी पहचान थी और रहेगी, गांव हो या शहर, गल्ली हो या मोहल्ला आपसमें झगडे होने नही चाहिये, इसलिए हमनें नंदुरबार, जिला, धुळे जिला में तंटा मुक्ती कायदा बनाकर लागु किया और यशस्वी भी हुये है, पुलिस थाने की तरफ से मोहल्ला कमिटीया भी बनाई गयी है, कौमवाद नही होना चाहिए; आपस में झगडे नही होने चाहिए फिर बाहरवाले हमे व हमारे देश को बुरी नजर से देख नही सकते।

**पोलिस अधिक्षक नंदुरबार :** नीलकंठ म्हस्के इन्होने कहा लढाई, झगडा होने से पहिले एक दुसरे का शक दिलसे निकाल दे और आमने सामने साफ दिलसे बात करो। कौमी झगडे होगे ही नही, उलट कौमी एकता बढेगी, मैं जिले में नया आया हूँ आप सब लोगों के सहकार्य की मुझे आवश्यकता है, आप मेरा सहकार्य करो मैं हमेशा आपकी मदद करने तयार हूँ।

**ना. सुरुपसिंग नाईक :** इस कार्यक्रम के अध्यक्ष व जिले के पालकमंत्री ने स्पष्ट शब्दों में कहा की कौमी एकता यह गहन विषय है, सभी कौमो को सभी राजकारणी लोगो ने समय समय पर उपयोग में ही लीया है, उनको लेकर राजकारण कीया है, इस शहर के लोग शांतताप्रिय, विवाह प्रसंग या और प्रसंग में एक साथ बैठकर खाना खानेवाले लोग है, परंतु ना जाने मस्जिद के पास आते ही इनके शरीर में कौनसा खून आना तो की सुनने ही नही यह गलत है, हरसमय मैने मदद की है, आज मैं प्रत्येक गणपती मंडळ को ५ हजार रुपये देने का वचन देता हूँ मात्र कौमी एकता बनाये रखे।

हजरत मौलना मुफ्ती महेमूद साहब का प्रवचन, व्याख्यान पुरा होने के बाद आभार अमृतभाई लोहार इन्होने माना व राष्ट्रगीत के साथ इस शानदार कार्यक्रम की विधीपुर्ण हुई, पोलिस थाने की तरफ से पोलिस निरीक्षक शांताराम बोरसे, सहा. पो. निरीक्षक पाटील, माळी, इनकी देखरेख में कार्यक्रम सफर रहा इस कार्यक्रम के संस्थापक सभी मौजूद थे।

## ૧૭૩ બેગ રકતદાન સાથે રેડક્રોસને બાવન હજારનું દાન આપી માનવસેવાની મહેક ફેલાવતો મુસ્લિમ સમાજ

ઈમદાદુલ મુસ્લિમીન સંસ્થા ડાભેલ–સિમલક, સંચાલિત ગાર્ડી ચેરીટેબલ હોસ્પિટલ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં મુફતી મહમૂદ બારડોલીએ પોતાની આગવી છટામાં પ્રાસંગિક પ્રવચન કરતા જણાવેલ કે સેવાકીય પ્રવૃત્તિને વરેલાએ કામ ઝિયાદહ બાત કમ સુત્ર અપનાવશે ત્યારે જ આવા કાર્ય થશે. રકતદાન એ શ્રેષ્ઠ દાન છે તેમણે મુસ્લિમ સમાજને પણ રકતદાન માટે સક્રિય થવા અપીલ કરી હતી. વધી રહેલા કોમી તોફાનો અંગે ચિંતા વ્યકત કરતા જણાવેલ કે આપણાં દેશવાસીઓએ આઝાદીની લડાઈમાં વહેલું લોહી હિન્દુ–મુસલમાનના લોહી તરીકે ઓળખાયું ન હતું. પરંતુ ફકત દેશવાસી ભારતવાસીનું લોહી તરીકે ઓળખાયેલું અને આપણે એક થઈને આઝાદી મેળવી લેવી. (ગુજરાતમિત્ર, તારીખ:૦૮/૦૪/૨૦૦૩)

## પૈસાદરો પણ સમૂહલગ્નોમાં જોડાઈ સમાજમાં નવો ચિલો પાડેઃ મુફતી મહમૂદ બારડોલી

સુરતમાં જમીઅત ઉલમાએ હિન્દ દ્વારા ૧૦મો સમૂહલગ્ન સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં પધારેલા ડાભેલના મુફતી મહમૂદ બારડોલીવાળાએ જણાવ્યું હતું કે આજનો સમૂહલગ્નનો કાર્યક્રમ એ ગરીબ કન્યાઓનો પ્રોગ્રામ છે. જેમાં હવેથી પૈસાદાર લોકોએ પણ પોતાના વહાલસોયા પુત્ર–પુત્રીના લગ્ન કરાવવા જોઈએ. જેનાથી ફુઝુલખર્ચથી તથા ગેર માન્ય રસમો રિવાજોથી પણ બચી શકાય. તે દેશ માટે અને મુસ્લિમ કોમ માટે હિતકારી છે અને હદીષ એટલે પયગમ્બર સાહેબના કથનમાં પણ સાદગી, સબર, નિકાહ(શાદી) અને રસમો રિવાજોથી બચવા માટે તાકીદ કરવામાં આવેલ છે.

૦૮/૦૪/૦૩ ગુ. મિત્ર

# નવસારી-વલસા



વેસ્મા નજીકનાં ડાભેલ ખાતે ઈમદાદુલ મુસ્લિમીન સંસ્થા સંચાલિત ગાર્ડી હોસ્પિટલમાં હિન્દુ-મુસ્લિમોએ ખભે-ખભા મિલાવી કોમી-એકતાને ઉજાગર કરી યોજેલ રકતદાન કેમ્પની પ્રથમ તીસવીરમાં સમારંભનાં પ્રમુખ જશુભાઈ નાયક સંબોધન કરતાં નજરે પડે છે. જેની સાથે મંચ પર બિરાજેલ મહાનુભાવો જયારે બીજી તસ્વીરમાં રકતદાતાઓ નજરે પડે છે. જેમાં ઈન્સેટ તસ્વીરમાં નીચે ડાભેલનો ૧૮ વર્ષનો યુવાન ઈબ્રાહીમ દાઉદ ડીપોટી રકતદાન કરતાં નજરે પડે છે. જયારે ઉપરની ઈન્સેટ તસ્વીરમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી અબ્દુલ્લાહભાઈ વૈદ્ય સૌ રકતદાતાનો આભાર માની રહ્યા છે. (તસ્વીર: સરજુ મોદી, વેસ્મા)

## ઈમદાદુલ મુસ્લિમીન ડાભેલ-સિમલક સંચાલિત ગાર્ડી હોસ્પિટલ ખાતે

# ૧૭૩ બેગ રકતદાન સાથે રેડક્રોસને ૫૨ હજારનું દાન આપી માનવ સેવાની મહેક ફેલાવતો મુસ્લિમ સમાજ

('ગુજરાતમિત્ર'નાપ્રતિનિધિદ્વારા)

વેસ્મા, તા. ૮: ઈમદાદુલ મસ્લિમીન ડાભેલ-[illegible]જી સંચાલિત ગાર્ડી ચેરીટેબલ હોસ્પિટલ ખાત યોજાયેલ રકતદાન કેમ્પમાં ૧૭૩ બેગ રકતદાન સાથે નવસારી રેડક્રોસને કુલ્લે ૫૨૦૦૦ રૂા. નું દાન આપી મુસ્લિમ સમાજે અને તે પણ ડાભેલનાં મસ્લિમોએ માનવસેવાનાં કાર્યમાં એક આગવું ઉદાહરણ પૂરું પાડયું છે. અને રકતદાન કેમ્પને સફળ બનાવી વિસ્તારનાં હિન્દુ-મુસ્લિમોએ કોમી એકતાનાં પણ દર્શન કરાવ્યા હતા.

નવસારી રેડક્રોસ અને ઈમદાદુલ મુસ્લિમીન ડાભેલ-સીમ્લજીનાં સંયુકત ઉપક્રમે ગાર્ડા કોલેજ નવસારીનાં વાઈસ પ્રિન્સીપાલ પ્રા. શ્રી જશુભા નાયકનાં પ્રમુખપદે યોજાયેલા રકતદાન કેમ્પનાં સમારંભની શરૂઆત હિન્દુ સમાજનાં મહાનુભાવોની હાજરીમાં મુસ્લિમ પરંપરાઓ મુજબ હાફેજ દેવલા સાહેબે તિલાવતે કુર્આન પઢી કરી હતી, ત્યારબાદ સંસ્થાનાં ટ્રસ્ટી અબ્દુલ્લાહભાઈ વૈદ્યે હાજર મહેમાનોને પુષ્પગુચ્છ અર્પણ કર્યું હતું. સમારંભમાં હાજર રહેલા તાલુકા પ્રમુખ ઠાકોરભાઈ પટેલ, જીલ્લા [illegible]નાં ઉપાધ્યક્ષ હારૂન દિલેરે સમારંભની શુ[illegible] પાઠવી હતી.

સહકારી આગેવાન સુમનભાઈ દેસાઈ (પોંસરા) એ જણાવેલ કે ડાભેલનાં મુસ્લિમોએ ગુંચવાયેલા હિન્દુ સમાજની સ્ત્રી, પુરુષોને મધ્યરાત્રીએ પણ ઘરે સહી-સલામત પહોંચાડયા છે. તેવા ઉદાહરણો ટાંકીને હાજર પદાધિકારીઓને સરકારમાં રજુઆત કરી ડાભેલ તરફ મીઠી નજર રાખવા અનુરોધ કર્યો હતો. સમારંભનાં પ્રમુખ પ્રા. જશુભાઈ નાયકે રેડક્રોસની પ્રવૃત્તિનો ચિતાર આપી રકતદાન વિષે જાગૃતિ આવે તે માટે વિસ્તૃત સમજ આપી રેડક્રોસને આર્થિક રીતે મદદ આપવા અપીલ કરી હતી. ઉનાળામાં બ્લડની (રકતદાતાઓની) યોજવા અનુરોધ કર્યો હતો. મુસ્લિમ સમાજમાં આ પ્રથમવાર આટલો મોટો કેમ્પ યોજાયો હોવાનું જણાવી ગત વર્ષે રેડક્રોસ તરફથી ગાર્ડી હોસ્પિટલને કુલ્લે ૧૦૬ બેગ બ્લડ અપાયું હોવાની માહિતી આપી વિભાગના મુસ્લિમ આગેવાનોને રેડક્રોસને આર્થિક મદદ કરવા જણાવ્યું હતું.

### જાતિ-ભેદભાવથી પર રહીને ૨૬ ગામનાં હિન્દુ-મુસ્લિમો રકતદાન કરવા ઉમટી પડયા

*વેસ્મા, તા. ૮: ઈમદાદુલ મુસ્લિમીન મેડીકલ ટ્રસ્ટ ડાભેલ-સીમલક સંચાલિત ગાર્ડી ચેરીટેબલ હોસ્પિટલમાં ન્યાત-જાતનાં ભેદભાવ વિના મેડીકલ સેવા થતી હોય તેવાં સ્થળે યોજીત રકતદાન કેમ્પમાં આજુબાજુ દુર-દુરથી ૨૬ ગામનાં રકતદાતાઓએ રકતદાન કર્યું જેમાં દાંતી, ગણદેવી અને સુરતનાં પણ રકતદાતાનો સમાવેશ થાય છે.*

*સૌથી વધુ વેસ્માનાં હિન્દુ યુવાનોએ ૩૦ બેગનું રકતદાન કર્યું હતું. ત્યારબાદ નવસારી મોઢવાડનાં શૌકતભાઈ ગાય, ઈફતીખાર ભાઈ ગાય, તથા યુનુસભાઈ નો પ્રવાસથી ૨૪ બેગ તથા નવસારી ઈસ્લામપુરામાંથી સોયેબભાઈનાં પ્રયાસથી ૧૫ બેગ, ડાલકીનાં મુસ્લિમ યુવાનોએ ૧૧ બેગ, છીણમ તથા ધામણનાં હિન્દુ યુવાનોએ ૨૩ બેગ રકતદાન કરી કુલ્લે ૧૭૩ રકતદાતાઓએ રકતદાન કરી જાતિ-ભેદભાવથી પર રહીને કાર્યો કરતી ડાભેલની મુસ્લિમ સંસ્થાનું નામ રોશન કરી સ્વૈચ્છિક માનવધર્મ બજાવ્યો હતો.*

મુસ્લિમ સમાજનાં મુફતી મહંમુદ બારડોલીનીએ પોતાની આગવી છટામાં પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવેલ કે સેવાકીય પ્રવૃત્તિને વરેલાએ કામ જયાદા બાત કમ સુ[illegible] રકતદા[illegible] માટે સક્રિય થવા અપીલ કરી હતી. વધી રહેલાં કોમી તોફાનો અંગે ચિંતા વ્યકત કરતાં જણાવેલ કે આપણા દેશવાસીઓએ આઝાદીની લડાઈમાં વહેવું લોહી હિન્દુ કે મુસલમાનનાં લોહી તરીકે ઓળખાયું ન હતું. પરંતુ ફકત દેશવાસી, ભારતવાસીનું લોહી તરીકે ઓળખાયેલું અને આપણે એક થઈને આઝાદી મેળવેલી. ત્યારે દેશવાસીઓએ ખુન વહેવડાવી મેળવલી આઝાદી પછી અફસોસ વ્યકત કરતાં જણાવેલ કે આપણે આયાત (ઈમ્પોર્ટ) થયેલી નફરતથી હાલમાં ખોટી રીતે માનવશરીરમાંથી ખુન વહી રહ્યું છે, વહેવડાવાઈ રહ્યું છે. તેના બદલે આવી રીતે જરૂરીયાતમંદ માટે લોહી અપાય તે જરૂરી છે.

તેમણે મૌલાનાં આઝાદે આપેલા સંદેશાને ટાંકીને જણાવેલ કે અમને પણ ભાગલાની આઝાદી મંજુર ન હતી. તેમણે ફુલોથી ભરેલી ફુલદાનીનું ઉદાહરણ ટાંકી દેશનાં વિકાસ માટે દરેક કોમની જરૂર છે. લઘુમતીઓનું અવમુલ્યન થેશે તો દેશનો વિકાસ રૂંધાશે તેમણે ડાભેલનાં લોકો માટે દેશ-વિશ્વનાં લોકો દુરથી ભલુ-ભલુ બોલી રહ્યા છે, ત્યારે ડાભેલમાં ચાલતી આવી માનવસેવાની પ્રવૃત્તિઓને સમાજે ધ્યાને લેવી જરૂરી છે. તેમે ઈસ્લામની વાતો કરતાં જણાવેલ કે ઈસ્લામ શાંતિનો સંદેશ આપે છે. નફરત કરવાનું કહેતો નથી. તેમણે સમાજને દેશનાં માટે હિન્દુ-મુસ્લિમ એકતા જરૂરી ગણાવી દેશમાં એકતા રહે ત્યારે દસ વર્ષમાં ભારત દેશને મહાસત્તા તરીકે જોઈ રહ્યાનો આશાવાદ વ્યકત કર્યો હતો. મુફતી મહંમુદ બારડોલવીનાં પ્રવચનમાં દેશપ્રેમ, લાગણી ભારોભાર છલકાઈ રહી હતી.

સમારંભનાં પ્રમુખે રેડક્રોસને આર્થિક મદદ કરવા આપેલા કોલને ઝીલી લઈ ઈમદાદુલ મુસ્લિમીને રૂા. ૨૫૦૦૦ નું દાન આપતાં જ ડાભેલની અલ-ફલાહ ચેરીટેબલ ટ્રસ્ટે રૂા. ૫૦૦૦ નું દાન જાહેર કરતાં મહંમદ પયગંબરની

સુરત ખાતે સાંસદ મૌલાના મહમુદ મદની ઉવાચ

# કોમમાં જાગૃતિ અને દેશમાં કાયમી શાંતિ માટે યુવાનો તથા બુદ્ધિજીવીઓ આગળ આવે

**સુરતમાં જમિયતે ઉલ્માએ હિન્દ દ્વારા ૧૦મો સમૂહલગ્ન સમારોહ યોજાયો**

સુરત, તા.૨૪

વર્તમાન સંજોગોમાં દેશ અને દુનિયા મુસલમાનોની હાલત બેહત્તર (સારી) થાય તથા આતંકવાદ અને આતંકીયો સામે ઝુંબેશ ચલાવવા મુસ્લિમ નવયુવાન બુદ્ધિજીવીઓ તથા રાજકીય આગેવાનોએ આગળ આવવું જોઈએ તેમજ દેશમાં એકતા અને શાંતિ સ્થપાય તેવા કાર્ય કરવા જોઈએ તેવું આજે સુરતના સગરામપુરા ખાતે સુરત શહેર જમિયતે ઉલમા દ્વારા યોજાયેલા દસમાં સમૂહ લગ્ન (નિકાહ)માં પધારેલા જમિયતે ઉલમા એ હિન્દના જનરલ સેક્રેટરી અને સાંસદ મૌલાના સૈયદ મહમૂદ મદનીએ જણાવ્યું હતું.

સુરત જમિયતે ઉલ્મા દ્વારા શહેરના ગરીબ અનાથ બાળાઓના દસમા સમૂહ લગ્નનું આયોજન શહેરના સગરામપુરા ખાતે રાજેશ્રી હોલની સામે આવેલ એસએમસી પ્લોટ ખાતે આજે યોજાયો હતો. જેમાં ૭૧ જેટલા ગરીબ કન્યાઓના નિકાહ પઢાવવામાં આવ્યા બાદ તેમનો સંસાર ચાલે તે માટે કરીયાવરમાં સ્વૈચ્છાએ ઘરવખરીનો સામાન પણ જમિયતે ઉલ્મા દ્વારા આપવામાં આવ્યો હતો. આજના આ કાર્યક્રમમાં ગુજરાત અને દેશ-વિદેશથી પણ નામાંકિત આલીમો તથા વડીલો, અગ્રણીઓ મોટી સંખ્યામાં પધારી કન્યાઓને આશિર્વાદ આપ્યા હતા. દરમ્યાન દિલ્હીથી આવેલા મેમ્બર ઓફ પાર્લામેન્ટ તથા જમિયતે ઉલ્માએ હિન્દના જનરલ સેક્રેટરી મૌલાના સૈયદ મહમુદ મદનીએ હાજર મેદનીને જણાવ્યું હતું કે, વર્તમાન સંજોગોમાં દેશ અને દુનિયા મુસ્લિમોની હાલત બહેતર કરવી હોય તો ભણીગણીને આગળ આવેલા નવજુવાન મુસ્લિમોએ આગળ આવી સૌ કોઈ માટે સારા કાર્ય કરવા જોઈએ તેમજ હાલમાં વકરી રહેલા આતંકવાદ અને આતીઓ માટે પણ મુસ્લિમ યુવાન તથા બુદ્ધિજીવીઓ અને દેશના નેતાઓએ આગળ આવી ઉમદા અને સારા કાર્ય કરી લડત ચલાવવી જોઈએ. તેમજ દેશની એકતા અને શાંતિ મેળવવા માટે પણ મહમૂદ મદનીએ આજના મંચ પરથી અપીલ કરી હતી તથા જમિયત ઉલમાએ ઈ.સ.૧૭૧૭થી તથા દેશની આઝાદી માટેની ચળવળમાં ભજવેલ ભૂમિકાની પણ આંશિક યાદ અપાવી હતી.



જ્યારે આજના કાર્યક્રમમાં પધારેલા ડાભેલના મુફતી મહમુદ બારડોલીવાલાએ જણાવ્યું હતું કે, આજનો સમૂહ લગ્નનો કાર્યક્રમ એ ગરીબ કન્યાઓનો પ્રોગ્રામ છે. જેમાં હવેથી પૈસાદાર લોકોએ પણ પોતાના વ્હાલસોયા પુત્ર-પુત્રીના લગ્ન કરાવવા જોઈએ. જેનાથી ફિઝુલ ખર્ચથી તથા ગેર માન્ય

**પૈસાદારો પણ સમૂહલગ્નોમાં જોડાઈ સમાજમાં નવો ચિલો પાડે : મુફતી બારડોલીવાલા**

રસ્મો રિવાઝોથી પણ બચી શકાય તે દેશ માટે અને મુસ્લિમ કોમ માટે પણ હિતકારી છે અને હદીસ પણ એવું જ કહે છે, તેમ જણાવ્યું હતું.

જમિયત આજના દસમા સમૂહ નિકાહમાં જંબુસરના મુફતી અહમદ દેવલા, ડાભેલના મુફતી અબ્બાસ બિસ્મિલ્લાહ ડાભેલી, કપ્લેથાના કારી ઈસ્માઈલ, બિસ્મિલ્લાહ ડાભેલી, યુ.કે.ના મૌલાના ઈસ્માઈલ વલી ભૂતા સાહિતના મહાનુભાવો પધાર્યા હતા. આજના આ કાર્યક્રમના અંતે સુરત જમિયતે ઉલમાના ઉપપ્રમુખ ઈદ્રીશ કીન ખાબવાલા, જનરલ સેક્રેટરી ગુલામ પતંગવાલા એડવોકેટ વહાબ શેખ, યુસુફ ઝવેરી ફઝલ મૌતાલા સહિતના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સુરત ખાતે જમીઅતે ઉલમા દ્વારા સમૂહલગ્નનું આયોજન કરાયું

જમીઅતે ઉલમા સુરત દ્વારા આજે આઠમાં સમૂહલગ્નનું આયોજન ચોક બજાર જૂની સિવિલ હોસ્પિટલની પાછળ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પોતાના વકતવ્યમાં ડાભેલના મુફતી મહમૂદ બારડોલીવાળા સાહેબે જણાવ્યું હતું કે ઈસ્લામ એક પવિત્ર ધર્મ છે, તેમાં એક મુસ્લિમ યુવકને મુસ્લિમ યુવતી સાથે ખોટા પ્રેમ સંબંધ બાંધવાની છૂટ આપવામાં આવતી નથી, જયારે એક મુસ્લિમ કોઈ પરજ્ઞાતિની યુવતી સાથે પ્રેમ સંબંધ બાંધે છે તો તેને હરામ કહેવામાં આવે છે. ઈસ્લામમમાં લગ્ન પછી પ્રેમને માન્ય રખાય છે પરંતુ લગ્ન પહેલાના પ્રેમને માન્યતા પ્રાપ્ત નથી. (ગુજરાત ટુડે, અમદાવાદ, તારીખ:૦૭/૦૫/૨૦૦૭ સોમવાર)

૪
GUJARAT TODAY - AHMEDABAD
સોમવાર
તા. ૭-૫-૨૦૦૭

## સુરત ખાતે જમીયતે ઉલમા દ્વારા સમૂહલગ્નનું આયોજન કરાયું

# લગ્નપ્રસંગે યુવતીઓ પાછળ કરવામાં આવતા વધુ પડતા ખર્ચા મા-બાપ માટે બોજ

**-મૌલાના અશઅદ મદની**

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૬

સ્ત્રીઓને સમાજમાં સમાન દરજ્જા આપવા સાથે વારસાઈ મિલ્કતમાં પણ પુરુષની સાથે બરાબરની હકદાર હોવાનું દુનિયા હવે માનતી થઈ છે. જ્યારે આ વાત ઈસ્લામ આજથી ૧૪૫૦ વર્ષ પહેલેથી માનતું આવ્યું હોવાનું આજે સુરત પધારેલા જમીઅતે ઉલમા એ હિન્દના પ્રમુખ હઝરત મૌલાના સૈયદ અશઅદ મદની સાહેબે જણાવ્યું હતું.

જમીઅતે ઉલમા સુરત દ્વારા આજે આઠમાં સમુહ લગ્નનું આયોજન કરાયું હતું. ચોકબજાર જુની સિવિલ હોસ્પિટલ પાછળ રાખવામાં આવેલા આ સમુહ લગ્નમાં મુસ્લિમ સમાજના આર્થિક રીતે પછાત ૧૦૦ જેટલા યુગલો (દુલ્હા-દુલ્હનો)એ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેલા જમીઅતે ઉલમા એ હિન્દના પ્રમુખ હઝરત મૌલાના સૈયદ અશઅદ મદની સાહેબે પરિણીત નવ યુવકો અને ઉપસ્થિત શ્રોતાઓને સંબોધતાં જણાવ્યું હતું કે સ્ત્રીએ અલ્લ[illegible] માનવીને એક ઉત્તમ ભેટ [illegible]. તેને પણ પુરુષો જેવા જ જીનમાંથી કુદરતે એટલા માટે જ બનાવી છે કે તે તમને સુકુન આપી શકે. જો આમ શક્ય ન બન્યું હોત તો સ્ત્રીઓ પુરુષોને ક્યારેય સુકુન ન આપી શકત. તેમણે સમાજમાં યુગલોની પસંદગી અને લગ્નમાં પ્રવેશેલા દુષ્ણ પર પ્રકાશ ફેંકતા જણાવ્યું હતું કે, આજે પુરુષ વર્ગ ધનીક વર્ગની સ્ત્રી સાથે લગ્નની લાલચમાં સાચા પ્રેમથી દુર થઈ રહ્યો છે. જેથી આર્થિક પછાત વર્ગના લોકોમાં યુવતીઓના પ્રમાણમાં વધારો થતો જઈ રહ્યો છે. ઉપરાંત લગ્ન પ્રસંગે યુવતીઓ પાછળ કરવામાં આવતા વધુ પડતાં ખર્ચના કારણે યુવતીઓ મા-બાપ માટે બોજ બનતી જઈ રહી છે. જે ખૂબ જ ગંભીર બાબત છે. આ સમસ્યા સમાજમાંથી દુર કરવા સમુ[illegible]નાનું ઠેર ઠેર આયોજન કરવા તેમણે અગ્રણીઓને હાંકલ કરી પરિણીત યુવતીઓ સાથે જીવનભર પ્રમાણીક પણે સાથ નિભાવવાની યુવાનોને હાંકલ કરી,

આ પ્રસંગે પોતાના વ્યક્તવ્યમાં ડાંભેલના મુફતી માહમુદ બારડોલીવાલાએ જણાવ્યું હતું કે, ઈસ્લામ એક પવિત્ર ધર્મ છે. તેમાં એક મુસ્લિમ યુવકને મુસ્લિમ યુવતી સાથે પ્રેમ સબંધ બાંધવાની છુટ આપવામાં આવતી નથી, જ્યારે એક મુસ્લિમ કોઈ પરજ્ઞાતિની યુવતી સાથે પ્રેમ સબંધ બાંધે છે, તો તેને હરામ કહેવામાં આવે છે. ઈસ્લામમાં લગ્ન બાદ પ્રેમને માન્ય રખાય છે. પરંતુ લગ્ન પહેલાના પ્રેમને માન્યતાં પ્રાપ્ત નથી.

જ્યારે હઝરત મુફ્તી અહમદ દેવલા સાહેબે સમાજમાં લગ્ન પ્રસંગોમાં જે પ્રકારના ખર્ચા થાય છે. તેનો જાહેર વિરોધ કરી આવા ખર્ચાઓનો અંત લાવી લગ્ન પ્રસંગોને અત્યંત સાદાય અને સાદગીપૂર્વક આટોપવા હાંકલ કરી હતી.

આજના સમગ્ર પ્રસંગને સુવ્યવસ્થિત અને સુઆયોજીત રીતે પૂર્ણ કરવામાં જમીઅતે ઉલમા સુરત શહેર પ્રમુખ મૌલાના ફૈયાઝુદ્દીન લાતુરીએ સુરત અને ગુજરાતમાં આવતી આફતો સમયે સંસ્થા દ્વારા થતી કામગીરી વિશે માહિતી આપી, ગત વર્ષે સુરતમાં પૂરબાદ જમીઅતે ઉલમાંએ કરેલા કાર્યોની રુપરેખા વર્ણવી આજનો પ્રોગ્રામ સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવામાં મદદ કરનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે પરિણીત યુવતીઓને કરીયાવરમાં ઘણી વસ્તુઓ અપાઈ હતી.

# મોસાલીમાં હઝરત મુફતી મહમૂદ બારડોલી સાહેબનું વકતવ્ય

આજના સમયમાં મુસ્લિમ સમાજે કેવી રીતે શાંતિ–સલામતી ધર્મના સિદ્ધાંતો સાથે જીવન વિતાવવું અને દેશમાં મેળ–સુમેળ, એકતાનો માહોલ કેવી રીતે કાયમ કરવો એ બાબતે ખુબ જ કિંમતી વાતો હઝરત મુફતી મહમૂદ સાહેબે બતાવી હતી. (ગુજરાત મિત્ર, ધબકાર, સંદેશ તારીખઃ ૧૨/૦૨/૨૦૧૫ ગુરૂવાર)

૧૨-૦૨-૨૦૧૫ ગુરૂવાર

**ધબકાર**

## આજે મોસાલી ખાતે મુફતી મહમુદ બારડોલીનો વાઅઝનો કાર્યક્રમ

મોસાલી,તા.૧૧ માંગરોળ તાલુકાનાં મોસાલી ગામે આવેલ મસ્જીદે આયશામાં આજે તા.૧૨નાં, ગુરૂવારે, રાત્રે, ઈશાની નમાઝબાદ જામિઅહ તાલીમુદીન ડાભેલનાં ઉસ્તાદે તફસીર મુફતી મહમુદ બારડોલીનો વાએઝનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આસપાસનાં ગામોનાં મુસ્લિમ બિરાદરોને આ કાર્યક્રમમાં હાજર રહી સવાબે દારૈન હાસલ કરવા આયોજકોએ જણાવ્યું છે.

**સંદેશ**

08 THURSDAY 12•02•2015

## મોસાલીમાં મૂફતી મહમુદ વાએઝનો કાર્યક્રમ

સુરતઃ માંગરોળ તાલુકાંના મોસાલી ગામે આવેલી મસ્જિદે આયશામાં તા.૧૨મીને ગુરુવારે રાત્રે ઈશાની નમાજ બાદ જામિઅહ તાલીમુદીન ડાભેલના ઉસ્તાદે તફસીર મુફતી મહમુદ બારડોલીનો વાએઝનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આસપાસનાં ગામોનાં મુસ્લિમ બિરાદરોને આ કાર્યક્રમમાં હાજર રહી સવા બે દારૈન હાંસલ કરવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

**ગુજરાતમિત્ર**

૪ ગુરૂવાર, તા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૫

## આજે મોસાલી ગામે મુફતી મહમુદ બારડોલીનો વાએઝનો કાર્યક્રમ

મોસાલીઃ માંગરોળ તાલુકાનાં મોસાલી ગામે આવેલ મસ્જીદે આયશામાં આજે તા. ૧૨-૨-૧૫ નાં, ગુરૂવારે, રાત્રે ઈશાની નમાઝ બાદ જામિઅહ તાલીમુદીન ડાભેલનાં ઉસ્તાદે તફસીર મુફતી મહમુદ બારડોલીનો વાએઝનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આસપાસનાં ગામોનાં મુસ્લિમ બિરાદરોને આ કાર્યક્રમમાં હાજર રહી સવાબે દારૈન હાસલ કરવા આયોજકોએ જણાવ્યું છે.

નીડર,નિષ્પક્ષ,નિઃસ્વાર્થ,નિપુણ,સેવાભાવી,સહયોગી,સચોટ,સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
ગુજરાત ટુડે
GUJARAT TODAY
VALUABLE EXPERIENCE 35 YEARS GUJARAT TODAY
Ahmedabad
27-AUG-2025
WEDNESDAY
www.gujarattoday.in
GUJARAT TODAY

# સૌથી વધુ વખત જેલવાસ વેઠનાર ભારતના એક અનોખા મુસ્લિમ આઝાદી લડવૈયા ઈસ્માઈલ નૂરમોહમ્મદ હકીમ

## મહારાષ્ટ્રના સતારા જિલ્લાના રહેવાસી અને આઝાદીની લડાઈના આ મહાન યોદ્ધાએ કાળા પાણીની સજા સહિત અંગ્રેજો સામેની લડત લડતી વખતે છેક ૧૯૪૩ સુધી અનેક વખત જેલયાત્રા કરી અને જુલમો સહન કર્યા

**રા**જકોટ (ખાસ અહેવાલ) ભારતની આઝાદી કંઈ આપણને સસ્તામાં કે આસાનીથી મળી નથી અગણિત લાખો નામી અને અનામી આઝાદી જંગના લડવૈયાઓએ અસીમ અને અમાપ કુરબાનીઓ આપી છે અને જેલની અને અંગ્રેજોના હાથે ભયાનક અત્યાચારોની યાતનાઓ પણ મૂંગે મોઢે સહન કરી છે. એવા અનેક આઝાદી વીરો છે જેની સંખ્યા આપણે લાખોમાં ગણી શકીએ એમના નામ પણ કદાચ આજની પેઢીને યાદ નથી અથવા તો એમને મળ્યા નથી. આવા અગણિત આઝાદી વીરોમાં એકદમ નોખા અને અનોખા તરી આવતા આઝાદી લડવૈયા જેની આજે આપણે ચર્ચા કરવી છે એમની ૨૬ ઓગસ્ટના રોજ પુણ્યતિથિ છે. આ મહાન લડવૈયાનું નામ છે ઈસ્માઈલ નૂરમોહમ્મદ હકીમ...મહારાષ્ટ્રના સતારા જિલ્લાના મૂળ રહેવાસી જેના હકીમ સાહેબ એક એવા આઝાદી જંગના મહાન લડવૈયા છે જેમણે સૌથી વધુ સમય સુધી અંગ્રેજોના સમયમાં જેલની સજાઓ ભોગવી હતી અને અકથ્ય વેદનાઓ સહન કરી હતી. આઝાદીની લડાઈ જ્યારે પરાકાષ્ઠાએ હતી ત્યારે ૧૯૧૧માં કોંગ્રેસના પ્રમુખ ગોપાલ કૃષ્ણ ગોખલે હતા એ સમયે યુવાન વયે આઝાદીની લડાઈમાં સામેલ થવા માટે હકીમ સાહેબ કોંગ્રેસમાં જોડાયા હતા અને આઝાદીની ચળવળમાં એમણે ભાગ લઈને અપ્રતિમ કુરબાનીઓ આપી હતી. આ એક એવા પ્રકારના આઝાદી વીર છે જેમણે સૌથી વધુ વખત જેલવાસની યાતનાઓ વેઠી હતી. અંગ્રેજોના જુલમી શાસન દરમિયાન એક



**એમની પુણ્યતિથિ પર મહારાષ્ટ્ર એમને ભૂલી ગયું : રે...કમનસીબી !**

વખત એમને ૧૯૧૫થી કાળા પાણીની સજા કરીને સિંગાપુર મોકલી દેવાયા હતા અને ૧૯૨૧ સુધી એમને જેલમાં રાખવામાં આવ્યા હતા. આ રીતે એમનું જેલમાં જવું અને આવવું સતત ચાલુ જ રહ્યું હતું અને ૧૯૪૩ સુધી એમણે દેશની અને દેશની બહારની અલગ-અલગ જેલોમાં અંગ્રેજોની ભયાનક યાતનાઓ અને પીડા સહન કર્યા હતા છતાં તેઓ બિલકુલ અડગ રહ્યા હતા અને બમણા ઉત્સાહ સાથે આઝાદીની લડાઈમાં ભાગ લેતા રહ્યા હતા. અંગ્રેજો એમને અવારનવાર પકડીને જેલમાં નાખી દેતા હતા અને આ સીલસીલો વર્ષો સુધી ચાલુ રહ્યો હતો. તેઓ આઝાદીના ઈતિહાસમાં સૌથી વધુ વખત જેલવાસની યાત્રા સહન કરનાર આઝાદીના લડવૈયા ગણાય છે. એમનો દેશ પ્રત્યેનો પ્રેમ અને આઝાદી માટે તેમનો ઉત્સાહ તથા એમનો જોશ અને તેમનો સંકલ્પ તોડી પાડવામાં અંગ્રેજો બિલકુલ નિષ્ફળ ગયા હતા અને કોઈ પણ જેલની દીવાલો એમના મજબૂત ઈરાદાઓને નબળા પાડી શકી નહોતી. ઈતિહાસકારો એ હકીકતની નોંધ લે છે કે કોઈપણ આઝાદી લડવૈયાને આટલી બધી વખત જેલવાસ કદાચ સહન કરવો પડ્યો નહીં હોય એટલી બધી વખત તેઓને કેદ કરવામાં આવ્યા હતા. દેશના આ મહાન પનોતા પુત્ર અને નોખા અને અનોખા મુસ્લિમ આઝાદી લડવૈયા એવા ઈસ્માઈલ હકીમનું ૨૬ ઓગસ્ટ ૧૯૬૧ના રોજ નિધન થયું હતું. એ અત્યંત કરુણા અને કમનસીબીની વાત છે કે કદાચ મહારાષ્ટ્રમાં પણ ૨૬ ઓગસ્ટે એમની પુણ્યતિથિ આવે છે તેની ભાગ્યે જ કોઈને ખબર હશે કેમ કે અત્યારે ઈતિહાસના પાનાઓ પરથી વિરલાઓના નામો ભૂસી નાખવાની જે પરંપરા ચાલી રહી છે તેના કારણે એક મહાન આઝાદી વીરને સરકાર અને દેશ તો ઠીક મહારાષ્ટ્ર પણ ભૂલી જાય એનાથી મોટી કમનસીબી બીજી શું હોઈ શકે !!

divya
દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 26-01-2023
મધ્ય
કર વડોદરા,

### ગોધરાના મુસ્લિમ પરિવારોનું પણ આઝાદીની ચળવળમાં મહત્વનું યોગદાન રહ્યું હતું

# ગોધરાના હાજી સિદ્દીક ખરાદીએ 1890ની ચળવળમાં અંગ્રેજો સામે બાંયો ચઢાવી હતી

### દરગાઈ પરિવાર અને ખરાદી પરિવારના લોકોએ દિલ્હીમાં ચળવળમાં ભાગ લીધો હતો

યુનુસ ઘંત્યા | ગોધરા

ગોધરા શહેરના મુસ્લિમ સમાજની વાત કરીએ તો તેહરી કે આઝાદીમાં જોશ અને હોશ સાથે ભાગ લઈને અગ્રેજોથી ડર્યા વગર ખુલ્લેઆમ અંગ્રેજો સામે બાયો ચડાવી હતી. જેમાં ગોધરાના અન્ય સમાજ સાથે ગોધરાના ખરાદી અને દરગાઈ પરિવારના મોભીએ આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો. ગોધરામાં દેશ ભક્તિની એક મિશાલ કાર્યક્રમ કર્યો હતો. જેને આજે પણ દેશ ભરમાં ઘણા લોકો આઝાદીની ચળવળમાં ભાગ લેનાર ગોધરાના આ મુસ્લિમ પરિવારોને યાદ કરવામાં આવે છે.

ગોધરાના રહેવાસી હાજી સિદ્દીક ખરાદી જેઓ અંગ્રેજો સામે સતત આઝાદીની લડતા રહ્યા હતા. 1890ની તેહરી કે આઝાદીની ચળવળમાં તેમને મહત્વની ભૂમિકા ભજવેલ હતી. જે તે સમયે તેઓ આઝાદીની ચળવળ કર્તાઓની મુખ્ય કોર કમિટીના મેમ્બર હતા. એટલે તેમને મહત્વની જવાબદારીઓ સોંપી હતી. તેઓ ગોધરા ખાતેથી ઉલમાઓને સાથે રાખીને બીજા અન્ય સમાજના લોકોને પણ અંગ્રેજો સામેની લડાઈમાં જોડતા હતા. તેઓ ગોધરાથી મુસ્લિમ સમાજના ઉલમાઓ તથા બીજા અન્ય સમાજના લોકોને લઈને દિલ્હી આઝાદીની ચળવળની મિટિંગોમાં ભાગ લેવા માટે



આઝાદીની ચળવળમાં જોડાયેલા હાજી સિદ્દીક ખરાદીની તસવીર

### જવાહરલાલ નહેરુ સાથે મુલાકાત કરી હતી

ગોધરાના મોલવી આદમ દરગાઈના પરિવારે આઝાદીની ચળવળમાં મહત્વનું યોગદાન આપ્યું છે. આઝાદીની ચળવળ માટે તેઓ સત્તત મોલાના અબુ કલામ આઝાદના સંપર્કમાં રહેતા હતા. ગોધરા ખાતે તેઓએ આઝાદ દેશના પ્રથમ વડા પ્રધાન જવહારલાલ નહેરુ સાથે મુલાકાત કરેલ હતી. ગોધરા શહેર વિષે અલગ અલગ મુદ્દે ચર્ચાઓ કરવામાં આવેલ હતી. તા.5 સપ્ટેમ્બર 1963 ના રોજ તેઓનું અવસાન થયુ હતું. અને તેમની દફનવિધિ ગોધરા ખાતે કરવામાં આવેલ હતી. ગોધરા શહેર અને દેશભરમાં મોલવી આદમ દરગાઈની દેશ પ્રત્યેની કુરબાની આજે પણ યાદ કરે છે.

### અમારા પરદાદાએ નોકરી છોડીને આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો

*અમારા પરદાદા મોલવી આદમ દરગાઈ આઝાદીની ચળવળમાં જે દેશ માટે તેઓ એ પોતાની કુરબાનીઓ આપી છે. તેના માટે અમો અને અમારું સમસ્ત પરિવાર ગર્વ અનુભવીએ છે. અમારા પરદાદાની દેશ પ્રત્યેની દેશ ભક્તિ અને તેમની આઝાદીની ચળવળમાં આપેલ કુરબાની દેશભરમાં આજે પણ યાદ કરવામાં આવે છે. અમારા પરદાદાએ તેમનું સમસ્ત જીવન દેશની આઝાદીની ચળવર માટે ખર્ચી નાખ્યું હતું અને સતત તેઓ દેશની આઝાદી માટે મોલાના અબુ કલામ આઝાદના સંપર્કમાં રહેતા હતા. તેઓએ રાંચી ખાતે પોતાની નોકરી છોડીને ચળવળમાં ભાગ લઈને અંગ્રેજો સામે ખુલ્લેઆમ બાયો ચડાવી હતી. જેને લઈને તેમને જેલ વાસ ભોગવવાનો પણ વારો આવ્યો હતો.- શાહિદભાઈ દરગાઈ, મોલવી આદમ દરગાઈના પ્રપ્રોત્ર*

1890ની તેહરી કે આઝાદીની ચળવળમાં ઘણું મોટું યોગદાન આપ્યું હતું. અંગ્રેજો સામે ખુલ્લા પડીને આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો. જેથી આજે પણ તેઓનું યોગદાન યાદ કરવામાં આવે છે. પોતાની કુરબાની આપીને દેશભક્તિનં એક ઉમદા

બીજી બાજુ ગોધરાના મોલવી આદમ દરગાઈ સાહેબે પણ પોતાનું સમસ્ત જીવન આઝાદીની ચળવળમાં લગાવી દીધું હતું. તેઓ રાંચી ખાતે એક મદ્રેસામાં વિધાર્થીને તાલીમ આપતા હતા. ત્યાંથી તેઓ મોલાના અબુ કલામ આઝાદના સંપર્કમાં આવ્યા હતા.

ભાગ લેવાની શરૂઆત કરેલ હતી. અંગ્રેજો સામેની લડાઈમાં તેઓને જેલમાં પણ જવાનો વારો આવ્યો હતો. દેશ આઝાદ થયા પછી ભારત પાકિસ્તાન ભાગલા પડ્યા તે વખતે પણ લોકોને માદરે વતન હિન્દુસ્તાનમાં રહેવાનું સમજાવતા અને પરિવારોને

ગુજરાત ટુડે
GUJARAT TODAY
Ahmedabad
20-JUN-2026
SATURDAY
www.gujarattoday.in

# પ્રસ્તાવિત ધર્મ સ્વતંત્રતા બિલ બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારોને પ્રતિબંધિત કરે છે : મુંબઈમાં સેમિનારમાં આ બિલ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી

**APCR અને UAID હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ કાનૂની વ્યાવસાયિકો, શિક્ષણવિદો, નાગરિક સમાજના સભ્યો અને સંબંધિત નાગરિકોએ ભાગ લીધો હતો**



(એજન્સી) મુંબઈ, તા. ૧૯

[redacted]

# વડાપ્રધાન મોદીએ ફ્રાન્સમાં, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 'નૂર ઈ[redacted]યત ખાન'ની ભૂમિકા યાદ કરતા શ્રદ્ધાંજલિ આપી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯

નૂર ઈનાયત ખાનના નોંધપાત્ર જીવનને શ્રદ્ધાંજલિ આપતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારતીય મૂળની આ મહિલાના વારસાને યાદ કર્યો જેણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ગુપ્ત એજન્ટ તરીકે સેવા આપી હતી અને નાઝી જર્મની સામે લડતી વખતે પોતાનો જીવ આપ્યો હતો. પેરિસમાં ભારતીય ડાયસ્પોરાના સભ્યોને સંબોધતા, મોદીએ ભારત અને ફ્રાન્સ વચ્ચેના મજબૂત સંબંધો અને યુરોપિયન દેશમાં રહેતા વિવિધ ભારતીય સમુદાય વિશે વાત કરી. તેમના ભાષણ દરમિયાન, તેમણે નૂર ઈનાયત ખાનનો ઉલ્લેખ કર્યો અને તેમની હિંમત અને બલિદાનને યાદ કર્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતના દરેક ભાગના લોકો ફ્રાન્સમાં પ્રતિનિધિત્વ કરે છે. ભારતીય સમુદાય દેશની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. નૂર ઈનાયત ખાનના તેમના સંદર્ભથી યુદ્ધ દરમિયાન તેમના જીવન અને યોગદાનની વાત કરી હતી. આ ભાષણ પછી, ઘણા સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ઈતિહાસમાં તેમની ભૂમિકાની ચર્ચા કરવાનું શરૂ કર્યું અને બ્રિટન અને ફ્રાન્સમાં જેમની બહાદુરીને ઓળખવામાં આવે છે તે મહિલા વિશે માહિતી શોધવાનું શરૂ કર્યું છે. નૂર ઈનાયત ખાનને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દુશ્મનોની હરોળ પાછળ સેવા આપનાર સૌથી હિંમતવાન એજન્ટોમાંના એક તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે બ્રિટનના સ્પેશિયલ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવ (SOE) માટે કામ કર્યું હતું, જે નાઝી જર્મની દ્વારા કબજે કરાયેલા પ્રદેશોમાં પ્રતિકાર ચળવળોને ટેકો આપવા માટે બનાવવામાં આવેલી ગુપ્ત સંસ્થા હતી. તેમની આ વાતને હિંમત, બલિદાન અને સ્વતંત્રતા પ્રત્યે પ્રતિબદ્ધતા માનવામાં આવે છે. નૂર ઈનાયત ખાનનો જન્મ ભારતીય સંસ્કૃતિ અને સૂફી પરંપરાઓ સાથે ઊંડે સુધી જોડાયેલા પરિવારમાં થયો હતો. તેના પિતા ભારતીય મૂળના હતા, જ્યારે તેની માતા અમેરિકન હતી. જે લોકો તેને જાણતા હતા તેઓએ તેને નાનપણથી જ વિચારશીલ, સૌમ્ય અને સંવેદનશીલ ગણાવી હતી. બાદમાં બ્રિટનમાં મહિલા સહાયક વાયુસેનામાં જોડાઈ. આ યુદ્ધ તીવ્ર બન્યું અને નાઝી જર્મની સમગ્ર યુરોપમાં વિસ્તર્યું, તેમ તેમ બ્રિટને પ્રતિકાર જૂથોને ટેકો આપવા અને કબજે કરેલા પ્રદેશોમાંથી ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે ખાસ કામગીરી શરૂ કરી. ૧૯૪૨માં, બ્રિટિશ યુદ્ધ મંત્રીમંડળે સ્પેશિયલ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવમાં મહિલાઓની ભરતીને મંજૂરી આપી. અધિકારીઓ માનતા હતા કે મહિલાઓ ઘણીવાર કબજા હેઠળના વિસ્તારોમાં વધુ મુક્ત રીતે ફરી શકે છે અને દુશ્મન દળોને ઓછી શંકા થાય છે. નૂર આ કાર્યક્રમ માટે સ્વૈચ્છિક રીતે જોડાઈ અને વિશેષ તાલીમ લીધી હતી. તેણીએ સરે અને બકિંગહામશાયરમાં ગુપ્ત



સંદેશાવ્યવહાર, કોડેડ સંદેશાઓ, વાયરલેસ કામગીરી, શસ્ત્રોના સંચાલન અને તોડફોડ તકનીકોમાં તાલીમ મેળવી હતી. કેટલાક પ્રશિક્ષકોએ ગુપ્ત કાર્ય માટે તેણીની યોગ્યતા અંગે શંકા વ્યક્ત કરી. તાલીમ અહેવાલોમાં તેણીને નમ્ર અને સંયમિત ગણાવી હતી, અને કેટલાકે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું તેણી જાસૂસીના દબાણનો સામનો કરી શકશે. જોકે, વરિષ્ઠ અધિકારીઓએ તેણીના દૃઢ નિશ્ચય, પ્રતિબદ્ધતા અને મજબૂત ભાષા કૌશલ્યને માન્યતા આપી હતી. ફ્રેન્ચ ભાષામાં તેણીની અસ્ખલિતતા અને તેણીની તકનીકી ક્ષમતાઓએ કબજા હેઠળના ફ્રાન્સમાં એક મહત્વપૂર્ણ મિશન માટે તેણીની પસંદગી કરવામાં મદદ કરી. ઐતિહાસિક અહેવાલો અનુસાર, નૂરનો મિશનમાં જોડાવાનો નિર્ણય નાઝી જુલમ સામે તેણીના વિરોધ અને ન્યાય અને

## વડાપ્રધાને જણાવ્યું કે, ભારતીય મૂળની આ મહિલાની હિંમત, સેવા અને બલિદાન એ ગૌરવનો સ્ત્રોત છે

સ્વતંત્રતામાં તેણીની શ્રદ્ધાને કારણે પ્રેરિત હતો. જૂન ૧૯૪૩માં, નૂર ઈનાયત ખાનને ફ્રાન્સ મોકલવામાં આવી હતી, જે નાઝી કબજા હેઠળના પ્રદેશમાં જીઈ દ્વારા તૈનાત કરાયેલી પ્રથમ મહિલા વાયરલેસ ઓપરેટર બની હતી. તેણીના આગમનથી એક ખતરનાક કાર્યની શરૂઆત થઈ. તેણી એક પ્રતિકાર નેટવર્કમાં જોડાઈ જેણે બ્રિટિશ ગુપ્તચર કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જોકે, અઠવાડિયામાં જ, જર્મન દળોએ નેટવર્કમાં ઘૂસણખોરી કરી. ઘણા પ્રતિકાર નેતાઓ અને એજન્ટોની ધરપકડ કરવામાં આવી, અને સંગઠનને નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો. નૂર લંડન અને ફ્રાન્સમાં પ્રતિકાર જૂથો વચ્ચે સંદેશાવ્યવહાર જાળવી રાખવામાં સક્ષમ થોડા બાકી રહેલા સંચાલકોમાંની એક બની ગઈ હતી. વધતા જતા ભયને કારણે બ્રિટિશ અધિકારીઓએ તેણીને દેશ છોડવાની સલાહ આપી. પણ તેણીએ ના પાડી. તેણી માનતી હતી કે આવી નિર્ણાયક ક્ષણે તેણીનું પદ છોડી દેવાથી પ્રતિકાર સભ્યો પાસે આવશ્યક સંદેશાવ્યવહાર રહેશે નહીં. અનેક જોખમો હોવા છતાં, તેણીએ સંદેશાઓ મોકલવાનું અને પોતાની ફરજો બજાવવાનું ચાલુ રાખ્યું હતું. ઓક્ટોબર ૧૯૪૩માં, નૂરની જર્મન અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેણીની વ્યાપક પૂછપરછ કરવામાં આવી હતી પરંતુ તેણીના સાથીદારો અથવા વ્યાપક મિશન વિશે માહિતી જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો. તે સમયગાળાના અહેવાલો દર્શાવે છે કે તેણી પૂછપરછ દરમિયાન અડગ રહી હતી અને સાથી એજન્ટોને જોખમમાં મૂકી શકે તેવી ગુપ્ત માહિતી પૂરી પાડી ન હતી. જર્મન ગુપ્તચર અધિકારીઓએ બ્રિટિશ અધિકારીઓને ગેરમાર્ગે દોરવા અને અન્ય એજન્ટોને ઓળખવા માટે તેની ધરપકડ પછી મેળવેલા દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલ પણ છે. આ કેદમાં પણ, નૂરે ભાગી જવાનો પ્રયાસ કર્યો. જોકે તેણીને ફરીથી પકડવામાં આવી હતી, તેણીનો નિર્ણય યથાવત રહ્યો હતો. બાદમાં તેણીને જર્મનીની જેલમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી, જ્યાં તેણીએ ઘણા મહિનાઓ કઠોર પરિસ્થિતિઓમાં વિતાવ્યા હતા. ઐતિહાસિક અહેવાલો જણાવે છે કે તેણીએ શારીરિક અને માનસિક બંને પ્રકારના દુર્વ્યવહારનો સામનો કર્યો હતો પરંતુ તેણીએ તેના અપહરણકારોનો પ્રતિકાર કરવાનું ચાલુ રાખ્યું હતું. તેણીની કેદ દરમિયાન, તેણીએ જર્મન અધિકારીઓ સાથે સહકાર આપવાનો ઈનકાર કર્યો હતો. સપ્ટેમ્બર ૧૯૪૪માં, સાથી ફ્રી-ડે ઉતરાણના ઘણા મહિનાઓ પછી, નૂર ઈનાયત ખાનને જર્મનીના એકાગ્રતા શિબિરમાં લઈ જવામાં આવી હતી. મહિનાઓની કેદ સહન કર્યા પછી તેણીને ત્યાં ફાંસી આપવામાં આવી હતી. ઐતિહાસિક અહેવાલો જણાવે છે કે તેમનો અંતિમ શબ્દ "લિબર્ટે" હતો, જેનો ફ્રેન્ચ શબ્દ "સ્વતંત્રતા" છે. તેમના આ મૃત્યુથી જુલમ અને જુલમ સામેની લડાઈમાં સમર્પિત જીવનનો અંત થાય હતો. આ યુદ્ધ પછી, નૂર ઈનાયત ખાનને બ્રિટન અને ફ્રાન્સ બંને દ્વારા તેમની સેવા અને બહાદુરી માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની હિંમતને માન્યતા આપતા તેમને મરણોત્તર પુરસ્કારો પ્રાપ્ત થયા. સ્મારકો, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્મારક કાર્યક્રમો દ્વારા આજે પણ તેમની સ્મૃતિને જાળવી રાખવામાં આવી છે. તેમનું જીવન પુસ્તકો, ફિલ્મો અને સ્ટેજ પ્રોડક્શન્સનો વિષય પણ રહ્યું છે જેણે તેમની વાર્તાને નવી પેઢીઓ સુધી પહોંચાડી છે. ઘણા લોકો માટે, નૂર ઈનાયત ખાન ભારે ભયનો સામનો કરતી વખતે હિંમતનું પ્રતિનિધિત્વ કરે છે. પેરિસમાં તેમના સંબોધન દરમિયાન તેમને યાદ કરીને, વડાપ્રધાન મોદીએ એક એવી વ્યક્તિ તરફ ધ્યાન દોર્યું જેનું બલિદાન વિશ્વભરના લોકોને પ્રેરણા આપે છે. તેમનો વારસો ફાસીવાદ સામેના સંઘર્ષમાં અને સ્વતંત્રતા અને માનવીય ગૌરવના બચાવમાં વિવિધ પૃષ્ઠભૂમિના વ્યક્તિઓ દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાની યાદ અપાવે છે.

# અનુક્રમણિકા


આવકાર ........ 3
શુભેચ્છા સંદેશ ........ 5
અભિપ્રાય ........ 6
પ્રસ્તાવના ........ 8
લેખકના બે શબ્દો ........ 10
જમીઅતે ઉલમા—એ—હિન્દનો ધ્વજ ........ 13
સંસ્થાનું નામ "જમીઅતે ઉલમા—એ—હિન્દ" ........ 14
આઝાદીની લડાઈની શરૂઆતનો એક ચિતાર ........ 16
હઝરત ગંગોહી રહ.નો તવરિયા (બે અર્થ ધરાવતો શબ્દપ્રયોગ) ........ 19
ઈ.સ. ૧૮૫૭નો વિપ્લવ ........ 19
દારૂલઉલૂમ દેવબંદની સ્થાપના ........ 19
સમરતુત્તરબીયત ........ 20
"રેશમી રૂમાલ ચળવળ" ........ 24
ખિલાફતની ચળવળ અને જમીઅતની સ્થાપના ........ 25
અસહકાર આંદોલન ........ 26
અહિંસા ચળવળનો પાયો ........ 27
દેશની આઝાદીની સાથે—સાથે જમીઅતના અન્ય મુખ્ય ઉદ્દેશો ........ 28
૧. મુખ્ય ઉદ્દેશોઃ— (દેશવાસીઓમાં કોમી એકતા) ........ 28
૨. રચનાત્મક ઉદ્દેશોઃ— ........ 28
૩. આર્થિક પ્રોગ્રામઃ— ........ 29
૪. દીની પ્રોગ્રામઃ— ........ 29
જમીઅતે ઉલમા, ગાંધીજી અને કોંગ્રેસ ........ 29
મહાત્મા ગાંધીજી કેવી રીતે લીડર બન્યા ........ 30
જમીઅત અને આઝાદીની લડત ........ 31
અસહકાર આંદોલન ........ 32
બ્રિટીશરોના જજ સામે કોર્ટઃ બહાદૂરી ભરેલી તકરીર ........ 33
સ્વદેશી અપનાવો ચળવળ ........ 34
આઝાદીની લડાઈ આગળ વધે છે ........ 35
સંપૂર્ણ આઝાદી ........ 35
સંપૂર્ણ આઝીદીનો ઠરાવ ........ 36
સાયમન કમીશન—ઓલ પાર્ટીઝ કોન્ફરન્સ— ગોળમેજી પરિષદ ........ 37
અંગ્રેજોએ હિન્દુ—મુસ્લિમ એકતા તોડી નફરતના બીજ વાવ્યા ........ 38
હિન્દુ—મુસ્લિમ એકતા (મૌલાના મદની રહ.) ........ 39
અંગ્રેજ કી ફોજ મેં ભરતી કરના હરામ હે ........ 40

આઝાદી ....................................................41
ધાર્મિક ફિત્નાઓ ....................................................42
જેલ ભી સજદોં સે આબાદ હુઈ ....................................................43
સરદાર વલ્લભભાઈ પટેલની ચળવળ ....................................................44
સરદાર વલ્લભભાઈ પટેલની નાકર ચળવળવેરા બાડોલીના પાટીદારોએ એક ફતવો
ડાભેલ મદ્રસામાં પૂછયો હતો તેનો જવાબ ....................................................45
દાંડી સત્યાગ્રહ અને જામિઅહ ડાભેલ ....................................................46
આઝાદીના ઈતિહાસ વિશે મીઠી ટકોર ....................................................46
ભારત છોડો અને જમીઅત ....................................................49
ભારતના ભાગલા અને જમીઅતે ઉલમા ....................................................50
આઝાદી પછી ....................................................55
બાબરી મસ્જિદ અને જમીઅત ....................................................57
મુસ્લિમ પર્સનલ લો અને જમીઅત ....................................................58
આઝાદ ભારતનું બંધારણ ....................................................60
દારૂલકઝા અને જમીઅત ....................................................62
સમાજ સુધારણાં ....................................................62
નવા ફિકહી મસાઈલ ....................................................63
કુદરતી આફતો અને જમીઅત ....................................................64
કોમી ફસાદ અને જમીઅત ....................................................64
આર્થિક અને વ્યવસાયિક પ્રોગ્રામો ....................................................65
વકફ મિલ્કતો અને જમીઅત ....................................................65
ભણતર વ્યવસ્થા ....................................................66
દીની તાલીમ ....................................................66
જમીઅતની આંતરરાષ્ટ્રીય સેવાઓ (માનવ માત્ર સેવાને પાત્ર) ....................................................67
આઝાદી પછી ધર્માન્તર(ઈરતિદાદ)નો ફિત્નો ....................................................69
જમીઅતના મુખ્ય વિભાગો ....................................................70
આજનું જગત ....................................................74
જમીઅતના ઈતિહાસ અને તેની સેવાઓની એક ટૂંકી ઝલક ....................................................74
આઝાદીના અમુક શૂરવીરોની ટૂંકી ઓળખ ....................................................85
હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દેહલવી(રહ.) ....................................................85
સિરાજુલહિન્દ હઝરત શાહ અ.અઝીઝ મુહદ્દિષે દેહલ્વી(રહ.) ....................................................85
ટીપુ સુલતાન (ઈ.સ. ૧૭૫૧–૧૭૯૯) ....................................................86
સુલતાન ટીપુ હકીકતના આયનામાં ....................................................87
બહાદુરશાહ ઝફર ....................................................87
નઝમ ....................................................88
રાજા જસવંતરાવ હોલકર ....................................................88

રાજા રણજીતસિંહ ....................................................88
રાજા રણજીતસિંહનો જુલ્મી શાસનકાળ અને બાલાકોટ ચળવળ ..............89
નવાબ અમીરખાન ....................................................89
સૈયદ અહમદશહીદ રાયબરેલી(રહ.) ..............................90
શાહ ઈસ્માઈલ શહીદ(રહ.) ......................................91
મસીહુલમુલ્ક હકીમ અજમલખાન ....................................92
શ્રી મહાત્મા ગાંધી ....................................................92
મૌલાના હકીમ સૈયદ નુસરતહુસેન સા.કોળા જહાંઆબાદી ..................93
હઝરત મુફતી કિફાયતુલ્લાહ સાહબ(રહ.) ............................94
મૌલાના અબ્દુલબારી ફિરંગી મહલ્લી ..................................97
મૌલાના મુહમ્મદઅલી જોહર ............................................98
મૌલાના મુહમ્મદઅલીના અશઆર ......................................98
શૈખુલઈસ્લામ હઝરત મૌલાના સૈયદ હુસૈનઅહમદ મદની(રહ.) ..............99
ડોકટર મુખ્તારઅહમદ અન્સારી ...................................... 105
ઈમામુલહિન્દ મૌલાના અબુલકલામ આઝાદ .............................. 105
મૌલાના ઉઝૈર ગુલ(રહ.) ............................................ 108
મૌલાના હિફઝુર્રહમાન સાહબ સ્યોહારવી(રહ.) ........................ 108
આઝાદીની લડતની મનમોહક યાદો .................................... 112
આઝાદીની લડતનું સૌથી મોટું આર્થિક દાન આપનાર ધોરાજીના અબ્દુલહબીબ મારફાની ................................................................ 114
મુસ્લિમ મહિલાઓનું મહત્વનું યોગદાન .................................. 115
ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓની ભવ્ય ભૂમિકા .......... 115
આબાદીબાનો બેગમ ................................................ 116
બીબી અમ્તુસ સલામ ................................................ 117
બેગમ હઝરત મહેલ .................................................. 118
બેગમ અનીસ કિડવાઈ ................................................ 118
બેગમ નિશાતુન્નિસા મોહાની .......................................... 119
બાજી જમાલુન્નિસા હૈદરાબાદ ........................................ 120
હાજરાબીબી ઈસ્માઈલ ................................................ 120
કુલસુમ સયાની ...................................................... 121
સૈયદ ફકરૂલ હાજિયા હસન .......................................... 121
શૈખુલહિન્દ હઝરત મૌલાના મહમૂદહસન દેવબંદી(રહ.) ................ 125
દારૂલઉલૂમ દેવબંદ .................................................. 128
આઝાદીની લડતમાં આપનો અમૂલ્ય ફાળો ................................ 128
(૫)હિન્દુસ્તાનની જિલાવતન સરકાર .................................. 129
અનોખી કોમી એકતા ................................................ 129

વિવિધ દેશોમાં અંગ્રેજો વિરૂદ્ધ મદદ માટે મહેનત અને તે માટે વિવિધ પ્રતિનિધી મંડળો .. 129
રેશમી રૂમાલ ચળવળ .......... 130
રેશમી રૂમાલ પવિત્ર નામ .......... 130
ચળવળનો ભેદ ખુલી ગયો અને ધરપકડો .......... 130
અંગ્રેજોની જાસુસી સંસ્થાનો રિપોર્ટ .......... 131
કેદી બનાવી માલટા લઈ જતા રસ્તામાં .......... 131
અંગ્રેજોએ આપેલી તકલીફો .......... 131
માલટાના કારાવાસથી છુટકારો .......... 132
હઝરત શૈખુલહિન્દ (મૌલાના મહમૂદહસન સાહબ) (રહ.)ની ચળવળમાં ગુજરાતીઓનો ફાળો .......... 132
હઝરત શૈખુલહિન્દ રહ. સિમલકમાં .......... 134
મૌલાના અહમદ બુઝુર્ગ રહ. અંગ્રેજના વિરૂદ્ધ બળવાના અમીર .......... 135
બલ્કાનની લડાઈ તેમજ તુર્કના ઝખ્મીઓ માટે ચંદો .......... 136
કોમી એકતા વડે આઝાદીની લડાઈમાં નવો પ્રાણ .......... 138
કોમી એકતા વિશે શૈખુલહિન્દની એક ખાસ નસીહત .......... 139
કોંગ્રેસ અને મુસ્લિમો .......... 140
શૈખુલહિન્દ રહ.ની કોમી એકતા વિશે અનોખી ફીકર .......... 140
કોમી એકતા એટલે શું? .......... 140
મોહનદાસ કરમચંદથી મહાત્મા ગાંધી સુધી .......... 141
માલટાની જેલની એક અજીબ કહાની .......... 142
અસહકાર આંદોલન (નોન–કો–ઓપરેશન) .......... 143
અસહકાર આંદોલન એટલે શું? .......... 144
શું આજના સંજોગોમાં આવી દેશદાઝની જરૂરત નથી કે આપણે સંપૂર્ણ સ્વદેશી અપનાવીને દેશની પ્રગતિમાં સાથ આપીએ? .......... 145
અસહકાર ચળવળ વેળા હઝરત શૈખુલહિન્દ રહ.એ આપેલ ફતવાના અમુક અંશો .. 145
હઝરત શૈખુલહિન્દ રહ.ની એક કિંમતી નસીહત(બોધવચન) .......... 145
દેશપ્રેમ અને આઝાદીની અંતિમ શ્વાસ સુધી ફીકર .......... 146
અહિંસા ચળવળનો પાયો .......... 147
વિશ્વશાંતિ મિશન .......... 147
વિશ્વશાંતિ માટેના ખાસ પ્રયાસો .......... 148
આપના અંતિમ દિવસો .......... 148
હઝરત શૈખુલહિન્દ રહ. વિશે અમુક ખાસ–ખાસ વાતો .......... 149
(૧)હઝરત શૈખુલહિન્દ માટે ખુદ અંગ્રેજોના શબ્દો .......... 149
(૨) .......... 150
(૩)હઝરત શૈખુલહિન્દ વિશે ગાંધીજીના શબ્દો .......... 150
ભારતના રાષ્ટ્રપતિશ્રીના શબ્દો .......... 150

અનોખો દેશપ્રેમ .................................................. 152
અનોખી દેખદાઝ .................................................. 152
(૪) .................................................. 152
(૫)ભારત દેશ વિશે મૌલાના આઝાદની એક વાત .................................................. 153
મુસ્લિમો પણ સાચા ભારતીય .................................................. 153
મુસ્લિમો દેશના સાચા વફાદાર .................................................. 154
આજના દેશવાસી ભાઈઓને એક સંદેશ .................................................. 154
તરાના–એ–હિન્દ (અલ્લામા ઈકબાલ) .................................................. 155
આઝાદી માટે કડોદ(બારડોલી)ના મુસ્લિમ મુજાહીદ .................................................. 156
ખંભાતની જામા મસ્જિદ બાબતે પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહનું ફરમાન 157
આઝાદીના ઈતિહાસ બાબતે મુસ્લિમ વિધ્વાનોની એક પુકાર .................................................. 159
રાષ્ટ્રધ્વજને સલામી આપવી શરીઅતની નઝરમાં .................................................. 161
ભારત પર વિદેશીઓના આક્રમણ અને તેની એક ઝાંખી .................................................. 162
ભારતીય લોકોએ અંગ્રેજો સામે એક સશસ્ત્ર સાથે ભેગા મળીને બગાવત(વિપ્લવ) કર્યો તેનું કારણ ..................................................164
ભારતના ખૂબ મોટા સ્વતંત્રસેનાની શૈખુલહિન્દ મૌલાના મહમૂદહસન દેવબંદી રહ. .. 165
ટૂંકમાં જાણવા જેવી અગત્યની વાતો .................................................. 168
અસહકાર આંદોલન વેળા સંપૂર્ણ બાયકોટ એટલે શું? .................................................. 169
આપણાં બુઝુર્ગો, આલિમોએ જે અંગ્રેજો સામે સફળ જંગ લડી તેના અંદર મુખ્ય પાયાની તાકતો .................................................. 169
આઝાદીની ચળવળથી હેડગેવાર દૂર રહ્યા .................................................. 170
હઝરત શૈખુલહિન્દ (ઉસ્તાદઃ દારૂલઉલૂમ દેવબંદ) .................................................. 173
હઝરત શૈખુલહિન્દ રહ.ની ફીકરો બાબત ચોખવટ .................................................. 174
હઝરત શૈખુલહિન્દ રહ.ના આજના શિક્ષણ બાબતે ખાસ નઝરીયાત(વિચારધારા) .. 175
હઝરત શૈખુલહિન્દ રહ. વિશે સોનેરી વાકયો .................................................. 176
સ્વતંત્રતા સંગ્રામમમાં વિસરાયેલા નાયકો(હીરાઓ) .................................................. 177
આઝાદીની લડતમાં મુસ્લિમોના યોગદાન વિશે જાણો .................................................. 180
હિંદુસ્તાન કી આઝાદી મેં મુસલમાનોં કા કિરદાર .................................................. 184
દેશનું બંધારણ ઘડનાર ભારતની બંધારણ સભાના એકમાત્ર મહિલા મુસ્લિમ સભ્યઃ નારી રત્ન બેગમ કુદસિયા .................................................. 189
દેશની આઝાદીમાં બલિદાન આપવામાં મુસ્લિમો મોખરે રહ્યાઃ મુફતી મહમુદ બારડોલી . 190
ખુરશીની લાલચ .................................................. 198
કોમી ભાઈચારાથી જ આઝાદી મળી હતી .................................................. 198
શાંતિ ફેલાવવા સાથે તેને કાયમ રાખવાની સામુહિક જવાબદારી .................................................. 199
ઈન્ડિયન મુસ્લિમ બાય ચોઈસ ઈન્ડિયન છે .................................................. 203
બારડોલીમાં "જમના બા" હોસ્પિટલનું રાજયપાલ કમલાજીના હસ્તે ઉદ્ઘાટન 203

બારડોલી મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત પ્રથમ સમુહલગ્નમાં ૧૬ યુગલોએ નિકાહ કર્યા મુફતી મહમૂદ સાહેબ બારડોલી .................................... 207
વકફબોર્ડ ટેક્સ વસુલ કરશે તો લોકો મિલકતોનું દાન કરશે નહીં: મુફતી મહમૂદ ... 211
૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ........................................ 212
નાની નરોલી ગામે સર્વધર્મયુવાવર્ગ અને વડીલો દ્વારા એકતા સંમેલન યોજાયું . 218
ભારતરૂપી ફુલદાનીમાં લઘુમતિઓને પણ ખીલવાની તક મળવી જોઈએ .... 219
મુસ્લિમ સમાજ કુરિવાજો અને ઈસ્લામ વિરૂધ્ધના કામોથી દૂર રહે ........... 220
કોઈને પણ કોમનો ખાદિમ(સેવક) બનવું જ નથી, દરેકને લીડર જ બનવું છે ...... 220
દુનિયામાં જે કોમને પોતાની ભાષા, કલ્ચર સંસ્કૃતિથી મોહબ્બત હોય છે તે દુનિયામાં તરક્કી(પ્રગતિ) કરે છે: મુફતી મહમૂદ બારડોલી ........................... 223
અમે હજ પઢવા જઈએ ત્યાં પણ તિરંગો લઈ જઈએ છીએ: મુફતી મહમૂદ ..... 226
મોટા વરાછા સ્કૂલમાં સુમેળ સમન્વય સંવાદ કાર્યક્રમ ........................ 227
લગ્નના પાત્રની પસંદગી માટે ખાનદાન(કુટુંબ), સંપત્તિ કે અન્ય સુખ સુવિધાઓ જોવી ન જોઈએ. સમાજમાં લગ્નો ગરીબ હોય કે માલદાર હોય દરેકને ત્યાં સાદગીપૂર્વક થવા જોઈએ: આઠમાં સમૂહલગ્નમાં મુફતી મહમૂદ બારડોલીવાળાનો અનુરાધ ...... 230
નવસારી મુસ્કાન એજયુકેશન ટ્રસ્ટ દ્વારા નોટ વિતરણ: તારલાનું સન્માન ..... 230
બધા ધર્મના લોકો એક થશે તો ભારત મહાસત્તા બનશે, અંગ્રેજોએ રોપેલા સાંપ્રદાયિકતાના બીજને કોઈએ પણ પાણી પીવડાવવું ન જોઈએ દેશની પ્રગતિ એકતાના કારણે થાય છે 235
૧૭૩ બેગ રકતદાન સાથે રેડક્રોસને બાવન હજારનું દાન આપી માનવસેવાની મહેક ફેલાવતો મુસ્લિમ સમાજ ............................................ 242
પૈસાદરો પણ સમૂહલગ્નોમાં જોડાઈ સમાજમાં નવો ચિલો પાડે ............. 242
સુરત ખાતે જમીઅતે ઉલમા દ્વારા સમૂહલગ્નનું આયોજન કરાયું ............ 244
મોસાલીમાં હઝરત મુફતી મહમૂદ બારડોલી સાહેબનું વકતવ્ય .............. 246